# ઉપોદ્ઘાત.

છેલ્લા પાંચ વર્ષથી અમે ઐતિહાસિક જૈન પ્રભાવશાળી પુરૂષોનાં કથાનકો નોવેલરૂપે ગુંથાવીને આપવા શરૂ કરવા પછી ટુંક વખતમાં સમાજના મોટા ભાગમાં જૈનશક્તિનું જે મહત્ત્વ તરવરવા લાગ્યું જોવાય છે, તેજ અમારા શ્રમની સાર્થકતા છે, એમ સમજીએ છીએ.

વસ્તુપાળ—તેજપાળ જેવા સર્વ પ્રકારે પ્રતિષ્ઠા પામેલા પુરૂષના માટે તેમના જીવનના વિવિધ આદર્શો અંતરમાં ઉતારવાને તક આપવા વિના ઉપોદ્ઘાતમાં કેટલું કહી શકાય ? જેની રાજ્ય કુશળતા—અથાગ આત્મવીર્ય—લડાયક બળ અને અસીમ ઉદારતાના કીર્તિસ્થંભો હજુ પણ અચળ ઝગમગી રહ્યા હોય તેવા પ્રભાવિક પુરૂષના જીવન પાઠોજ જૈન પ્રજાની શક્તિઓ ખીલવવામાં ઉપકારક થઇ પડે.

જૈન મંત્રીશ્વર વસ્તુપાળ અને સેનાનાયક તેજપાળનો ઇતિહાસ ઘણો લાંબો છે. થાકેલા ગુજરાતને નવું ચૈતન્ય આપનાર આ સહોદરોનાં જીવનપાઠો ઉકેલવાને તો ઘણો કાળ જોઇશે. જેના પાસે અથાગ બળ છતાં મોં ઉપર દયા અને પ્રેમના ઝરણાં ઝરતાં, જેની પાસે સત્તાની છડી છતાં બંધુભાવ અને સમાનતા ઝળકી રહેતાં અને જેની એક જીભે સેંકડો—બલકે હજારો સૈનિકો ચરણમાં હાજર રહેતા, છતાં તેમનામાં લાખોની રખાવટ હતી એ ઝીણી વાતો કાળાનુક્રમેજ સાંપડી શકે.

એક કવિએ તેમના માટે કહ્યું છે કે—

> शूरो रणेषु चरणप्रणतेषु सोमो ।
> वक्रोतिवक्र चरितेषु बुधोऽर्थबोधे ॥
> जीतौ गुरुः कविजने कविरक्रियासु ।
> भंद्योपि च ग्रहमयो न हि वस्तुपालः ॥

અર્થાત્—યુદ્ધમાં શૂરો, છતાં શરણાંગત પ્રત્યે શાંત, કુટીલ ચારિત્રવાળા સાથે કુટીલ, તત્ત્વજ્ઞાનમાં પંડિત, ઇંદ્રિયોના વિકાર જીતવામાં અગ્રેસર, કવિવર અને સદા ઉદ્યોગી એવો વસ્તુપાળ સર્વ ગુણગ્રહે શોભતો હતો.

જેને અખૂટ સંપત્તિ, અનંત સત્તા અને અતુલ બળ છતાં મનના ઉન્માદને જીતવાની વાત કહેવી તે અસંભવિત ઘટના જેવું કદાચ કોઇને લાગે તો તે માટે પણ તેમના ચરિત્રથી જણાય છે કે—

**एकाहारी भूमि संस्तारकारी, पद्भ्यांचारी शुद्धसम्यक्त्वधारी**
**यात्राकाले सर्व सचित्तहारी, पुन्यात्मास्याद् ब्रह्मचारी विवेकी**

**અર્થાત્**—જેઓ હમેશાં એક વખત જમતા, ભૂમિશયન કરતા, પગે મુસાફરી કરતા, શુદ્ધ બ્રહ્મચર્ય પાળતા અને યાત્રા સમયે સર્વ સચિત આહારનો ત્યાગ કરતા એવા તેઓ પુણ્યાત્મા, ત્યાગી, બ્રહ્મચારી અને વિવેકી હતા.

આ મહામંત્રીની ઉદારતામાં સમાનતાનો પણ ખાસ અનુભવ તરવરે છે. તેમણે જેમ આબુ–દેલવાડા કે આરાસુર જેવા પહાડો ઉપર રમણીય શિલ્પકળાના નમુના રાખી અમર નામના મેળવી છે, તેમ સેંકડો શિવાલયો, મસજીદો કે વિવિધ ધર્મસ્થાનો કંઇ પણ ભેદ વિના ઉભાં કરાવીને તથા જળાશયો અને ધર્મશાળાઓ ઠામઠામ સ્થાપીને અમર કીર્તિસ્થાનો એટલાં તો આપણા સન્મુખ મૂકેલાં છે કે જેના પ્રત્યક્ષ અવલોકનથી જ તેમની નિર્ભેદ ઉદારતાનો ખ્યાલ થઈ શકે.

ઇતિહાસના પાના ઉકેલતાં જૈન સમાજમાં પૂર્વકાળે અનેક મહાન નરો પરાક્રમોથી કીર્તિ મૂકી ગયેલ છે. એવા સમર્થ આચાર્યો, જગમશહૂર રાજવીયો અને કુશાગ્ર મુત્સદ્દીયોના સંખ્યાબંધ ઉદાહરણો મળી આવે છે. આ સર્વના પ્રભાવશાળી ઇતિહાસો અનુક્રમે બહાર મૂકવાને અમે નિયમીત ભાગ્યશાળી થઇએ તે અમારી અંતિમ ભાવના સાથે વિરમીયે છીયે.

સમાજ સેવક,
દેવચંદ દામજી કુંડલાકર.



मुनिराज श्री हंसविजयजीमहाराजना प्रशिष्य मर्हुम
मुनि श्री कर्पूरविजयजीमहाराज.

# સ્મરણાંજલી.

**સાહિત્ય રસિક—**

જૈન સાહિત્યની વિવિધ પ્રકારે ખીલવણી કરવા અનેક મુનિવરો, સંસ્થાઓ અને વિદ્વાનોના પ્રયત્ન શરૂ છે. આ બહોળા કાર્યપ્રદેશમાં મથીરહેલા અનેક સાહિત્યસેવકો વચ્ચે જ્યારે વડોદરા શ્રી હંસવિજયજી ફ્રી લાયબ્રેરીની જોતજોતામાં આગળ ધસે જતી ખીલવણી તરફ અમારૂં ધ્યાન ખેંચાયું, ત્યારે તેમાં એકતાન બની રહેલ શ્રીમદ્ કર્પૂરવિજયજી મહારાજની સાહિત્યસેવા આત્મારૂપે જોઈ તેમના સાહિત્ય વિકાસનો વધારે લાભ લેવાને સ્વાભાવિક જીજ્ઞાસા થઇ આવી.

**બાળયોગી—**

શ્રીમદ્ કર્પૂરવિજયજી મહારાજની સાહિત્ય સેવા નીરખવા જતાં સમાજમાં કેળવણી પ્રચાર માટે તેમની ખંત, વાંચનવિકાસ માટે નવનવી કાળજી અને તેને પરીણામે ભાઇ-બ્હેનોને મફત વાંચન ઘરે બેઠાં પુરૂં પાડવાને થયેલી વ્યવસ્થા જોઇ વધારે આનંદ થયો. એટલુંજ નહિ પણ જ્યારે વધારે પરીચયથી જાણવામાં આવ્યું કે તેઓશ્રી બાર વર્ષની વયથીજ યોગી સ્વરૂપે શ્રીમદ્ હંસવિજયજી મહારાજ તેમજ કેળવણીના અગ્ર હિમાયતી શ્રીમદ્ વલ્લભવિજયજી મહારાજની સમીપે સંસ્કાર પામેલા બાળયોગી છે. જેમને પુરાં પચીશવર્ષ પણ હજી નથી થયાં તેટલામાં જેમણે વ્યાકરણ, કાવ્ય. કોષ, છંદ, ન્યાય, છ કર્મગ્રંથ અને કેટલાક મુળ શાસ્ત્રોનો પણ અભ્યાસ કર્યો છે—ત્યારે જૈન શાસન આવા સાહિત્યના શ્રૃંગાર બાળયોગી ધરાવે છે તે જાણી બેવડો આનંદ થયો.

**પ્રાચિન તત્વનો પ્રેમ—**

વધારે પરિચયથી એ પણ જાણી શકાયું કે તેઓશ્રીએ આટલી વયમાં વિશાળ વાંચન મનન કરવા ઉપરાંત, દક્ષિણમાં કુલપાક તિર્થથી લઇ ઉતરમાં છેક ઇંદોર સુધી અને આસપાસ મુંબઇ, ખાનદેશ, ગુજરાત, કાઠિયાવાડ વગેરે બહોળા પ્રદેશમાં વિહાર કરી તિર્થયાત્રા અને પ્રાચિન તત્વોનું નિરિક્ષણ કરવામાં પણ ક્યાશ રાખી નહોતી. અને તે છતાં પણ તેમના ગુરૂ મુનિરાજ શ્રી દોલતવિજયજી તથા મુનિરાજ શ્રી ધર્મવિજયજી અને વડીલ ગુરૂ પૂજ્ય શ્રી હંસવિજયજી મહારાજ તથા પૂજ્ય શ્રી વલ્લભવિજયજી મહારાજ આદિ વડીલોની સેવા અને સંગ હમેશાં જાળવી રાખ્યો હતો. તથા પંન્યાસ શ્રી સંપતવિજયજી મહારાજ પાસે મહાનિશીથ સુધીના યોગોદ્વહનની મહાન્ તપશ્ચર્યા પણ કરી હતી.

એટલુંજ નહિ પણ જૈન સાહિત્યના ઉંડાણમાં ઉતરીને ઐતિહાસીક તત્વ શોધવા અને પ્રાચીન સાહિત્ય સમયાનુકુળ ધોરણે બહાર લાવીને જનસમાજને તેનો બહોળો લાભ મળે તે માટે પોતે પાટણમાં બીરાજતા હોવાથી પાટણની પ્રાચીન જાહોજલાલીના કથાનકો ઇતિહાસરૂપે પ્રસિદ્ધ કરવાને અમને પ્રેરણા કરી.

**અકાળે—**

તેમની આ લાગણીના ફળરૂપે ' પાટણની ચડતી પડતી ' ના જુના ઇતિહાસને શોધવા અને વાર્તારૂપે તૈયાર કરવાના કાર્યને અમે હાથ ધર્યું. અને તેનો એક ભાગ ગયા વર્ષે પરમ પૂજ્ય ગુરૂવર્ય શ્રી હંસવિજયજી મહારાજની સ્હાનુભૂતિથી પ્રગટ થઈ ચુકયો, તેટલામાં આ ઉછળતા બાળયોગીનો ગયા વર્ષના (સંવત્ ૧૯૭૮) ફાગણ વદી ૧૩ ના દિવસે પાટણમાંજ ગુરૂ સમીપે જ્ઞાન ધ્યાન કરતાં વિયોગ થયો–ખીલતું પુષ્પ અકાળે કરમાઇ ગયું. આ ખબરથી અમને અપાર દુ:ખ થયું. જૈન સાહિત્યના રસિયાનો વિયોગ કોને ન સાલે ?

**સ્મરણાંજલી—**

ખીલ્યું તે કરમાવાનું હતું; પરંતુ અકાળે આવી ઘટના બને ત્યારે જરૂર દુ:ખ થાય. શાસન અને સાહિત્ય માટે રગેરગમાં લાગણી ધરાવનાર આ બાળયોગીના બીજા સંભારણાં તો તેમના સત્સ્મરણો કરાવતાં રહેશે. પરંતુ અમારી એ ફરજ રહી કે પાટણની પૂર્વઘટના માટે તેમની ખંત અને સલાહને હમેશાં સ્મરણમાં રાખવા આ બીજા ભાગ સાથે સદ્ગતના નામસ્મરણને જાળવવું અમારી ફરજ રહી. અને તેથી **પરમ પૂજ્ય શ્રી હંસવિજયજી મ૦ ના પ્રશિષ્ય સદ્ગત શ્રી કર્પુરવિજયજી મ૦ ના સ્મરણયુકત આ ગ્રંથ જૈન પત્રના ગ્રાહકોને ભેટ** આપતાં અમે પોતાને કૃતાર્થ સમજીએ છીએ.

આ ગ્રંથ સદ્ગત શ્રી કર્પૂરવિજયજી મહારાજના સ્મરણાર્થે જૈન પત્રના ગ્રાહકોને ભેટ આપવાનો છે. અને આવા ઐતિહાસીક સંશોધન માટે પૂજય મુનિરાજશ્રી હંસવિજયજી મહારાજની સંપૂર્ણ લાગણી છે. તેમ જાણતાંજ પાટણ–કોકાના પાડાવાળા મર્હુમ ભીખાલાલ લ્હેરચંદના પત્ની શ્રીમતી મોતીબાઇ તેમજ ઝવેરી ભોગીલાલભાઇ અને તેમના લઘુ ભ્રાતા શ્રીયુત બાપુલાલ તરફથી સદ્ગતના સંભારણા અર્થે પાટણના પ્રેમથી આકર્ષાઇ ગુરૂભક્તિ, સ્વદેશપ્રેમ અને ઐતિહાસીક સાહિત્ય પ્રકાશ તરફ સારી લાગણી દર્શાવી છે તેમ જણાવતાં અમને આનંદ થાય છે.

પ્રકાશક.

# વિષયાનુક્રમણિકા.


| પ્રકરણ. | વિષય | પૃષ્ઠ. |
| --- | --- | --- |
| ૧ | જયદેવ ખંભાત જાય છે.... ... ... | ૧ |
| ૨ | શ્રી વિજયસેનસૂરિ. ... ... ... | ૯ |
| ૩ | પાટણમાં. ... ... ... ... | ૧૫ |
| ૪ | કપટજાળ. ... ... ... ... | ૨૪ |
| ૫ | અનુપમા. ... ... ... ... | ૩૪ |
| ૬ | ખંભાતનો અધિકારી. ... ... ... | ૪૩ |
| ૭ | મોહમુગ્ધ. ... ... ... ... | ૫૦ |
| ૮ | દુષ્ટનું દમન. ... ... ... ... | ૫૮ |
| ૯ | કળાવતી મેનકા. ... ... ... | ૬૬ |
| ૧૦ | ચાચિંગ મહેતા. ... ... ... | ૭૩ |
| ૧૧ | શંખ અને સદીક. ... ... ... | ૮૦ |
| ૧૨ | હિમ્મતવાન જયદેવ. ... ... ... | ૮૬ |
| ૧૩ | જીતેન્દ્રિય મહામાત્ય ... ... ... | ૯૧ |
| ૧૪ | જયંતસિંહની સલાહ. ... ... ... | ૯૯ |
| ૧૫ | ત્રિભુવનપાળના આવાસમાં. ... ... | ૧૦૫ |
| ૧૬ | સરોવરના ઘાટ ઉપર. ... ... ... | ૧૧૪ |
| ૧૭ | જીવન પરિવર્ત્તન. ... ... ... | ૧૨૧ |
| ૧૮ | યાદવો સાથે થયેલું યુદ્ધ.... ... ... | ૧૨૮ |
| ૧૯ | પરાજય. ... ... ... ... | ૧૩૫ |
| ૨૦ | દુઃખ પછી સુખ. ... ... ... | ૧૪૨ |
| ૨૧ | રાષ્ટ્રધર્મ. ... ... ... ... | ૧૫૩ |
| ૨૨ | સામ્રાજ્ય વાદ. ... ... ... | ૧૬૦ |
| ૨૩ | રાજકુમાર વિસળ. ... ... ... | ૧૭૧ |
| ૨૪ | દ્રષ્ટિમીલનનું પરિણામ. ... ... ... | ૧૭૮ |
| ૨૫ | રાજા કે મહારાજા? ... ... ... | ૧૮૪ |

છપાવનારાને—

# ખાસ સગવડ.

કોઇ પણ જાતનું સંસ્કૃત, ગુજરાતી વા અંગ્રેજી પુસ્તક, અગર પોથી પાનાની સાઇઝમાં સ્વચ્છ અને સુંદર ટાઇપોથી અમારા પ્રેસમાં છાપવાનું કામ કરી આપવામાં આવે છે. કાગળો તેમજ બાઇન્ડીંગની સગવડતા પણ સાથેજ છે. તો પોથી, બુકો, રીપોર્ટો, માસિકો કે કાર્ડ, કંકોત્રી, હુંડી, ચેકબુક, ભરતીયાબુક વિગેરે નાનું મોટું કોઇ પણ કામ છપાવવાનો વિચાર થતાં નીચેને શિરનામે પુછ–પરછ કરવા તસ્દી લેશો તો અવશ્ય લાભ થશે.

લી૦ શેઠ દેવચંદ દામજી અને
ગુલાબચંદ લલ્લુભાઇની કું.
માલેકો આનંદ પ્રીન્ટીંગ પ્રેસ,
સ્ટેશન રોડ-ભાવનગર.

# વીરશિરોમણિ વસ્તુપાળ

કિંવા

# પાટણની ચડતી પડતી.

## દ્વિતીય ભાગ.

### પ્રકરણ ૧ લું.

#### જયદેવ ખંભાત જાય છે.

ગરમીના દિવસ છે, તાપ સખ્ત પડે છે અને પવનનું નામ કે નિશાન નથી. મધ્યાન્હનો અમલ થઇ ચૂક્યો છે. શ્રીમંતો મહાલયોમાં, સાધારણ માણસો મકાનોમાં, ગરીબો સામાન્ય ઘરોમાં, પશુઓ વૃક્ષની છાયામાં અને પક્ષીઓ માળામાં ભરાઇ બેઠાં છે. આ પ્રમાણે અર્ધ નિદ્રાવશ સ્થિતિમાં પડેલાં પ્રાણીઓને આરામ નથી; કારણ કે તાપ, ઉકળાટ, પ્રસ્વેદ અને ગરમીનું એટલું બધું જોર છે કે તેમને ઠંડીનો સહજ પણ અનુભવ થઇ શકતો નથી.

બરોબર આ સમયે એક યુવક અને એક તરૂણી વિશાળ મહાલયના ખંડમાં એકજ આસન ઉપર એકબીજાને અડીને બેઠેલાં હતાં. યુવક પચીશેક વર્ષનો અને તરૂણી ત્રીશેક વર્ષની હોય, એમ તેમના બાહ્ય દેખાવથી અનુમાન થઇ શકતું હતું. બન્નેએ આછાં અને ઝીણાં શુભ્ર વસ્ત્રો પરિધાન કરેલાં હોવાથી તેમના ઘણાખરા અવયવો સ્પષ્ટ જણાતા હતા. ઉકળાટ અને ગરમીનાં નિવારણને માટે ઉભયે શરીર ઉપર

ચંદનનું વિલેપન કરેલું હતું અને એ દાસીઓ પંખાવતી તેમને પવનનો થોડો ઘણો અનુભવ કરાવતી સામે ઉભેલી હતી; પરંતુ તેમને ઠંડીની મજા મળતી નહોતી અને તેથી તેઓ આકુળ—વ્યાકુળ બનીને મહાકષ્ટે દિવસને વ્યતિત કરતા હોય, એમ જણાતું હતું.

યુવક અને તરૂણી ઉભય સૌંદર્યમાં સમાનતાને ધરાવતાં હતાં. તે છતાં તેમનામાં એક વિષમતા હતી અને તે એ કે યુવક શરીરે દુર્બળ હતો, જ્યારે તરૂણી સ્થુલકાય હતી. સૌંદર્યની સમાનતા અને શરીરની વિષમતા ઉપરાંત તેમનામાં બીજી વિષમતા પણ હતી; પરંતુ તે તો મનુષ્ય—સ્વભાવના પરીક્ષક અને અનુભવથીજ સમજી શકાય તેવી હતી. તે વિષમતા તેમના સ્વભાવજન્ય હતી અને તેમનાં મુખ અને આંખોમાં સ્પષ્ટ તરવરી રહી હતી. તે યુવક ભોળો અને મૂર્ખ હતો તથા તેની આંખો નિસ્તેજ હતી, જ્યારે તે તરૂણી ચાલાક અને ચંચળા હતી તથા તેની આંખોમાં જાદૂ ભરેલું હતું. તલવારની તીક્ષ્ણ ધાર જેવાં નયનોથી તે તરૂણી ગમે તેવા અને ગમે તેટલા પ્રબળ પુરૂષને મહાત કરવાને શકિતવાન હતી, તો પછી તેનાથી પાંચેક વર્ષે નાનો એવો મૂર્ખ જુવાન તેની પાસે શા વિસાતમાં ?

આ મૂર્ખ અને ભોળા જુવાનને તો વાચકોએ ઓળખ્યો હશે. તે ધોળકાના નગરશેઠ યશોરાજનો પુત્ર જયદેવ હતો; પરંતુ તે ચંચળા તરૂણીને વાચકો ઓળખી શક્યા નહિ હોય; કારણ કે તે કેવળ અપરિચિતજ છે અને તેથી તેનો પરિચય કરાવવાની અગત્ય છે. તે તરૂણી ધોળકાની રૂપગર્વમંડિતા ગુણિકા હતી અને તેનું નામ મેનકા હતું. મેનકા રૂપવતી હોવા ઉપરાંત ગાયનકળામાં ઘણીજ બાહોશ હતી અને તેથી તેનું નામ પ્રસિદ્ધિને પામેલું હતું. તેણે પોતાની ગાયનકળાથી રાજાઓ અને શ્રીમંત મનુષ્યોને પ્રસન્ન કરીને અથાગ ધન મેળવ્યું હતું અને તેથી તે ઘણાજ ઠાઠમાઠથી રહેતી હતી. મોજી જુવાનો અને ધનવાન પુરૂષો તેનાં રૂપ અને તેની કળા ઉપર મોહવશ બની ગયા હતા; પરંતુ તે કોઇને મચક આપતી નહોતી. તેણે માત્ર જયદેવને પોતાના પ્રેમી તરીકે પસંદ કર્યો હતો અને તેની સાથે રહીને મોજ—મઝા ભોગવતી હતી. જયદેવ પણ તેનામાં એવો તો આસકત બની ગયો હતો કે પોતાનાં કૂળ, પ્રતિષ્ઠા, માન અને વિવેકને ભૂલી જઇને દિવસ અને રાત તેના આવાસેજ પડયો રહેતો હતો. પદ્માને પ્રાપ્ત કરવાને માટે તેણે કેટલોક સમય સદાચારનો ઢોંગ કર્યો હતો, એ વાચકો સારી રીતે જાણે છે; પરંતુ તેનો એ ઢોંગ લાંબો સમય ચાલ્યો નહોતો અને પહેલીજ રાત્રિએ પદ્માનો ત્યાગ કરીને તે

મેનકાના આવાસે ચાલ્યો ગયો હતો. તે સમયથી જયદેવ મેનકાના સહવાસમાંજ રહેતો હતો અને તેનાં ધનથી મોજ-મઝાને ઉડાવતો હતો. કોઇ કોઈ વાર તેને પદ્મા યાદ આવતી હતી અને તેના અકારણ ત્યાગને માટે ઉંડો પશ્ચાત્તાપ પણ થતો હતો; પરંતુ મેનકાની જાળમાંથી છૂટવું, એ જયદેવ જેવા દુર્બળ હૃદયના જુવાનને માટે અતિ કઠિણ હતું. ચતુરા અને ચંચળા મેનકાએ તેને એવું તો જાદૂ કર્યું હતું કે તે મેનકાને આરાધ્ય દેવી માનીને તેની પૂજા કરતો હતો અને તેના વિના સમસ્ત સંસારને શૂન્ય માનતો હતો. પરંતુ એમાં તેનો શો દોષ ? દોષ માત્ર ગરીબ બિચારી પદ્માનાં ભાગ્યનો હતો કે જેના યોગથી મેનકા તેની શોકયનું કાર્ય સારતી હતી અને તેના પતિને પોતાના પ્રેમપાસમાં પકડી રાખતી હતી.

જયદેવ અને મેનકા આ વખતે હાસ્યવિનોદની વાર્તા કરી રહ્યાં હતાં. કેટલીક વાર આડીઅવળી વાતો ચાલ્યા પછી મેનકાએ હસીને પૂછ્યું. “ પ્રિય જયદેવ ! તમારી પત્ની પદ્મા તમને કોઇ વાર યાદ આવે છે ખરી ? ”

જયદેવે મેનકાનો એ પ્રશ્ન સાંભળ્યો અને તેણે તેના સામુ જોયું. મેનકાનાં સુંદર મુખ ઉપર હાસ્યની છટા વિલસી રહી હતી.

તેણે ક્ષણવાર રહી ઉત્તર આપ્યો. “ એ પ્રશ્ન અત્યારે પુછવાનું શું કારણ છે, મેનકા ? ”

“ કારણ ? ” મેનકાએ નયનકટારીને સતેજ કરીને કહ્યું. “ કારણ તો બીજું કાંઇએ નથી. હું તો સહજ પૂછું છું કે તે તમને કોઇવાર યાદ આવે છે કે નહિ ? ”

“ કોઈ વખતે યાદ તો આવે છે ખરી; પરંતુ નહિ જેવીજ.” જયદેવે જવાબ આપ્યો.

“ એમ કે ? ” મેનકાએ જરા હસીને વ્યંગમાં કહ્યું. “ પોતાની પત્ની કોને યાદ ન આવે ભલા ? ”

“ હા, પણ તેથી તું કહેવા શું માગે છે ? ” જયદેવે સ્વાભાવિક ગુસ્સાથી પૂછ્યું. મેનકાએ તેના સામું જોયું અને તેના ખભા ઉપર પોતાનો કોમળ કર સ્થાપીને તે ખડખડાટ હસી પડી.

જયદેવનો ગુસ્સો ચાલ્યો ગયો અને તે પણ હસવા લાગ્યો. મેનકાનાં હાસ્યથી ભોળો જયદેવ મહાત થઈ ગયો.

મેનકાએ હસવાનું શરૂ રાખતાં પૂછ્યું. "ઠીક; એ વાતને જવા દો; પરંતુ કહો જોઇએ ભલા કે મેનકા અને પદ્મા એ ઉભયમાંથી વધારે સુંદર કોણ છે ?"

"પણ તું આજે આવા પ્રશ્નો મને શું કારણથી પૂછે છે ?" જયદેવે આશ્ચર્યથી જવાબ આપવાને બદલે સામો સ્વાલ કર્યો.

"મેં એક વખત તો કહ્યું કે કારણ તો કાંઇએ નથી." મેનકાએ ઉત્તર આપ્યો.

"જો કારણ કાંઈ નથી, તો પ્રશ્ન પૂછવાનો અર્થ શો ?" જયદેવે પુનઃ પૂછ્યું.

"અર્થ તો એજ છે કે તમારી પત્ની પદ્માનાં રૂપની પ્રશંસા તમારાં મુખેથી મારે સાંભળવી છે." મેનકાએ જરા ગંભીર બનીને જવાબ આપ્યો.

ભોળા જયદેવે સરલતાથી કહ્યું. "પદ્માનાં રૂપની પ્રશંસા તારે સાંભળવી હોય તો મારે સત્યની ખાતર કહેવું જોઇએ કે તે તારાથી અવશ્ય વધારે સુંદર છે."

"તો પછી તમે મારા ઉપર શામાટે મોહી પડ્યા છો ?" મેનકાએ વિશેષ ગંભીર બનીને પ્રશ્ન કર્યો.

"એટલા માટેજ કે જે તારામાં છે, તે એનામાં નથી. તે સુંદર છે ખરી; પરંતુ સાથે સાથે અભિમાની છે. વિનય અને વિવેકની તો એનામાં ખાસ કરીને ન્યુનતા છે." જયદેવે સરલ મનથી જવાબ આપ્યો.

"ત્યારે શું એટલાજ માટે તમે તેનો ત્યાગ કર્યો છે ?" મેનકાએ શાંતિથી પૂછ્યું.

જયદેવ મેનકાના પ્રશ્નોથી અકળાયો. તેનું ક્રોધથી ભરેલું મસ્તક ઉકળી ગયું. તેણે ગુસ્સાના આવેશથી કહ્યું. "મેનકા ! આજે તેં શું ધાર્યું છે, તે હું સમજી શકતો નથી. આવી રીતે તારે મને કંટાળો આપવાનો શો હેતુ છે ?"

મેનકાએ પૂર્વવત શાંતિથી કહ્યું. "પણ શું પદ્માને સુધારી શકાય તેમ નથી ?"

જયદેવ વધારે અકળાયો. તેણે આસન ઉપરથી ઉઠતાં કહ્યું. "મેનકા ! જે વાત મને પસંદ નથી, તે વાતનું સ્મરણ કરવામાં તારો શો હેતુ છે, તે હું જાણી શકતો નથી. આ પ્રમાણે મારૂં અપમાન કરવાથી તને શો લાભ થવાનો હતો ?"

જયદેવ ગુસ્સાથી આસન ઉપરથી ઉભો થઇ ગયો હતો; પણ મેનકાએ તેનો હાથ પકડી પોતાની પાસે બેસાર્યો. તેણે પોતાના બન્ને કોમળ કરો જયદેવના ખભા ઉપર મૂક્યા અને મુખ ઉપર મંદહાસ્ય તથા નયનમાં જાદૂ ભરીને મીઠા મધુર સ્વરે કહ્યું. " વ્હાલા જયદેવ ! શું તમે ગુસ્સે થયા છો ? "

થયું; જયદેવનો ગુસ્સો ચાલ્યો ગયો. તેણે મોહવશ બનીને એ સ્થુલાંગી મોહમયી મેનકાને પોતાની તરફ ખેંચતાં કહ્યું. "વ્હાલી મેનકા ! ખરેખર તું ઘણીજ સુંદર છે."

ભોળો જયદેવ મેનકાનાં હાસ્ય અને જાદૂથી મહાત થયો અને તે કાંઇ કહેવા જતો હતો એટલામાં એક દાસીએ આવી જયદેવને કહ્યું. " મંત્રીશ્વરનો અનુચર આપના માટે સંદેશો લઇને આવ્યો છે. "

" મંત્રીશ્વરનો અનુચર ?" જયદેવે આશ્ચર્ય પામીને પૂછયું. "અને તે અહીં આવ્યો છે ? "

" જી, હા. " દાસીએ ઉત્તર આપ્યો.

" શો સંદેશો લાવ્યો છે ? " જયદેવે પુનઃ પૂછયું.

" એજ કે મંત્રીશ્વર આપને અત્યારેજ યાદ કરે છે. " દાસીએ જવાબ આપ્યો.

" ઠીક. " જયદેવે કહ્યું એટલે દાસી ચાલી ગઇ અને તેણે મેનકાના સામે જોયું.

મેનકા હસી અને પછી ક્ષણવાર રહીને બોલી. " જાઓ; પરંતુ દૃઢ રહેજો. "

" પણ ન જાઉં તો ? " જયદેવે કહ્યું.

" એમ ન થાય. જાઓ તો ખરાજ; પરંતુ ભોળા બનશો નહિ. " મેનકાએ સલાહ આપી.

જયદેવ તૈયાર થઇને મહાલયની બહાર આવ્યો. અનુચર તેની રાહ જોઇને ઉભો હતો. તેઓ બન્ને, જયદેવ આગળ અને અનુચર પાછળ, એ પ્રમાણે મંત્રીશ્વરના આવાસ તરફ રવાના થયા. કેટલીક વાર પછી તેઓ નિશ્ચિત સ્થળે આવી પહોંચ્યા. જયદેવ આવાસમાં ગયો અને અનુચર બહાર રહ્યો.

જયદેવ મંત્રીશ્વરના આવાસથી જાણીતો હતો એટલે ત્વરાથી સીધો અંદર ચાલ્યો ગયો અને જે ખંડમાં મંત્રીશ્વરની બેઠક હતી, તે ખંડની પાસે આવીને ક્ષણવાર ઉભો રહ્યો. જયદેવ નગરશેઠનો પુત્ર હતો અને

તેના પિતાનાં પદનું તથા લક્ષ્મીનું તેને અભિમાન હતું. વળી તે મંત્રીશ્વરની બ્હેન પદ્માનો પતિ હતો.અને તેથી મંત્રીશ્વર પાસે જવામાં તેને કોઈ પણ જાતની અડચણ કે કોઇપણ પ્રકારનો ભય નહોતો; તો પણ તે ખંડની બહાર ઉભો રહી ગયો; કારણ કે તેનાં અંતઃકરણમાં ક્ષોભ ઉત્પન્ન થયો હતો. પતિના તિરસ્કાર પછી પદ્મા કેટલોક સમય શ્વસુર ગૃહમાં રહીને જયદેવની આજ્ઞા મેળવી પિતૃગૃહમાં આવી હતી અને ત્યારથી ત્યાંજ રહેતી હતી. તે પછી જયદેવે તેને કોઈવાર યાદ કરી નહોતી તેમ તે તેના આવાસે ગઇ પણ નહોતી. જયદેવને માટે પણ એમજ હતું. પદ્માના ત્યાગ પછી તે કોઈ વાર મંત્રીશ્વરના આવાસે ગયો નહોતો, તેમ કોઇએ તેને તે સંબંધમાં કાંઇ કહ્યું નહોતું. આજે અચાનક મંત્રીશ્વરે તેને યાદ કર્યો હતો અને તેથીજ તેનાં હૃદયમાં મંત્રીશ્વરની પાસે જતાં ક્ષોભ ઉત્પન્ન થયો હતો. વસ્તુપાળ તેનો સાળો હતો એ ખરૂં; પરંતુ તે સાથે તે ગુજરાતનો મહા અમાત્ય પણ હતો. તેની સત્તા અને તેના પ્રભાવથી જયદેવ જાણીતો હતો અને તેથી તે ખંડમાં ત્વરાથી જવાને માટે હિંમત કરી શક્યો નહિ. પ્રથમ તો તેણે ત્યાંથીજ પાછા વળવાનો વિચાર કર્યો; પરંતુ એમ કરવું તેને યોગ્ય લાગ્યું નહિ અને મનને મજબુત તથા દૃઢ બનાવીને કિંચિત્ રૂઆબથી તેણે ખંડમાં પ્રવેશ કર્યો.

વસ્તુપાળ ખંડની સામી બાજુએ મધ્યમાં ગાદી ઉપર તકિયાને અઢેલી બેઠો હતો. તેણે માત્ર બેજ વસ્ત્રો પહેરેલાં હતાં અને તેનું મસ્તક ઉઘાડું હતું. ગુજરાતના મહા અમાત્ય અને પાટણની રાજ્યસત્તાના સુત્રધારને જોઈ અભિમાની જયદેવ દીન બની ગયો. ખંડમાં બેઠેલા પ્રભાવશાળી પુરૂષવરને જોતો તે કેવળ મૌન ઉભો રહ્યો.

વસ્તુપાળે આ અવિચારી જુવાનના સામે જોયું અને તેનાં મુખ ઉપર હાસ્ય તરી આવ્યું. તેણે સામે પડેલાં આસન તરફ નિશાની કરીને કહ્યું. " બેસો. જયદેવ. "

જયદેવ આસન ઉપર ગુપચુપ બેસી ગયો; પરંતુ કાંઇ બોલ્યો નહિ.

ક્ષણવાર રહીને વસ્તુપાળે કહ્યું. " જયદેવ ! હમણાં કેમ દેખાતા નથી ? તબિયત તો સારી છે ને ? "

જયદેવે વિચાર્યું કે હવે જવાબ આપ્યા વિના બીજો ઉપાય નથી. તેણે માત્ર ટુંકો ઉત્તર આપ્યો. " હા. "

"હવે યુદ્ધવિદ્યાની શાળામાં જાઓ છો કે નહિ ?" મંત્રીશ્વરે પૂછ્યું.

" ના. " જયદેવે ટુંકામાં પતાવ્યું.

"યુદ્ધવિદ્યાનું શિક્ષણ ઘણુંજ કઠિન છે, કેમ ખરૂં ને ?" વસ્તુપાળે પ્રશ્નો પૂછવાનું શરૂ રાખ્યું.

"હા." જયદેવે માત્ર હા કે ના એ બે શબ્દોનોજ ઉપયોગ કરવા માંડયો.

"ઠીક." એટલું કહીને મંત્રીશ્વરે વાતનો વિષય બદલીને પૂછ્યું. "તમે ખંભાત જવાને ખુશી છો કે નહિ ?"

"કેમ ?" જયદેવે જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

"હું તમને ખંભાત મોકલવા માગું છું." મંત્રીશ્વરે કહ્યું.

"શા માટે ?" જયદેવે હિંમતથી પૂછ્યું.

"ખંભાતના એક અધિકારીની જગ્યાએ તમને નિયુક્ત કરવાનો મેં વિચાર કર્યો છે." મંત્રીશ્વરે ઉત્તર આપ્યો.

"ખંભાતના અધિકારીની જગ્યાએ ?" જયદેવ આશ્ચર્ય પામ્યો.

"હા." મંત્રીશ્વરે તરતજ જવાબ આપ્યો.

"પણ મારાથી એ જગ્યાનું કામ થઈ શકશે ખરૂં ?" જયદેવે સરલતાથી પ્રશ્ન કર્યો.

"કેમ થઈ શકશે નહિ ? જરૂર થઈ શકશે." મંત્રીશ્વરે સત્તાવાહક અવાજે જવાબ આપ્યો.

જયદેવ મંત્રીશ્વરનો એ જવાબ સાંભળીને વિચારમાં પડી ગયો. તે શું કારણથી પોતાને ખંભાત મોકલવા માગે છે, એ સમજી શકયો નહિ.

તેણે પુનઃ પૂછ્યું. "મારે ખંભાત ક્યારે જવાનું છે ?"

"અત્યારેજ" મંત્રીશ્વરે કહ્યું.

"અત્યારેજ ?" જયદેવે આશ્ચર્ય પામીને પૂછ્યું.

"હા." મંત્રીશ્વરે શાંતિથી કહ્યું.

"પણ આવતી કાલે જવાય તો કાંઈ હરકત છે ?" જયદેવે પુનઃ પૂછ્યું.

"તમારા પ્રયાણને માટે અત્યારે બધી તૈયારી કરી રાખેલી હોવાથી તમને કોઇ પણ પ્રકારની હરકત આવશે નહિ. વળી ત્યાં જવાની ઘણીજ અગત્ય છે અને તેથી હું તમને અત્યારે જવાનો આગ્રહ કરી રહ્યો છું." મંત્રીશ્વરે જવાબ આપ્યો.

"ભલે; મારા પિતા આ વિષયમાં સંમત થશે, તો મને ખંભાત જવામાં કાંઇ અડચણ નથી." જયદેવે સરલ ભાવથી કહ્યું.

" નગરશેઠની સંમતિ લઈને મેં આ ગોઠવણ કરી છે એટલે તેમની સંમતિનો સ્વાલ રહેતો નથી. તમે તૈયાર થાઓ એટલીજ માત્ર વાર છે." વસ્તુપાળે એટલું કહીને જયદેવના સામે જોયું.

જયદેવ અકળાયો અને હવે શો ઉત્તર આપવો અને શું કરવું, એ વિષે વિચાર કરવા લાગ્યો.

વસ્તુપાળે તેની મુંઝવણ પારખીને કહ્યું "જયદેવ! તમારે મુંઝાવાનું કાંઈ કારણ નથી. ખંભાતના એક સારા અધિકારીનું પદ તમને મળવાનું હોવાથી તમે ત્યાં સુખ અને સગવડતાથી રહી શકશો અને ભવિષ્યમાં ખંભાતના દુર્ગપાળ પણ બની જશો. જો કાંઈ હરકત કે અગવડતા હોય, તો તે માત્ર એટલીજ છે કે તમારે અત્યારે અચાનક જવાનું છે; પરંતુ તમારા માટે મેં બધી તૈયારી કરાવી રાખી હોવાથી હું ધારૂં છું કે તમને હમણાંજ ખંભાત તરફ રવાના થવામાં કોઈપણ પ્રકારની મુશ્કેલી નડશે નહિ. કેમ, તમે તૈયાર છો ને?"

" હા, પણ મારે એક વખત મારા આવાસે જવું જોઈએ." જયદેવે દિલગીરીસૂચક અવાજથી કહ્યું.

"તમારે આવાસે જવાની અગત્ય હોય, એમ હું માનતો નથી. હું અને નગરશેઠ તમને પાધર સુધી વળાવવાને આવવાના છીએ એટલે પછી તમારે ઘેર જવાની શી અગત્ય છે!" વસ્તુપાળે ખુલાસો કર્યો.

જયદેવ મૌન રહ્યો એટલે વસ્તુપાળે અનુચરને હાક મારીને બોલાવ્યો. અનુચર હાજર થતાં તેણે તેને પુછ્યું." ખંભાત જવાને માટે જે ઘોડેસ્વારોને આજ્ઞા આપેલી છે, તે હાજર થયા છે કે નહિ?" "જી હા; તેઓ બધા હાજર છે અને આપનો ઘોડો તથા એક બીજો ઘોડો પણ તૈયાર છે." અનુચરે ઉત્તર આપ્યો.

"ઠીક" મંત્રીશ્વરે કહ્યું અને અનુચર ચાલ્યો ગયો. તે પછી મંત્રીશ્વર તૈયાર થઈને જયદેવને લઈ મહાલયના સિંહદ્વાર પાસે આવી પહોંચ્યો. અનુચરના કથન પ્રમાણે ત્યાં ઘોડેસ્વારો તૈયાર ઉભા હતા. તરતજ વસ્તુપાળ પોતાના ઘોડા ઉપર સ્વાર થયો અને જયદેવ બીજા ઘોડા ઉપર બેઠો. થોડા સમયમાં તેઓ શહેરનાં પાધરમાં આવી પહોંચ્યા. નગરશેઠ યશોરાજ ત્યાં ઉભા હતા, તેને જયદેવ મળ્યો. મંત્રીશ્વરે તેને ખંભાતના દુર્ગપાળ ઉપરનું આજ્ઞાપત્ર આપ્યું અને તે ખંભાતના માર્ગે રવાના થયો. તે તથા તેના ઘોડેસ્વારો દૃષ્ટિ મર્યાદામાંથી દૂર થયા એટલે મંત્રીશ્વર અને નગરશેઠ નગરમાં પાછા ફર્યા.

# પ્રકરણ ૨ જું.

## શ્રી વિજયસેનસૂરિ.

મંત્રીશ્વર વસ્તુપાળ અને નગરશેઠ યશોરાજ જયદેવને વળાવી નગરમાં પાછા ફર્યા, ત્યારે મધ્યાન્હનો સમય વહી ગયો હતો અને દિવસનો ચતુર્થ પ્રહર ચાલતો હતો. તાપ અને ઉકળાટનું જોર ધીમે ધીમે મોળું પડતું જતું હતું અને ધીમો પણ ઠંડો પવન વહેવાની શરૂઆત થઈ હતી. મંત્રીશ્વર અને નગરશેઠ પૌષધશાળા પાસે આવી પહોંચ્યા, તે દરમિયાન રસ્તામાં ચાલતાં નગરશેઠે નીચે મુજબ વાતની શરૂઆત કરી.

તેમણે મંત્રીશ્વરને ધીમા અવાજે પૂછ્યું. "જયદેવને ખંભાત મોકલ્યો કે બીજે સ્થળે ?"

"ખંભાતજ" મંત્રીશ્વરે પણ ધીમા અવાજે ઉત્તર આપ્યો.

"પણ તે ખંભાતમાં રહેશે ખરો ?" નગરશેઠે પુનઃ પૂછ્યું.

"મેં તેને અધિકારની લાલચમાં નાંખ્યા છે એટલે ત્યાં રહેશે ખરા. હાલ તો તેને ખંભાતના વહીવટી અધિકારીનાં પદે નિયુકત કરવાનું મેં નક્કી કર્યું છે. અને તે પછી ત્યાંના દુર્ગપાળની જગ્યા આપવાનું કહ્યું છે. આવી લાલચ અને કામના બંધનમાં નાંખ્યા વિના તે સુધરશે નહિ, એમ ધારીને મેં આ ગોઠવણ કરી છે." મંત્રીશ્વરે જણાવ્યું.

"તમારી ગોઠવણ બરોબર છે; પરંતુ તે પાર ઉતરશે કે કેમ ? એ મોટો સ્વાલ છે." નગરશેઠે જરા વિચારીને કહ્યું.

"તમારાં કથનના ભાવાર્થને હું સમજ્યો છું. મેનકાની મોહજાળમાંથી જયદેવ જેવા ભોળા યુવકને છુટવું એ ઘણું મુશ્કેલ છે." મંત્રીશ્વરે કહ્યું.

પણ જયદેવ ખંભાત ગયો છે, એ શું મેનકા જાણશે નહિ અને જાણશે તો તે ત્યાં જશે નહિ ?" નગરશેઠે આતુરતાથી પૂછ્યું.

"જરૂર જશે; પરંતુ હવે તે ફાવશે નહિ." મંત્રીશ્વરે દ્રઢતાથી ઉત્તર આપ્યો.

"શું તમે તેને ખંભાત જતી અટકાવશો ? મને નથી લાગતું કે તમે એમ કરી શકો; કારણકે તે એવી તો ચતુરા અને વિચક્ષણા છે કે તેને મહાત કરવાનું કાર્ય કાંઈ સરલ નથી." નગરશેઠે પોતાની માન્યતા કહી દર્શાવી.

"તમારી માન્યતા ખોટી નથી." મંત્રીશ્વરે જરા ગંભીર બનીને કહ્યું.

નગરશેઠ ક્ષણવાર વિચારમાં પડી ગયા. વિચારના અંતે તેમણે સહસા પૂછ્યું. "પદ્માને ખંભાત મોકલીએ તો ?"

"તમારો વિચાર યોગ્ય છે; પરંતુ તે વિષે મેં કશો નિર્ણય કર્યો નથી." મંત્રીશ્વરે નગરશેઠના વિચારને અનુમોદન આપતાં ઉત્તર આપ્યો.

"મને લાગે છે કે થોડા સમય પછી પદ્માને ત્યાં મોકલવી, એ ઉત્તમ છે. જો તે ચતુરા હશે, તો જયદેવનાં હૃદયને જીતી લેશે." નગરશેઠે કહ્યું.

"ઠીક છે; એ વિષે હું યોગ્ય ગોઠવણ કરીશ; તો પણ પદ્મા ખંભાત જવાને કબુલ થશે કે નહિ ? એ પ્રથમ જાણવાની અગત્ય છે." મંત્રીશ્વરે વિચારીને કહ્યું.

"એનું શું કારણ ? શું પદ્મા ખંભાત જવાનું સ્વીકારશે નહિ ?" નગરશેઠે અધિરતાથી પૂછ્યું.

મંત્રીશ્વરે ઉત્તર આપ્યો. "પદ્મા ખંભાત જવાનું સ્વીકારશે કે નહિ, એ જૂદો પ્રશ્ન છે; પરંતુ તે જો ત્યાં જવાને ખુશી ન હોય અને આપણે તેને પરાણે મોકલીએ, તો એનો અર્થ કાંઇ નથી; કારણ કે એ રીતે તેને પરાણે મોકલવાથી જયદેવ અને તેનું મન મળશે નહિ."

"તમારૂં કથન યથાર્થ છે અને તેથી તમને જેમ ઠીક લાગે તેમ કરો. મને તો આમાં કાંઇ ખબર પડતી નથી." નગરશેઠે જરા નિરાશાથી કહ્યું અને ત્યારપછી તે વિચારમાં પડી ગયા.

ક્ષણવાર પછી તેમણે સરલતાથી કહ્યું. "મંત્રીશ્વર ! એ બન્નેનાં મન પહેલીજ રાતથી શા કારણથી જૂદા પડી ગયા, એ હું અત્યારસુધીમાં જાણી શકયો નથી. રાત્રિ અને દિવસ એજ વિષેના વિચારો મને થયા કરે છે અને તેઓના મનના મેલ શી રીતે દૂર થાય, એની ચિંતા કરવા છતાં કોઇ ઉપાય મળી આવતો નથી. મને લાગે છે કે જ્યાંસુધી જયદેવને મેનકાના સંસર્ગમાંથી દૂર કરવામાં નહિ આવે, ત્યાંસુધી એ નાદાન છોકરો સુધરશે નહિ. મંત્રીશ્વર ! હું તમને આગ્રહથી કહું છું કે તમે એ છોકરાને કોઇપણ ઉપાયે સુધારો. વળી એને સુધારવામાં તમારો પણ સ્વાર્થ રહેલો છે; કારણ કે તેથી તમારી બહેન પદ્મા પણ સુખી થશે. હું તો તેનાથી કેવળ કંટાળી ગયો છું અને બધો ભાર તમારા ઉપર નાંખી દઉં છું. જો તમે ધારશો, તો તેને સુધારી શકશો; કારણ કે તમારી પાસે સત્તા છે અને સત્તાનાં બળથી જે ધારશો તે કરી શકશો."

નગરશેઠનું ઉપર્યુક્ત સરલ કથન સાંભળીને વસ્તુપાળ જરા હસ્યો. તેણે નગરશેઠને હિંમત આપતાં કહ્યું. “ શેઠજી ! તમારે ચિંતા કરવાનું કાંઇ કારણ નથી. હું બનતા ઉપાયે તેને ઠેકાણે લાવવાને ચૂકીશ નહિ. ”

નગરશેઠનાં કરચલીયુક્ત મુખ ઉપર આભારદર્શક ચિન્હો તરી આવ્યાં. તેમણે કૃતજ્ઞતાયુક્ત દ્રષ્ટિએ મંત્રીશ્વરના સામે જોયું અને તે પછી તેઓ ઉભય આગળ ચાલ્યા.

તેઓ થોડે દૂર ગયા પછી પૌષધશાળાની મધ્યમાં આવેલા વિશાળ ખંડમાં આવી પહોંચ્યા. આ ખંડ, તેની વિશાળતા, સ્વચ્છતા અને સુંદરતાથી ભવ્ય લાગતો હતો અને મહાત્માઓના નિવાસથી ગૌરવયુક્ત જણાતો હતો. તેમાં એક બાજુએ કામળના આસન ઉપર એક મહાત્મા બેઠેલા હતા. તેમની આસપાસ શિષ્યનો પરિવાર અને તેમનાં દર્શનાર્થે આવેલો માનવસમૂહ બેઠેલો જોવામાં આવતો હતો. આ મહાત્મા શરીરથી પ્રૌઢ હતા એટલુંજ નહિ પણ જ્ઞાન અને ધર્મથી પણ પ્રૌઢ કિંવા વૃદ્ધ હતા. તેમનું ભવ્ય અને ઉજ્જવલ કપાલ, વિશાળ મસ્તક, શાંત ચક્ષુઓ અને પ્રસન્ન મુખમુદ્રાને જોવાથી પ્રત્યેક માણસનાં હૃદયમાં તેમના માટે પૂજ્યભાવ ઉત્પન્ન થાય તેમ હતું. આ મહાત્માનું શુભ અને પવિત્ર નામ **વિજયસેનસૂરિ** હતું. તે નાગેન્દ્ર ગચ્છના વર્ત્તમાન આચાર્ય હતા અને મંત્રીશ્વર વસ્તુપાળના પરંપરાગત ધર્મગુરૂ હતા. મંત્રીશ્વર અને નગરશેઠે તેમને વિધિપૂર્વક વંદન કર્યું અને તેઓ બન્ને તેમની પાસે જઇને બેઠા.

આચાર્યે તેમના સામે પ્રસન્નતાથી જોઇને કહ્યું. “ મંત્રીશ્વર ! તમે તથા નગરશેઠ અત્યારે આવ્યા એ ઠીક થયું છે. આ સામે બેઠેલા આત્મબંધુઓના આગ્રહથી અત્યારે અહિંસાનો વિષય ચાલે છે અને તેમાંથી તમને ઘણું જાણવાનું મળશે. અહિંસા એ જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત છે, એ પુનઃ પુનઃ કહેવાની અગત્ય નથી. મહાશય શાસ્ત્રકારોએ એ વિષયમાં આપણને વારંવાર ઉપદેશ કરેલો હોવાથી તેમનાથી વિશેષ તો મારાથી કહી શકાશે નહિ; પરંતુ આ વિષયજ એવો છે કે તે વિષે જેટલું લખાય અને જેટલું બોલાય, તેટલું અવશ્ય થોડું છે. અહિંસા એ માનવજીવનની ઉન્નતિનું પ્રથમ પગથીયું છે. જેના હૃદયમાં અહિંસા વસી નથી, તે મનુષ્યનામને પણ યોગ્ય નથી. અહિંસાનો વિષય જેટલો ગંભીર છે, તેટલો સરલ પણ છે; કારણ કે તે માનવજીવનનું આવશ્યક સૂત્ર છે. અહિંસા એટલે દયા; અહિંસા એટલે પ્રેમ;

અહિંસા એટલે સ્નેહ; અહિંસા એટલે મમતા અને અહિંસા એટલે કરૂણા છે. જે મનુષ્યનાં હૃદયમાં આ ગુણો વસેલા નથી, તેનાથી સ્વપરનું હિત શી રીતે થઇ શકે ? એનો તમારે વિચાર કરવાનો છે. જેને લૌકિક અને પારલૌકિક સુખોને પ્રાપ્ત કરવાં છે, તેણે અહિંસાનું ખાસ કરીને સેવન કરવાનું છે; કારણ કે એ વિના માણસ આ લોકનાં કે પરલોકનાં સુખનો ભોક્તા થઇ શકતો નથી. અહિંસા એ જૈનધર્મનો જુનો સિદ્ધાંત છે; પરંતુ ભગવાન મહાવીરે તેને મુખ્ય સિદ્ધાંત બનાવીને તેનો વિશેષ ઉપદેશ કર્યો છે, તેનું કારણ પણ તેજ છે.''

આચાર્ય એટલું કહીને અટકી ગયા અને શ્રોતાજનો ઉપર તેની શી અસર થઇ છે, એ જોવા લાગ્યા.

ક્ષણવાર રહી તેમણે પુનઃ કહેવા માંડયું. "હવે હું અહિંસાના સંબંધમાં એક વિશેષ વાત તમને કહેવાને ઇચ્છું છું અને તે એ કે સંસારી મનુષ્યથી અહિંસાનું સદા અને સર્વથા પાલન થઈ શકતું નથી. મનસા, વાચા અને કર્મણા અહિંસાનું પાલન કરવું, એ ઘણુંજ કઠિન છે અને તે તો માત્ર સંસારત્યાગી સાધુઓથીજ થઇ શકે છે. સંસારી માણસોને વ્યવહારની જાળમાં ગુંથાઈ રહેવું પડતું હોવાથી તેઓ અહિંસાનું સંપૂર્ણ રીતે પાલન કરી શકે નહિ, તો તે સર્વથા સ્વાભાવિકજ છે. હું તમને એ સંબંધનો સાદો અને સીધો એકજ દાખલો આપું છું. રાજ્યના સેનાપતિ કે સૈનિકને યુદ્ધમાં અસંખ્ય માણસોનો ઘાત કરી હિંસા કરવી પડે છે; પરંતુ તે એવું કાર્ય પોતાની ખુશીથી કરે છે કે નિરૂપાયે નાખુશીથી કરે છે, એ વિચારવાનું છે. જો તે એવું કાર્ય ખુશીથી નહિ; કિન્તુ પોતાની ફરજના અંગે નિરૂપાયે કરે છે, તો તે માટે તેને કેટલો દોષિત અને પાપનો જવાબદાર ગણવો, એ વિચારણીય પ્રશ્ન છે. અલબત, તે પાપનો જવાબદાર તો બનેજ છે; પરંતુ તેનું એ પાપ વ્યવહાર ધર્મનું હોવાથી સત્વર દૂર થઇ શકે તેવું છે. આ ઉપરથી મારો કહેવાનો આશય એવો છે કે સંસારી મનુષ્યો સર્વદા અને સર્વથા અહિંસાનું પાલન કરી શકતાં નથી; કારણ કે તેમને પોતાના વ્યવહાર ધર્મને લક્ષ્યમાં રાખવો પડે છે. લડાઈ, ખેતી અને વ્યાપાર ઈત્યાદિ આરંભ-સમારંભનાં કાર્યો હોવાથી પાપજન્ય છે; પરંતુ સંસારી મનુષ્યો પાપનો વિચાર કરી તેને પડતાં મૂકે, તો આ સંસારનું બંધારણ કયાં સુધી ચાલે ? આ ઉપરથી માણસોને વ્યવહારમાં રહીને જે કામો કરવાનાં છે, તે પોતાની ફરજનાં અંગે કરવાનાં છે, એવું વિચારીને તેણે કાર્યમાં જોડાવું

ઘટે છે અને જો તે એવો વિચાર કરીને કાર્યમાં જોડાય છે, તો તેનાથી અહિંસાનું કેટલેક અંશે પાલન થઇ શકે છે. સંસારી માણસે વ્યવહાર ધર્મનાં અંગે ગમે તેવું કામ કરતી વખતે અહિંસાના સૂત્રને સતત સ્મરણમાં રાખવાનું છે. તેણે માનવ જીવનના આવશ્યકીય ગુણો–દયા, પ્રેમ, મૈત્રી, કરૂણા અને સ્નેહ–ઇત્યાદિનો કદિ પણ ત્યાગ કરવાનો નથી; કારણકે એ ગુણો વિના અહિંસાનું પાલન થઈ શકતું નથી. ”

એ પ્રમાણે કહીને આચાર્યે મંત્રીશ્વરના સામે જોયું. મંત્રીશ્વર તથા નગરશેઠ આચાર્યની અમૃતવાણીને એકધ્યાને સાંભળી રહ્યા હતા. તેમનું સ્થિરચિત્ત જોઇને આચાર્યે આગળ ચલાવ્યું. “ હવે પ્રસંગોપાત અહિંસાના વિષયમાં એક બીજી વાત પણ સ્પષ્ટ કરવાની અગત્ય છે. કેટલાકોની એવી માન્યતા છે કે અહિંસાનાં સેવનથી માણસ નિર્બળ અને આત્મઘાતી બની જાય છે. આ કથનની પુષ્ટી માટે તેઓ એવી દલીલ કરે છે કે જો માણસ અહિંસક બને, તો તે પોતાનું રક્ષણ કરી શકતો નથી અને ધીમે ધીમે નિર્બળ બનીને કશા કામનો રહેતો નથી. આ કથન અને તે માટેની દલીલ કેટલાં અસત્ય છે, તે સહજમાં સમજી શકાય તેમ છે. ખરી રીતે તો અહિંસાનાં સેવનથીજ માણસ સબળ અને આત્મરક્ષક બની શકે છે. પ્રથમ તો અહિંસક માણસને દુશ્મનોજ હોતા નથી, અને કદાચ હોય છે, તો તેઓ તેનો વિનાશ કરી શકતા નથી; કારણ કે અહિંસક માણસનો પ્રભાવજ એવો છે કે તેની પાસે શત્રુઓ જઇ શકતાજ નથી અને જાય છે તો તેઓ તેને નુકશાન કરી શકતા નથી. અહિંસાનાં સેવનથી મનુષ્યમાં પ્રેમ અને કરૂણા ઇત્યાદિ સદ્‌ગુણોનો વાસ થતો હોવાથી તેનો સ્વભાવ ઉદાર અને ક્ષમાશીલ બને છે. સર્વ કોઇ જાણે છે કે ઉદારતા અને ક્ષમા એ વીર પુરૂષોનો સ્વભાવ છે અને લોભ અને વેર એ કાયર પુરૂષોનો સ્વભાવ છે. હિંસાનાં સેવનથી માણસ લોભી અને વેરી બને છે અને અહિંસાનાં સેવનથી પ્રેમી અને કરૂણાળુ બને છે, એ આ ઉપરથી સ્વતઃ સમજી શકાય છે અને તેથી અહિંસાથી માણસ નિર્બળ અને આત્મઘાતી બને છે, એ દલીલ કેટલી અસત્ય અને નિર્મૂળ છે. એ સમજાવવાની અગત્ય રહેતી નથી. વસ્તુતઃ તો અહિંસાનાં પાલનથીજ માણસ ખરેખરો વીર અને સબળ બની શકે છે અને તેથી અહિંસકવૃત્તિ એ માનવજીવનમાં કેટલી આવશ્યકીય છે, એ સહજમાં સમજી શકાય તેમ છે. હિંસકવૃત્તિ એ માનવજીવનની અવનતિનું પગથીયું છે; કારણ કે તેવી

વૃત્તિથી માણુસમાં ક્રોધ, વેર, લોભ અને નાશ ઇત્યાદિ દુર્ગુણોનો વાસ થાય છે અને જેનામાં આ દુર્ગુણોનો વાસ થાય છે તે માણુસ કદિ પણ વીર કે સબળ બની શકતો નથી. ક્ષમા એ વીર પુરૂષોનું ભૂષણ છે, એ સર્વમાન્ય સૂત્રને લક્ષ્યમાં લઇએ તો અહિંસા અને હિંસાનો મર્મ સહજમાં સમજાશે. અલબત, માણુસથી વ્યવહારમાં સર્વાંશે અહિંસાનું પાલન થઇ શકતું નથી; પરંતુ તેણે પોતાના સ્વભાવને તો અહિંસકજ બનાવવો જોઇએ અને એવા સ્વભાવથી જે માણુસ વ્યવહારનાં કાર્યોમાં જોડાય છે, તે પોતાના સ્વભાવજન્ય ગુણોથી અવશ્ય વીર, દૃઢ, અડગ, સબળ, સ્વપર રક્ષક અને ક્ષમાશીલ બની શકે છે. હિંસક સ્વભાવ એ માનવજીવનની ઉન્નતિમાં અંતરાયરૂપ છે અને તેવા સ્વભાવથી માણુસ કોઇ પણ રીતે સબળ અને આત્મરક્ષક બની શકતો નથી, એ સમજાવવાની હવે વધુ અગત્ય હોય, એમ મને જણાતું નથી. ”

સૂરિવરે પોતાના ઉપદેશને સંપૂર્ણ કર્યો. દર્શનાર્થે આવેલાં મનુષ્યો આચાર્યનો અમૂલ્ય બોધ સાંભળીને હર્ષિત થતાં થતાં ચાલ્યા ગયા અને શિષ્યો પણ અભ્યાસ માટે એકાંત સ્થાનમાં જવાને રવાના થઇ ગયા. પાછળ સૂરિવર, મંત્રીશ્વર અને નગરશેઠ એ ત્રણ જણાજ રહ્યા.

કેટલોક સમય ધાર્મિક ચર્ચા ચલાવ્યા પછી આચાર્યે નગરશેઠને પૂછ્યું. “ શેઠજી ! આજે તમે ઉદાસ કેમ છો ? શું જયદેવ હજી સુધારા ઉપર આવ્યો નથી ? ”

નગરશેઠે ઉપકારવશ થતાં કહ્યું “ મહારાજ ! જયદેવને માટે આપ જે ચિંતા રાખો છો, તે માટે આપનો હું ઘણોજ આભારી છું. તે હજી સુધી તો સુધારા ઉપર આવ્યો નથી; પરંતુ હવે આવશે એમ જણાય છે.

“ પરમાત્મા એને જલ્દી સુબુદ્ધિ આપો. ” સૂરિવરે એમ કહીને મંત્રીશ્વરને પૂછ્યું. “ તેને તમે ખંભાત ક્યારે મોકલવાના છો ?

“તેમને અત્યારેજ ખંભાત રવાના કરીને અમે આપને એ હકીકત કહેવાને આવ્યા છીએ.” મંત્રીશ્વરે ઉત્તર આપ્યો

“બહુ સારૂ. હું એથી ઘણોજ ખુશી થયો છું.” આચાર્યે સંતોષ દર્શાવીને પૂછ્યું. “ ખંભાતમાં એને માટે તમે શી ગોઠવણ કરવાનું ધાર્યું છે ? ”

“ હાલ તો તેમને વહીવટી અધિકારીનાં પદે નિયુક્ત કરવાનું મેં નક્કી કર્યું છે અને આગળ ઉપર ખંભાતના દુર્ગપાલની જગ્યા આપવી, એવો વિચાર કરી રાખ્યો છે.” મંત્રીશ્વરે જવાબ આપ્યો.

"તમારી ગોઠવણમાં ખામી નહિ હોય." સૂરિવરે સ્મિતપૂર્વક કહ્યું અને પછી પૂછ્યું. "પણ કહો, રાજખટપટનું શી રીતે છે ?"

"તે તો ચાલ્યાજ કરે છે. તેનો પાર કદી આવ્યો નથી, આવવાનો નથી અને આવશે પણ નહિ." મંત્રીશ્વરે જવાબ આપતાં કહ્યું.

"તમારૂં કથન સત્ય છે; પરંતુ એ હકીકત તમને પૂછવાનો અને છેવટ કહેવાનો મારો ભાવાર્થ એટલોજ છે કે ગમે તેવી રાજખટપટમાં અને ગમે તેવાં કાર્યમાં તમે તમારી ન્યાયબુદ્ધિને એક બાજુ મૂકશો નહિ. ન્યાયબુદ્ધિ કિંવા પ્રમાણિકતા એ રાજ્યના અધિકારીઓનો આવશ્યક ગુણ છે અને જે અધિકારીઓ એ ગુણનો ત્યાગ કરી પક્ષપાતબુદ્ધિ અને અપ્રમાણિકતાને ગ્રહણ કરે છે, તેઓ રાજા અને પ્રજા ઉભયને અહિતકારક થઇ પડે છે. મંત્રીશ્વર ! તમે વિદ્વાન્ છો, ઉત્તમ ચારિત્રવાન્ છો અને વિવેકી પણ છો. એટલે તમને ઉપદેશ આપવાની અગત્ય નથી; પરંતુ તમારા ગુરૂ તરીકે મારે તમને તમારા હિતની વાર્તા હોય, તે કહેવી જોઇએ; કારણ કે અમારી-ધર્મગુરૂની એ ફરજ છે. આથી વિશેષ મારે તમને કાંઇ કહેવાનું નથી." એટલું કહીને આચાર્ય ઉભા થયા અને મંત્રીશ્વર તથા નગરશેઠે તેમનું અનુકરણ કર્યું.

આચાર્યે નગરશેઠ તરફ જોઇને કહ્યું. "અને શેઠજી ! મારે તમને એટલુંજ કહેવાનું છે કે આપણા જૈન સમાજમાં જે થોડો ઘણો કુસંપ છે, તેને દૂર કરવાનો પ્રયાસ કરશો. સંપ એ ઉન્નતિનું મૂળ છે, એ લક્ષ્યમાં રાખજો અને જો એને બાજુ ઉપર રાખી કુસંપને વધારે સ્થાન આપશો, તો ભવિષ્યમાં જૈન સમાજ અને જૈનધર્મની ઘણીજ દુર્દશા થશે, એ નક્કી માનજો."

એટલું કહીને આચાર્ય મહારાજ સ્વાધ્યાયમાં લીન થવાને એકાંત ખંડમાં ચાલ્યા ગયા અને તે પછી મંત્રીશ્વર તથા નગરશેઠ પૌષધશાળાએથી જૂદા પડી અન્યત્ર રવાના થયા.

# પ્રકરણ ૩ જું.

## પાટણમાં.

પ્રભાતનો સમય છે. સવિતાનારાયણ સરસ્વતીનાં સ્વચ્છ જળને રૂપેરી રંગે રંગી રહ્યા છે. પાટણની સુંદરીઓ મસ્તકે ચકચકિત બેડાં

લઇને પનઘટ પર પાણી ભરવાને મદભરી ચાલે આવી રહી છે. કોઇ કોઇ પાણી ભરીને સખીઓ સાથે વાર્તાવિનોદ કરતી નગર તરફ જતી પણ જણાય છે. શ્રદ્ધાળુ માણસો બીજા ઘાટે પ્રભાતનું સ્નાન કરી રહ્યા છે અને ભૂદેવો વેદોચ્ચારથી આસપાસના પ્રદેશને ગજાવી રહ્યા છે. સરસ્વતી નદી ઉપરનું આ દૃશ્ય એક યુવાન મુસાફર જોતો જોતો પોતાના ઘોડાને પાણી પાઇ રહ્યો છે. તેની અવસ્થા નાની હતી અને મુખ ઉપર મૂછનો દોરો પણ ભાગ્યેજ ફૂટેલો હતો; તો પણ તેનું ભવ્ય મુખ અને રક્તવર્ણીય આંખોથી તે કોઇ ઉચ્ચ પદવીનો માણસ હોય, એમ જણાતું હતું. તે હજી યુવક હતો અને તેનાં મુખ ઉપર મૂછનો દોરો પણ ફૂટેલો નહોતો; પરંતુ તેની રક્તવર્ણીય આંખોથી તે સ્વાભાવિક રીતે ક્રૂર હોવાનું પ્રતિત થતું હતું. તેનો ઘોડો પાણી પી રહ્યો એટલે તેણે પોતાનાં મુખને જળવડે સાફ કર્યું અને ત્યાર પછી તે ઘોડા ઉપર સ્વાર થઇને નગર તરફ રવાના થયો.

તે યુવક સીધો મહામંડલેશ્વર અને રાજચિંતાકારી લવણપ્રસાદના મહેલે આવી પહોંચ્યો. ઘોડા ઉપરથી ઉતરીને તેણે ઘોડાને નોકરને સોંપ્યો અને પોતે મહાલયમાં ચાલ્યો ગયો. લવણપ્રસાદ જે ઓરડામાં ચિંતાતુર વદને એકલો બેઠો હતો, તે ઓરડામાં પેલા યુવકે પ્રવેશ કર્યો. લવણપ્રસાદનું ધ્યાન બીજી તરફ હતું એટલે તે યુવકને જોઇ શકયો નાહ. તેથી યુવકે તેનું ધ્યાન પોતાની તરફ ખેંચવા કહ્યું.

" દાદાજી ! હું આવ્યો છું."

લવણપ્રસાદે ઉંચું જોયું. તેનાં ચિંતાતુર મુખ ઉપર સ્મિત હાસ્ય તરી આવ્યું. તેણે કહ્યું. " વીરમ ! ભલે આવ્યો. કુશળ તો છે ને ? "

" હા અને તમે પણ કુશળ છો ને ? " વીરમે જવાબ આપતાં પૂછ્યું.

" અમારી કુશળતા તો હવે એવીજ. શારીરિક કુશળતા છે; પરંતુ માનસિક કુશળતા નથી." લવણપ્રસાદે જરા હસીને જવાબ આપ્યો અને પછી કહ્યું. " ઠીક, પણ તું થાકયો પાકયો આવ્યો છે; માટે હમણાં તો તારી દાદી પાસે જા અને સ્નાન કરીને થોડું ઘણું જે ભાવે તે જમીને નિરાંતે આવ એટલે આપણે વાતો કરીએ."

" નહિ, દાદાજી ! હાલ સ્નાન કરવાની અગત્ય નથી; કારણ કે મને થાક લાગ્યો નથી, તેમ હાલ જમવાની પણ જરૂર નથી; કારણ કે મને ભૂખ પણ લાગી નથી. હું સ્નાન તેમજ ભોજન તમારી સાથેજ કરીશ" વીરમે કહ્યું.

લવણપ્રસાદે તેને વિશેષ આગ્રહ કર્યો નહિ. તેણે કહ્યું. "જેવી તારી મરજી; પણ હવે નિરાંતે બેસ અને તારાં અચાનક આગમનનું કારણ કહે."

વીરમ એક આસન ઉપર બેઠો અને ક્ષણવાર વિચારમાં પડી ગયો. વિચારના અંતે તેનાં મુખ ઉપર ગુસ્સાનાં ચિન્હો તરી આવ્યાં અને તેની સ્વાભાવિક લાલ આંખો વધારે લાલ થઇ આવી.

લવણપ્રસાદે એ જોયું અને અનુમાન કર્યું કે વીરમને ગુસ્સે થવાનું કાંઇ કારણ બન્યું હોવું જોઇએ, પણ તેને એથી આશ્ચર્ય થયું નહિ; કારણ કે વીરમના ક્રોધી સ્વભાવને તે સારી રીતે જાણતો હતો.

લવણપ્રસાદે શાંતિથી પૂછ્યું. "વીરમ! તું ગુસ્સે થયેલો કેમ જણાય છે? શું વીરધવળે તને કાંઇ કહ્યું છે?"

વીરમે તરતજ કહ્યું, "દાદાજી! વીરધવળ મારા પિતા છે; પૂજનીય છે, પણ તે વારંવાર મારૂં જે અપમાન કરે છે, તે મારાથી હવે સહન થતું નથી."

વીરધવળ તારૂં અપમાન કરે, એ હું માનતો નથી. તું એનો જ્યેષ્ટ પુત્ર છું. ધોળકાનો—નહિ પાટણનો યુવરાજ છું, તેનું અપમાન થઈ શકે નહિ." લવણપ્રસાદે ઠંડા પેટે કહ્યું.

લવણપ્રસાદની શાંતિથી વીરમ વધારે ક્રોધાતુર થયો, તેણે ગુસ્સાથી કહ્યું, "એમનો હું જ્યેષ્ટ પુત્ર છું ખરો; પરંતુ યુવરાજ છું કે નહિ, તેનો નિર્ણય અત્યારથી થઇ શકે તેમ નથી."

"તું યુવરાજ નથી ત્યારે બીજો કોણ યુવરાજ છે? શું વીરધવળને તારાથી મોટો બીજો કુમાર છે?" લવણપ્રસાદે આતુરતાથી પૂછ્યું.

"નહિ; મારાથી બીજો મોટો કુમાર તો નથી; પરંતુ તે નાના કુમારને યુવરાજ ઠરાવવા ઇચ્છે છે; મોટા કુમારને નહિ." વીરમે દૃઢતાપૂર્વક ઉત્તર આપ્યો.

"એટલે તું શું કહેવા માગે છે?" લવણપ્રસાદે પૂછ્યું.

"એજ કે મારા પિતા અને પેલા જૈન મંત્રીઓ વીસલનેજ ધોળકા કે પછી પાટણની રાજ્યગાદીનો ઉત્તરાધિકારી ઠરાવશે, એ નિશ્ચય પૂર્વક માનજો." વીરમે સ્પષ્ટતાથી ઉત્તર આપ્યો.

"તારા નાના ભાઈ વીસલને?" લવણપ્રસાદે આશ્ચર્યથી પૂછ્યું.

"હા." વીરમે ભારપૂર્વક કહ્યું.

"પણ એનું કારણ?" રાજ્યચિંતાકારીએ ચિંતાતુર વદને પ્રશ્ન કર્યો.

"કારણ એક નહિ પણ અનેક છે; પરંતુ હાલ હું કહેવા બેસીશ, તો તમારા માનવામાં આવશે નહિ. મારાં કથનનાં સત્યાસત્યનો નિર્ણય તમે ભવિષ્યમાં કરી શકશો." વીરમે જવાબ આપ્યો.

લવણપ્રસાદે પૂર્વવત્ શાંતિથી કહેવા માંડ્યું. "વીરમ! તારી માન્યતા ભૂલ ભરેલી છે. તારા કરતાં વીસલ પ્રત્યે વીરધવલ વધારે પ્રેમ ધરાવે છે, એ વાત મારાથી અજાણી નથી; તેમજ મંત્રીઓ વગેરે તેને વધારે ચાહે છે, એ પણ મારી જાણ બહાર નથી; પરંતુ એથી કરીને તેઓ વીસલને રાજ્યગાદીનો ઉત્તરાધિકારી ઠરાવવા માગે છે, એમ કાંઈ ઠરતું નથી. વીસલ શાંત પ્રકૃતિનો હોવાથી સર્વને પ્રિય થઇ પડયો છે, એ વાત ખરી છે; પરંતુ એ ઉપરથી તારે ગભરાવાનું કાંઇ કારણ નથી; કારણ કે યુવરાજ તો તુંજ છું અને ભવિષ્યમાં રાજ્યગાદી તનેજ મળવાની છે, એ ચોક્કસ છે."

લવણપ્રસાદનાં શાંત વચનોથી વીરમ જરા ધીમો પડયો, તેણે પોતાના ગુસ્સાને કાબુમાં રાખીને કહ્યું, "દાદાજી! ધોળકામાં હમેશાં શા નવા નવા રંગો જામે છે, તેની તમને ખબર નથી અને તેથીજ તમે સાદી અને સીધી સમજણ ધરાવો છો. ધોળકામાં જૈન મંત્રીઓનું જોર એટલું બધું વધી ગયું છે કે, તેઓ ધારે તો રાજ્યગાદીને પણ પોતાના અધિકારમાં લઈ શકે તેમ છે. મારા પિતાજી બિચારા ભોળા છે, તેમને રાજકીય ખટપટની કાંઈ ખબર નથી. તે તો વસ્તુપાળના હાથમાં રમકડાં તુલ્ય થઈ પડ્યા છે અને તે જેમ કહે તેમ વર્ત્તે છે. જૈન મંત્રીઓએ વીસલને પોતાના પક્ષમાં લીધો હોવાથી પોતે કેમ જાણે યુવરાજ ન હોય એ રીતે વર્ત્તન ચલાવે છે. આ ઉપરથી હું ચોક્કસ કહું છું કે વીસલજ રાજ્યગાદીનો ઉત્તરાધિકારી થશે."

વીરમની હકીકત સાંભળી લીધા પછી મહામંડલેશ્વરે કહ્યું, "વીરમ! ધોળકામાં હમેશાં શું બને છે અને કેવા કેવા રંગો જામે છે, તેની મને કશી ખબર નથી, એવી તારી જે માન્યતા છે, તે ભૂલ ભરેલી છે. ધોળકાના બનાવોથી હું જાણીતો છું. વસ્તુપાળ, તેજપાળ, નાગડ, ચાહડ વગેરે મંત્રીઓ કેવી કેવી ખટપટો કરી રહ્યા છે, એથી હું અજાણ્યો નથી; પરંતુ એ ઉપરથી તેઓ વીસલને રાજ્યનો ઉત્તરાધિકારી બનાવવા માગે છે, એમ કહી શકાય નહિ. તેઓ શું તારૂં ઉચિત માન સાચવતા નથી કે તું આવી વિરૂદ્ધ માન્યતા બાંધી બેઠો છું?"

"ના, પણ મને તેમની દરકાર નથી, હું તેમને પૂરો પડું તેવો છું;

પરંતુ પિતાજી પણ મારી તરફ ઉપેક્ષા અને વહેમની નજરથી જુએ છે એટલે નિરૂપાયે મારે એવી માન્યતા બાંધવી પડી છે. એ સંબંધમાં હું એક દાખલો આપું છું કેઃ—હમણાં એકાદશીના દિવસે વૃક્ષ નીચે મેં એકસો આઠ દામ મૂકયા હતા, ત્યારપછી ત્યાં એક વણિક હતો, તેણે એકસો આઠ મોતી મૂક્યાં, તેના આ અવિનયથી હું તેના ઉપર ક્રોધે ભરાયો એટલે તે રાજસભામાં દોડી ગયો અને પિતાજીની પાસે ફરિયાદ કરી. આ ઉપરથી પિતાજીએ મને બોલાવી સખ્ત ઠપકો આપ્યો અને મારૂં અપમાન કર્યું. વિશેષમાં મને ધોળકા છોડી જવાની અને વીરમગામમાં રહેવાની આજ્ઞા કરી. પિતાજીની આ આજ્ઞાથી મને ઘણોજ ગુસ્સો ચઢ્યો અને તેજ વખતે ધોળકામાંથી હું નીકળી ગયો. અને સીધો વીરમગામ ચાલ્યો ગયો. હવે કહો દાદાજી ! કે મેં જે માન્યતા બાંધી છે, તે ખરી છે કે ખોટી ? એક સામાન્ય બાબતમાં મને ધોળકા છોડી જવાની આજ્ઞા કરવામાં આવી, એ શું મારૂં થોડું ઘણું અપમાન છે ? પિતાજીએ આવી આજ્ઞા કરવામાં શું સાહસ કર્યું નથી ? "

વીરમનો ગુસ્સો પુનઃ ઉભરાઇ ગયો, તેનું મુખ ક્રોધાતુર બની ગયું અને તેની મોટી આંખો રક્તવર્ણીય બની ગઈ.

લવણપ્રસાદ વીરમની હકીકત સાંભળીને મૌન બેસી રહ્યો. તેણે જવાબમાં કાંઈ કહ્યું નહિ. રાજચિંતાકારી ચિંતામાં મશગુલ બની ગયો. તે વિચાર કરતો હતો કે વીરમને શી રીતે શાંત કરવો.

કેટલોક સમય પર્યંત વિચાર કરીને લવણપ્રસાદે ગંભીરતાથી કહ્યું: " વીરમ ! તારી બધી હકીકત મેં લક્ષ્યમાં લીધી છે અને વિચારનો અંતે મને જણાય છે કે તારી ધારણા ખોટી છે. વીરધવળે તારૂં અપમાન કર્યું, એમ તું જે કહે છે તે તારી ઉતાવળી બુદ્ધિનું પરિણામ છે. તેં દામ મૂકયા અને વણિકે મોતી મૂકયાં, એમાં તેના ઉપર ક્રોધ કરવાનું તને શું કારણ હતું ? પ્રજાજન કોઇપણ બાબતમાં આપણાથી વિશેષતા કરી દર્શાવે, તો આપણે ખુશી થવું જોઇએ, તેના બદલે તું ક્રોધે ભરાયો, એ તારી ભૂલ છે અને એ ભૂલને માટે તને ઠપકો આપવામાં વીરધવળ વ્યાજબી છે. ઠીક, પણ એ વાતને જવાદે અને તારાં મનમાં જે વહેમી વિચારો ભર્યા છે, તેને કહાડી નાંખ. જ્યાંસુધી હું જીવતો જાગતો બેઠો છું, ત્યાંસુધી તારે કોઇપણ વાતે ગભરાવાનું નથી. "

વીરમ શાંત થયો. તેનાં મુખ ઉપરથી ક્રોધની અસર ચાલી ગઇ અને આનંદથી એ જુવાનનું મુખ પ્રફુલ્લિત બની ગયું.

લવણપ્રસાદે કહ્યું. "વીરમ ! ત્યારે હવે તું તારી દાદી પાસે જા અને ત્યાં થોડો વખત રહી નગરમાં જરા ફરી આવજે, એટલે તારૂં ઉશ્કેરાયેલું મસ્તક શાંત થશે. દરમ્યાન હું મહારાજા પાસે જઇ આવું છું"

વીરમ તરતજ ઉઠયો અને મહાલયની અંદર ગયો. લવણપ્રસાદની સ્ત્રી તેની દાદી પાસે થોડો સમય રોકાઇને તે નગરમાં ફરવાને નીકળી પડયો. અત્યારે તેણે મુસાફરીનો પોષાક ઉતારી નાંખ્યો હતો અને રાજકુમારને શોભે તેવો કિમતી પોષાક પહેર્યો હતો અને તેથી એ જુવાન આકર્ષક લાગતો હતો.

ગુજરાતના પાટનગર પાટણના વિશાળ અને ભવ્ય બજારમાંથી વીરમ પોતાના ઘોડાને ધીમે ધીમે ચલાવતો પસાર થતો હતો. બજારોમાં આવેલી દુકાનોની લાંબી હાર, તેમાં આકર્ષક રીતે ગોઠવેલી વસ્તુઓ, વ્યાપારીઓની ક્રય-વિક્રયની કુનેહ અને ગ્રાહકોની ધમાલ જોઇને વીરમને આશ્ચર્ય થયું. ઉંચી અટારીઓવાળાં આ ભવ્ય પાટણનો ભવિષ્યમાં પોતે મહારાજા થવાનો છે, એ વિચારથી એ જુવાનને ગુપ્ત આનંદ થયો. અનેક બજારોમાંથી પસાર થઇને છેવટ તે એક રાજમાર્ગ તરફ વળ્યો. આ માર્ગે રાજના સરદારો, સામંતો અને અધિકારીઓ વગેરેના આવાસો હતા. દરેક આવાસ સાદો પણ સુંદર હતો અને તેને લગતા વાડામાં કરેલા નાના બાગથી મનોરંજક જણાતો હતો. વીરમ આ રાજમાર્ગની શોભા જોતો જોતો આગળ ચાલ્યો જતો હતો અને બીજા માર્ગે વળવાની તૈયારીમાં હતો, એટલામાં પોતાનું નામ સાંભળીને તેણે લગામ ખેંચીને ઘોડાને ઉભો રાખ્યો.

" વીરમ કુમાર ! " તેણે પ્રૌઢ વયની એક સ્ત્રીને બોલતાં જોઈ.

વીરમ ઘોડાને તેની પાસે લઇ ગયો. તેણે પૂછયું. " મને બોલાવો છો ? "

" હા. આપનેજ; " પ્રૌઢાએ ધીમેથી જવાબ આપ્યો.

" કેમ, મારૂં શું કામ છે ? " વીરમે જીજ્ઞાસાથી પૂછયું.

" કામ ઘણું ગુપ્ત છે અને તે રાજમાર્ગમાં ઉભા ઉભા કહી શકાય તેવું નથી. " પ્રૌઢાએ ઉત્તર આપ્યો.

" ત્યારે ? " વીરમે પૂછયું.

" ત્યારે શું ? " પ્રૌઢાએ નિશ્ચયાત્મક ભાવથી જવાબ આપતાં કહ્યું. " આપ મારી પાછળ ચાલ્યા આવો. આપણે એક આવાસમાં જઇએ અને ત્યાં નીરાંતે વાતો કરીએ. "

**વીરમે** તરતજ કહ્યું. "ચાલો; હું આવવાને તૈયાર છું."

પ્રૌઢા આગળ અને **વીરમ** પાછળ એ રીતે તેઓ પાસેના નાના માર્ગે વળ્યાં અને કેટલેક દૂર ગયા પછી પ્રૌઢા એક ન્હાના દ્વાર પાસે ઉભી રહી. આસપાસ જોઇ તેણે દ્વાર ઉઘાડયું અને અંદર પ્રવેશ કરીને **વીરમ**ને પોતાની પાછળ આવવાને સંકેત કર્યો. **વીરમ** સાહસીક હતો. તે ઝટ ઘોડા ઉપરથી ઉતરી પડયો અને તેની પાછળ ગયો. કેટલુંક ચાલ્યા પછી પેલી પ્રૌઢ વયની સ્ત્રી ઉભી રહી અને તેણે સામેનાં મકાન તરફ નિશાની કરીને કહ્યું.

"**વીરમ** કુમાર ! આ સામેના મકાનમાં આપને જવાનું છે અને ત્યાં ગયા પછી આપના જાણવામાં આવશે કે આપને અત્રે શું કામ માટે બોલાવ્યા છે."

એટલું કહીને તે સ્ત્રી ત્વરાથી ચાલી ગઈ અને **વીરમ** ત્યાં વિચાર કરતો ઉભો રહ્યો. તે કયાં છે, આ આવાસ કોનો છે, પેલી પ્રૌઢ સ્ત્રી કોણ છે અને તેને અહીં શું કામ માટે બોલાવ્યો છે, એ વિષે **વીરમ** કશું પણ જાણતો નહોતો. સામેનાં મકાનમાં જવું કે પાછા ચાલ્યા જવું, એ સંબંધી ક્ષણવાર પર્યંત તેણે વિચાર કર્યો. આટલે સુધી આવ્યા પછી તે પાછો જાય, તો તેનાં સાહસ અને શૌર્યને ઝાંખપ લાગે તેમ હતું અને તેથી તે આગળ પાછળના વિચારોને તિલાંજલી આપીને નિર્દિષ્ટ કરેલાં મકાન તરફ રવાના થયો. મકાન કાંઈ દૂર નહોતું. તે તરતજ તેનાં મુખદ્વાર પાસે પહોંચી ગયો. આસપાસ કોઈ માણસ નહોતું અને દ્વાર બંધ હતું; તેથી તેણે જાતેજ દ્વારને ઉઘાડયું અને અંદર પ્રવેશ કર્યો. મકાનની અંદર પણ કોઈ માણસ હોય, એમ તેને જણાયું નહિ. ક્ષણવાર વિચાર કરીને તે આગળ ચાલ્યો એટલે તેની નજરે એક ઓરડો પડયો. તેનાં દ્વાર ઉઘાડાં હતાં; તેથી વિના હરકતે તે અંદર ગયો અને આશ્ચર્યમાં ડુબી ગયો.

આ ઓરડો અથવા તો ખંડ ન્હાનો હતો; પરંતુ તેને એવી તો સરસ રીતે શણગારેલો હતો કે જોનારનું દિલ ખુશ થઇ જતું હતું. ખંડની નિર્જીવ શોભાની વાતને બાજુ ઉપર રાખીએ; કારણકે તેથી **વીરમ**ને બહુ આશ્ચર્ય થાય તેમ નહોતું. તેને આશ્ચર્ય ઉત્પન્ન થાય એવી એક બીજીજ વસ્તુ હતી. એ નાના ઓરડાની ચાર દિવાલોમાં કુદરતી સૌંદર્યનો રાશિ છૂપાયેલો હશે, એવો તેને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો અને તેથીજ એ જુવાન આશ્ચર્યમાં લીન બની ગયો હતો. **વીરમ** શૂરો અને સાહસીક હતો અને શૂર પુરૂષોમાં તેનાં ગુણગાન ગવાતાં હતાં; પરંતુ એ રાજકુમાર અને વળી

જુવાન હતો. જુવાનીની સબળતાઓની સાથે તેનામાં નિર્બળતાઓ પણ હતી અને તેથી સુંદર અને વળી સજીવ વસ્તુ જોવાથી તેને આશ્ચર્ય ઉત્પન્ન થાય, તો તે માનવી સ્વભાવ પ્રમાણે સ્વાભાવિક હતું. વીરમને આશ્ચર્ય ઉત્પન્ન કરાવનાર જે સજીવ વસ્તુ એ ઓરડામાં હતી, તે એક નવયૌવના અને સુંદર બાળા હતી. વીરમે જ્યારે ઓરડામાં પ્રવેશ કર્યો, ત્યારે તે પલંગ ઉપર આડી પડેલી હતી અને જેમ જાણે કોઇના આગમનની રાહ જોઈ રહી હોય નહિ ? એમ તેની મુખચર્યા ઉપરથી જણાતું હતું. વીરમને જોઇ તે એકદમ ઉભી થઈ ગઈ. તેનાં સુગોળ મુખ ઉપર સ્મિત હાસ્ય તરી આવ્યું. તેણે વિનયભરેલા સ્વરે કહ્યું.

" પધારો યુવરાજ? આપને આવી રીતે બોલાવવા માટે હું આપની ક્ષમા ચાહું છું; "

" એમાં ક્ષમા માગવાની અગત્ય નથી, પણ કહો મને અત્રે શા માટે બોલાવ્યો છે ? " વીરમે સ્વાભાવિક આતુરતાથી પ્રશ્ન કર્યો.

" ઉતાવળ શી છે ? યુવરાજ ! આપ જરા નિરાંતે આ પલંગ ઉપર બેસો અને મને આપનું રાજકુમારને યોગ્ય સ્વાગત કરવા દો. પછી આપણે વાર્તાલાપ કરશું. " તે સુંદરીએ સ્વાભાવિક શાંતિથી જવાબ આપ્યો.

વીરમને કાંઇ ઉતાવળ નહોતી. તે તરતજ પલંગ ઉપર જઇને બેઠો અને પેલી સુંદરી તેની સામે ઉભી રહી. થોડીજ વારમાં પેલી પ્રૌઢા ખાવાના તથા પીવાના મિષ્ટ પદાર્થો લઇને આવી પહોંચી અને તેમને વીરમની નજીક પલંગ ઉપર ગોઠવીને ચાલી ગઇ.

આવા પ્રકારનું સ્વાગત જોઇને વીરમે સ્વાભાવિક જીજ્ઞાસાથી પુછ્યું. " સુંદરી ? તમે મને કદાચ ઓળખતા હશો; પરંતુ હું તમને ઓળખતો નથી—અરે ! તમને કદિ જોયા પણ નથી. તે છતાં તમે મારૂં આટલું બધું સન્માન અને સ્વાગત શા માટે કરો છો એ હું સમજી શકતો નથી. "

સુંદરીએ જરા મુખને મલકાવીને કહ્યું. "રાજકુમાર ! આપ પાટણના ભવિષ્યના રાજા છો અને હું પ્રજાજન છું. પ્રજાજને રાજાનું યોગ્ય આતિથ્ય કરવું, એ તેનો ધર્મ છે અને એ ધર્મને લક્ષ્યમાં રાખીનેજ મેં આ ગોઠવણ કરી છે. એટલે એ માટે આપને આશ્ચર્ય પામવાનું કાંઇ કારણ નથી. "

તે પછી વીરમે કાંઇ નહી બોલતાં હાજર રાખેલા પદાર્થોમાંથી

ઇચ્છા પ્રમાણે ઉપયોગ કર્યો અને સ્વચ્છ જળ વડે મુખને સાફ કરી તથા મુખવાસને ગ્રહણ કરી તે સુંદરી તરફ આતુરતાથી જોયું.

તે સુંદરી તેની આતુરતા કળી ગઇ. તે એક આસનને પલંગ:પાસે ખેંચી લાવી અને તે ઉપર બેસીને તેણે મીઠા મોહક સ્વરે વાતની શરૂઆત કરી. " રાજકુમાર ! આ પહેલાં આપ એક વાર પાટણમાં આવ્યા હતા, એ આપને યાદ છે ? એ વખતે પણ આપ ઘોડેસ્વાર થઇને આ માર્ગે ફરવા માટે નીકળ્યા હતા. હું એ વખતે ઝરૂખામાં બેઠેલી હોવાથી મને આપનું દર્શન થયું હતું. આપનું ધ્યાન ઝરૂખા તરફ નહોતું, એટલે આપને એ ઘટનાની કાંઈ ખબર પડી નહિ હોય; પરંતુ એ વખતે મારી જે સ્થિતિ થઈ હતી, તે અત્યારે વર્ણવી જાય તેમ નથી. આપનાં સુંદર શરીરનું અને કામદેવ સમાન રૂપનું દર્શન થતાંજ મને મૂર્ચ્છા આવી ગઇ હતી. મૂર્ચ્છા તો યોગ્ય સારવારથી ઘડીવાર પછી વળી ગઈ હતી; પરંતુ એ પ્રસંગે આપની મનમોહક મૂર્ત્તિ હૃદયમાં કોતરાઇ ગઇ હતી; તે આજ પર્યંત જેમની તેમ છે. આ વખતે પણ આપ આ માર્ગે ફરવાને નીકળ્યા અને મારા જોવામાં આવ્યા એટલે તરતજ મારી દાસીને મોકલી આપને અહીં બોલાવ્યા છે. આ રીતે આપ જેવા મોટા માણસને બોલાવવામાં અવિનય થયો હોય, તો તે તરફ દુર્લક્ષ્ય કરી મારા હૃદયની ખરી લાગણીને લક્ષ્યમાં લેશો, એવી આ અબળાની અરજ છે. "

વીરમ આ વખતે સ્વર્ગમાં વિહરતો હતો. નવજુવાન અને વળી સુંદર બાળા કોઇ જુવાનને કહે કે હું તમને ચાહું છું—હું તમારા ઉપર મોહી પડી છું— ત્યારે એ જુવાનની શી સ્થિતિ થાય, એ સમજાવવાની અગત્ય નથી. વીરમ જુવાન અને લહેરી હતો. તે મોહમયી બાળાનાં મીઠાં વચનોમાં લોભાઇ ગયો. તે આવેશમાં બોલી ઉઠ્યો.

" સુંદરી ! આ વાતની મને પહેલેથીજ ખબર હોત, તો હું તમને નિરાશ કરત નહિ. યુવતી નારીનું હૃદય કેવું કોમળ હોય છે, એ હું સારી રીતે જાણું છું અને જો મને તમારા પ્રેમની પ્રથમથીજ ખબર ડી હોત તો તમારે અત્યારસુધી પ્રેમપીડા વેઠવી પડત નહિ. "

" યુવરાજ ! આપ કેવા ઉદાર અને સખી દિલના પુરૂષ છો, એ હું જાણતી હોવાથીજ આપના ઉપર મોહી પડી છું. આપે મારા પ્રેમનો સ્વીકાર કર્યો, એજ આપની ઉદારતા અને આપના સખી દિલનું પ્રત્યક્ષ ઉદાહરણ છે. મારા ઉપર આપની જે કૃપા થઇ છે, તે માટે હું શું કરૂં ! " સુંદરીએ વાગ્જાળનો વિસ્તાર કરતાં કહ્યું. અને પછી તે આસન ઉપરથી

ઉઠી અને પલંગ ઉપર વીરમની પાસે જઇને બેઠી. વીરમને એટલુંજ જોઇતું હતું.

હવે તેઓ લજ્જાનો ત્યાગ કરી આનંદી વાતોમાં પડ્યાં. પણ તેમની વાતો બહુ વાર ચાલી નહિ. થોડીજ વારમાં એ સુંદરીની દાસીએ દ્વારમાં ઉભા રહીને ગુપ્ત સંકેત કર્યો. સુંદરી એનો ભાવાર્થ સમજી ગઇ. તેણે વીરમના પાસમાંથી ઉઠીને કહ્યું.

" રાજકુમાર ? આપ હવે પુનઃ અહીં ક્યારે પધારશો ? "

" ક્યારે ? " વીરમે કહ્યું. " પ્રથમતો અહીંથી જવાનું મનજ થતું નથી એટલે ક્યારે આવશો, એ પ્રશ્ન રહેતો નથી; પરંતુ બીજી રીતે વિચાર કરતાં ગયા સિવાય ચાલે તેમ નથી એટલે જવું તો પડશેજ. ઘણું કરીને આવતી કાલેજ બરોબર આ વખતે અહીં આવીશ. " એટલું કહીને વીરમ ઉઠ્યો અને એ સુંદરીની રજા લઇને ઓરડાની બહાર નીકળ્યો. જે માર્ગેથી તે આ આવાસમાં આવ્યો હતો, તેજ માર્ગે તે આગળ ચાલ્યો અને ન્હાના પ્રવેશદ્વાર પાસે આવી પહોંચ્યો. દ્વાર ઉઘાડુંજ હોવાથી તે તરતજ બહાર નીકળ્યો. તેનો ઘોડો તૈયાર ઉભો હતો, તે ઉપર સ્વાર થઇને તે આગળ રવાના થયો. બરોબર આ સમયે કાષાયવસ્ત્રધારી સંન્યાસીએ તે દ્વારમાં પ્રવેશ કર્યો. વીરમે તે જોયું અને તેને સહજ આશ્ચર્ય ઉત્પન્ન થયું; પરન્તુ ત્યાં વધારે વાર નહિ રોકાતાં પેલી સુંદરીનાં રૂપનું ધ્યાન ધરતો આગળ ચાલ્યો ગયો.

# પ્રકરણ ૪ થું.

## કુપટજાળ.

શૂરો અને સાહસીક વીરમ પેલી અજાણી સુંદરીની મોહજાળમાં દિનપ્રતિદિન વધારે ને વધારે સપડાતો જતો હતો. તેને વીરમગામ જવાની અગત્ય હતી. તેના દાદા લવણપ્રસાદે પણ તે માટે તાકીદ કરી હતી; પરંતુ પાટણમાંથી ખસવાનું તેને મન થતું નહોતું. એ અજાણી સુંદરી કોણ છે અને તે તેને શામાટે ચાહે છે, એ વિષે વીરમે કાંઇ તપાસ કરી નહોતી. તે તો રસલોલુપી ભ્રમરની પેઠે એ સુંદર બાળારૂપી માનવી પુષ્પ ઉપર આગળ કે પાછળની દરકાર કર્યા વિના ગુંજારવ કરી રહ્યો હતો. પ્રત્યેક દિવસે વીરમ એ સુંદર નારને ભેટવા જતો હતો અને

ત્યાં જઇને મનગમતી મોજ ઉડાવતો હતો. તેના પિતા **વીર**ધવળે કરેલું તેનું અપમાન, વીરમગામમાં રહેવાની તેની આજ્ઞા, વીસળની લોકપ્રિયતા અને જૈન મંત્રીઓ તરફનો તિરસ્કાર વગેરે બાબતોને તે ભૂલી ગયો હતો. તેનાં હૃદયમાં અને મસ્તકમાં માત્ર એકજ વિચાર કરી બેઠો હતો અને તે પેલી અજાણી પણ મોહક નારીનો, તેના પ્રેમનો અને તેનાં અથાગ સૌંદર્યનો જ હતો. તે પાટણમાં શા હેતુથી આવ્યો હતો અને તેને કેવાં કેવાં કામો કરવાનાં હતાં, એનું તેને ભાન રહ્યું નહોતું, મહારાજ **ભીમ**દેવ અને મંત્રીશ્વર શ્રીધરને મળવાને માટે તે આતુર હતો; પરંતુ તેમને મળી શક્યો નહોતો અને હવે મળવાનું મન પણ થતું નહોતું. **વીર**મના શૌર્ય અને સાહસ અનંગના અગ્નિમાં ભસ્મિભૂત થઈ ગયાં હતાં.

હંમેશા એક વાર એ સુંદર બાળાની મુલાકાત લેવા માટે **વીરમ** જતો હતો. આજે પણ નિત્યના નિયમ મુજબ મુલાકાતનાં સ્થળે જવાને નીકળ્યો હતો. આ સમયે પ્રાતઃકાલ પસાર થઇ ગયો હતો અને સવિતાનારાયણ ધીમે ધીમે ઉગ્રતાને ધારણ કરતા જતા હતા. **વીરમ** ગુપ્ત દ્વારે થઇને યથાસમયે ઇચ્છિત સ્થળે પહોંચી ગયો. આજે એ નવજુવાન સુંદરી પૂરબહારમાં અને ખુશમિજાજમાં હતી. તેણે ભભકાદાર વસ્ત્રો પહેરેલાં હતાં અને તે એવી અચ્છી રીતે સુસજ્જિત બની હતી કે તેને જોઇનેજ **વીરમ** ખુશી થઇ ગયો. તેણે એ નાજુક નારીના સુકોમળ હાથને પોતાના હાથમાં લીધો અને તેને પ્રેમપૂર્વક દાબીને પોતાના હૃદયનો ભાવ બતાવી આપ્યો. એ પછી આ આશક અને માશુક બન્ને એક મોટાં આસન ઊપર બેઠાં.

ક્ષણવાર રહી **વીર**મે એ સુંદરીનાં મુખ તરફ જોઇને કહ્યું "આજે હું તમને એક પ્રશ્ન પુછવાને ઇચ્છું છું."

સુંદરીએ **વીર**મના મુખ તરફ જરા આશ્ચર્યથી જોઇને પુછ્યું "શો પ્રશ્ન પુછવાને ઇચ્છા રાખો છો?"

"પ્રશ્ન તો અતિ સામાન્ય છે; પરંતુ આજપર્યંત હું તે ભુલી ગયોજ હતો." વીરમે એ પ્રમાણે ઊત્તર આપીને કહ્યું. "તમારૂં નામ શું છે અને તમે કોણ છો એજ મારો પ્રશ્ન છે."

જવાબમાં એ મનમોહક બાળા જરા હસી. તેનાં હાસ્યમાં જાદૂ ભરેલું હતું. **વીર**મને લાગ્યું કે એ પ્રશ્ન પુછવાની અગત્ય નહોતી. પ્રેમમાં શંકાને સ્થાન હોઇ શકે નહિ. ક્ષણવાર વિચાર કરીને તે બાળાએ કહ્યું. "રાજકુમાર! આપે પાણી પીધા પછી ઘર પુછવા જેવું કર્યું. પ્રેમ

આપ્યો અને લીધો; હૃદયે હૃદય મીલાવ્યાં, અનેક બીજી પ્રેમચેષ્ટાઓ કરી અને હવે પુછો છો કે તું કોણ છે. અને તારૂં નામ શું છે, એ તે કાંઇ પ્રશ્ન છે ?"

આગ્રહી **વીરમ** લીધી વાત મુકે તેવો નહતો; પરંતુ તે આ બાળા પાસે લાચાર હતો. તેણે ખુલ્લા દિલથી કહ્યું તમારી ઇચ્છા તમારી ઓળખાણ આપવાની ન હોય, તો તે માટે મારો આગ્રહ નથી. મેં તો તમને સહજ ભાવથી એ પ્રશ્ન પૂછ્યો હતો. બાકી પ્રેમ આપ્યો છે અને લીધો છે, તે તો ખરોજ છે."

એ સુંદર બાળા પુનઃ હસી. હસતાં હસતાં તેણે કહ્યું. "રાજકુમાર ! આપ ખરેખરા પ્રેમી છો. આપના જેવા પ્રેમી આ દુનિયામાં મળવા અત્યંત મુશ્કેલ છે."

**વીરમ** યુદ્ધમાં જઈ તલવારના ઘા ઝીલી શકે; કારણકે તે ક્ષત્રિય હતો. પણ સુંદર નારીની નયનકટારીના ઘા ઝીલવાનું કાર્ય તેનાથી થઇ શકે તેમ નહોતું. તે મહાત થયો અને તેણે એ બાળાનું નામ વગેરે જાણવાના આગ્રહને મૂકી દીધો. પુષ્પધનવા સાથેના યુદ્ધમાં વિજય મેળવનારા વિરલજ હોય છે, એ કોનાથી અજાણ્યું છે ?

**વીરમ** કાંઇ બોલ્યો નહિં, એટલે એ સુંદરીએ તેના ખભા ઉપર પોતાના કોમળ કરને મૂકીને મૃદુતાથી પૂછ્યું " ત્યારે શું આપ મારૂં નામ વગેરે જાણવાને આતુર છો ?"

" ના, હું તે માટે આતુર નથી." **વીરમે** તરતજ જવાબ આપ્યો. "વાર્તાલાપમાં મારે તમને શું નામથી સંબોધવા, એ જાણવાને માટેજ મેં તમને એ પ્રશ્ન પૂછ્યો હતો."

" વાર્તાલાપમાં તો આપ મને આપને મનપસંદ નામથી સંબોધશો તો શી હરકત છે ?" એ બાળાએ પ્રશ્ન કર્યો.

" કશી હરકત નથી." **વીરમે** ઉત્તર આપ્યો.

" ત્યારે કહો કે આપ મને શું નામથી સંબોધશો ? સુંદરીએ પુનઃ પ્રશ્ન કર્યો.

" તમેજ કહો કે મારે તમને કયું નામ પસંદ કરીને સંબોધવા ? **વીરમે** સામો પ્રશ્ન કર્યો.

" ધારો કે મારૂં નામ મધુરી છે. " તે બાળાએ ગંભીરતાથી જવાબ આપ્યો.

" તો હું તમને મધુરી નામથીજ હવે સંબોધીશ. " **વીરમે**

આનંદ પૂર્વક કહ્યું. " જેવું તમારૂં નામ છે, તેવુંજ તમારૂં સઘળું મધુર છે; ઇશ્વરની લીલા અપાર છે. "

મધુરીએ હાસ્ય કર્યું, તેની વિશાળ આંખો તેજથી ચમકવા લાગી અને તેનું પ્રફુલ્લ મુખ ખીલી ઉઠ્યું. તેણે દેખીતી શાંતિ અને ગંભીરતાથી કહ્યું. "રાજકુમાર ! આપ જેવા મોટા માણસ મને માનથી બોલાવો છો, એ મને ઠીક લાગતું નથી. આપે તો મને તુંકારથીજ બોલાવવી જોઇએ. વળી પ્રેમના વિષયમાં તમે કરતાં તુંકાર વધારે આનંદજનક છે; કારણ કે તમે કરતાં તું શબ્દમાં મજા વિશેષ છે."

" હવેથી હું તને તુંકારાથીજ બોલાવીશ. " વીરમે તરતજ કહ્યું.

"બહુ સારૂં" મધુરીએ કહ્યું. " હવે રાજકુમાર ! આપે મને જેમ એક પ્રશ્ન પુછ્યો છે, તેમ હું પણ આપને એક પ્રશ્ન પુછવા માગું છું. "

વીરમે કહ્યું " ખુશીથી પુછ. એક નહિં પણ અનેક પ્રશ્ન પુછવાની તને સ્વતંત્રતા છે, મધુરી ! "

"મારો પ્રશ્ન આપનાં નામ અને ઓળખાણ જાણવાનો નથી; કારણ કે આપને–પાટણના ભવિષ્યના મહારાજાને કોણ ઓળખતું નથી ? હું તો આપને એજ પૂછવા માગું છું કે આપ ઉદાસ કેમ રહ્યા કરો છો ? આપનું મુખ ચિંતાતુર કેમ જણાય છે ?" મધુરીએ પ્રશ્ન કર્યો.

ખરી રીતે વીરમ ઉદાસ કે ચિંતાતુર નહોતો. અલબત તેનાં હૃદયની ઉંડાણમાં સહજ ઉદાસીનતા અને ચિંતા હતી; પરંતુ દેખીતી રીતે તે ઉદાસ કે ચિંતાતુર જણાતો નહોતો. તેમ છતાં મધુરીએ એ સંબંધી પ્રશ્ન પૂછ્યો, ત્યારે તેને ચિંતાનું સ્મરણ થઇ આવ્યું. પિતાનો તિરસ્કાર, વીસલની લોકપ્રિયતા અને મંત્રીઓની ખટપટ, એ તેની ચિંતાનાં કારણો હતાં અને જો કે તે મધુરીના મોહપાશમાં પડીને તેમને વીસરી ગયો હતો, તો પણ મધુરીના પ્રશ્નથી તેને તે યાદ આવ્યાં અને તેના મુખ ઉપર ચિંતાની કાલિમા પથરાઇ ગઇ.

તેણે જવાબ આપતાં કહ્યું. "મધુરી ! મારી ચિંતાનું કારણ જાણવાની તને અગત્ય નથી. એથી આપણો આનંદ અને આપણી મોજમજા લુંટાઇ જાય તેમ છે."

" મને લાગે છે કે આપને મારા ઉપર વિશ્વાસ નથી. " મધુરીએ ગંભીર બનીને કહ્યું.

"વિશ્વાસ ! મારી મધુરી ઉપર શું મને વિશ્વાસ નથી ?" વીરમે સ્વાભાવિક આતુરતાથી કહ્યું.

" હાજ તો. વિશ્વાસ હોય તો આપની ચિંતાના કારણને શા માટે મને કહેતા નથી ?" મધુરીએ પૂર્ણ ગંભીરતાથી સ્વાલ કર્યો.

"તારી ભૂલ છે, મધુરી ! મને તારા ઉપર અથાગ વિશ્વાસ છે અને તારાથી કોઇ વાત છૂપી રાખવાની જરૂર નથી; પરંતુ મારી ચિંતા રાજકીય વિષયની હોવાથી હું તને કહેવાની ના પાડું છું; કારણકે એ સાંભળીને તારાં કોમળ હૃદયને દુઃખ થશે." વીરમે ભોળપણથી જવાબ આપ્યો.

"મને દુઃખ થાય તો ભલે થાય. આપનાં દુઃખમાં અને ચિંતામાં ભાગ લેવાનો શું મને–આપની વ્હાલી મધુરીને હક નથી ?" મધુરીએ વીરમના ખભા ઉપર હાથ મૂકીને જીગરને હચમચાવી મૂકે એવા સ્વરથી પૂછ્યું.

વીરમ ભોળવાઇ ગયો; તેનું જીગર હચમચી ગયું. તેણે તરતજ કહ્યું. "તને હક છે, વ્હાલી ! મારાં દુઃખ અને ચિંતામાં ભાગ લેવાનો તને હક છે. મારી ચિંતાનું કારણ જાણવાને તું માગે છે તો સાંભળ. મારા પિતા મારાથી ગુસ્સે થયા છે, રાજ્યના મંત્રીઓ મારાથી વિરૂદ્ધ છે અને મારા કરતાં મારા ભાઇ વીસલને સર્વ કોઇ ચાહે છે; કારણકે તે કપટી પણ મીઠાબોલો છે અને હું સાચાબોલો પણ ક્રોધી છું."

"પણ એથી આપને ચિંતામગ્ન શામાટે રહેવું જોઇએ ?" મધુરીએ વાતમાં ઉંડા ઉતરવા માટે પ્રશ્ન કર્યો.

વીરમે સહજ ઉદાસીનતાથી જવાબ આપ્યો. "ચિંતામાં મગ્ન રહેવાનું કારણ છે, મધુરી ! રાજની ઉંડી અને ગુપ્ત બાબતોને તું શી રીતે જાણી શકે ?"

મધુરી મુખ ઉપર કરૂણ ભાવને લાવી બોલી. "એવી બાબતોને હું ન જાણું, તે તો સર્વથા સ્વભાવિકજ છે; પરંતુ પ્રિય રાજકુમાર ! મને કહો કે એવી કઈ બાબતો છે કે જેને લઇને આપ ચિંતામગ્ન રહ્યા કરો છો ?"

વીરમને ક્ષણવાર વિચાર થયો કે આ અજાણી સુંદરીને રાજકીય વાત કહેવી જોઇએ નહિં. પણ તેનો એ વિચાર બહુવાર ટકી શકયો નહિ. મધુરી ધીમેથી ખસીને વીરમની લગોલગ આવી બેઠી હતી અને તેનાં સુકોમળ શરીરના સ્પર્શથી વીરમ પોતાનું ભાન ભૂલી ગયો હતો. તેને લાગ્યું કે ગુજરાત તો શું પણ ત્રણ લોકનું રાજ્ય આ રૂપના રાશિ આગળ તુચ્છ છે. આવી સુકોમળ, પ્રિયવંદા અને પ્રેમમયી સુંદરીથી કોઇ વાત–રાજકીય વાત પણ શા માટે ગુપ્ત રાખવી જોઇએ ?

મધુરીના બન્ને કરને પોતાના હાથમાં લઇ વીરમે આવેગથી કહ્યું. "મધુરી ! હું બીજી બાબતોની દરકાર કરૂં તેવો નથી; પરંતુ એકજ

એવી બાબત છે કે જેને લઇને મને ચિંતા થયાં કરે છે અને તે એ કે મંત્રી વસ્તુપાળ અને તેનો ભાઈ સેનાપતિ તેજપાળ પિતાનાં મૃત્યુ પછી મારા નાના ભાઇ વીસળને રાજ્યાસન મળે, એવી ખટપટ કરી રહ્યા છે. મારી ચિંતાનું આજ એક સબળ કારણ છે. ”

મધુરીએ આશ્ચર્યથી પૂછ્યું. “ પણ આપના પિતાજી અને દાદાજીની શી ઇચ્છા છે ? ”

“ પિતાજીની ઇચ્છાનું કાંઇ કહી શકાય તેમ નથી; પરંતુ દાદાજીની તો મારા ઉપર સંપૂર્ણ કૃપા છે. તે કદિપણ મારૂં અહિત થવા દેશે નહિં.”

“ તો બીજા જખ મારે છે. મહામંડળેશ્વરનો પ્રતાપ કાંઇ જેવો તેવો નથી; તેમની ઇચ્છાની આડે કોઇ આવી શકે તેમ નથી. ” મધુરીએ કહ્યું.

વીરમે કાંઈક ચિંતામિશ્રિત અવાજે કહ્યું. “ તારૂં કથન ઠીક છે, મધુરી ! પણ વસ્તુપાળ અને તેજપાળ એટલા બધા બળવાન બની ગયા છે કે તેઓ દાદાજીની ઇચ્છાને માન આપશે કે નહિં, એ શંકાજનક છે. વળી ધોળકા રાજ્યનું ધન અને સૈન્ય તેમના અધિકારમાં છે અને તેથી તેઓ ધારે તે કરી શકે તેમ છે. ”

“ પ્રિય રાજકુમાર ! ” વીરમની વાત શાંતિથી સાંભળી લઇને મધુરીએ કહ્યું. “ આપની ચિંતાનું કારણ વાસ્તવિક છે; પરંતુ તેને દૂર કરવું હોય તો થઇ શકે એમ છે. માત્ર પ્રયાસની અગત્ય છે; કારણકે પ્રયાસથી મનુષ્ય શું કરી શકતું નથી ? ”

“ બરોબર છે, હું પણ પ્રયાસનીજ તપાસમાં છું પણ મધુરી ! કહે કે તને કોઈ પ્રયાસ સુજે છે ખરો ? ” વીરમે જીજ્ઞાસાથી પૂછ્યું.

મધુરીએ ગંભીરતાને ધારણ કરીને જવાબ આપતાં કહ્યું. “ અરે પ્રયાસ એક નહિ પણ અનેક છે. પ્રથમ તો કોઇ સારા, લાયક અને રાજ્યકાર્યકુશળ માણસની સલાહ લેવી અને ત્યારપછી તેની સલાહાનુસાર વર્ત્તવું, એ આપણા માટે હાલ તરત અગત્યનું છે અને ત્યારપછી ભવિષ્યમાં આગળ ઉપર શી રીતે વર્ત્તવું અને શો પ્રયાસ કરવો, એ સમયાનુસાર નક્કી કરી શકાશે.”

“ અને એવી સલાહ લેવાને માટે દાદાજી યોગ્ય પુરૂષ છે. ” વીરમે કહ્યું.

“ બરોબર.” મધુરીએ તેનાં કથનનો સ્વીકાર કરતાં કહ્યું. “ મહામંડલેશ્વરની સલાહની તો જરૂર છે જ; પરંતુ તે સિવાય એક પુરૂષ મારી નજરમાં આવે છે અને જો તે આપના પક્ષમાં આવે, તો પછી આપને કોઇ પણ પ્રકારની ચિંતા કરવાનું કારણ રહેશે નહિં.”

" તે પુરૂષ કોણ છે ? " વીરમે જીજ્ઞાસાથી પૂછ્યું.

" સરદાર જયંતસિંહ. " મધુરીએ ધીમેથી જવાબ આપ્યો.

" જયંતસિંહ ! " વીરમે આશ્ચર્યયુક્ત મુખમુદ્રાથી કહ્યું. "તે તો અમારા વિરોધી મહાસામંત ત્રિભુવનપાળના પક્ષમાં છે અને વળી રાજદ્રોહી છે. તેની સલાહ શું કામની ? "

મધુરીએ શાંતિથી કહ્યું. "તે રાજદ્રોહી હોય કે ન હોય, એ જોવાનું નથી. આપે તો ફક્ત તેનાથી કામ કાઢી લેવા પૂરતુંજ ધ્યાન આપવાનું છે. તે મહાસામંતના પક્ષમાં છે, એ વાત મારા જાણવામાં છે; પરંતુ શું તેને આપના પક્ષમાં લાવી ન શકાય ?"

" શી રીતે ? " વીરમે આતુરતાથી પ્રશ્ન કર્યો.

" શી રીતે શું ? " મધુરીએ ત્વરાથી કહ્યું. "તે મારા દૂરના સગા હોવાથી તેને આપના પક્ષમાં લાવવાનું કામ સરલ છે. માત્ર હું તેને વાત કરૂં એટલીજ વાર છે; કારણકે તે મારી સાથે સારો સંબંધ રાખે છે."

વીરમ વિચારમાં પડ્યો. જયંતસિંહની આ બધી ખટપટ તો નહિ હોય, એમ તેને ઘડીભર લાગી આવ્યું; પરંતુ મધુરીના પ્રેમનો વિચાર કરતાં એ હકીકત અસત્ય હોવાનું તેને બીજી બાજુથી જણાવા લાગ્યું.

મધુરી ચેતી ગઈ. જયંતસિંહને પોતાનો સગો કહેવામાં તેણે ભૂલ કરી હતી, એમ તેને સ્પષ્ટ જણાયું; પરંતુ એવી એક સામાન્ય ભૂલથી તે ડરે એવી નહોતી. તેણે મુખમાં હાસ્ય, આંખમાં જાદૂ અને શરીરમાં તનગનાટ લાવીને મોહિનીસ્વરૂપ ધારણ કર્યું અને મીઠા મોહક સ્વરથી કહ્યું.

"શું મારાં કથનમાં આપને કાંઇ શંકા જણાય છે, પ્રિય રાજકુમાર !"

વીરમે સહસા મધુરીના સામે જોયું. તેના સામે જોતાંજ તેની વિચારમાળા તૂટી પડી. એ સહાસ્ય મુખમુદ્રા, એ મદભર્યાં નયનો અને એ સર્વાંગ સુંદર અંગનો મરોડ જોઇને ભોળાં હૃદયનો રાજકુમાર ભાન ભૂલી ગયો.

તેણે તરતજ જવાબ આપ્યો " ના મધુરી ! તારા સત્ય કથનમાં શંકાને સ્થાન આપું, એવો હું મૂર્ખ નથી. "

મધુરી ખડખડાટ હસી પડી. એ હાસ્યમાં બે પ્રકારનો ભાવ હતો. એક ભાવ તો રાજકુમાર ઉપર મેળવેલો વિજય અને બીજો ભાવ પોતાની ચાતુરીનું અભિમાન.

મધુરી આગળ બોલવા જતી હતી, એટલામાં તેની દાસીએ ઓરડાનાં દ્વારમાં ઉભા રહીને સંકેત કર્યો અને ત્યારપછી તે ત્વરાથી ચાલી ગઇ.

વીરમે તે જોયું અને એનો અર્થ તે પૂછવા જતો હતો; પરંતુ કોઇનાં આગમનનો પગરવ સાંભળીને મૌન રહ્યો. તેણે દ્વાર સામે નજર કરી તો એક કષાય વસ્ત્રધારી સન્યાસીને ધીમે ધીમે અંદર ચાલ્યો આવતો જોયો. આથી તેને આશ્ચર્ય થયું અને તેણે મધુરી સામે અર્થસૂચક દ્રષ્ટિપાત કર્યો. પણ મધુરી તે તરફ દુર્લક્ષ્ય કરીને અને તેની બાજુમાંથી ઉઠી સન્યાસીના સામે ગઈ.

મધુરીએ ગંભીરતાથી કહ્યું. "પધારો સન્યાસી મહારાજ !"

"જય સોમનાથ" સન્યાસીએ ઘેરા સ્વરથી કહ્યું.

"આ આસન ઉપર બિરાજો." મધુરીએ આસન મૂકતાં કહ્યું. "ને આપનું આગમન શા અર્થે થયું છે, તે કૃપા કરીને કહો."

"અમારાં આગમનનું ખાસ કારણકે તેનો ખાસ હેતુ હોતાં નથી. જ્યારથી મેં આ દુઃખી સંસારનો ત્યાગ કર્યો છે, ત્યારથી મારાં હૃદયમાં એકજ કારણ અને એકજ હેતુને સ્થાન આપ્યું છે અને તે માનવ પ્રાણીઓનું કલ્યાણ. આ કારણને માટેજ અમે સન્યાસીઓ પરિભ્રમણ કરીએ છીએ. આ અમારાં આગમનનું કારણ મધુરી !" સન્યાસીએ પ્રૌઢતાથી જવાબ આપ્યો.

"મારા જેવી સાધારણ નારીનાં મકાનમાં પધારી આપે મને કૃતાર્થ કરી છે અને તે માટે હું આપનો આભાર માનું છું." મધુરીએ કહ્યું. "ઠીક, પણ આપ સામેના આસનપર બેઠેલા પુરૂષને ઓળખો છો ?"

આ વખતેજ સન્યાસીએ વીરમના સામે જોયું. ક્ષણવારમાં તેનાં મુખ ઉપર આશ્ચર્યની લાગણી પ્રગટી નીકળી. તેણે પ્રસન્ન મુખે કહ્યું. "ઓહો ! યુવરાજ વીરમદેવને કોણ ન ઓળખે ? યુવરાજ ! જય સોમનાથ !"

"જય સોમનાથ." વીરમે જવાબ આપ્યો.

"રાજકુમાર ! આપ અત્રે હશો, એવી મને કલ્પના પણ નહોતી અને તેથી અત્યારસુધી આપના તરફ કરેલાં દુર્લક્ષ્યને માટે મને ક્ષમા આપશો." સન્યાસીએ મધુર વાણીથી કહ્યું.

"એ શું બોલો છો, મહારાજ !" વીરમે એકદમ કહ્યું. "આપ જેવા સંસારત્યાગી સાધુને અમારી ક્ષમા માગવાની હોયજ નહિ."

"એ આપનો વિવેક છે, રાજકુમાર !" સન્યાસીએ સંતોષ દર્શાવતા કહ્યું. "આપ જેવા વિવેકી રાજકુમારને પિતાની સાથે અણબનાવ થયો, એ આશ્ચર્યજનક છે. પણ મને લાગે છે કે એમાં રાજા વીરધવળજીનોજ દોષ હશે; કારણ કે તેઓ રાજા હોવા છતાં પણ પરતંત્ર છે."

વીરમ તેના ઉત્તરમાં ચૂપ રહ્યો.

સન્યાસીએ આગળ ચલાવ્યું. "રાજકુમાર! આપની નિરૂત્તરતા એ આપનાં વિનય અને સૌજન્યતાનો પૂરાવો છે. પણ મારૂં કથન અસત્ય નથી. વસ્તુપાળ અને તેજપાળ પાસે શું આપના પિતા પરતંત્ર નથી?"

"આપનું કથન કેવળ સત્ય છે." ભોળા રાજકુમારે તેના પિતાની પરતંત્રતાનો સ્વીકાર કર્યો.

"અને મને જણાય છે કે આપના પિતાની પરતંત્રતા આપને ભવિષ્યમાં હાનિકર્તા થઇ પડશે, એ યાદ રાખજો." સન્યાસીએ દૃઢ નિશ્ચય પૂર્વક કહ્યું.

"યુવરાજની પણ એવીજ માન્યતા છે." વચ્ચે મધુરીએ કહ્યું. "અને તે એ માટે ચિંતાતુર રહ્યા કરે છે. આપ વિદ્વાન અને મહાત્મા પુરૂષ છો. યુવરાજને ચિંતામાંથી મુકત થવાનો કોઇ ઉપાય આપ નહિ બતાવો?"

વીરમે મધુરી તરફ આભારદર્શક દૃષ્ટિથી જોયું અને મધુરીએ સન્યાસીને સંકેત કર્યો. રાજકુમાર એથી અજ્ઞાત હતો.

સન્યાસીએ કહ્યું. "જગતના જીવો ઉપર ઉપકાર કરવો, એ અમારો ધર્મ છે, મધુરી! મારાં જ્ઞાન અને સલાહથી રાજકુમારનું હિત થતું હશે, તો હું જ્ઞાનનો ઉપયોગ કરવાને અને યોગ્ય સલાહ આપવાને તૈયાર છું."

એટલું કહીને સન્યાસીએ પોતાની આંખો બંધ કરી અને કેમ જાણે સમાધિમાં હોય નહિ, એવો દેખાવ ધારણ કર્યો.

વીરમ અને મધુરી સન્યાસી તરફ એકધ્યાને જોઇ રહ્યા હતા; પરંતુ ઉભયનું દૃષ્ટિબિન્દુ જૂદું જૂદું હતું.

ક્ષણુવાર પછી સમાધિમાંથી જાગૃત થઇને તથા આંખો ખોલીને સન્યાસીએ ગંભીર નાદથી કહેવા માંડ્યું. "રાજકુમાર! આપની ચિંતા વાસ્તવિક છે. રાજા વીરધવળજી પરતંત્ર છે અને વસ્તુપાળ તથા તેજપાળ એ ઉભય બંધુઓ ધોળકાના સ્વતંત્ર રાજા જેવા છે. વળી તેઓ આપના ભાઇ વીસલદેવનેજ રાજ્યગાદી અપાવવાના પ્રયાસમાં છે. માટે આપે બહુજ સાવધાન રહેવાની અગત્ય છે. મારૂં કથન આપને યોગ્ય લાગે, તો આપ સરદાર જયંતસિંહને આપના પક્ષમાં લેવાનો પ્રયાસ કરો; કારણકે બધા સંયોગો જોતાં તે આપને ખરો સલાહકાર અને મદદગાર થઇ પડશે, એમ મને જણાય છે. તેને જો કે રાજદ્રોહી ગણવામાં

આવ્યો છે; તોપણ ખરી રીતે તે તેવો નથી. તે એકવચની, દઢ નિશ્ચયી અને આત્મબલિદાન આપનારો સાચો પુરૂષ છે. આપને તેની સલાહ ઘણીજ ઉપયોગી થઈ પડશે.''

મૂર્ખ વીરમ એથી ઘણો ખુશી થયો. તેણે આભારદર્શક સ્વરે કહ્યું. "મહારાજ ! આપની સલાહ માટે હું આપનો ઘણોજ આભારી છું. મને સરદાર જયંતસિંહનો પરિચય નથી; પરંતુ તે આપ કહોછો, તેવાજ હશે; કારણકે મધુરીએ પણ મને તેનીજ સલાહ લેવાનો અભિપ્રાય આપ્યો છે. વળી તે મધુરીના દૂરના સગા છે. એટલે તેના કહેવાથી તે મારા પક્ષમાં તરતજ આવશે, એમ જણાય છે.''

વળી તે મધુરીના દૂરના સગા છે, એ વાકય સાંભળીને સન્યાસીનાં મુખ ઉપર આશ્ચર્યની આછી ભાવના તરી આવી. તેણે મધુરીના સામે જોયું. મધુરી તેનો ભાવ કળી ગઇ અને તેણે વિચિત્ર નેત્રસંકેત કર્યો. એથી સન્યાસીનાં મનનું સમાધાન થયું. અને તેનું આશ્ચર્ય વિલિન થઇ ગયું.

તે પછી સન્યાસીએ કહ્યું. "હા, આપની માન્યતા ખરી છે. જયંતસિંહ મધુરીના સગા હોવાથી આપના પક્ષમાં તરતજ આવી શકશે.''

એટલું કહી સન્યાસી આસન ઉપરથી ઉઠયો. ઉઠતાંજ તેણે કહ્યું. રાજકુમાર ! હવે હું રજા લઇશ અને આપને ભવિષ્યમાં મારી સલાહની જરૂર પડે, તો આપ મને ખુશીથી મળજો. મારા મેળાપનાં સ્થળને માટે આપ મધુરીને પૂછશો એટલે આપને તે દર્શાવશે.''

વીરમ સન્યાસીના માનની ખાતર ઉભો થયો અને તેને પ્રણામ કર્યા. સન્યાસી મધુરીના સામે તીક્ષ્ણ દૃષ્ટિપાત કરીને ચાલ્યો ગયો.

તે ગયા પછી વીરમ અને મધુરીએ કેટલીક વાતો કરી; પરંતુ તે સાથે વાચકોને સંબંધ નહિ હોવાથી તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી.

ક્ષણવાર પછી વીરમ જે ગુપ્ત દ્વારેથી આવ્યો હતો, તે દ્વારેથી ચાલ્યો ગયો અને મોહમયી મધુરી વિચારસાગરમાં ગોથાં ખાતી પુનઃ પલંગ ઉપર પડી.

# પ્રકરણ ૫ મું.

## અનુપમા.

"બ્હેન તમને આ ઉદાસીનતા શાભે નહિં હો!" તેજપાળની સ્ત્રી અનુપમાએ પદ્માને ઉદાસ જોઇને કહ્યું.

" તમારૂં કથન ઠીક છે, ભાભી ! " પદ્માએ નિસ્તેજ મુખને સતેજ કરીને કહ્યું.

ગરમીના દિવસ વ્યતિત થઇ ગયા હતા. વર્ષાનું આગમન થયેલું હોવાથી તાપનું જોર નરમ પડયું હતું. સ્વચ્છ અને નિરભ્ર આકાશ કાળાં વાદળાંઓથી સદૈવ ઘેરાયેલું રહેતું હતું. કોઇવાર વિજળીના ચમકારા, કોઇવાર વાદળાંનો ગગડાટ અને કોઇવાર ઝરમર ઝરમર તો કોઇવાર મુશળધાર મેહ વર્ષતો હતો. મયુરનો ટહુકાર અને ચાતકનો પિયુ પિયુનો અવાજ દિલને ઉત્તેજક કરતો હતો.

જયદેવની પરિત્યક્તા સ્ત્રી પદ્મા મહાલયની બારીએ ઉભી હતી અને પ્રકૃત્તિનું સુંદર દૃશ્ય જોઇને સંતાપ કરતી હતી. બરોબર આ વખતે તેની ભાભી અનુપમાએ આવીને ઊપર પ્રમાણે કહ્યું, ત્યારે તેણે ટુંકામાંજ જવાબ આપ્યો. " તમારૂં કથન ઠીક છે, ભાભી ! "

પદ્મા કેટલોક સમય થયા પોતાના ભાઇના આવાસે આવીને રહી હતી. ભાઈના આવાસે તેને બધા પ્રકારનું સુખ હતું અને અનુપમા તેને સગી બ્હેન પ્રમાણે રાખતી હતી; તોપણ તેનાં દિલને આરામ નહોતો. કારણ માનસિક દુઃખ આગળ શારીરિક સુખ નિરૂપયોગી હતું. પદ્મા ગોરી હતી; અનુપમા શ્યામ હતી. પરંતુ તેનું ગૌર બદન વિરહની વ્યથાથી શ્યામ બની ગયું હતું. તેનાં ઉજ્વલ મુખ ઉપર ગ્લાનિ છવાઈ ગઈ હતી, તેની આંખો નિસ્તેજ બની હતી અને તેનો આનંદ ઉડી ગયો હતો. " માળી વિનાની ખાલી, જોબન તણી ફુલવાડી " એ વાકય પદ્માને આબાદ લાગુ પડતું હતું.

પદ્મા અને અનુપમાનાં વયમાં જેમ તફાવત હતો, તેમ તેમનાં સ્વરૂપ અને અનુભવમાં પણ હતો. પદ્મા જોબનવતી અને આશાભરી બાળા હતી, જ્યારે અનુપમા પ્રૌઢ અને અનુભવી તરૂણી હતી. તે જરા શ્યામ હતી એટલુંજ. બાકી તેની આકૃતિ મનોહર હતી, તેનું અંગ નિર્દોષ હતું, તેના અવયવોની શ્રેણી સંપૂર્ણ હતી, તેનું લાવણ્ય નિષ્કલંક હતું, તેનાં લક્ષણો શ્રેષ્ટ હતાં, તેનું લલાટ તેજસ્વી હતું અને તેની આંખો

ભાવવાહી હતી. તેને જોઇને અને તેની વાણી સાંભળીને પુરૂષો અને સ્ત્રીઓ તેને પૂજવાને લલચાતાં હતાં. આવી સ્ત્રીશક્તિના નમુનારૂપ તરૂણી અને ભોળી પદ્માની વચ્ચે સ્વરૂપ અને અનુભવમાં તફાવત હોય તો એ સર્વથા સ્વાભાવિક હતું.

અનુપમાને જોતાંજ પદ્મા દિલગીરીનો ત્યાગ કરીને ખુશ દેખાવનો ડોળ કરતી હતી. આજે પણ તેણે તેમજ કર્યું. મુખ ઉપર હાસ્યની છટા તે લાવી શકી; પરંતુ એ હાસ્યમાં દિલગીરી સ્પષ્ટ જણાતી હતી. વિચિક્ષણ અનુપમાથી તે ગુપ્ત રહી શકી નહિં.

તેણે કહ્યું. "મારૂં કથન ઠીક છે, તો પછી તમે શામાટે ઉદાસ રહ્યા કરો છો અને દિલગીરીનો ત્યાગ કરતાં નથી ?"

પદ્મા હમેશાં અનુપમાની આગળ મહાત થતી હતી. તે તેની હાજરીમાં કદિ પણ ઉદાસ કે દિલગીર રહેતી નહોતી. અને કદાચ હોય તો ઉદાસિનતા અને દિલગીરીનો એકદમ ત્યાગ કરીને અનુપમાની સાથે આનંદી વાર્તાલાપ કરવામાં મશગુલ બની જતી હતી. પણ આજ તેનાથી ન દિલગીરીનો ત્યાગ થઈ શકયો કે ન આનંદી વાર્તાલાપમાં ભાગ લઇ શકાણો. તેણે અનુપમાના પ્રભાવથી માત્ર તમારૂં કથન ઠીક છે એટલુંજ કહ્યું. એ સિવાય તે ન બોલી કે ન ચાલી; પરંતુ પ્રકૃત્તિનું દશ્ય જોતી જેમની તેમ ઉભી રહી.

પદ્માને મૌન રહેલી જોઇને અનુપમા તેની પાસે ગઇ. તેણે વ્હાલથી પદ્માના ખભા ઉપર પોતાનો હાથ મૂકયો અને મુખમાં તથા આંખમાં મધુરતા ભરીને તે તેના તરફ જોઈ રહી.

કોમળ હૃદયની પદ્મા આ વ્હાલભર્યાં વર્ત્તનથી વધારે દિલગીર થઇ, તેનું અંતઃકરણ ભરાઈ ગયું અને તેનાં વિશાળ નયનોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી.

અનુપમાએ પદ્માને પોતાની મૃદુ બાથમાં લીધી અને તેનાં અંતઃકરણના ઉભરાને અશ્રુઓ દ્વારા વહી જવા દીધો. કેટલાક સમય પછી અનુપમાએ પાલવ વડે પદ્માની આંખો લુંછી નાંખી અને તે પછી તેને બાથમાંથી મુક્ત કરીને કહ્યું.

" પદ્મા બ્હેન ! હું તમારા ઉપર ગુસ્સે થઇ છું; મને તમારા ઉપર રીશ ચઢી છે."

" મારા ઉપર ગુસ્સો ? મારા ઉપર રીશ ?" પદ્માને આશ્ચર્ય થયું. તેણે આશ્ચર્યથી પૂછયું.

“ હા, તમારાજ ઉપર અને તે એટલાં બધાં કે જેની સીમાજ નહિ. ” અનુપમાએ ગંભીરતાથી કહ્યું.

પદ્માની ઉદાસિનતા અને દિલગીરી ચાલી ગઈ અને તેના બદલે તે આશ્ચર્ય અને અજાયબીમાં ગરકાવ થઇ ગઇ. તેણે જીજ્ઞાસાથી પૂછ્યું.

“ ભાભી ! પણ એવું શું કારણ બન્યું છે કે જેને લઇને આજે તમે મારા ઉપર ગુસ્સે થયા છો ? ”

“ કારણ એજ કે તમે ઉદાસ અને ચિંતાતુર શા માટે રહ્યા કરો છો ? ” અનુપમાએ કારણ દર્શાવતાં પૂછ્યું.

“ મારી ઉદાસિનતા અને ચિંતા એ શું તમારા ગુસ્સાનું કારણ છે ? પદ્માએ વધારે આશ્ચર્ય પામતાં પૂછ્યું.

“ હા. ” અનુપમાએ પૂર્વવત્ ગંભીરતાથી ઉત્તર આપ્યો.

“ભાભી ! તમે મારી મશ્કરી કરો છો.” પદ્માએ સહજ હસીને કહ્યું.

“ ના, પદ્મા બ્હેન ! હું તમારી મશ્કરી કરતી નથી. હું જે કહું છું, તે સાચુંજ કહું છું. ” અનુપમાએ કહ્યું.

“ ત્યારે તમારો ગુસ્સો અજબ પ્રકારનો ગણી શકાય, ભાભી ! ” પદ્માએ કહ્યું.

“ બરોબર છે. ” અનુપમાએ કહ્યું. “ જેવી તમારી ચિંતા અને દિલગીરી અજબ પ્રકારનાં છે, તેવોજ મારો ગુસ્સો પણ અજબ પ્રકારનો છે.”

પદ્મા અનુપમાનાં કથનને બરોબર સમજી શકી નહિ. તેણે કંટાળીને કહ્યું. “ ભાભી ! તમારાં માર્મિક કથનને હું સમજી શકતી નથી. હું તો ફક્ત તમને એટલુંજ કહું છું કે જો મારાથી કાંઇ ભૂલ થઇ હોય, તો તે માટે મને ક્ષમા આપશો. ”

“ પણ તમારાથી એવી ગંભીર ભૂલ થઇ છે કે તે માટે તમને ક્ષમા આપી શકાય તેમ નથી. ” અનુપમાએ શાંતિથી કહ્યું.

“ શું એવડી મોટી ભૂલ મારાથી થવા પામી છે ? ” પદ્માએ સરલતાથી પૂછ્યું.

“ હા. અને તે માટે તમને શી શિક્ષા કરવી, એનોજ હું હવે વિચાર કરૂં છું. ” અનુપમાએ જવાબ આપતાં કહ્યું.

“ જે શિક્ષા કરવી હોય, તે કરો; હું સહન કરવાને તૈયાર છું. ” પદ્માએ નિખાલસ દિલથી કહ્યું.

અનુપમાને લાગ્યું કે ભોળી પદ્મા પોતાના મર્મને સમજી શકશે નહિ અને તેથી તેણે સ્પષ્ટતાથી વાત કરવાનો વિચાર કર્યો

તેણે પદ્માનાં મુખ ઉપર હાથ ફેરવીને કહ્યું. " ભોળાં નણંદ ! ખરેખર ભોળાંજ છો. સંસારમાં બહુ ભોળાં થવાની જરૂર નથી. ભોળાં માણસને મનુષ્યો મૂર્ખ ગણે છે અને પ્રસંગે તેમનું હાસ્ય પણ કરે છે. આપણું મન અને વર્ત્તન શુદ્ધ અને સરલ જોઇએ; પરંતુ શુદ્ધ મન અને સરલ વર્ત્તનનો કોઇ ગેરલાભ લઈ જાય તેટલી સીમા પર્યંત આપણે ભોળાં થવું જોઇએ નહિ. સંસારમાં સરલ મનુષ્યો કરતાં કુટીલ મનુષ્યો ઘણાં હોય છે અને તેથી આપણે તેમની કુટીલતામાં સપડાઇ ન જઇએ, તે માટે ધ્યાન રાખવાની અગત્ય છે. પદ્મા બ્હેન! તમે તમારી સરલતાથી બે ગંભીર ભૂલો કરી બેઠાં છો અને હવે ઉદાસ અને ચિંતામગ્ન રહ્યા કરો છો. જયદેવનાં વર્ત્તનની તમને ખબર હતી, તે છતાં ઉતાવળથી તેને શુદ્ધ થયેલું માનીને તમે તેની સાથે લગ્નથી જોડાયાં અને લગ્નથી જોડાયાં પછી તેના પ્રેમને સંપાદન કરી શકયાં નહિ, એ તમારી સરલતાનુંજ પરિણામ છે. તમારૂં ભોળપણુંજ તમને દુઃખદાયક થઈ પડયું છે. "

પદ્મા હવે અનુપમાનાં કથનનો મર્મ સમજી શકી; પરંતુ એથી તે પુનઃ ઉદાસ થઈ ગઇ. અને તેનાં મુખ ઉપર ચિંતાની કાલિમા પથરાઈ ગઈ.

તેણે ઉત્તેજક બનીને કહ્યું. "ભાભી તમારૂં કથન ખરૂં છે, હું સરલ છું, ભોળી છું, અરે મૂર્ખ છું. એ બધું ખરૂં; પરંતુ હું હવે ઉદાસ અને ચિંતામગ્ન ન રહું તો બીજું શું કરૂં ? પતિથી ત્યજાયલી સ્ત્રી બીજું શું કરી શકે ? "

" સ્ત્રી શું કરી શકે ? " અનુપમાએ સહજ જુસ્સાનો ભાવ આણીને કહ્યું. " તમારો એ પ્રશ્ન કેટલો બધો અયોગ્ય છે ? શું સ્ત્રી એ મનુષ્ય નથી ? શું સ્ત્રીમાં ચૈતન્ય નથી ? "

" જેમ સ્ત્રી એ મનુષ્ય છે અને તેનામાં ચૈતન્ય છે, તેમ હું પણ સ્ત્રી હોઈ મનુષ્ય છું અને મારામાં ચૈતન્ય છે; પરંતુ એથી શું ? " પદ્માએ પ્રશ્ન કર્યો.

" એથી કાંઈ નહિ ! " અનુપમાએ માર્મિકતાથી જવાબ આપતાં કહ્યું. " સચેતન મનુષ્યથી ચિંતા અને દુઃખમાં સડ્યાં વિના બીજું કશું થઇ શકે નહિ ! "

પદ્માએ વિશેષ દિલગીર થતાં કહ્યું. " ભાભી ! તમારો મર્મપ્રહાર મારાથી સહન થતો નથી. તમને લાગે છે કે હું ચિંતા અને દુઃખમાં સડું છું, એ ઠીક નથી. તમારી એ માન્યતા સાચી છે; પરંતુ મારાથી ચિંતામગ્ન કે ઉદાસ થયા વિના રહી શકાતું નથી. વર્ષાનો આ સ્નિગ્ધ દિવસ,

વિજળીનો ભયાનક ચમકાર, વાદળાંની ભીષણ ગર્જના, મયુરીનો મદભર્યો ટહુકાર અને ચાતકનો પિયુ પિયુનો ઉત્તેજક અવાજ મારી ઉદાસિનતાને વધારે છે; મને ચિંતામાં વધુ મગ્ન બનાવે છે અને મારાં દિલને બેચેન કરે છે. ભાભી ! વિરહની આકરી વેદના મારાથી સહન થતી નથી અને વિરહિણીની વેરણ વર્ષાઋતુનાં આગમનથી એ વેદના એટલી બધી અ-સહ્ય થઇ પડી છે કે જેનું યથાર્થ વર્ણન કરવાને અશક્ત છું. હે પ્રભુ ! એવાં તે મેં શા પાપ કર્યાં હશે કે જેને લઇને ખરેખરી જુવાનીમાંજ પતિએ મારો ત્યાગ કર્યો ! ”

એટલું કહેતાંજ પદ્માનાં નયનોમાંથી મુક્તાફળોની ધારા વહન કરવા લાગી. અનુપમાએ તેને પુનઃ પોતાની બાથમાં લીધી અને તે પદ્માનાં આંસુઓને વસ્ત્રવડે લુછી નાંખવા લાગી. પદ્માનાં હૃદયનો ઉભરો જરા શાંત પડ્યો. અને અશ્રુઓ સુકાઇ ગયાં એટલે અનુપમાએ તેને આશ્વા-સન આપવાનો વિચાર કર્યો.

તેણે પોતાના મધુરા અવાજે કહેવા માંડયું. “ પદ્મા બ્હેન ! મને તમારા ઉપર ગુસ્સે થવાનું અને તમને મર્મ–પ્રહાર કરવાનું કાંઈ કારણ નથી અને જો કાંઇ કારણ હોય, તો તે માત્ર તમને ચિંતા અને દુઃખ-માંથી મુક્ત કરવાનુંજ છે. જયદેવની રીતભાત પ્રથમ કેવી હતી, ત્યાર-પછી કેવી થઇ અને હમણાં કેવી છે, એ વાતને આપણે જવા દઇએ; કારણકે એ વિષે વાદવિવાદ કે ચર્ચા કરવાથી કાંઈ અર્થ સરે તેમ નથી. તમારે તો માત્ર તેનો પ્રેમ શી રીતે જીતી શકાય, એનોજ હવે વિચાર કરવાનો છે. બ્હેન ! મારૂં કથન તમને જરા અપ્રિય લાગશે; પરંતુ સત્ય કહ્યા સિવાય હું રહેવાની નથી. જયદેવે તમારો ત્યાગ કર્યો, એ સંબં-ધમાં હું જયદેવને દોષ આપી શકતી નથી; કારણ કે તે સંગદોષને લઇ માણસનાં ખરાં વર્તનથી ભ્રષ્ટ થયેલ છે અને તેથી જેને સારાસારનું ભાન નથી, તેને દોષ આપવો કેવળ નિરર્થક છે. એ સંબંધમાં ખરો દોષ તમારોજ છે. સ્ત્રી તેના પતિના પ્રેમને જીતી શકે નહિ, તેને વશ કરી શકે નહિ, તો તે સ્ત્રીજ નથી. પતિને વશ કરવા, એ શું સ્ત્રીને માટે અશક્ય છે ? જરા પણ નહિ. જેના વાળમાં મોહકતા છે, જેના નયનોમાં જાદૂ છે, જેનાં મુખમાં હાસ્ય છે, જેની વાણીમાં મધુરતા છે, જેના બાહુ-પાશમાં સુખ છે અને જેનાં અંગમાં સુંદરતા છે, એવી સ્ત્રી તેના પતિને વશ ન કરી શકે, તો બીજું કોણ કરી શકે ? પતિને રાજી રાખવા, તેનો પ્રેમ સંપાદન કરવો અને તેને વશ કરવા, એ આપણું સ્ત્રીઓનું કામ છે અને જે સ્ત્રી એ પ્રમાણે કરી શકતી નથી, તેનો જન્મ વૃથા છે.

જયદેવ તમારા ઉપર ગુસ્સે થયા પણ તમે તેના ગુસ્સાને કેમ શાંત કર્યો નહિ ? તેણે તમારો ત્યાગ કર્યો, પણ તમે તેને જવા શા માટે દીધા ?"

પદ્મા અનુપમાનું આશ્વાસનજનક અને ઉત્તેજક કથન સાંભળીને વિચારમાં પડી ગઇ, કેટલોક સમયપર્યંત વિચાર કરીને તેણે કહ્યું. " ભાભી ! તમારૂં કથન સત્ય છે; પરંતુ મારામાં એવી શક્તિ નથી. ગુસ્સે થયેલા પતિને મનાવવા અને તેમનો પ્રેમ સંપાદન કરવા જેટલું મારામાં સામર્થ્ય નથી. અરે હાય ! હું સ્ત્રી પદને લાયક નથી. "

" ત્યારે શું તમે આવી દુ:ખદાયક દશામાં જીવન ગુજારવા ઇચ્છો છો ? " અનુપમાએ પ્રશ્ન કર્યો.

" ના, એમ તો નહિ. " પદ્માએ જવાબ આપતાં કહ્યું. " પણ પતિનાં તિરસ્કારભર્યાં વર્ત્તનથી હું હતાશ થઇ ગઈ છું. મને કાંઇ સુજતું નથી. ભાભી ! તમેજ કહો કે આવી દશામાં મારે શું કરવું ? કયા ઉપાયે તેમને વશ કરવા ? મેં સાંભળ્યું છે કે તમારી પાસે વશીકરણ વિદ્યા છે. તમે પરણીને આવ્યા, ત્યારે મારા ભાઈ તમને ચાહતા ન હતા અને તમારી ઉપેક્ષા કરતા હતા; પરંતુ થોડાજ સમયમાં તમે તેમને વશ કરી લીધા અને હવે તો એ તથા મોટા ભાઈ તમને પૂછ્યા વિના કે તમારી સલાહ લીધા વિના કોઈ કામ કરતા નથી. ભાભી ! એ વિદ્યા મને નહિ શીખડાવો ? "

અનુપમાએ હસીને કહ્યું. " મારાં વ્હાલાં નણંદ ! તમે કેવળ ભોળાંજ છો. જે વિદ્યા મારી પાસે હોવાનું તમે માનો છો, તેજ વિદ્યા તમારી પાસે પણ છે; તેમ છતાં તમે તેને મારી પાસેથી શીખવા માગો છો, એ બહુ આશ્ચર્યની વાત છે. "

" ભાભી ! તમે અસત્ય બોલો છો. મારી પાસે કોઈ વિદ્યા છેજ નહિ. હું તમારી જેમ કોઇ વિદ્યા શીખીજ નથી. " પદ્માએ કહ્યું.

" પદ્મા બ્હેન ! " અનુપમાએ પુનઃ હસીને કહ્યું. " હું અસત્ય બોલતી નથી; પરંતુ તમારી સમજણમાં ફેર છે. તમે જે પ્રકારની વશીકરણ વિદ્યા મારી પાસે હોવાનું માનો છો, તેવી વિદ્યા મારી પાસે નથી અને એવી મેલી વિદ્યા આપણે સ્ત્રીઓએ શીખવાની અગત્ય પણ નથી. એવી વિદ્યાથી લાભને બદલે નુકશાનજ થાય છે; માટે હવે તેનું નામ પણ કદિ ભૂલેચુકે લેશો નહિ. બાકી મારી પાસે જે વિદ્યા કિંવા કળા છે, તે તમારી પાસે પણ છે. પ્રત્યેક સ્ત્રી એ વિદ્યાને–કળાને જાણતી હોય છે અને તેમાંજ તેની મહત્તા રહેલી છે. નયનોનું નૃત્ય, મુખનું હાસ્ય અને

વાણીનું માધુર્ય એ ત્રણ સ્ત્રીની વશીકરણ વિદ્યાનાં સાધનો છે. માત્ર એ સાધનોનો કેમ ઉપયોગ કરવો, એ જાણી લેવાની અગત્ય છે, અને જે સ્ત્રી સાધનનો ઉપયોગ કરી જાણે છે, તે પતિની પ્રિયતમા બનીને સંસારના સુખોને ભોગવી શકે છે. સ્ત્રી શ્યામ હોય કે ગોરી હોય, તે બહુ અગત્યનું નથી; કારણકે શ્યામતા કે ગૌરતામાં સૌંદર્ય રહેલું નથી. સૌંદર્ય મેં કહ્યું તે સાધનોમાં સમાયેલું છે. આ સાધનો એજ મારી વિદ્યા કે કળા છે અને તે વડે મેં આપણાં ગૃહનાં સર્વ મનુષ્યોને વશ કરી લીધાં છે. આ સાધનો તમારી પાસે પણ છે અને વિશેષમાં તમે ગૌર છો; તેમ છતાં તમે તમારા પતિને વશ કરી શકો નહિ, તો તેમાં કોનો દોષ? પતિને વશ કરવા, એ કાર્ય કાંઇ મહાન્ નથી. માત્ર સાધનના ઉપયોગનીજ જરૂર છે. નયનનાં નૃત્ય, મુખનાં હાસ્ય અને વાણીનાં માધુર્ય આગળ પુરૂષ–પતિની શી તાકાત છે કે તે આપણને વશ ન થઈ શકે ?"

પદ્મા અવનત મુખે આ બધું સાંભળતી હતી. અનુપમા બોલતી બંધ થઇ એટલે તેણે ઉંચું જોયું. અનુપમાનાં કથનથી તેની નિર્બળતા, ઉદાસિનતા અને ચિંતાનો લોપ થઇ ગયો હતો અને તેનો સ્પષ્ટ ભાવ તેનાં મુખ ઉપર છવાઈ રહ્યો હતો.

તેણે ખુશમીજાજથી કહ્યું. "ભાભી! તમે મારા ઉપર અનેક ઉપકારો આજપર્યંત કરતાં આવ્યાં છો; પરંતુ આજે મને મારી શક્તિનું ભાન કરાવી દુઃખમાંથી મુક્ત થવાનો ઉપાય બતાવી જે મહાન્ ઉપકાર કર્યો છે, તે હું આ જન્મમાં ભૂલવાની નથી. તમે પતિને વશ કરવાની જે વિદ્યા–કળા મને દર્શાવી છે, તે કાંઈ નવીન નથી; પરંતુ મને તેનું જ્ઞાન કે ભાન નહોતું. હવે મને તેનું ભાન થયું હોવાથી હું તેનો ઉપયોગ કરવાને માંગું છું. પણ તે શી રીતે અને ક્યારે કરવો, એ વિષે તમારે મને સલાહ આપવી પડશે."

અનુપમાએ ખુશી થતાં કહ્યું. "વાહ, મારાં નણંદ! તમે તો હવે પતિને વશ કરવાને કમર કસી જણાય છે ને શું ? પણ હું કાંઇ ભોળી નથી કે કાંઇપણ ઇનામ વિના તમને સાધનનો ઉપયોગ કરવાનું શીખવી દઉં ?"

પદ્મા હસી. તેણે હસતાં હસતાં કહ્યું. "ભાભી! તમારી મશ્કરી યોગ્ય છે. આજથી આપણે નણંદ–ભાભીનો સંબંધ છોડીને ગુરૂ અને શિષ્યનો સંબંધ બાંધ્યો છે; માટે શિષ્ય પાસેથી ગુરૂને શિક્ષણ બદલ કાંઈ ઇનામ લેવું ઘટતું હોય, તો મારી કાંઈ ના નથી. તમે કહેશો તે આપવાને હું બંધાઉં છું."

" અરે મારા શિષ્ય ! તમે તો આજનેઆજ ચાલાક બની ગયા ને શું ? ગુરૂ અને શિષ્યનો સંબંધ ઘટાવીને તમે મારાં ઈનામની વાતને ઉડાવી દેવા માગો છો ? પરંતુ આપણે કાંઇ એવાં ભોળાં નથી કે એવા સંબંધથી ભોળવાઇ જઇએ ! આપણે તો ઈનામ પહેલું અને પછી શિક્ષણ; કહો છે શીખવાની ઇચ્છા ? " અનુપમાએ સહાસ્ય મુખે પણ ગંભીરતાથી કહ્યું.

" તમે કહેશો, તે ઈનામ આપશું; પછી છે કાંઈ ? " પદ્માએ હસીને કહ્યું.

" હા; તો બરોબર પણ આપો કોલ. " અનુપમાએ હાથ લાંબો કરીને કહ્યું.

" વિશ્વાસ ન આવતો હોય, તો લ્યો આ કોલ. " પદ્માએ હાથ તાળી આપતાં કહ્યું.

" પ્રેમઘેલી પ્રેમદાનો વિશ્વાસ વળી કેવો ? અત્યારે તો ભાભી, ભાભી કરો છો; પરંતુ જ્યારે પતિને મનાવશો અને તેમના થઇ જશો, ત્યારે ભાભીને સંભારશો પણ નહિ ! " અનુપમાએ પણ હસીને કહ્યું.

" ભાભી ! શું હું એવી સ્વાર્થી છું કે તમારા અનેક ઉપકારોને ભૂલી જઈ તમને સંભારીશ પણ નહિ ? " પદ્માએ પૂછ્યું.

" એ વાતની આગળ ઉપર ખબર પડશે. " અનુપમાએ કહ્યું. પણ હવે એ વાતને જવા દઇએ અને મૂળ વાત ઉપર આવીએ. સાધનના ઉપયોગને માટે તમારે થોડો પરિશ્રમ સેવવો પડશે. "

" શો પરિશ્રમ કરવો પડશે ? " પદ્માએ પૂછ્યું.

" તમારે ખંભાત જવું પડશે; કારણકે જયદેવ કેટલોક સમય ત્યાંજ રહેવાના છે. " અનુપમાએ જવાબ આપ્યો.

" તે તમે કેમ જાણ્યું, ભાભી ! પદ્માએ ફરીને પૂછ્યું.

" કેમ શું ? મારી સલાહથીજ તેમને ખંભાતમાં રાખવાનું નક્કી થયું છે. અને એમ કરવાનું કારણ પેલી મેનકાના પાશમાંથી તેમને મુક્ત કરવાનુંજ છે. " અનુપમાએ જવાબ આપ્યો.

અનુપમાની ગોઠવણથી તેના પતિને ખંભાતમાં રહેવાનું થયું છે, એ પદ્મા જાણતી નહોતી અને તેથી અનુપમાની વાત સાંભળીને તેને આશ્ચર્ય થયું. તેણે કહ્યું. " ભાભી ! તમારી બુદ્ધિ અગાધ છે. હું તમારાં શા વખાણ કરૂં ? "

" વખાણુ કરવાની કાંઈ જરૂર નથી. " અનુપમાએ કહ્યું. " પણ કહો, ખંભાત જવાને તમે તૈયાર છો કે નહિ ? "

" જેવી ગુરૂની આજ્ઞા; પરંતુ શિષ્યને એકલાએ જવાનું છે કે ગુરૂ અને શિષ્ય બન્નેએ જવાનું છે ? " પદ્માએ સહાસ્ય વદને પ્રશ્ન કર્યો.

" એમાં ગુરૂનું શું કામ છે ? " અનુપમાએ સામો પ્રશ્ન કર્યો.

"ગુરૂનું તો પહેલુંજ કામ છે. ગુરૂ વિના શિષ્ય જવાને રાજી નથી " પદ્માએ જવાબ આપ્યો.

" મારે ખંભાત આવવાની કાંઇ જરૂર નથી, તમે એકલા જાઓ, એજ ઠીક છે; કારણકે જયદેવને મનાવવાનું કામ તમારે કરવાનું છે; મારે નહિ, સમજ્યા બ્હેન ! " અનુપમાએ સ્પષ્ટતાથી કહ્યું.

" એ ખરૂં; પરંતુ ભાભી ! તમારા વિના તો હું જવાનીજ નથી અને હું એકલી જઇને કરૂં પણ શું ? કારણકે તમારી સલાહ અને તમારાં શિક્ષણુની મને ડગલે ને પગલે જરૂર પડશે. " પદ્માએ કહ્યું.

" તો હું આવીશ; પરંતુ ખંભાત ગયા પછી મને ભૂલી જતા નહિ, એ ધ્યાનમાં રાખશો. " અનુપમાએ ખંભાત જવાનું સ્વીકારતાં જરા હાસ્યથી કહ્યું.

" અરે ના, ના. તમને—મારા ઉપકારી ગુરૂદેવને શું હું ભૂલી જઇશ ? શું તમે મને એવી નગુણી ધારો છો ? " પદ્માએ પૂછયું.

એના ઉત્તરમાં અનુપમા સહજ હસી અને તે જોઇને પદ્માએ પણ હાસ્ય કર્યું. તે પછી અનુપમા ધીરે ધીરે ત્યાંથી ચાલી ગઇ. આ વખતે વિજળીનો ચમકાર અને વાદળાંનો ગગડાટ બંધ પડી ગયા હતા તથા મયુરીનો ટહુકાર અને ચાતકનો પિયુ પિયુનો અવાજ હવે સંભળાતા નહોતા. કારણ મેહ મુશળધાર વરસતો હતો. પદ્મા હજી પણ પ્રકૃત્તિનું આ સુંદર દૃશ્ય જોતી બારીએ ઉભી હતી; પરંતુ હવે તેનાં મુખ ઉપર ચિંતા કે દુઃખની છાયા જણાતી નહોતી. મેહનાં આગમનથી વૃક્ષો જેમ નવપલ્લવિત થાય છે, તેમ પદ્મા રૂપી માનવવૃક્ષ અનુપમાનાં આશ્વાસનરૂપી મેહથી નવપલ્લવિત થયું હતું.

# પ્રકરણ ૬ ઠું.

## ખંભાતનો અધિકારી.

રાજેન્દ્ર કુમારપાળના મહામાત્ય ઉદયનો વંશજ સલક્ષ ખંભાતનો મુખ્ય અધિકારી હતો. ખંભાત પ્રદેશનું ન્યાયખાતું તેના અધિકારમાં હતું અને રાજની ઉપજનું ખાતું બીજા અધિકારના તાબામાં સોંપાયેલું હતું. આ અધિકારીની જગ્યાએ જયદેવ આવ્યો હતો. તેને વહીવટખાતાનું જ્ઞાન નહોતું અને તે ઉપરાંત તેને વહીવટી કામનો અણગમો હતો. તો પણ મહામાત્ય વસ્તુપાળના આગ્રહ અને દાબથી તેને તે પદનો સ્વીકાર કરવો પડયો હતો. મુખ્ય અધિકારી સલક્ષ કડક હતો અને તેના તાબામાં જયદેવને રહેવાનું હોવાથી પોતાની મનસ્વી ઇચ્છાઓને અને યથેષ્ટ વર્તનને તેને અંકુશમાં રાખવાં પડતાં હતાં. જયદેવમાં અવશ્ય કેટલાક સારા ગુણોનો વાસ હતો, તેની બુદ્ધિ અતિ તીવ્ર હતી અને તેનામાં કામ કરવાની આવડત હતી, પરંતુ તેના બધા સારા ગુણો મોજમજા તથા આળસને લીધે ઢંકાઇ જતા હતા; તેને મેનકાની એટલી બધી લગની લાગેલી હતી કે ખંભાતનો અધિકાર, વૈભવ તથા માન અકરામ વગેરેમાં તેને મજા આવતી નહોતી. મેનકા વિના તેને બધું શૂન્યકાર લાગતું હતું. તે રાત અને દિવસ ચિંતા અને ઉદાસિનતામાં વિતાવતો હતો તથા મેનકાને ખંભાતમાં લાવવા અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓ કરતો હતો.

ખંભાતમાં આવીને રહ્યા પછી જયદેવ પ્રભાતે ઉઠીને દંતધાવન વગેરે શૌચ કાર્ય કરતો અને તે પછી ઘોડા ઉપર બેસીને નગરમાં ફરવાને નીકળતો. નગરમાં ફરીને આવ્યા બાદ તે જમતો અને મધ્યાન્હ વિત્યા પછી રાજકાર્યમાં થોડીવાર ગુંથાતો અને સંધ્યા સમયે પુનઃ ઘોડા ઉપર બેસીને ફરવાને નીકળતો. જયદેવનો આ નિત્યક્રમ હતો. પ્રભાતમાં કોઈ કોઇ વાર તે મુખ્ય અધિકારી સલક્ષને મળવા જતો; પરંતુ ઘણા ભાગે તે તેનાથી દૂરને દૂરજ રહેતો. સલક્ષ પણ જયદેવને બહુ બોલાવતો કે મળતો હળતો નહિં; તો પણ મહામાત્ય વસ્તુપાળની સૂચનાનુસાર તેનાં દરેક કાર્ય અને વર્ત્તન ઉપર નજર રાખતો હતો.

પ્રભાતનો સમય હતો. નિત્યના નિયમ મુજબ આજે પણ જયદેવ શૌચ કાર્યથી પરવારી ઘોડેસ્વાર બનીને નગરમાં ફરવા નીકળવાની તૈયારી કરતો હતો, એટલામાં સલક્ષનો સેવક તેને બોલાવવા માટે આવી પહોંચ્યો. નિયમ્ પ્રમાણે ફરવા જવાનાં કાર્યમાં વિઘ્ન પડવાથી જયદેવને

જરા ગુસ્સો તો ચડયો; પરંતુ ગુસ્સે થવાથી કાંઇ વળે તેમ નહોતું. એટલે ગુસ્સાને દબાવીને સેવકની સાથે સલક્ષના મકાને રવાના થયો.

સલક્ષનું મકાન બહુ દુર નહોતું. જયદેવ તરતજ સલક્ષની સન્મુખ હાજર થયો. આ વખણે સલક્ષ એક ઓરડામાં બેઠો હતો અને જયદેવનાં આગમનની રાહ જોઇ રહ્યો હતો.

"આવો, જયદેવ! બેસો" સલક્ષે જયદેવને ધ્યાનપૂર્વક નિહાળીને મીઠી વાણીથી કહ્યું "તમારે અત્યારે કાંઇ કામતો નહોતું ને ?"

"ના, ના અત્યારે મારે કાંઇ કામ નહોતું" જયદેવે સામેનાં આસન ઉપર બેસીને જવાબ આપતાં કહ્યું. આપનો સેવક મને તેડવા આવ્યો ત્યારે હું તૈયાર થઇને ફરવા માટે જતો હતો.

"બહુ સારૂં" સલક્ષે સંતોષનો ભાવ દર્શાવતા કહ્યું. "તમને અત્યારે એટલા માટે બોલાવ્યા છે કે ધોળકાથી મહામાત્યનો સંદેશો આવ્યો છે અને તેમાં જણાવ્યું છે કે તેઓ થોડા સમયમાં ખંભાતમાં સ્વારી સહિત આવનાર છે."

એ ખબર સાંભળીને જયદેવને કાંઇ હર્ષ કે શોક થયો નહિ, તેણે શાંતિથી પુછ્યું "તે માટે આપણે કાંઇ તૈયારી કરવાની છે ?"

"હા, તૈયારી તો કરવીજ પડશે ને ?" સલક્ષે પ્રશ્નાત્મક જવાબ આપતાં કહ્યું "મહામાત્ય, તેમના ખાનગી નોકરો–ચાકરો અને તેમનાં સૈન્યને માટે ઉતારા વગેરેની ગોઠવણ કરવાનું કામ અત્યારથીજ શરૂ કરવું પડશે અને હું તે કામ તમનેજ સોંપવા ધારૂં છું."

સલક્ષનું છેલ્લું વાકય આજ્ઞાસૂચક હતું. ધોળકાના નગરશેઠના પુત્ર જયદેવને તે જરા આકરૂં લાગ્યું, પરંતુ અહીં ખંભાતમાં તે સ્વતંત્ર નહોતો. તે રાજ્યનો સેવક હતો અને તેથી તેણે તેનાથી મોટા અધિકારીની ઇચ્છાને માન આપવાની જરૂર હતી.

તોપણ તેણે કચવાતાં મને કહ્યું "ભલે, પણ હું એ કામથી અજ્ઞાત છું."

"હા, એ હું જાણું છું અને તમને કામમાં હરકત ન આવે એટલા માટે મારા તાબાના એક અધિકારીને તમારી મદદમાં આપીશ" સલક્ષે કહ્યું.

"ત્યારે તો ઠીક." જયદેવે નિરૂપાયે તેની ઇચ્છાનો સ્વીકાર કરતાં કહ્યું.

"અને અત્યારે આપણે નગર બહારની ધર્મશાળાઓ અને પાંથ-

જનોનાં મકાનો જોવા જવાનું છે અને તેમાં કાંઇ સુધારો વધારો કે મરામત કરવા પડશે કે કેમ, એ નક્કી કરી લેવાનું છે. ”

એટલું કહીને સલક્ષ ઉઠયો અને તૈયાર થઇને મકાનની બહાર નીકળ્યો તેનો ઘોડો તૈયાર હતો. તે ઉપર સ્વાર થઇને સલક્ષ જયદેવની સાથે નગર બહાર જવાને રવાના થયો.

કેટલાક સમય પછી તેઓ નગર બહાર આવી પહોંચ્યા અને ધર્મ-શાળાઓ તથા પાંથજનોનાં આશ્રમો તપાસવા લાગ્યા. દરેક મકાનમાં શું શું કામ કરાવવું પડશે તેની નોંધ સલક્ષની સૂચનાનુસાર જયદેવ કરતો ગયો. છેવટ તેઓ એક વિશાલ મકાનમાં આવ્યા. આ મકાન જેમ વિશાળ હતું તેમ સગવડતાવાળું હતું અને તેમાં ઉચ્ચ કોમના પથિકો જતા આવતા ઉતરતા હતાં.

શહેરના અધિકારીઓને આવતા જોઇને મકાનનો રક્ષક તેમના સામે આવ્યો અને નમ્રતાથી નમીને ઉભો રહ્યો.

સલક્ષે રક્ષકને પૂછ્યું. “ આ મકાનમાં હાલ કેટલા મુસાફરો છે ! ”

“ જી, પચીશેક તો હશે અને અત્યારે ચાર મુસાફરો નવાં આવ્યાં છે. ” રક્ષકે નમ્રતાથી જવાબ આપ્યો.

“ તેઓ કોણ છે અને કયાંથી આવે છે, એ તું જાણે છે ? ” સલક્ષે સ્વાલ કર્યો.

“ જી, હા, તેઓ બે સ્ત્રીઓ અને બે પુરૂષો છે અને ધોળકાથી આવ્યા છે. ” રક્ષકે ઉત્તર આપ્યો.

“ ઠીક, પણ થોડા સમયમાં અમારે આ મકાનની જરૂર પડશે; માટે હવે બીજા મુસાફરોને અહીં ઉતરવા દઇશ નહિ. ” રક્ષકને એ પ્રમાણે કહીને સલક્ષે જયદેવના સામે જોયું.

જયદેવે પણ તેના સામે જોયું એટલે તેણે કહ્યું. “ જયદેવ ! આ મકાનને તમેજ તપાસી લ્યો તો ઠીક; કારણકે જરૂરી કામ પ્રસંગે મારે એક સ્થળે જવું છે. અને તમે મને સાંજે મળજો એટલે આપણે ઉતારા વગેરે માટે ચોક્કસ નિર્ણય ઉપર આવશું. ”

મુખ્ય અધિકારી સલક્ષ એ પ્રમાણે કહીને તરતજ પોતાના ઘોડાને શહેર તરફ દોડાવી ગયો. તે ગયા પછી જયદેવ અને રક્ષક મકાનની અંદર ગયા અને જયદેવે બધું મકાન તપાસી લીધું. છેવટે તે મકાનની બહાર નીકળતો હતો, તે વખતે તેની દૃષ્ટિ એક વ્યકિત ઉપર

પડી અને તરતજ તે સ્તબ્ધ થઇ ગયો. તેણે ઘોડાને ઉભો રાખ્યો અને એ વ્યકિત તરફ એકાગ્ર ચિત્તથી જોઇ રહ્યો. એ વ્યકિતનું ધ્યાન પણ જયદેવ તરફ દોરાયું અને તે પણ જયદેવને આતુર નયને જોઇ રહી. આ વ્યકિત એ બીજી કોઈ નહિ, પણ ધોળકાની પ્રસિદ્ધ ગુણિકા મેનકાજ હતી. જયદેવે તેને ઓળખી હતી અને મેનકાએ તેને ઓળખ્યો હતો. જેનું ઘણા દિવસો થયા ચિંતન કરતો હતો, તેને આમ અચાનક પ્રાપ્ત થયેલી જોઇને જયદેવને હર્ષાતિરેક થઇ ગયો અને તે પોતાના અધિકારને ભૂલી ગયો.

તેણે સામે ઉભેલા રક્ષકને પૂછ્યું. “ આજે ધોળકાથી ચાર મુસાફરો આવ્યા છે, તે કયાં ઉતર્યા છે ? ”

“ જી, આપના સામે જરા દૂર પેલી સ્ત્રી ઉભી છે ત્યાંજ તેઓ ઉતર્યા છે. ” રક્ષકે જવાબ આપતાં કહ્યું અને જયદેવનો ભાવ કળી જઇને ઉમેર્યું. “ અને તેમાં એક સ્ત્રી તો ઘણીજ સુંદર છે; પેલી સામે ઉભી તેજ. જાણે સ્વર્ગલોકની અપ્સરા ! ”

“ હા, એ છે તો તેવીજ. ” જયદેવે કહ્યું. “ પણ તેઓ ધોળકાનાજ હોય તો તેઓ કોણ છે, એ જાણવાની મને અગત્ય છે. ”

“ આજ્ઞા હોય તો હું બધી હકીકત પૂછી લાવું ? ” રક્ષકે આજ્ઞા માગી.

“ હું જાતેજ તેમને પૂછવા માગું છું. ” જયદેવે કહ્યું.

“ તો હું તેને અહીં બોલાવી લાવું ? ” રક્ષકે પૂછ્યું.

“ ના, અત્યારે તો મારે જવાની ઉતાવળ છે એટલે અહીં પૂછવાનું ફાવશે નહિ. ” જયદેવે કહ્યું.

“ ત્યારે આપના આવાસે તેને તેડી લાવું ? ” રક્ષક પાકો હતો. તે જયદેવનો ભાવ કળી ગયો હતો અને તેથીજ તેણે આ સ્વાલ પૂછવાની હિંમત કરી.

જયદેવ વિચારમાં પડયો.

રક્ષકે તરતજ કહ્યું. “ એમાં વિચાર કરવાની શી જરૂર છે ? આપ આ નગરના અધિકારી છો. મુસાફરોની તપાસ કરવી, એ આપનું કામ છે. ”

“ ભલે ત્યારે. ” એમ કહીને જયદેવ મેનકાને ગુપ્ત સંકેત કરીને ત્યાંથી ચાલ્યો ગયો.

હવે તે ફરવા નહિ જતાં બારોબાર પોતાના આવાસે ગયો અને કપડાં ઉતારીને ઓરડામાં આમ તેમ આંટા મારવા લાગ્યો. તે અત્યારે મેનકાના વિચારમાંજ મશગુલ બની ગયો હતો અને અત્યંત આતુરતાથી તેનાં આગમનની રાહ જોઈ રહ્યો હતો. થોડીવારમાં તેની આતુરતાનો અંત આવ્યો. મેનકા જયદેવની સન્મુખ આવીને ઉભી રહી. બન્નેની ચાર આંખો એક થઇ અને ઉભયનાં મુખમાંથી હાસ્ય ઝરવા લાગ્યું.

પ્રેમનો આવેશ શાંત થતાં તેઓ સાથેજ એક આસન ઉપર બેઠાં અને પછી જયદેવે આશ્ચર્યનો ભાવ દર્શાવીને મેનકાને પૂછયું. " પ્રિય મેનકા ! પણ તું અહીં શી રીતે આવી શકી ? હું ખંભાત ગયો છું, એ ખબર તને શી રીતે પડી ? "

મેનકાએ સહજ હસીને જવાબ આપ્યો. " મને એ વિષેની ખબર ગમે તે રીતે પડી; પરંતુ હું કેવી આવી છું ? "

" ખરેખર મારાં ખંભાત-ગમનની હકીકત મેળવીને અહીં આવવામાં તેં પૂરી ચાતુરી બતાવી છે અને તે માટે હું તને ધન્યવાદ આપું છું; પરંતુ મેં તને જે સ્વાલ પૂછયો છે, એનો જવાબ તારે આપવો તો પડશેજ. " જયદેવે મેનકાની ચાતુરીને વખાણીને આગ્રહથી કહ્યું.

" તે તો હું તમને કહેવાનીજ છું. " મેનકાએ કહ્યું. " મહામાત્યનો સેવક તમને તેડી જવા આવ્યો અને તમે તેની સાથે ગયા, તેજ વખતથી મને શંકા પડી હતી કે આપણને જૂદા પાડવાને માટે મહામાત્યે કાંઇ પ્રપંચ કર્યો હશે અને છેવટ થયું પણ તેમજ. તમે એ સેવકની સાથે ગયા કે તરતજ મેં મારા એક માણસને તમારી પાછળ મોકલ્યો હતો અને તે માણસ તમે ખંભાત તરફ રવાના થયા, ત્યાંસુધીની હકીકત મેળવીને સાંજે પાછો આવ્યો હતો, એ પછી મેં અહીં આવવાનો અને તમને મળવાનો નિશ્ચય કર્યો. થોડા દિવસોમાં ધોળકાનાં મારાં મકાન વગેરેની ગોઠવણ કરીને હું અહીં આવવા નીકળી અને માર્ગમાં કોઈ પણ પ્રકારની હરકત થયા વિના સુખરૂપ તમારી સેવામાં આ રીતે હાજર થઈ શકી. "

જયદેવ મેનકાની હકીકત સાંભળીને ખુશી થઇ ગયો. તેણે આનંદના અતિરેકથી કહ્યું. " વ્હાલી મેનકા ! તું અહીં આવી પહોંચી એ ઘણુંજ ઉત્તમ થયું છે. આ ઉપરથી તારો મારા ઉપર કેવો અને કેટલો

અગાધ પ્રેમ છે, એ હું જાણી શક્યો છું. ખરૂં કહું તો મને ખંભાત આવવાની જરા પણ ઈચ્છા નહોતી; કારણકે એથી તારો વિયોગ થવાનો હતો; પરંતુ મંત્રીશ્વર અને મારા પિતાના આગ્રહને માન આપ્યા વિના બીજો કોઇ ઉપાય મારા માટે રહ્યો નહોતો. મંત્રીશ્વર મને ખંભાત મોકલીને આપણને જૂદા પાડવાને માગે છે, એવી મને પ્રથમ ખબર પડી નહોતી અને તેથીજ મેં તેમના આગ્રહનો સ્વીકાર કર્યો હતો; પરંતુ જો મને એમના પ્રપંચની પ્રથમથીજ ખબર પડી હોત, તો હું ખંભાત જવાની સ્પષ્ટ ના પાડત. પણ હવે થયું તે ખરૂં. તારાં મીલનથી આપણું વિયોગદુઃખ ટળી ગયું છે અને હવે આપણે અહીં આનંદે મોજમજા માણી શકશું."

"હા; તમારૂં કથન સત્ય છે અને મોજમજા માણવાને માટે તો હું અહીં આવી છું; પરંતુ આપણે તેમ કરી શકશું કે નહિ, એ શંકાસ્પદ છે." મેનકાએ કાંઇક ગંભીર બનીને કહ્યું.

જયદેવે આતુરતાથી પૂછ્યું. "એનું શું કારણ ?"

"કારણ તો તમે પણ જાણતાજ હશો. મહામાત્ય અહીં ખંભાત આવવાના છે, એ શું તમે જાણતા નથી ?" મેનકાએ જવાબ આપતાં પૂછ્યું.

"હા; એ હું જાણું છું અને તને અહીં આવેલી જાણીને તે આપણને જૂદા પાડવા વળી કાંઇક નવો પ્રપંચ રચ્યા વિના રહેશે નહિ." જયદેવે સહજ દિલગીરીયુક્ત સ્વરથી કહ્યું.

મેનકા ક્ષણવાર વિચારમાં પડી ગઈ. પણ તે દિલગીર તો થઇ નહોતીજ. તેને દિલગીર થવાનું કાંઈ કારણ પણ નહોતું. તે કળાવતી ગુણિકા હતી. અને પોતાની કળાથી તેણે અનેક મોટા મોટા પુરૂષોને મહાત કર્યા હતા. મેનકાને પોતાની કળાનો ગર્વ હતો. તેનો કળાવિષયક ગર્વ તેની ઝીણી આંખોમાં તરવરવા લાગ્યો અને તેનું સ્થૂલ શરીર ગર્વથી વધારે પ્રફુલ્લિત બન્યું.

તેણે નિશ્ચયાત્મક ભાવથી કહ્યું. "પ્રિય જયદેવ ! તમે દિલગીર શા માટે થાઓ છો ? મહામાત્ય આપણને હવે જૂદા પાડી શકશે નહિ. તેમનો પ્રપંચ આ વખતે ચાલશે નહિ. વસ્તુપાળ ધોળકાના મહામંત્રી છે; હું ધોળકાની પ્રસિદ્ધ કળાવતી છું. જોઉં છું કે તે મને શી રીતે તમારાથી દૂર કરી શકે છે? તેને મહાત કરી તેની ચાતુરી અને તેના પ્રપંચ ઉપર પાણી ન ફેરવું, તો મારૂં નામ મેનકા નહિ, સમજ્યા કે ?"

મેનકાનાં આશ્વાસનજનક અને ઉત્તેજક વચનોથી જયદેવની દિલગીરી ચાલી ગઈ અને તે પુનઃ આનંદમગ્ન બની ગયો.

તેણે આનંદના આવેશથી મેનકાના કોમળ કરને પોતાના હાથમાં લીધો અને તે તેનાં સુંદર મુખચંદ્રને વિવશતાથી જોઇ રહ્યો.

મેનકાએ પણ જયદેવનાં મુખ સામે જોયું અને સ્મિત હાસ્ય કર્યું. જયદેવ એ હાસ્યમાં સ્વર્ગનું સુખ અનુભવવા લાગ્યો. મહામાત્ય વસ્તુપાળની ધાકને, પોતાના અધિકારને અને પોતાની પ્રતિષ્ટાને ખંભાતનો અધિકારી બનેલો મૂર્ખ જયદેવ ભૂલી ગયો.

થોડીવાર રહી જયદેવે પૂછ્યું. " પણ તું મહામાત્યને શી રીતે મહાત કરી શકીશ ? "

" તેવો વખત આવ્યેથી જોઇ લેવાશે. અત્યારે એ વિષયની ચર્ચા કરવાની જરૂર નથી. " મેનકાએ જવાબ આપ્યો અને પૂછ્યું. " ઠીક, પણ અમારે રહેવાને માટે શી ગોઠવણ કરી છે ? અમે એકંદર ચાર માણસો છીએ. "

" આ મકાનમાંજ. " જયદેવે ઉત્તર આપ્યો.

" ના, તમારાં મકાનમાં અમારાથી રહી શકાશે નહિ. અમને એક જૂદું પણ નજીકનું મકાન જોશે અને તેમાંજ અમે રહેશું. " મેનકાએ કહ્યું.

" ભલે; આજેજ હું તમને રહેવા લાયક મકાનની તપાસ કરાવીશ. " જયદેવે કહ્યું.

મેનકા હવે આસન ઉપરથી ઉભી થઇ અને જયદેવની રજા માગતાં કહેવા લાગી. " ત્યારે હું હવે જવાની આજ્ઞા માગું છું અને મકાનની તપાસ કરાવી તમે મને ખબર આપશો એટલે અમે તેમાં રહેવાને જઇશું. "

એટલું કહીને મેનકા ત્વરાથી પેલા રક્ષકની સાથે ચાલી ગઇ અને ખંભાતનો અધિકારી જયદેવ કાંઇક તંદ્રામાં તથા કાંઇક મોહનિદ્રામાં પડયો પડયો અવનવી કલ્પનાઓમાં ગુંથાઇ ગયો.

# પ્રકરણ ૭ મું.

## મોહમુગ્ધ.

ખંભાત દેવાલયોનું નગર હતું. નગરની અંદર અને બહાર શૈવ અને જૈન ધર્માનુયાયીઓનાં અનેક મંદિરો શોભી રહ્યાં હતાં. આમાં કોઇ નાનાં અને કોઇ મોટાં હતાં, પણ પ્રત્યેકમાં માણસોની ભીડ રહેતી હતી. આ દેવાલયોમાં સંધ્યા સમયે જ્યારે આરતી ગવાતી હતી, ત્યારે આખું નગર જાણે ગાનના તાલમાં રમતું હોય, એમ જણાતું હતું.

આ પ્રકરણની શરૂઆત થાય છે, ત્યારે સંધ્યાનો સમય હતો અને સૂર્યદેવ કોપાયમાન જેવા રક્તવર્ણીય મુખે અસ્તાચળ તરફ ત્વરાથી પ્રયાણ કરતાં છેવટ ક્ષિતિજમાં જોવામાં આવતા હતા. દેવાલયોમાં આરતીની તૈયારીઓ થતી હતી. સૂર્યનારાયણનો કેવળ અસ્ત થયો કે તરતજ પ્રત્યેક દેવાલયમાં આરતીની શરૂઆત થઇ ગઈ અને તેના ઘોષથી સમસ્ત ખંભાત ગાજી રહ્યું.

ખંભાતનો વહીવટી—અધિકારી જયદેવ નગર બહાર ફરીને અત્યારે નગર તરફ વળતો હતો. તેના જવાના માર્ગની બાજુમાંજ એક જૈન દેવાલય હતું અને તેમાં થતો આરતીનો ઘોષ આસપાસ ગાજી રહ્યો હતો. જયદેવ એ દેવાલય પાસે થઇને નીકળ્યો, ત્યારે તેનાં આશ્ચર્યનો અવધિ આવી રહ્યો. તેણે પોતાના ઘોડાને એકદમ ઉભો રાખ્યો અને તે નીચે ઉતરી પડયો. ત્યારપછી ઘોડાને દેવાલયના રક્ષકને સોંપીને તે દેવાલયની અંદર ગયો. મંદિરનાં રંગમંડપમાં પ્રવેશીને તેણે જે દશ્ય જોયું, તેથી તે મંત્રમુગ્ધ બની ગયો અને ભગવાન્‌ની પ્રતિમાનાં દર્શન કરવાને બદલે એક અન્ય ચેતનમય વ્યક્તિનાં દર્શનકાર્યમાં ગુંથાઈ ગયો. મંદિરના મધ્ય ભાગમાં તરૂણ વયની સ્ત્રી ત્રિલોકનાથની આરતી ઉતારતી હતી, મંદિરનો પૂજારી મોટા ગંભીર નાદથી આરતી ગાતો હતો અને દર્શને આવેલાં અન્ય સ્ત્રી—પુરૂષો હાથની તાળીઓ સાથે આરતીને ઝીલતાં હતાં. આ દેખાવ ઉપરાંત બધાંની મધ્યમાં એક નવજુવાન બાળા પોતાના હાથમાં પકડેલી વીણામાં આરતીને ઉતારી લોકોને મંત્રમુગ્ધ બનાવી રહી હતી. આ બાળાએ શુભ્ર વસ્ત્રો પહેરેલાં હતાં, તેના કપાળમાં ચંદનનો લેપ કરેલો હતો અને તેના કંઠમાં સફેદ પારાની માળા શોભી રહી હતી. આ સુંદર બાળાનો કંઠ એટલો બધો સુમધુર હતો કે સ્વર્ગ લોકની અપ્સરાઓનું ઉત્તમ દેવગાન તેના કંઠમાંથી નીકળતાં ગાનની તુલનામાં

કેવળ ઉતરતું હતું, એમ જયદેવને જણાયા વિના રહ્યું નહિ. આરતી સંપૂર્ણ થઇ અને લોકોએ જયજયકારથી આખો પ્રદેશ ગજાવી મૂકયો. જયદેવ મંદિરના અંદરના ભાગમાંથી બહાર આવ્યો અને મુખ્ય પ્રવેશદ્વાર પાસે આવીને ઉભો રહ્યો. દર્શને આવેલાં લોકો ધીમે ધીમે નગર તરફ વળી રહ્યાં હતા; પરંતુ તેમાં પેલી વીણાધારી બાળા જણાતી નહોતી.

દેવાલયના રક્ષકે જયદેવનો ઘોડો લાવી હાજર કર્યો. જયદેવે તેની લગામ પકડીને પૂછ્યું. "આરતી વખતે વીણાને ધારણ કરી તેમાં આરતીને ઉતારતી હતી, એ જુવાન સ્ત્રી કોણ છે ? તું તેને ઓળખે છે ?"

રક્ષકે નમ્રતાથી જવાબ આપ્યો. "ના, જી. હું તેને ઓળખતો નથી. તે બે કે ત્રણ દિવસથી રોજ સાંજે આરતી વખતે અહીં આવે છે એટલુંજ હું માત્ર જાણું છું."

"પહેલા કોઈ દિવસ તે આવતી હતી કે કેમ ?" જયદેવે પુનઃ પૂછ્યું.

"જી, ના. તે પહેલા કોઇ દિવસ મેં તેને જોઇ નથી." રક્ષકે જવાબ આપ્યો.

"પૂજારી તેને ઓળખે છે ખરો ?" જયદેવે ફરીથી પૂછ્યું.

"પૂજારી તેને ઓળખતો હોય કે ન હોય, તે તો તે જાણે; પરંતુ તે તેનું તથા એક બીજી સ્ત્રીનું માન બહુ સાચવે છે." રક્ષકે ઉત્તર આપ્યો.

"બીજી સ્ત્રી કોણ છે ?" જયદેવે પ્રશ્નમાળા શરૂજ રાખી.

"હમણાં ભગવાનની આરતી ઉતારતી હતી તે." રક્ષકે તરતજ ઉત્તર આપ્યો.

"તેને પણ તું ઓળખતો નથી કે ?" જયદેવે વાતમાં વધારે ઉંડા ઉતરવાને પ્રશ્ન કર્યો.

"ના, જી." રક્ષકે ટુંકો ઉત્તર આપ્યો.

જયદેવ મૌન ઉભો રહ્યો. ક્ષણવાર રહી તેણે રક્ષકને આજ્ઞા કરી "ઠીક, પૂજારીને અહીં બોલાવી લાવ."

રક્ષક તરતજ પૂજારીને બોલાવી લાવવા ગયો અને થોડીજવારમાં પૂજારી સહિત પાછો આવ્યો.

પૂજારી અવસ્થાએ વૃદ્ધ અને સ્વભાવે બાળક હતો. તેણે જયદેવની

સન્મુખ આવીને નમસ્કાર કર્યો અને બાળકની જેમ બેદરકારીથી કહ્યું. "શું કામ છે, મારૂં ?" ખંભાતનો અધિકારી જયદેવ પૂજારીની બેદરકારીથી સહેજ ક્રોધે ભરાયો, પણ તેણે ક્રોધને કાબુમાં રાખીને કહ્યું "તમારૂં કામ છે અને તેથીજ તમને બોલાવ્યા છે."

"ભલે, જે કામ હોય તે કહી નાંખો; કારણ કે મારે હજી બીજું ઘણું કામ છે." પૂજારીએ જવાબ આપતાં કહ્યું.

જયદેવે વિચાર કર્યો કે આ માણસને સત્તાનો પરિચય કરાવ્યા વિના ચાલશે નહિ; પણ સત્તાનો પરિચય કરાવ્યાથી પૂજારી ખરી હકીકતને છુપાવે એવો સંભવ તેને જણાયો અને તેથી પુજારીની બેદરકારીને ધ્યાન બહાર કરીને જયદેવે પૂછ્યું. "હમણાં આરતી વખતે વીણા વગાડતી હતી, એ જુવાન સ્ત્રી અને આરતી ઉતારતી હતી, એ તરૂણ સ્ત્રી કોણ છે, એ તમે જાણો છો? તમે તેને ઓળખો છો ?"

"આપને એ જાણવાનું શું પ્રયોજન છે?" પુજારીએ જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

પુજારીના પ્રશ્નથી જયદેવને ફરીથી ક્રોધ ઉત્પન્ન થયો. તેણે પૂજારીને સત્તાનાં બળથી આંજી નાંખવાનો વિચાર કર્યો, પણ બીજીજ ક્ષણે તેણે એ વિચારને જતો કર્યો; કારણ કે રૂઆબથી પૂજારી ખરી હકીકત કહી દે તેવો નથી, એવી ખાતરી જયદેવને થઇ હતી.

જયદેવે નરમાશથી કહ્યું "મારે પ્રયોજન છે, તેથીજ તમને પુછું છું."

પૂજારીએ શાંતિથી કહ્યું. "અજાણી સ્ત્રીઓની ઓળખાણ જાણવાનું આપને શું પ્રયોજન છે, એ મને સમજાતું નથી. આ દેવમંદિર છે દેવમંદિરમાં ગમે તે માણસ સ્ત્રી કે પુરૂષને આવવાની છુટ છે."

"તેઓની હકીકત જાણવાનું મને કાંઇ ખાસ કારણ નથી. જે કાંઇ કારણ કિંવા પ્રયોજન છે, એ માત્ર એટલુંજ કે હું ઘણીવાર આ મંદિરમાં દર્શનાર્થે અને તે પણ આરતી વખતેજ આવું છું, પરંતુ આજપર્યંત કોઇ દિવસ એ સ્ત્રીઓને મેં જોઇ નથી અને તેથીજ મારે તમને તેમની ઓળખાણ વિષે પુછવું પડયું છે." જયદેવે કહ્યું.

"તેઓ માત્ર છેલ્લા બે કે ત્રણ દિવસથીજ અહીં આવે છે, એ ખરૂં છે; પરંતુ એથી તેમની ઓળખાણ મેળવવાનું આપને કાંઇ પ્રયોજન હોય એમ હું માનતો નથી. અજાણી અને જુવાન કિંવા તરૂણ સ્ત્રીઓ વિષે પુછપરછ કરવી, એ આપના જેવા સન પુરૂજૈષને યોગ્ય નથી." પૂજારીએ કહ્યું.

આ વખતે રાત્રિનો અંધકાર ધીમે ધીમે ફેલાતો જતો હતો. પણ ત્યાં રક્ષકે બે દીપકો પ્રગટાવ્યા હતા અને તેથી તેના પ્રકાશમાં પુજારીની શાંત, ગંભીર અને નીડર મુખમુદ્રા જોઇને જયદેવને હવે ખરેખરો ક્રોધ ઉત્પન્ન થયો.

તેણે જરા આવેશથી કહ્યું. "પૂજારી ! તારી બેદરકારી અને વાચાલતાને હું હવે વધારેવાર ચાલવા દઇશ નહિ. હું કોણ છું તે તું જાણે છે ?"

પૂજારી નિશ્ચળ રહ્યો. તેણે પુર્વવત્ શાંતિથી જવાબ આપ્યો. "જી, હા. આપ આ નગરના માનનીય અધિકારી છો."

"તો પછી હું તને આજ્ઞા કરૂં છું કે તારે એ સ્ત્રીઓ કોણ છે, તેમનાં નામ શાં છે અને તેઓ કયાં રહે છે, એ બધી હકીકત સાચેસાચી વિના વિલંબે કહી. દેવી અજાણ્યાં માણસ–ચાહે તો તે સ્ત્રી હોય કે પુરૂષ હોય તેની ઓળખાણ મેળવી લેવી, એ અમારૂં કામ છે, એ શું તું જાણતો નથી ?"

"હું એ જાણું છું; પરંતુ એ કામ તો આ નગરના મુખ્ય અધિકારી શ્રીમાન્ સલક્ષ મહેતાનું છે: આપનું નથી." પૂજારીએ ગંભીરતાથી જવાબ આપતાં કહ્યું.

પૂજારીના ઉત્તરથી જયદેવનો પીત્તો ઉકળી આવ્યો. તેણે ક્રોધભર્યા સ્વરે કહ્યું "તારે કશી પંચાત કરવાની નથી; પરંતુ હું જે પુછું તેનો સીધો ઊત્તર આપવાનો છે, સમજ્યો !"

આ વખતે દર્શને આવેલા ઘણાં માણસો ચાલ્યાં ગયાં હતાં. માત્ર પાછળ થોડાં રહેલાં તે અત્યારે મંદિરની બહાર નીકળતાં હતાં. તેમાં પેલી બે સ્ત્રીઓ પણ હતી. પૂજારી અને જયદેવનો વિવાદ સાંભળીને તે બન્ને તે સ્થળે ઉભી રહી.

જયદેવને વધારે ક્રોધે ભરાયલો જોઈ પૂજારીએ તે બન્ને સ્ત્રીઓને બતાવી કહ્યું "આપ મારા ઉપર ગુસ્સે થાઓ છો; પરંતુ જેની ઓળખાણનીં આપને અગત્ય છે. તે બન્ને સ્ત્રીઓ આ ઊભી, તેનેજ પૂછી જૂઓ કે તમે કોણ છો ?"

દીપકના પ્રકાશમાં જયદેવે તે બન્ને સ્ત્રીઓને ધ્યાનપૂર્વક જોઇ; બન્નેમાંથી મોટી સ્ત્રી કે જે લગભગ પ્રૌઢાવસ્થાનાં દ્વારે પહોંચી ગઇ હતી, તે શ્યામ હતી. તેણે વસ્ત્રો પણ સાદાં અને સફેદજ પહેરેલાં હતાં અને આંખ તથા મુખના ભાવને એવી રીતે ફેરવી નાંખ્યા હતા કે માત્ર

જોવાથીજ તેને કોઈ ઓળખી શકે તેમ નહોતું અને બીજી નવજુવાન બાળા તો તેના પહેરવેશ ઉપરથી સંસારત્યાગ સંન્યાસીનીજ જણાતી હતી.

પૂજારીનાં કથન પછી જયદેવ કેટલીકવાર પર્યંત કાંઇ બોલ્યો નહિ એટલે પેલી સ્ત્રીએ પૂજારી તરફ જોઇને કહ્યું " પૂજારી ! આ સામે ઊભેલા પુરૂષ કોણ છે અને અમારી ઓળખાણ શા માટે મેળવવા માગે છે ? "

પૂજારીએ તરતજ જવાબ આપ્યો. " એ પુરૂષ તો આ નગરના અધિકારી છે; પરંતુ તે તમારી ઓળખાણ શું કારણથી જાણવા માગે છે, એની મને ખબર નથી. "

તે સ્ત્રીએ જયદેવને પુછ્યું " અમારી ઓળખાણ મેળવવાને આપ માગો છો શું ? "

જયદેવ જરા શરમાયો. તે સ્ત્રીની ઓજસપૂર્ણ મુખમુદ્રા જોઇને તેને ક્ષોભ થયો. તેણે ધીમા સ્વરે જવાબ આપતા કહ્યું " હું તો પૂજારીને સહજ પૂછતો હતો કે તમે તથા વીણા બજાવનાર સ્ત્રી કોણ છે. તમારી ઓળખાણ મેળવવાનું મને કાંઈ ખાસ કારણ નથી. "

" બહુ સારૂ " એટલું કહીને તે સ્ત્રી તથા તેની સાથેની બીજી જુવાન સ્ત્રી બન્ને મંદિરના મુખદ્વારમાંથી બહાર નીકળી નગર તરફ રવાના થઈ ગઇ.

તે પછી જયદેવ પણ ઘોડેસ્વાર થઇને ત્યાંથી ચાલ્યો ગયો, તે તેના આવાસે આવ્યો, પણ તેનું મન તેના તાબામાં નહોતું. રૂપની લાલસાવાળુ તેનું ચંચળ મન પેલી જુવાન બાળાનાં રૂપમાં પરોવાઇ ગયું હતું અને તેને પ્રાપ્ત કરવાં માટે અનેક પ્રકારની અવનવી કલ્પનાઓ કરતું હતું. મેનકા અસાધારણ સૌંદર્યવતી હતી અને સ્વાભાવિક રીતે તેનો કંઠ અત્યંત મધુર હતો. પરંતુ જયદેવે આજે જે જુવાન બાળાને જોઈ હતી, તેના નિર્મળ રૂપ-લાવણ્ય આગળ અને તેના સુમધુર કંઠ આગળ મેનકા કાંઇ હિસાબમાં નહોતી. રૂપના પ્યાસી જયદેવનું મસ્તક ભ્રમિત થઈ ગઇ હતું અને તેથી તેણે ધુનમાં ને ધુનમાં તે બાળાને ગમે તે ભોગે મેળવવાની પ્રતિજ્ઞા કરી.

હવે જગત્ ઉપર રાત્રિનું સામ્રાજ્ય જામી ગયું હતું. આ વખતે જયદેવ મેનકાની પાસે હંમેશ જતો હતો. આજે પણ તે તેની પાસે જવાને નીકળ્યો. પોતાની સાથે તેના એક વિશ્વાસુ સેવકને લઇ તે મકાનમાંથી રવાના થયો. મેનકાના માટે એક જૂદું મકાન લેવામાં આવ્યું હતું. તે જયદેવનાં

મકાનથી બહુ દૂર નહોતું. રાત્રિએ જયદેવ ત્યાં જતો હતો અને ત્યાં મોજમજા ભોગવતો હતો. જયદેવ મેનકાનાં મકાન નજીક આવી પહોંચ્યો, ત્યારે તેના બન્ને કાનમાં અમૃત રેડાવા લાગ્યું. તે મીઠાં મોહક ગાનને સાંભળવાને ક્ષણ વાર ત્યાંજ ઉભો રહ્યો. પ્રથમ તો તેને લાગ્યું કે મેનકા ગાઇ રહી છે; પરંતુ ત્યારપછી તેને જણાયું કે આ અવાજ મેનકાનો નથી. તેને તરતજ યાદ આવ્યું કે આજ સાંજે નગર બહારનાં મંદિરમાં જે બાળા વીણાની સાથે ગાઇ રહી હતી, તેનોજ આ અવાજ છે. મેનકાનાં મકાનથી થોડે દૂર આવેલાં એક બીજાં મકાનમાંથી એ અવાજ આવતો હતો અને તે એટલો બધો કર્ણપ્રિય અને સુમધુર હતો કે જયદેવે તેજ વખતે એ સ્થળે જવાનો નિશ્ચય કર્યો. સંગીતની પાછળ પાછળ જેમ મૃગ જાય છે, તેમ જયદેવ એ અવાજની દિશા તરફ ગયો. અને થોડાજ વખતમાં એ સ્થળે જઇ પહોંચ્યો. મકાનનું મુખદ્વાર ખુલ્લું હતું અને બે રક્ષકો ત્યાં ઉભા હતા. તેઓએ જયદેવને નમન કર્યું. જયદેવ તેમની સાથે કાંઇ વાતચિત્ત નહિ કરતાં સીધો મકાની અંદર ચાલ્યો ગયો; કારણ કે તેને અંદર જતાં મકાનના રક્ષકોએ અટકાવ્યો નહિ અને તેથી સંગીતથી મંત્રમુગ્ધ બનેલો જયદેવ અંદર બેધડક ચાલ્યો ગયો.

મકાનના જે ખંડમાંથી અવાજ આવતો હતો, તે ખંડ સુધી જયદેવ ગયો અને બહારથી નજર કરી અંદર જોયું તો સાંજે મંદિરમાં જોયેલી યૌવનવતી બાળા વીણાની સાથે પરમાત્માની સ્તુતિનું મધુર ગાન ગાઈ રહી હતી અને બીજી સ્ત્રી તેના સામે બેઠી હતી. આ અલૌકિક દૃશ્ય જોઇને જયદેવનું ચંચળ મન કબજામાં રહી શક્યું નહિ. સારાસારનો કાંઇ પણ વિચાર કર્યા વિના તે ખંડની અંદર એકદમ જઇને ઉભો રહ્યો. તેને જોતાંજ બન્ને સ્ત્રીઓ ઉભી થઇ ગઇ અને તેમાંથી પ્રૌઢ વયની સ્ત્રીએ તેને આવકાર આપતાં કહ્યું.

"પધારો જયદેવજી ! આ આસન ઉપર બેસો."

એ સ્ત્રીના મુખેથી પોતાનું નામ સાંભળીને જયદેવને કાંઇ થોડું ઘણું આશ્ચર્ય થયું નહિ; પરંતુ ખંભાત નગરના અધિકારી તરીકે તેને કોણ ઓળખતું નથી, એમ મનનું સમાધાન કરી તે આસન ઉપર બેઠો.

તે પછી બન્ને સ્ત્રીઓ સ્વસ્થાનકે બેઠી. ક્ષણ વાર રહી મોટી સ્ત્રીએ વિનયથી કહ્યું. "જયદેવજી ! આપે આ વખતે અમારાં મકાનમાં

પધારી ખરેખર અમને ઉપકૃત કર્યાં છે; આપ કૃપા કરીને આપનાં આગમનનાં પ્રયોજનને કહેશો, તો વિશેષ ઉપકાર થશે."

આ દરમ્યાન જયદેવ તો પેલી નવજુવાન કુસુમકળીને જોવામાં તલ્લીન થઇ ગયો હતો; પરંતુ એ સ્ત્રી બોલતી બંધ થઇ એટલે તેનાં કથનનો કાંઇક ઉત્તર આપવો પડશે, એમ વિચારીને તે જરા સ્વસ્થ થયો અને એ સ્ત્રીના સામે જોઇને બોલ્યો.

"પ્રથમ તો મને આપેલા આવકાર માટે હું તમારો અત્યંત આભારી છું." જયદેવે કહ્યું. "અને મારાં આગમનનું પ્રયોજન તો કાંઇ ખાસ નથી. આજ સાંજે નગર બહારનાં મંદિરમાં મેં આ યુવતીનું ગાન સાંભળ્યું હતું અને તે એટલું બધું કર્ણપ્રિય હતું કે હજી પણ એ અવાજ અને કંઠની હલકને હું વિસરી ગયો નથી. એજ વખતથી હું તમારી ઓળખાણ મેળવવાને અને તમારા પરિચયમાં આવવાને આતુર બન્યો છું; પરંતુ મંદિરના પૂજારીની કુટિલતાથી તે વખતે તમારા પરિચયને મેળવી શકયો નહોતો. પણ મારે તમારા પરિચયમાં તરતજ આવવું, એવો ઇશ્વરી સંકેત હોવાથી હું અત્યારે ફરવાને નીકળ્યો. મારાં મકાનથી થોડે દૂર આવતાં સાંજે મંદિરમાં સાંભળેલો અવાજ પુનઃ મારા સાંભળવામાં આવ્યો અને અવાજની દિશા તરફ ચાલતાં છેવટ હું અહીં તમારી સન્મુખ આવી પહોંચ્યો. આ ઉપરથી મારા આગમનનું કારણ તો તમે સમજી શકયાં હશો ?"

જયદેવનું લાંબુ કથન પૂરૂં થયું એટલે એ સ્ત્રીએ કહ્યું. "હા, આપ સાંજે મંદિરમાં દર્શન માટે આવ્યા હતા અને પૂજારીને અમારી ઓળખાણ પૂછતા હતા, એ મને યાદ છે."

"ત્યારે હવે તમે કોણ છો, કયાંના રહેવાસી છો અને તમારાં નામ શાં છે, તે કહેશો તો તમારો મારા ઉપર ઉપકાર થશે. જયદેવે આર્જવતાથી કહ્યું.

"આપ અમારી ઓળખાણ મેળવવાને આટલા બધા આતુર કેમ છો, એ હું સમજી શકતી નથી." એ સ્ત્રીએ સહજ આશ્ચર્યનો ભાવ દર્શાવી કહ્યું. "પણ જ્યારે આપ અમારો પરિચય મેળવવાને આતુરજ છો, ત્યારે આપને સજ્જન પુરૂષ ધારીને અમારો પરિચય આપવાને મને કશી હરકત નથી."

એટલું કહીને એ સ્ત્રી ક્ષણવાર ચૂપ રહી. તેણે એક વાર જયદેવ તરફ અને એક વાર તેની પાસે બેઠેલી યુવતી તરફ જોયું અને ત્યાર-

પછી કહ્યું. જયદેવજી ! અમે ધોળકાના રહેવાસી છીએ, અને યાત્રાને માટે નીકળ્યાં છીએ. જુદે જુદે સ્થળે યાત્રા કરતાં કરતાં અમે થોડાક દિવસોથી અહિં ખંભાતમાં આવ્યા છીએ. આ નગર મંદિરોનું પ્રખ્યાત સ્થળ હોવાથી અમારો વિચાર અહીં કેટલાક દિવસો રહેવાનો છે અને ત્યારબાદ ભરૂચ જવાનો છે. અમે બન્ને બ્હેનો છીએ. મારૂં નામ તેજપ્રભા અને મારી નાનીબ્હેનનું નામ કમળા છે."

જયદેવે ખુશી થતાં કહ્યું. "તમારો પરિચય મેળવીને હું ઘણો કૃતાર્થ થયો છું; પરંતુ હજી મારી એક અભિલાષા છે અને તે જો તમારી બ્હેન પૂર્ણ કરશે, તો હું વધારે કૃતાર્થ થઇશ."

"આપની શી અભિલાષા છે ?" તેજપ્રભાએ પૂછ્યું.

"મને સંગીતનો ઘણો શોખ છે અને એ કળા તમારી બ્હેન બહુ સારી રીતે જાણતા જણાય છે; માટે એકાદ સુમધુર ગાન તેમના કોકિલ કંઠથી સંભળાવવાની તે કૃપા કરે તો મને ઘણો આનંદ થશે." જયદેવે પોતાની અભિલાષા કહી બતાવી.

તેજપ્રભાએ કમળા તરફ જોયું. અને પછી કહ્યું. "ભલે આપની એ અભિલાષાને કમળા પૂર્ણ કરશે; આપના જેવા મોટા માણસની અભિલાષાને અમારે માન આપવું જોઇએ."

એ પછી તેજપ્રભાએ કમળાને નેત્રસંકેત કર્યો. કમળાએ વીણાને હાથમાં લીધી અને તેને બજાવવાનું શરૂ કર્યું, ગાનની શરૂઆત કરતાં તેનાં મુખ ઉપર લજ્જા અને શરમની છાયા છવાઇ ગઈ; પરંતુ મહા મહેનતે તેને દૂર કરીને તેણે તેના કંઠને ખુલ્લો મૂકયો. ગાન જેમ જેમ વધવા લાગ્યું તેમ તેમ જયદેવ મસ્ત બનીને ડોલવા અને વચ્ચે વાહ વાહના શબ્દ પૂકારવા લાગ્યો. કમળાએ આ વખતે પોતાની કળાને એવી તો સર્વોત્તમ રીતે દર્શાવી આપી અને વિરહવ્યથાનું ગાન એવા તો હાવભાવપૂર્વક ગાઈ બતાવ્યું કે જયદેવ જેવો રસિક યુવક મસ્ત બની ડોલવા લાગે તો એ સર્વથા સ્વાભાવિકજ હતું.

ગાન પૂરૂં થયું પણ જયદેવની તંદ્રા ઉડી નહિ, એટલે તેજપ્રભાએ કહ્યું. "જયદેવજી ! શો વિચાર કરો છો ?"

જયદેવે તંદ્રામાંથી જાગીને કહ્યું. "વિચાર તો એજ કરૂં છું કે આવી ઉત્તમ કળા ધરાવવાને માટે તમારી બ્હેનની હું શી પ્રશંસા કરૂં અને મારા આનંદને શી રીતે બાહેર દર્શાવી આપું ? કમળાનો કંઠ એટલો બધો મધુર છે કે એ માનુષી સ્ત્રી નહિ પણ દેવકોટીની કિન્નરી છે."

તેજપ્રભાએ કમળા તરફ જોઇને સ્મિત હાસ્ય કર્યું. અને તે જોઇને કમળા શરમાઇ ગઇ; તેણે અવનત મુખે એકવાર જયદેવ તરફ જોઈ લીધું.

થોડી વાર પછી જયદેવે કહ્યું. "મને સંગીતનો એટલો બધો શોખ છે કે કોઇ ગાનાર હોય, તો હું દેહનું પણ ભાન ભૂલીને સાંભળ્યાજ કરૂં અને તેથી કમળા હજી પણ ગાય અને હું સાંભળું એવી મારી આંતરિક ઇચ્છા છે; પરંતુ આજને આજજ તમને વધારે તસ્દી આપવાની મારી ઇચ્છા નથી. તમને જો મારાં આગમનથી કશી હરકત પડતી ન હોય, તો હું હંમેશા અહીં આ વખતે આવીને કમળાની ગાયનકળાનો લાભ લીધા કરીશ."

તેજપ્રભાએ તરતજ કહ્યું. "આપના જેવા સજ્જન પુરૂષ અમારાં આંગણે આવે, એ તો અમારૂં સદ્ભાગ્ય કહેવાય. આપનાં આગમનથી અમને કશી પણ હરકત પડવાની નથી; આપ ખુશીથી પધારજો."

"એ માટે હું તમારો આભાર માનું છું." જયદેવ એમ કહીને આસન ઉપરથી ઉઠયો અને પોતાના હાથની આંગળીમાંથી બહુમૂલ્ય વીંટી કહાડીને કહ્યું. "આપણી પરસ્પરની આજની ઓળખાણની યાદગીરીમાં હું આ નિર્જીવ ભેટ કમળાને આપવા ઇચ્છા રાખું છું. જે સ્વીકારી મને વધારે આભારી કરશો. એવી આશા છે."

તેજપ્રભાએ કમળાને કહ્યું. "કમળા ! જયદેવજી ઓળખાણનાં સ્મરણચિન્હ તરીકે એ ભેટ તને આપતા હોવાથી તે લેવામાં કશી પણ હરકત નથી; માટે ખુશીથી તું તેનો સ્વીકાર કર.

કમળાએ કિંચિત ક્રોધભરી નજર તેના તરફ કરી અને પછી અવનત મુખે પોતાનો કમળદંડ સમાન હાથ લાંબો કર્યો, જયદેવે એ નવજુવાન યુવતી તરફ તૃષાતુર નયનોએ જોતાં જોતાં તેના હાથમાં વીંટી મૂકી પછી ઇચ્છા નહિ છતાં પણ તે ધીમે ધીમે ત્યાંથી ચાલ્યો ગયો.

# પ્રકરણ ૮ મું.

## દુષ્ટનું દમન.

ખંભાતમાં મહામાત્ય વસ્તુપાળની સ્વારી આવ્યાને કેટલાક દિવસો વ્યતિત થઇ ગયા હતા. ખંભાત વસ્તુપાળના સીધા અધિકા-

રમાં હોવાથી તેનો વિચાર ખંભાતમાં હાલ તુરત રહેવાનો હતો. કારણ કે લાંબો સમય એક સ્થળે રહેવાથી રાજ અને પ્રજાની સ્થિતિ કેવી છે અને અધિકારીઓ તરફથી લોકોને કાંઇ દુઃખ છે કે નહિ, એ બધી હકીકત સત્ય સ્વરૂપમાં જાણી શકાય છે, એમ તેની માન્યતા હતી. સજ્જનોનું સન્માન અને દુષ્ટોનું દમન એ વસ્તુપાળનું રાજકીય ખાસ ધ્યેય હતું અને તેથી તે સાધુ, સન્યાસી, પંડિત, કવિ, અને ચિત્રકાર ઈત્યાદિનું સન્માન કરતો હતો અને તેમને રાજમદ, ધનમદ કે સત્તાના મદથી આંધળા બનેલા મનુષ્યો તરફથી કાંઇ હરકત થાય છે કે નહિ, એની બહુ કાળજી રાખતો હતો. તેના અધિકારમાં ઐશ્વર્યને માન નહોતું; પરંતુ વિદ્વતા અને સજ્જનતાને બહુમાન હતાં અને એવા ગુણી મનુષ્યોને મહામાત્ય ઉત્તેજન આપવામાં જરા પણ કચાશ રાખતો નહતો. વસ્તુપાળ માત્ર રાજ્યનો પ્રધાન કે સૈન્યનો સેનાનાયકજ નહોતો, પરંતુ તે વિદ્વાન, પંડિત અને કવિ હતો અને તેથી પ્રજાજનો તેને પોતાનો આત્મબંધુ ગણીને હૃદયથી પૂજતા હતા.

ખંભાતમાં વસ્તુપાળનો આવાસ જુદો હતો. એ આવાસના એક ખંડમાં વિદ્વાનોની સભા ભરીને તે બેઠો હતો અને કવિઓની અવનવી કલ્પનામાં આનંદનો અનુભવ કરી રહ્યો હતો. વસ્તુપાળ એટલો બધો રસિક હતો કે પોતાની રસવૃત્તિને પોષવાની ખાતર તે કેટલાક રસજ્ઞ કવિઓને પોતાની સાથેજ રાખતો હતો અને રાજ્યકાર્યમાંથી જ્યારે જ્યારે વખત મળતો, ત્યારે ત્યારે તે કવિઓને એકઠા કરીને કાવ્યાલાપ કરવામાં મોજ માનતો હતો. કેટલોક સમય આનંદનો આ રીતે ઉપભોગ કર્યા પછી વસ્તુપાળ રાજ્યકાર્યને માટે બીજા ખંડમાં ગયો અને વિદ્વાનો પોતપોતાના કામને માટે ચાલ્યા ગયા. આ ખંડમાં સલક્ષ અને જયદેવ બન્ને બેઠા હતા. મહામાત્યને જોઇ તેમણે ઉભા થઇને તેનું સન્માન કર્યું. વસ્તુપાળ પોતાનાં આસન ઉપર બેઠો એટલે સલક્ષ અને જયદેવ પણ ઉચિત જગ્યાએ બેસી ગયા અને ક્ષણવાર એ ખંડમાં શાંતિ પથરાઇ રહી.

થોડી વાર પછી વસ્તુપાલે સલક્ષ તરફ જોઇને પૂછ્યું; " મહેતા ! જયદેવને હવે કામકાજમાં કાંઇ અડચણ આવતી નહિ હોય અને તેમને અહીં ખંભાતમાં રહેવું પણ ગમતું હશે."

" આપની માન્યતા સત્ય છે." સલક્ષે જવાબ આપ્યો. " પ્રથમ તેમને બરોબર ગમતું નહોતું અને આખો દિવસ ઉદાસ રહ્યા કરતા હતા, પરંતુ હવે તો તેમને અહીં રહેવાનું બહુજ ગમી ગયું છે.

તેમજ રાજકાર્યમાં પણ તે ઉમંગથી ભાગ લે છે. મને લાગે છે કે જયદેવ થોડાજ સમયમાં રાજ્યના દરેક કામમાં કુશળ બની જશે."

"એટલા માટે તો મેં તેમને અહીં તમારી પાસે મોકલ્યા છે અને જાણીને મને સંતોષ થાય છે કે તેમને અહીં મોકલવાનો મારો હેતુ લગભગ પાર પડ્યો છે." વસ્તુપાળે જયદેવની તરફ જોઈને કહ્યું.

જયદેવ અવનત મુખે આ વાર્તાલાપ સાંભળી રહ્યો હતો; પરંતુ તેના મનમાં શંકા હતી કે મેનકાનું આગમન વસ્તુપાળના જાણવામાં આવ્યું છે કે નહિ. આ વાર્તાલાપ એટલેથી અટકી જાય તો ઠીક, એમ તે ઇચ્છતો હતો અને થયું પણ એમજ. વસ્તુપાળનું કથન પૂરૂં થતાં સલક્ષ બોલવા જતો હતો; પણ તે કાંઈ પણ બોલે એ પહેલાં વસ્તુપાળનો એક સેવક ખંડમાં આવી પહોંચ્યો અને મહામાત્યને નમીને સામે ઉભો રહ્યો.

વસ્તુપાળે તેના સામું જોયું એટલે તેણે નમ્રતાથી કહ્યું. "આ નગરનો એક વણિક આપને મળવાને માટે ઇચ્છે છે અને આજ્ઞાની રાહ જોતો બહાર ઉભો છે."

"તેને અંદર આવવા દે." વસ્તુપાળે આજ્ઞા કરી.

સેવક નમીને ચાલ્યો ગયો અને થોડીવારમાં મધ્યમ વયના એક પુરૂષે એ ખંડમાં પ્રવેશ કર્યો. તેણે સાદાં વસ્ત્રો પહેરેલાં હતાં અને તેની મુખકાન્તિ તેજસ્વી પણ સહજ ઝાંખી પડી ગયેલી હતી. તે મહામાત્યને અને સલક્ષ તથા જયદેવને અનુક્રમે નમ્યો અને સન્મુખ ઉભો રહ્યો.

વસ્તુપાળે તેને બરોબર નિહાળી લઇને કહ્યું. "મને મળવાને માટે આવ્યા છો, તે તમેજ કે ?"

"જી, હા." તે વણિકે ઉત્તર આપ્યો.

"બેસો." વસ્તુપાળે તેને બેસવાની સૂચના કરતાં કહ્યું. "તમારૂં નામ શું છે ?" વણિકે સામે બેસતાં જવાબ આપ્યો. "મારૂં નામ દેવજી છે."

"દેવજી !" વસ્તુપાળે તેને તેનાં નામથી સંબોધીને કહ્યું. "તમે મને શું કારણથી મળવાને આવ્યા છો ? તમારે કાંઇ ખાનગી વાત કહેવાની હોય, તો આપણે એકાંતમાંજ રહીએ."

મહામાત્યનું કથન સાંભળતાંજ સલક્ષ અને જયદેવ તરતજ ઉભા થયા.

દેવજીએ તેમના તરફ જોઇને કહ્યું. "જી, ના. મારે કાંઇ ખાનગી વાત કહેવાની નથી. મારે તો એક બાબતમાં ફરિયાદ કરવાની છે."

"બેસો." વસ્તુપાળે સલક્ષ અને જયદેવને અનુલક્ષીને કહ્યું. અને પછી દેવજીને પૂછ્યું. "શી ફરિયાદ કરવાની છે અને કોની વિરૂદ્ધ ?"

દેવજીએ ક્ષણવારપર્યંત વિચાર કરીને કહેવા માંડયું. "મંત્રીશ્વર ! મારે જે ફરિયાદ કરવાની છે, તે આ નગરના ધનાઢ્ય મુસલમાન વ્યાપારી સદીકની વિરૂદ્ધની છે. હકીકત એવી છે કે અમે આ નગરના રહેવાસી છીએ. મારા પિતા સગર નિર્ધનાવસ્થામાં આવી જવાથી અમારાં કુટુંબનો નિર્વાહ ચલાવવા માટે વહાણવટી સદીકની સેવાવૃત્તિ કરતા હતા. આ સદીક વહાણવટી કેટલાક વર્ષોથી આ નગરમાં આવીને રહેલ છે અને તેનો વ્યાપાર બહોળો હોવાથી તથા તેનાં વહાણો દેશપરદેશમાં જતાં હોવાથી તે મોટો શ્રીમંત બની ગયો છે. ધનના મદથી તે એટલો બધો અભિમાની બની ગયો છે કે સર્વ કોઇને તૃણ સમાન ગણે છે અને રાજના અધિકારીઓની પણ પરવા કે દરકાર કરતો નથી. મારા પિતા આ વેપારીની ચાકરી કરતા હતા. એક દિવસ મારા પિતા પોતાના શેઠના વેપારને માટે સમુદ્રમાર્ગે પરદેશ ગયા અને ત્યાં કેટલોક સમય રહી ઘણું ધન પેદા કરીને પાછા આવ્યા. તેમણે પેદા કરેલું બધું ધન સદીકને આપી દીધું હતું; તો પણ કોઇ દુર્જનની સલાહથી મારા પિતા ઉપર શંકા લાવીને તેણે અમારૂં સર્વસ્વ લુંટી લીધું અને ગુપ્ત રીતે મારા પિતાનો વધ કરાવી નાંખ્યો. આ પ્રમાણે તેણે અમારા ઉપર અન્યાય ગુજાર્યો છે અને એટલા માટેજ હું આપની પાસે ન્યાય મેળવવાને આવ્યો છું. આપ આ નગરમાં પધાર્યા, તે પહેલાં મેં શ્રીમાન્ સલક્ષ મહેતા પાસે આ બાબતમાં ફરિયાદ કરી હતી; પરંતુ તેમણે આજપર્યંત એ વિષયમાં કાંઇ કર્યું હોય, એમ મને જણાતું નથી. હવે તો આપ મારી હકીકત ધ્યાનમાં લઇ મને ન્યાય આપશો, તો હું આપનો ઉપકાર જીવનભર ભૂલીશ નહિ."

દેવજીની હકીકત સાંભળીને વસ્તુપાળ વિચારમાં પડી ગયો. ક્ષણવાર રહી તેણે સલક્ષને પૂછ્યું. "દેવજીની આ હકીકત સત્ય છે ? તેણે તમારી પાસે ન્યાય મળવા વિનંતિ કરી હતી ?"

"તેણે મારી પાસે ફરિયાદ કરી હતી; પરંતુ આપની સ્વારી

આવવાની હોવાથી આપની પાસેજ તેનો ન્યાય કરાવવા માટે મેં આજપર્યંત એ સંબંધમાં કાંઇ તપાસ કરી નથી. હવે આપની આજ્ઞા હોય, તે પ્રમાણે કરવાને હું તૈયાર છું." સલક્ષે જવાબ આપતાં કહ્યું.

"સલક્ષ મહેતા !" વસ્તુપાળે ગંભીરતાથી કહ્યું. "તમારી આ રીત પ્રશંસાપાત્ર નથી. દેવજીએ ફરિયાદ કરી કે તરતજ તમારે તપાસ કરી યોગ્ય ન્યાય આપવો જોઇતો હતો; કારણ કે એ વિષયમાં તમને સંપૂર્ણ અધિકાર છે. ન્યાય મેળવવાને માટે પ્રજાજનોને સહજ પણ મુશ્કેલી ભોગવવી ન પડે, એ મારો ખાસ આશય છે અને તમે એ આશયને જાણતાં છતાં આ કામમાં ઢીલ કરી છે, એ કોઇ રીતે યોગ્ય કર્યું નથી."

"એ માટે હું દિલગીર છું." સલક્ષે પોતાની દિલગીરી જાહેર કરી.

"ઠીક, પણ ભવિષ્યમાં હવે તમે સાવચેત રહેજો." વસ્તુપાળે એમ કહીને દેવજી તરફ જોયું અને તેને કહ્યું. "દેવજી ! તમારી હકીકતને મેં બરોબર સાંભળી છે અને તમને યોગ્ય ન્યાય આપવાને માટે સદીકને હું હમણાંજ અહીં બોલાવું છું."

દેવજી કાંઇ ન બોલતાં ગુપચૂપ બેસી રહ્યો એટલે વસ્તુપાળે સદીકને બોલાવી લાવવાની સલક્ષને આજ્ઞા આપી. સલક્ષે તરતજ એક સેવકને બોલાવી લાવવા મોકલ્યો.

દરમ્યાન વસ્તુપાળે દેવજીને કહ્યું. "તમારે નિર્વાહનું કાંઈ સાધન ન હોય, તો તે માટે રાજ્યની સેવા કરવાની તમારી ઈચ્છા છે ? અને જો તમારી એવી ઇચ્છા હોય, તો હું તમને રાજ્યની સેવામાં ઘણી ખુશીથી રાખીશ."

દેવજીએ ખુશી થતાં કહ્યું. "હાલમાં મારૂં સર્વસ્વ લુંટાઇ ગયું હોવાથી સ્વતંત્ર વેપાર કરવા મારી પાસે ધન નથી અને તેથી હું રાજ્યની સેવામાં રહેવાને ઘણોજ ખુશી છું. આપ કૃપા કરીને મને મારા લાયક જગ્યા આપશો, તો હું આપનો ઉપકાર માનીશ."

"ભલે, આજથીજ હું તમને જયદેવ મહેતાની નીચે કોષાગારમાં નામુ લખવાનાં કામ ઉપર નિયુક્ત કરૂં છું અને તમે જો સારૂં કામ કરશો, તો આગળ ઉપર તમને મોટી જગ્યા આપવામાં આવશે." વસ્તુપાળે કહ્યું.

દેવજીએ મહામાત્યનો આભાર માન્યો અને ત્યારબાદ તે આગળ બોલવા જતો હતો એટલામાં જે સેવક સદીકને બોલાવી લાવવાને ગયો

હતો, તે આવી પહોંચ્યો અને તેણે મહામાત્યને નમીને કહ્યું. "આપની આજ્ઞાથી હું સદીક વહાણવટીને બોલાવવાને ગયો હતો. તેના આવાસે જઇ મેં આપની આજ્ઞા તેને કહી દર્શાવી એટલે તે ક્રોધાતુર બની ગયો અને આપની સન્મુખ આવવાની સ્પષ્ટ ના પાડી. વિશેષમાં તેણે કહેવરાવ્યું છે કે હું કોઇ પણ અધિકારીનાં ઘેર જતો નથી; માટે મંત્રીશ્વરને કામ હોય, તો ખુશીથી મારાં ઘેર આવે."

વસ્તુપાળ સેવકનું કથન સાંભળીને ક્રોધાતુર થયો નહિ. માત્ર તેની વિશાળ આંખો સખ્ત થઇ અને તેણે પોતાનો હાથ મૂછો ઉપર ફેરવ્યો. તેના ભવ્ય કપાળ ઉપરની કરચલીઓ સ્પષ્ટ દેખાવા લાગી.

તેણે સલક્ષને પ્રશ્ન કર્યો, "ત્યારે શું આપણે સદીકનાં ઘેર જવું પડશે?"

સલક્ષે સરળતાથી ઉત્તર આપ્યો. "હા, એમજ. અમારે પણ કાંઇ કામ હોય, તો તેને અહીં નહિ બોલાવતાં અમે જાતેજ તેનાં ઘેર જઇએ છીએ."

સલક્ષનો ઉત્તર સાંભળીને વસ્તુપાળની લાલ આંખો વધારે લાલ થઇ. તેણે ગંભીરતાથી કહ્યું. "ભલે, ચાલો ત્યારે."

એમ કહેતાંજ વસ્તુપાળ ઉઠયો. તેણે સેવકને નેત્રસંકેત કર્યો એટલે તે નમીને તરતજ ચાલ્યો ગયો. વસ્તુપાળ તૈયાર થઇને આવાસની બહાર નીકળ્યો. તેની પાછળ સલક્ષ, જયદેવ અને દેવજી પણ બહાર નીકળ્યા. આવાસનાં મુખદ્વારે વસ્તુપાળનો ઘોડો અને બીજાં સો ઘોડેસ્વારો તૈયાર ઉભા હતા. વસ્તુપાળ ઘોડા ઉપર સ્વાર થયો. સલક્ષ અને જયદેવ પણ ઘોડેસ્વાર થઇને આગળ ચાલ્યા. તેમની પાછળ વસ્તુપાળ અને તેની પાછળ સો ઘોડેસ્વારો એ પ્રમાણે ચાલતાં તેઓ બધા સદીકનાં મકાને આવી પહોંચ્યા. સદીક વહાણવટીનું મકાન એક ભવ્ય મહાલય હતું અને તેનાં જેવું મજબુત, સુંદર અને વિશાળ મકાન આખા ખંભાતમાં નહોતું. મહાલયના મુખદ્વારે પચીશ રક્ષકો હથિયારબંધ બેઠેલા હતા. તેઓ બધા ઉભા થઇ ગયા અને આ બધી શી હકીકત છે, એ સંબંધી પૂછપરછ કરવા લાગ્યા; તે દરમીયાન વસ્તુપાળના સૈનિકોએ વસ્તુપાળની આજ્ઞાથી તે બધાને કેદ કરી લીધાં. વસ્તુપાળ, સલક્ષ અને જયદેવ ઘોડા ઉપરથી ઉતરીને સીધા મહાલયની અંદર ચાલ્યા ગયા. તેમની પાછળ વસ્તુપાળના દશ માણસો પણ ગયા. સદીક બેઠકના ખંડમાં ગાદી તકીએ પડ્યો હતો અને નગરના કેટલાક વેપારીઓની

સાથે વેપાર સંબંધી ચર્ચા કરી રહ્યો હતો. મહામાત્ય વસ્તુપાળ વગેરે એ ખંડમાં આવી પહોંચ્યા. તેઓ ખંડની અંદર ગયા અને તેના માણુસો બહાર ઉભા રહ્યા. સદીકનો દેખાવ અને તેનો ઠાઠમાઠ બાદશાહને છાજે તેવો હતો, તેનું કાળુ પણ ભવ્ય મુખ, લાલ આંખો અને લાંબી દાઢીથી તે મર્દ માણુસ હોય, એમ જણાતું હતું.

તેણે સલક્ષ વગેરે અધિકારીઓને જોઈ વસ્તુપાળ તરફ નજર કરીને ગર્વભર્યા અવાજે પૂછયું. " તમે ધોળકાના મહામાત્ય વસ્તુપાળ કે ? આવો, બેસો અને મારૂં શું કામ પડયું છે, તે કહો. "

વસ્તુપાળે કરડી નજરે એ વેપારીને નિહાળીને જોઇ લીધો અને પછી સામો પ્રશ્ન કર્યો. " તમેજ સદીક વહાણવટી કે ? "

"હા; શું તમે મને ઓળખતા નથી ?" સદીકે જરા હસીને કહ્યું. દુનિયામાં સર્વ કોઇ આ સદીકને તો ઓળખે છે અને તમે ઓળખતા નથી, એ નવાઇની વાત છે. "

" નવાઈ તો ખરીજ. " વસ્તુપાળે ગંભીરતાથી કહ્યું " પણ ગુજરાતના મહામાત્ય વસ્તુપાળને તમે પણ ઓળખતા જણાતા નથી. "

" હરગીજ નહિ. " સદીકે તરતજ કહ્યું. " અધિકારીઓની ઓળખાણ હું રાખતોજ નથી; કારણકે મને તેમની શી પરવા છે ? "

" ત્યારે અમારે તમારી શી દરકાર છે કે તમારી ઓળખાણ રાખીએ ? " વસ્તુપાળે સ્વાલ કર્યો.

" અરે એ શું બોલો છો ? " સદીકે ટટ્ટાર બેસતાં કહ્યું. " આલમમશહુર સદીકની કોને પરવા નથી ? તમે અધિકારીઓ તો શું પણ રાજાઓ સુદ્ધાંત મારી પરવા અને દરકાર રાખે છે. "

વસ્તુપાળની આંખો સતેજ થઇ. તેણે કિંચિત જુસ્સાથી કહ્યું. " ઠીક, જવાદો એ વાતને. પણ તમે સગર વેપારીને વિના કારણે લુંટી લઇ મારી નાંખ્યો છે?"

દેવજી વસ્તુપાળની પાસેજ ઉભો હતો. તેના સામે કરડી નજરે જોઈ સદીકે જવાબ આપવાને બદલે પૂછયું. " તેનું તમારે શું કામ છે ? "

" આ દેવજીએ એ સંબંધમાં તમારી વિરૂદ્ધ ફરિયાદ કરી છે અને તેથી મારે તેનો ન્યાય આપવો છે. " વસ્તુપાળે શાંતિથી જવાબ આપ્યો.

હવે સદીક ક્રોધાતુર બની ગયો. તેની આંખોમાંથી અંગારા ખરવા લાગ્યા. તેણે જુસ્સાથી કહ્યું. "મારો ન્યાય કરનાર આ આલમમાં તો કોઇ નથી. મહેતાજી! તમારે એ સિવાય બીજું કાંઈ કામ હોય તો કહો અને નહિ તો ચાલ્યા જાઓ. આ સદીકને તમે હજી ઓળખતા નથી એટલે આવી ધ્રષ્ટતા કરવા તૈયાર થયા છો."

"પણ તમારે મારા પ્રશ્નનો ઉત્તર તો આપવોજ પડશે." વસ્તુપાળે દૃઢતાથી કહ્યું. "દેવજીની ફરિયાદ ખરી છે કે ખોટી અને તમારો કાંઇ દોષ છે કે નહિ, એ મારે ખાસ જાણવું છે."

સદીક ગાદી ઉપર ઉભો થઈ ગયો. તેણે તીરસ્કારથી કહ્યું. "મારી પાસેથી ઉત્તર મેળવનાર તમે કોણ છો, એ હું સમજી શકતો નથી, તમે ગમે તેવા પણ રાજના નોકર છો અને હું સ્વતંત્ર શેઠ છું. મને જે યોગ્ય લાગ્યું, તે સગરના સંબંધમાં મેં કર્યું છે, અને તેથી તમારે તે સાથે કાંઇ લેવાદેવા નથી. તમે તમારે જેવા આવ્યા છો, તેવા ચાલ્યા જાઓ; નહિ તો તમારો જાન પણ જોખમમાં આવી પડશે."

હવે મહામાત્યનો રંગ બદલાઇ ગયો. તેણે જુસ્સાથી ક્રોધભર્યા અવાજે કહ્યું. "સદીક! મેં જે પ્રશ્ન તમને પૂછયો છે, તેનો સ્પષ્ટ ઉત્તર તમારે આપવો છે કે નહિ?"

સદીકે પણ તેટલાજ જુસ્સાથી જવાબ આપ્યો. "હરગીજ નહિ."

"એમ કે?" વસ્તુપાળે ફાટી આંખે કહ્યું. "તો પછી સંભાળ તારી તલવારને."

એમ કહેતાંજ વસ્તુપાળે પોતાની તલવારને મ્યાનમુક્ત કરી. સદીકની તલવાર પણ ગાદી ઉપરજ પડી હોવાથી તેણે મહામાત્યનું અનુકરણ કર્યું અને તે જુસ્સાથી વસ્તુપાળ ઉપર ધસી આવ્યો. વસ્તુપાળ જે અત્યાર સુધી દૃઢતાથી ઉભો હતો, તે ત્વરાથી બાળકની જેમ ખસી ગયો અને સદીકની જમણી બાજુએ જઇ તેણે સદીકના હાથ ઉપર તલવારનો એક ફટકો લગાવી દીધો. તરતજ તેના હાથમાંથી તલવાર પડી ગઈ અને જેવો તે તેને લેવા નીચે વળ્યો કે તેવોજ વસ્તુપાળે તેને બળપૂર્વક ધક્કો મારીને નીચે પાડી દીધો અને તે પોતે તેના ઉપર ચડી બેઠો. તે પછી તેણે તેના માણસોને બૂમ પાડી બોલાવ્યા અને તેમને સદીકને કેદ કરી કારાગૃહમાં લઈ જવાની આજ્ઞા આપી દીધી.

તેઓ સદીકને પકડીને લઇ ગયા, તે પછી વસ્તુપાળે સલ્લક્ષને

કહ્યું. " મહેતા ! અમે હવે જઇએ છીએ અને તમે સદીકની બધી મીલ્કતને કબજે કરી રાજભંડારમાં અત્યારેજ મોકલવાની ગોઠવણુ કરો. અને ત્યારબાદ તમે મારી પાસે આવજો. "

એમ કહીને મહામાત્ય વસ્તુપાળ જયદેવ અને દેવજીને સાથે લઈ ત્યાંથી ચાલ્યો ગયો.

તે ગયા પછી સલક્ષે સદીકની બધી મીલ્કત પોતાના માણુસો પાસે કબજે કરાવી રાજભંડારમાં મોકલી આપી. સદીકના માણુસો સામા થયા, તે બધાને મહાત કરીને કેદ પકડી લીધા અને તેનો આવાસ પોતાના માણુસોને સોંપી તે મહામાત્યના આવાસે ગયો.

# પ્રકરણુ ૯ મું.

## કળાવતી મેનકા.

પ્રિય જયદેવ ! કહો કે ન કહો; પણુ તમે મને હવે પ્રથમની જેમ ચાહતા નથી. મને તમારૂં ચિત્ત કેટલાક દિવસ થયા વ્યાકુળ જણુાય છે અને તમે મારી ઉપેક્ષા કરતા જણુાઓ છો. હું ગુણિકા છું, એ તમે જાણો છો. કોઇ એકજ પુરૂષ ઉપર પ્રેમ રાખવો, એ અમારો આચાર નથી અને ગમે તે ઉપાયે ધન પેદા કરવું, એ અમારો વ્યવસાય છે. તે છતાં મારા આચારવ્યવસાયનો ત્યાગ કરી હું માત્રતમનેજ ચાહું છું અને તમારા ઉપર પ્રાણુ પાથરૂં છું, એ તમે કેમ ભૂલી જાઓ છો ! પાટણુને છોડી હું અહીં શા માટે આવી છું ? માત્ર તમારા માટેજ. પણુ તમને મારા આ સ્વાર્થત્યાગની કશી કિંમત નથી. મેં સાંભળ્યું છે કે તમે એક અન્ય રમણી ઉપર મોહિત થયા છો અને તે માટેજ મારી ઉપેક્ષા કરવા લાગ્યા છો; તમે વ્યાકુળ પણુ એટલા માટેજ રહ્યા છો. શું આ વાત સત્ય છે ? "

જયદેવની પ્યારી મેનકા ઉપર પ્રમાણે બોલીને છેલ્લો પ્રશ્ન કરી ચૂપ રહી અને સામે આસન ઉપર બેઠેલા જયદેવના સામે એકાગ્રતાથી જોઇ રહી.

જયદેવ મેનકાનું આ વિચિત્ર કથન સાંભળીને આભોજ બની ગયો. તેણે મેનકાને કદિ આવા સ્વરૂપમાં ગંભીરતાથી વાત કરતાં જોઇ નહોતી.

હાસ્ય અને આનંદના ભંડારસમી મેનકા સદૈવ મોજમજામાં રહેતી હતી અને જયદેવને નિરવધિ આનંદ પમાડતી હતી. પણ તે છેવટનું વાક્ય સાંભળીને સમજી ગયો કે કમળાની થોડી ઘણી હકીકત મેનકાના જાણવામાં આવી હશે.

તેણે મુખ ઉપર હાસ્ય લાવીને કહ્યું. “ પ્યારી મેનકા ! મોજમજા અને ગાનતાનની વાત છોડીને તું આજે આ શી વાત કરે છે, તે હું સમજી શકતો નથી. આનંદ અને હાસ્ય, એ તારાં સ્વભાવસિદ્ધ લક્ષણો છે, તેનો ત્યાગ કરીને આજે તું ગંભીર બની ગઇ છું, અને મારા પ્રેમમાં શંકાને સ્થાન આપે છે, એનું શું કારણ ? ”

“ કારણને તો તમે જાણો છો. તે છતાં મને પૂછો છો ? એ તમારી ધૃષ્ટતા છે, કહો, કહો; તમે કઇ રમણીના પ્યારમાં ફસાયા છો ? એનામાં મારા કરતાં વિશેષ શું છે ? ” મેનકાએ કાંઇક ગુસ્સાથી અને કાંઇક જુસ્સાથી પૂછ્યું.

“ તુંજ કહીદેને કે હું કઇ રમણીના પ્યારમાં ફસાયો છું અને તેનામાં તારા કરતાં વિશેષ શું છે ? ” શો ઉત્તર આપવો, એ નહિ સુજવાથી જયદેવે તેનુંજ વાક્ય પકડીને સામો પ્રશ્ન કર્યો.

“ કોઇ રખડતી સાધુડી જેવી જણાતી સ્ત્રી કે જે કેટલાક દિવસ થયા આ નગરમાં આવીને રહી છે, તેના પ્યારમાં તમે ફસાયા છો, એ વાત શું ખોટી છે ! હંમેશાં રાતે તેના ઉતારે તમે જાઓ છો અને ભક્તિરસના પદો સાંભળો છો, એ શું અસત્ય છે ! ” મેનકાએ જયદેવના પ્રશ્નના ઉત્તરરૂપે એ પ્રશ્નો કર્યા.

મેનકાએ હકીકત બરોબર મેળવી છે, એમ જયદેવે તરતજ જાણી લીધું અને તેથી હવે શો ઉત્તર આપવો, એ વિષે તે વિચાર કરવા લાગ્યો. કેટલીકવાર પર્યંત તેણે વિચાર કર્યો; પરંતુ કોઇ ઉત્તર જડી આવ્યો નહિ.

મેનકાએ તરતજ કહ્યું. “ કેમ ઉત્તર આપતા નથી, જયદેવ ! મેં તમને જે સ્ત્રીની વાત, કહી, તેનું નામ કમળા છે અને તે સાથે તેજપ્રભા નામે બીજી સ્ત્રી પણ છે, કેમ ખરૂં ને ! ”

જયદેવ હજી પણ શો ઉત્તર આપવો, એ સંબંધમાં વિચાર કરતો મૌન બેઠો હતો.

મેનકાએ કહ્યું; “ અને તમે કમળા ઉપર મોહિત થયા છો; કારણ કે તે નવયૌવના છે; બાકી રૂપ અને ગાયનકળા તો જેમ તેનામાં છે,

તેમ મારામાં પણ છે. પણ મને દિલગીરી એજ થાય છે કે તમે રખડતી સાધુડી જેવી જણાતી સ્ત્રીના મોહમાં શું જોઈને ફસાયા છો ! તેનામાં મારા કરતાં શી વિશેષતા રહેલી છે કે તમે તેના ઉપર મોહિત થયાછો ! ”

જયદેવ શી રીતે કહી શકે કે કમળામાં મેનકા કરતાં ઘણી વિશેષતા સમાયેલી હતી, મેનકા અવશ્ય રૂપવતી હતી; પણ તેનું રૂપ અગ્નિની પ્રચંડ જ્વાળા સમાન હતું, જ્યારે કમળાનું રૂપ શીતળ ચંદન સમાન હતું. મેનકાની આંખો ચંચળ હતી અને તેમાંથી અભિમાન ઝરતું હતું, જ્યારે કમળાની આંખો શાંત હતી અને તેમાંથી શુદ્ધ પ્રેમની જ્યોતિ જળહળતી હતી. અને મેનકાનું સમસ્ત શરીર સ્થૂલ મદભર્યું હતું અને તેના પ્રત્યેક અવયવમાંથી કામદેવના બાણો નીકળતાં હતાં, જ્યારે કમળાનું સમસ્ત શરીર કોમળ હતું અને તેના પ્રત્યેક ભાગમાંથી અમૃત વર્ષતું હતું. ટુંકામાં મેનકાના રૂપદર્શનથી માણસનું મન ઉત્તેજક બનતું હતું, જ્યારે કમળાનાં રૂપદર્શનથી માણસનું મન નિરવધિ આનંદમાં ડુબી જતું હતું. પણ આ સત્યને સ્પષ્ટ કરવાની જયદેવમાં હિંમત નહોતી. મેનકાના પાશમાં તે એવો સપડાઇ ગયેલો હતો કે તેને સ્પષ્ટ કહી નાંખીને તેનો ત્યાગ કરી શકે તેમ નહોતું.

જયદેવે જરા હસીને કહ્યું. “ વ્હાલી મેનકા ! તારૂં કથન કેટલેક અંશે સત્ય છે અને કેટલેક અંશે અસત્ય છે. કમળા ગાયનકળામાં કુશળ હોવાથી હું હંમેશા તેના ઉતારે તેનું ગાન સાંભળવાને જાઉં છું; પરંતુ હું તેના મોહમાં ફસાયો નથી. તું જાણે છે કે મને ગાનતાનનો ઘણો શોખ છે અને તેથી તેની મજા માણવાને માટે હું ગમે ત્યાં જવાને પણ અચકાતો નથી. બાકી મારો જે પ્રેમ તારા ઉપર છે, તે કોઇ રીતે ન્યુન થવાનો નથી, એ નિશ્ચયથી માનજે. ”

“ પણ તમારે ગાન સાંભળવું હોય તો હું કયાં નથી ! ” મેનકાએ કહ્યું. “ હું ગાયનકળા જાણું છું, અને તે માટે આખું ધોળકા મારી પાછળ ગાંડુ થયેલ છે, એ તમે જાણો છો; તેમ છતાં મારૂં ગાન સાંભળવું પડયું મૂકીને એક અજાણી અને ગાયનકળાથી અજ્ઞાત સ્ત્રીનું ગાન સાંભળવા હંમેશાં જાઓ છો, એજ બતાવી આપે છે કે તમે એ સ્ત્રીના મોહમાં ફસાયા છો. ”

મેનકાનું બોલવું સાંભળીને જયદેવ અવનત મુખે મૌન બેસી રહ્યો હતો. મેનકાએ આગળ કહ્યું. “અને તમે તેના મોહમાં ફસાયા છો, એનું બીજું પણ કારણ છે અને તમારાથી તેની ના પાડી શકાશે નહિ. ”

જયદેવે જીજ્ઞાસાથી પૂછ્યું. " તે કારણ શું છે ? "

" એજ કે તમે પ્રથમની જેમ હવે મારી પાસે આવતા નથી; પહેલા હંમેશાં આવતા હતા અને હવે ચાર કે છ દિવસે આવો છો. તમે મારી ઉપેક્ષા કરો છો, એનું આ સ્પષ્ટ ઉદાહરણ છે. " મેનકાએ કારણને સ્પષ્ટ કરતાં કહ્યું.

જયદેવ મેનકાને રીઝવવાની વિચારમાળા મનમાં ગોઠવતો જતો હતો. તેણે કહ્યું. " મેનકા ! પણ તેં દર્શાવેલાં કારણનો મારી પાસે બચાવ છે, હવે હું તારી પાસે હંમેશાં આવતો નથી, એનું કારણ તું કલ્પે છે તેથી બીજુંજ છે. હમણાં મહામાત્યની સ્વારી અહીં આવેલી છે અને તેથી મારે ઘણો સમય તેમની પાસે રહેવું પડે છે તથા રાજ્યનાં કામોમાં ગુંથાઈ રહેવું પડે છે. આ કારણથી હું, તારી પાસે દરરોજ આવી શકતો નથી."

" બરોબર છે." કળાવતી મેનકાએ વ્યંગમાં કહ્યું. " અને તેમ છતાં કમળાની પાસે તો હંમેશાં જઈ શકો છો."

જયદેવથી હવે કાંઈ કહી શકાય તેમ નહોતું. તેણે સહજ દિલગીરીનો ભાવ દર્શાવતાં કહ્યું. " વ્હાલી મેનકા, આજે તારાં મનમાં શું ભૂત ભરાયું છે કે હંમેશાંની મોજમજાને મૂકી નિરર્થક વાદવિવાદમાં સમયને વ્યતિત કરે છે ? મેં જે કારણ દર્શાવ્યું, તે સત્યજ છે અને તે માનવું કે નહિ, એ તારી ઈચ્છાની વાત છે. બાકી જ્યાંસુધી મહામાત્યનો મુકામ અહીં રહેશે, ત્યાંસુધી મારાથી તારી પાસે નિયમિત આવી શકાશે નહિ; કારણકે મને તેમની તરફનો ભય પણ રહ્યા કરે છે કે જો તારાં આગમનની તેમને ખબર પડશે, તો વળી મને બીજા સ્થળે મોકલી દેશે અને એ રીતે ફરીને આપણો વિયોગ થશે."

" ઠીક છે." મેનકાએ ગંભીરતાથી કહ્યું. " તમને મહામાત્યનો જે ભય છે, તે દૂર થાય તો પછી તમે પ્રથમની જેમ નિયમિત આવશો ખરાને ?"

" અવશ્ય " જયદેવે ટુંકમાંજ ઉત્તર આપ્યો.

એ પછી મેનકાએ કાંઇ કહ્યું નહિ અને જયદેવ મેનકાની રજા લઈ સ્વસ્થાનકે ગયો. પાછળ મેનકા પોતાના વિચારમાં પડી ગઇ.

મેનકા ધોળકાની પ્રસિદ્ધ ગુણિકા હતી. તેને પોતાની કળાનું અભિમાન હતું. શોખીન લોકમાં તેનાં રૂપ અને કળાના ગુણાનુવાદ

ગવાતા હતા. મોટા શ્રીમંતો અને સત્તાધારીઓ તેની કૃપા મેળવવાને આતુર રહેતા હતા, પણ તેણે બધાનો તિરસ્કાર કરીને માત્ર જયદેવને પોતાનો પ્રેમી બનાવ્યો હતો. તે જયદેવને ખરા અંતઃકરણથી ચાહતી હતી અને તેથી તે પોતાના મોહપાશમાં કાયમ રહ્યા કરે, એવા પ્રયત્નમાં રહેતી હતી. પણ તેને ખબર નહોતી કે પુરૂષ ભોગી ભ્રમર છે; તે કદિપણ એકજ પુષ્પનો રસ ગ્રહણ કરતો નથી. રસ એકઠો કરવાને તેને ઘણાં પુષ્પો જોઈએ છીએ. જ્યારે મેનકાએ જાણ્યું કે તેનો પ્રિય જયદેવ કોઈ અજાણી સ્ત્રીના પ્રેમમાં ફસાયો છે, ત્યારે તેનાં અભિમાનને ફટકો પડયો. તેણે જયદેવને ગમે તે ઉપાયે પોતાના કાબુમાં રાખવાનો નિશ્ચય કર્યો અને તેણે એ નિશ્ચયનો પ્રાથમિક ઉપયોગ જયદેવ જ્યારે તેની પાસે આવ્યો ત્યારે ઉપર પ્રમાણે કર્યો.

વિચારમાં ને વિચારમાં તેને આખી રાત નિદ્રા આવી નહિ, તેણે ગમે તે ઉપાયે કમળા અને તેજપ્રભાની સાથે મિત્રતા બાંધવાનો નિશ્ચય કર્યો અને મહામાત્ય વસ્તુપાળને મહાત કરવાનું પણ લીધું. આખી રાત આવા પ્રકારના વિચારોમાં ગાળી તે જ્યારે પ્રભાતે ઉઠી, ત્યારે સૂર્યોદય થઈ ગયો હતો અને સમસ્ત ખંભાત પ્રવૃત્તિમાં પડેલું હતું. દંતધાવન, શૌચ ઈત્યાદિ કાર્યથી પરવારીને મેનકાએ ગૃહસ્થની સ્ત્રીને છાજતાં વસ્ત્રો પરિધાન કર્યાં અને ત્યારબાદ તે કમળાના ઉતારે જવાને નીકળી. કમળાનો ઉતારો બહુ દૂર નહિ હોવાથી મેનકા થોડીવારમાં ત્યાં પહોંચી ગઈ અને નોકરથી તપાસ કરાવી કમળા અને તેજપ્રભા જયાં બેઠી હતી, ત્યાં જઈને ઉભી રહી.

તેજપ્રભાએ તેના સામે જોયું અને તેને આશ્ચર્ય થયું. પણ તેણે આશ્ચર્યને છૂપાવી કહ્યું. “ આવો, બ્હેન ! તમે કોણ છો અને અત્રે શામાટે આવ્યા છો ? ”

મેનકાએ તેજપ્રભા તથા કમળાને ધ્યાનપૂર્વક જોઈ લીધા બાદ કહ્યું. “ હું એક ગૃહસ્થની સ્ત્રી છું અને તમારાં આ મકાનથી નજીકમાંજ રહું છું. આ મકાનમાં તમે આવીને રહ્યાં, ત્યારથી હું તમારી પાસે આવવાનો વિચાર કરતી હતી; પરંતુ ઘરનાં કામકાજને લઈ અવાતું ન હોતું. આજે દર્શન કરવા જતાં વિચાર થયો કે લાવને જરા જઈ આવું.”

તેજપ્રભાએ જરા હસીને કહ્યું. “ તમે આવ્યા એ સારૂં કર્યું. તમને જોઈને અમે ખુશી થયા છીએ. બેસોને બ્હેન ! ઉભા છો કેમ ? ”

મેનકાએ કમળાની પાસે બેસતાં કહ્યું. “ તમારૂં નામ તેજપ્રભા અને આ બ્હેનનું નામ કમળા ખરૂં ને ? ”

" હા. " તેજપ્રભાએ ટુંકો ઉત્તર આપતાં પૂછ્યું. " અને તમારૂં નામ શું છે ? "

" મારૂં નામ તો–" મેનકાએ જરા અચકાતાં જવાબ આપ્યો. " વિજયા "

" વિજયા બ્હેન ! વાહવાહ નામ તો ઘણું ઉત્તમ છે. " તેજપ્રભાએ કમળા તરફ જોઇ હસીને કહ્યું.

" અને તમારાં બન્નેનાં નામ પણ કયાં ઉત્તમ નથી " મેનકાએ કહ્યું. " પણ તેજપ્રભા બ્હેન ! તમે કયાંના રહેવાસી છો અને અહીં ખંભાતમાં શા અર્થે આવી રહેલાં છો ? "

" અમે રહેવાસી તો ધોળકાનાં છીએ. તેજપ્રભાએ સરલ ભાવે ઉત્તર આપ્યો. " અને યાત્રા નિમિત્તે નીકળેલાં છીએ. ખંભાત મંદિરોનું નગર હોવાથી યાત્રાનાં સ્થળ જેવું છે અને તેથીજ અમે અહીં આવ્યાં છીએ તેમજ હાલ અહીં રોકાવાનાં પણ છીએ. "

" બહુ સારી વાત છે. " મેનકાએ કહ્યું. " પણ તમે તથા તમારી બ્હેન કમળાએ કષાય વસ્ત્રો કેમ પહેર્યાં છે ? શું તમારો વિચાર સંસારનો ત્યાગ કરવાનો છે ? "

" ના, એમ તો નહિ; પરંતુ સંસાર ઉપર અમને બહુ મોહ રહ્યો નહિ હોવાથી અમે સાદાં વસ્ત્રો પહેરવાનું પસંદ કરીએ છીએ. " તેજપ્રભાએ ઉત્તર આપીને પૂછ્યું. " એ તો ઠીક, વિજયા બ્હેન ! પણ તમે આ નગરનાંજ રહેવાસી છો કે બીજા કોઇ નગરનાં ? "

મેનકાએ તેજપ્રભાનાં મુખનું અવલોકન કરીને ઉત્તર આપ્યો. " હું તો મૂળથીજ આ નગરની રહેવાસી છું; મારૂં પિયર તેમજ સાસરૂં બન્ને આ નગરમાંજ છે. "

" એમ કે ? " તેજપ્રભાએ જરા આશ્ચર્યનો ભાવ દર્શાવીને કહ્યું. " ત્યારે તો તમે મોટાં ભાગ્યશાળી કે પતિના સહવાસમાં રહ્યાં છતાં માતા–પિતા તથા બ્હેન–બાંધવના સહવાસનો લાભ પણ લઇ શકો છો. "

" હા, છે તો એમજ. " મેનકાએ કહ્યું અને પછી કમળા તરફ જોઇ તેને સંબોધીને પૂછ્યું. " તમે કેમ કાંઇ બોલતાં નથી, કમળા બ્હેન ! "

ઉત્તરમાં કમળાએ જરા હાસ્ય કર્યું, તેજપ્રભાએ જવાબ આપ્યો. " તેને બહુજ થોડું બોલવાની ટેવ છે. "

" થોડાબોલું માણસ મને ગમે ખરૂં; પણ કાંઇક તો બોલવું જોઇએ ને ? " મેનકાએ કહ્યું.

" હા, પણ તે શરમાળ હોવાથી અપરિચિત માણસ સાથે બહુ બોલતી નથી. તમારો પરિચય જેમ જેમ વધતો જશે, તેમ તેમ તેની શરમ ચાલી જશે અને તે તમારી સાથે હસી મળીને બોલશે. " તેજપ્રભાએ કમળા તરફ જોઇને કહ્યું.

" હા; એ વાત ખરી. અપરિચિત માણસની સાથે વાતચિત્ત કરતાં જરા ક્ષોભ થાય ખરો. " મેનકા એમ કહીને ઉભી થઇ. " હવે હું જઇશ, તેજપ્રભા બ્હેન ! પણ તમે કોઇ કોઇવાર મારા આવાસે આવતાં રહેજો. કહો તો આજકાલ તમે કહો ત્યારે મારી દાસીને તમને તેડવા માટે મોકલું ? "

" હવે આપણે ઓળખાણ થઇ છે એટલે અમે પણ તમારાં મકાને આવશું " તેજપ્રભાએ પણ ઉભા થતાં કહ્યું. " અને તમે પણ કોઇ કોઇ વાર આવતાં રહેજો. "

" બહુ સારૂં. " એમ કહી હસીને મેનકા ચાલી ગઈ.

તે ગયા પછી તેજપ્રભાએ કમળાને પૂછ્યું. " આ સ્ત્રીને તમે ઓળખી કે નહિ ? "

" કેમ, તેણે તેની ઓળખાણ પોતાની જાતેજ આપી હતી ને ? " કમળાએ સામો સ્વાલ કર્યો.

" ત્યારે તમે તેને ઓળખી નથી. " તેજપ્રભાએ કહ્યું. " ગૃહસ્થની સ્ત્રી બનીને તથા વિજયા નામ ધારણ કરીને આવેલી એ સ્ત્રી બીજી કોઇ નહિ પણ તમારી શોકય બનીને બેઠેલી કળાવતી મેનકા હતી. "

" મેનકા ! " કમળાનો અવાજ ફાટી ગયો. " શું કહો છો ? એ ભલી અને ભોળી જણાતી સ્ત્રી મેનકા હતી ? "

" અવશ્ય. પણ શું તમે તેને ભલી અને ભોળી માનો છો ? " તેજપ્રભાએ જવાબ આપતાં પૂછ્યું.

" પણ તે અહીં ખંભાતમાં કયાંથી ? " કમળાએ જવાબ આપવાને બદલે પ્રશ્ન કર્યો.

" મને પણ એજ પ્રશ્ન થાય છે. " તેજપ્રભાએ ઉત્તર આપ્યો.

કમળાનાં મુખ ઉપર નિરાશા અને તેજપ્રભાનાં મુખ ઉપર આશ્ચર્ય આ વખતે છવાઈ રહ્યાં હતાં.

# પ્રકરણ ૧૦ મું.

## ચાચિંગ મહેતા.

મહામાત્ય વસ્તુપાળે મુસલમાન વહાણવટી સદીકને પ્રથમ કેદ કર્યો હતો; પરંતુ પાછળથી દયા લાવીને તેને છોડી મૂક્યો હતો અને ખંભાતનો ત્યાગ કરી અન્યત્ર ચાલ્યા જવાની આજ્ઞા કરી હતી. સદીક અભિમાની અને ક્રોધી હતો. તેણે આ અપમાનનો બદલો વાળવાનો નિશ્ચય કર્યો હતો. તે તરતજ તેના મિત્ર સિન્ધુરાજપુત્ર શંખ પાસે ગયો. આ શંખ વડવા બંદરનો સરદાર હતો અને આસપાસના પ્રદેશ ઉપર તેની આણ વર્તતી હતી. સદીક તેને મળ્યો, તેણે પોતાનાં વિતકની વાત કહી અને ખંભાત ઉપર ચડી આવવાની સલાહ આપી. શંખ બળવાન હતો. તેની પાસે સૈન્ય પણ વિપુલ હતું. ખંભાત બંદરને જીતી લેવાની તેની ઇચ્છા હતી. તેણે પોતાના મિત્ર સદીકની સલાહ માન્ય કરી અને તે ખંભાત ઉપર જીત મેળવવાને તૈયાર થયો.

વસ્તુપાળને ચાર પુરૂષો દ્વારા આ હકીકતની ખબર પડી હતી. તેણે ધોળકાથી ચાચિંગ મંત્રીને સૈન્ય સાથે બોલાવ્યા હતા અને ખંભાતમાં યુદ્ધની તૈયારીઓ ચાલી રહી હતી. મહામાત્યનાં આગમનથી શાંત અને આનંદી બનેલું ખંભાત યુદ્ધની વાતો સાંભળીને ખળખળી ઉઠયું અને આખા નગરમાં સદીક, શંખ, દેવજી અને યુદ્ધની વાતો થવા લાગી.

મહામંત્રી સૈન્યની તપાસ કરીને નગરમાં પાછો વળતો હતો. ધોળકાથી ચાચિંગ મંત્રી આવી ગયો હતો અને તે અત્યારે મહામંત્રીની સાથેજ હતો. ખંભાત નગરનો દુર્ગ અત્યંત મજબુત હતો. મહામંત્રી વસ્તુપાળ અને મંત્રી ચાચિંગ દુર્ગને જોતાં જોતાં આગળ ચાલ્યા જતા હતા. તેમની સાથે ભુવનપાળ નામે એક સરદાર પણ હતો.

મૌનનો ભંગ કરી વસ્તુપાળે પૂછ્યું. “ નાગડ મહેતાનું કેમ ચાલે છે ? પેલો સન્યાસી બનેલો જયંતસિંહ હમણાં કયાં છે ? ”

“ તે દિવસના બનાવ પછી નાગડ મહેતા જરા વધારે સાવચેત બન્યા છે અને જે કાંઇ કરે છે, તે બહુજ સંભાળ પૂર્વક કરે છે. ” ચાચિંગે ઉત્તર આપતાં કહ્યું. “ અને જયંતસિંહ હમણાં ધોળકામાં તો નથી. મને લાગે છે કે તે પાટણમાં હોવો જોઇએ. ”

"મને પણ એમજ લાગે છે." વસ્તુપાળે કહ્યું. "પણ તમને એના નિવાસની ચોક્કસ ખબર હોવી જોઇએ."

"બરોબર છે. પણ હવે હું એની ખબર રાખતો નથી. જ્યારથી તેની હિલચાલનું સ્વરૂપ મારા જાણવામાં આવ્યું છે, ત્યારથી મેં તેનો સંગ તજ્યો છે. મારા અને એના આશયમાં ફેર છે." ચાચિંગે ખુલાસાથી કહ્યું.

"એ હું જાણું છું." મહામંત્રીએ કહ્યું. "જયંતસિંહનો આશય પાટણની સત્તા ત્રિભુવનપાળ સોલંકીને અપાવવાને છે અને તમે એથી વિરૂદ્ધ છો. તમે વીરધવળનેજ પાટણનો મહારાજા જોવાને ઇચ્છો છો; પરંતુ અમાત્ય તો નાગડ મહેતા કે તમે હોવા જોઇએ."

"નાગડ મહેતા એવો પ્રયાસ કરે છે ખરા; હું નહિ." ચાચિંગે સગર્વ કહ્યું. "મારે મહામાત્ય થવું હોય, તો તમે ક્યાં ના પાડો છો કે મારી ઇચ્છાની આડે આવો છો?"

"સોમેશ્વરદેવે ખટપટ ન કરી હોત, તો આજે ધોળકાના મહામાત્ય તમેજ હોત અને હજી પણ તમે મહામાત્ય થવાને ઇચ્છતા હો, તો હું તમારી આડે આવવાને ઇચ્છતો નથી; કારણકે નાદાન મિત્ર કરતાં ડાહ્યો દુશ્મન વધારે સારો છે." વસ્તુપાળે સ્પષ્ટતાથી કહ્યું.

"હું તમારો મિત્ર કે શત્રુ બેમાંથી એક પણ નથી, અને મહામાત્ય થવાને માગતો નથી. નાગડ મહેતાને થવું હોય તો ભલે થાય." ચાચિંગે સ્વમાનની લાગણીથી કહ્યું.

"ત્યારે હવે વાઘેલા વંશનો જયવારો છે. મંત્રીઓ એક બીજાની ઈર્ષા કરવાનું મૂકી દે તો ધોળકાનું રાજ્ય સર્વોપરી થાય, એમાં જરા પણ શક નથી." મહામાત્યે જરા ખુશી થતાં કહ્યું.

"હું મશ્કરી કરતો નથી તેમ અસત્ય પણ બોલતો નથી; પરંતુ ધોળકાની લગામ જ્યાંસુધી તમારા હાથમાં છે, ત્યાંસુધી ધોળકાનો જયવારોજ છે. બાકી મંત્રીઓની ખટપટ અને તેમની ઈર્ષાવૃત્તિ દૂર થવાની નથી. ખટપટ અને ઈર્ષા એ મંત્રીઓના સ્વભાવજન્ય ગુણો છે." ચાચિંગે કહ્યું.

"તમે મારી મશ્કરી કરતા નથી; પરંતુ પ્રશંસા તો કરોજ છો." વસ્તુપાળે ચાચિંગની સામે નજર રાખીને કહ્યું. "બાકી મંત્રીઓની ઈર્ષાવૃત્તિ દૂર થાય, તો પાટણની પડતીમાંથી ચડતી થતાં વાર લાગે નહિ."

"તમને સત્ય કહું?" ચાચિંગે પ્રશ્ન પૂછતાં કહ્યું "તમારા

આશયો અને તમારી ઇચ્છાઓને હું જાણું છું અને મને ખાતરી છે કે તે જરૂર પાર પડશે; પાટણનો ઉદ્ધાર તમારા હાથે થશે અને જો મારી ધારણા આવી ન હોત, તો શું તમે એમ ધારો છો કે તમે મહામાત્ય રહી શકો ખરા ? મારા આશયો અને ઇચ્છાઓ તમારાથી પાર પડવાનો સંભવ હોવાથીજ હું તમારી આડે આવતો નથી; નહિ તો મહામાત્ય થવું એ મારાં મનથી કઠિન નથી. ''

" બરોબર છે. '' વસ્તુપાળે ચાચિંગ તરફ તીવ્ર દષ્ટિથી જોઇને કહ્યું. "અને હજી પણ જો તમે મહામાત્ય થવાની અભિલાષા રાખતા હો, તો હું તમને મારૂં પદ અત્યારેજ આપી દેવા તૈયાર છું. હું જાણું છું કે ચાચિંગ મહેતા ત્રિભુવનપાળ સોલંકી કે વીરધવળ વાઘેલા—એ બન્નેમાંથી કોઇના પક્ષમાં નથી; પરંતુ તટસ્થ વૃત્તિના છે અને તેથી તેમના હાથે પાટણની અવનતિ નહિ પણ ઉન્નતિજ થશે."

ચાચિંગને પોતાને મહામાત્ય થવાનું ગમતું હતું. સર્વોપરી સત્તાનો તે લોભી હતો; પણ તે ખટપટી કે કપટી નહોતો. ખટપટ અને કપટથી મહામાત્યનું પદ મેળવવાને તે રાજી નહોતો. પાટણનો અને ગુજરાતના રાજ્યનો તે શુભેચ્છક હતો અને તેથી તે ખટપટી અને કારસ્તાની મંત્રીઓ અને સરદારોના પક્ષમાં રહેવા કરતાં પાટણની ચડતીને માટે પ્રયત્ન કરનારા વીરધવળ અને વસ્તુપાળના પક્ષમાં રહેવાનું વધારે પસંદ કરતો હતો.

તેણે શાંતિથી કહ્યું. " મહામાત્ય તમે હો કે હું હોઉં, એ મારે મન બહુ મહત્ત્વની વાત નથી; કારણકે મારો અને તમારો આશય એક છે. પાટણની પ્રભુતા એ મારૂં જીવનસુત્ર છે અને તે પાર પાડવામાં મારે કદાચ એક સામાન્ય સૈનિક તરીકે કામ કરવું પડે; તો પણ હું નારાજ થવાનો નથી. મેં તમને કહ્યું છે કે મારે મહામાત્ય થવું નથી અને જો થવું હોય તો મારે મન એ વાત બહુ સરલ છે. મહામાત્ય તમેજ રહો અને ગુજરાતનાં ગૌરવને વધારો, એજ મારી ઇચ્છા છે. "

વસ્તુપાળે ચાચિંગનાં શુદ્ધ હૃદયની કદર પીછાણી. તેણે સ્મિત હાસ્યપૂર્વક કહ્યું. " જેવી તમારી ઇચ્છા; પરંતુ આ યુદ્ધમાં સેનાપતિનું પદ તો તમારે સ્વીકારવું પડશે. ''

" ઘણી ખુશાથી. " ચાચિંગે તરતજ કહ્યું.

" અને ઉપસેનાપતિનું કામ ભૂવનપાળ કરશે. '' વસ્તુપાળે સરદાર ભૂવનપાળ તરફ જોઇને કહ્યું.

"એ પણ બરોબર છે." ચાચિંગે કહ્યું.

ઉપર પ્રમાણે વાર્તાલાપ કરતા કરતા તેઓ નગરના એક દરવાજેથી બીજા દરવાજે આવી પહોંચ્યા હતા. તે વખતે સામેથી એક વિદેશી ઘોડેસ્વારને નગર તરફ આવતો જોઇને વસ્તુપાળ ત્યાં ઉભો રહ્યો. ચાચિંગ અને ભૂવનપાળ પણ ઉભા રહ્યા, થોડીવારમાં વિદેશી ઘોડેસ્વાર તેમની લગોલગ આવી પહોંચ્યો.

વસ્તુપાળે તરતજ તેને કહ્યું. "ઉભા રહો. આમ કયાં જાઓ છો?"

ઘોડેસ્વારે વસ્તુપાળ તરફ જોયું અને ઘોડાને લગામ ખેંચીને ઉભો રાખ્યો. તેણે કહ્યું. "તમારે એની શી જરૂર છે?"

"તમે કોની સાથે વાત કરો છો, એની તમને ખબર લાગતી નથી." ભૂવનપાળે ઘોડેસ્વારનું અવિવેકી વર્તણ જોઇને કહ્યું.

"ના." ઘોડેસ્વારે ટુંકામાંજ કહ્યું.

"ત્યારે તમારે જાણવું જોઈએ કે તમે મહામાત્ય વસ્તુપાળજીની સાથે વાત કરી રહ્યા છો." ભૂવનપાળે તેને સમજણ પાડતાં કહ્યું.

"એમ કે?" ઘોડેસ્વારે આશ્ચર્ય દર્શાવતાં કહ્યું. "મારે એમનુંજ કામ છે. હું એમનેજ મળવાને જતો હતો."

વસ્તુપાળ આ દરમ્યાન એ વિદેશી ઘોડેસ્વાર તરફ જોઇ રહ્યો હતો. તેણે હવે તેને પૂછ્યું. "ત્યારે કહો, તમારે મને મળવા આવવાનું શું કારણ છે? તમે કયાંથી આવો છો?"

ઘોડેસ્વારે ખોંખારો કરીને કહ્યું. "હું વડવાબંદરના સરદાર શિરોમણિ શ્રીમાન શંખ તરફથી આવું છું અને તેમણે આપેલો સંદેશો આપને પહોંચાડવો, એ આપને મળવા આવવાનું કારણ છે."

મહામાત્યની આંખો સતેજ થઈ. તેણે અંદરની જીજ્ઞાસા પણ બહારની શાંતિથી પૂછ્યું. "શ્રીમાન શંખનો સંદેશો સારોજ હશે અને એ મને પહોંચાડવાને માટેજ તમે આવ્યા છો?"

ઘોડેસ્વારે મસ્તીએ ચડેલા ઘોડાને શાંત કરતાં કહ્યું. "હું જે સંદેશો લાવ્યો છું, તે સારો છે એટલુંજ નહિ પણ આપનાં હિતનો છે અને આપને એ આપવાને માટેજ મારે ખાસ આવવું પડયું છે."

"શ્રીમાન શંખ અમારાં હિત માટે આટલા બધા તત્પર રહે છે, એ મેં આજેજ જાણ્યું." વસ્તુપાળે જરા હસીને કહ્યું. "ઠીક, પણ કહો જોઇએ કે તમે શો સંદેશો લાવ્યા છો?"

" પણ આમ ઉભા પગે અને ચાલતા ઘોડે સંદેશો સાંભળવાનું ઠીક પડશે નહિ." ઘોડેસ્વારે કહ્યું.

" ઠીક, ચાલો અમારી સાથે." એમ કહી વસ્તુપાળે તેના ઘોડાને આગળ ચલાવ્યો અને તેની પાછળ ચાચિંગ, ભુવનપાળ અને વિદેશી ઘોડેસ્વાર ગયા.

વસ્તુપાળ એ ઘોડેસ્વારને નગરમાં નહિ લઈ જતાં ધોળકાથી જે સૈન્ય ચાચિંગ મહેતાની સરદારી નીચે આવ્યું હતું, તેની છાવણીમાં લઇ ગયો.

ઘોડેસ્વારે એ સૈન્યને જોઇ કહ્યું. " તમારૂં આ સૈન્ય અમારાં સૈન્ય કરતાં અર્ધ ભાગનું પણ નથી."

" હશે, પણ ગુજરાતી સૈનિકના હાથને તમે જોયો લાગતો નથી." ભુવનપાળે મૂછે તાલ દેતાં દેતાં કહ્યું.

" તમારાં સૈનિકનો હાથ તમારા મુત્સદ્દી મંત્રીઓથીજ શોભે છે. ગુજરાતના સૈનિકો સૌરાષ્ટ્રના સૈનિકો જેવા બહાદૂર અને જવાંમર્દ તો નથીજ." ઘોડેસ્વારે સગર્વ કહ્યું.

આ વખતે તેઓ છાવણીની મધ્યમાં આવેલાં મુખ્ય તંબુની પાસે આવી પહોંચ્યા હતા. ઘોડા ઉપરથી ઉતરીને બધા તંબુમાં ગયા. તંબુમાં સલક્ષ અને જયદેવ બેઠેલા હતા. મહામાત્ય બેઠા પછી બધાં બેસી ગયા. ઘોડેસ્વાર મધ્યમાં સ્થિર ઉભો હતો.

મહામાત્યે તેની તરફ જોઇને કહ્યું. " શ્રીમાન શંખનો સંદેશો સાંભળવાને અમે તૈયાર છીએ. કહો, તેમને શો સંદેશો કહાવ્યો છે ?"

ઘોડેસ્વારે ખોંખારો કરી તથા મૂછે હાથ ફેરવીને કહેવા માંડયું, " મંત્રીશ્વર ! શ્રીમાન વીરધવળજીને આપના જેવા તથા આપના બંધુ તેજપાળ જેવા મંત્રી મળ્યા છે, એ જોઈ અમારા સરદાર ઘણા ખુશી થાય છે; પરંતુ તે સાથેજ તેમને દિલગીરી થાય છે કે આપ બુદ્ધિશાળી હોવા છતાં બુદ્ધિનો દુરૂપયોગ બહુ કરો છો. અમારા સરદારના પરમ મિત્ર સદીકનું આપે જે અપમાન કર્યું છે અને તેના ઉપર આપે જે અન્યાય ગુજાર્યો છે, તે માટે અમારા સરદાર ઘણાજ ગુસ્સે થયા છે અને જો એમના ગુસ્સાને શાંત કરવામાં નહિ આવે, તો આપને આ નગરમાં સુખરૂપ રહેવું ભારે થઈ પડશે. બળીઆ સાથે બાથ ભીડવામાં કાંઇ સાર નીકળતો નથી, એ આપ સારી રીતે સમજતાં હશો."

" એ હું સારી રીતે જાણું છું, પણ તમારા સરદાર એથી અજ્ઞાત

હશે, એમ મને જણાય છે. કારણકે જો જાણીતા હોત, તો અન્યાયી, જુલ્મી અને દુરાચારી સદીકનો પક્ષ લઈ અમારી સાથે યુદ્ધમાં ઉતરવાનું પસંદ કરત નહિ." વસ્તુપાળે ગંભીરતાથી કહ્યું અને પછી પૂછ્યું. "હવે તમારે કાંઇ કહેવાનું છે?"

"હજી મારે ઘણું કહેવાનું છે." ઘોડેસ્વારે જવાબ આપતાં કહ્યું. "સદીક ગમે તેવો હોય, એ સાથે અમારે સંબંધ નથી. એ અમારો મિત્ર છે અને મિત્રને ખરા સમયે સહાય કરવી, એ અમારૂં કર્ત્તવ્ય છે; પરંતુ આપણે એ વાતને જવા દઇએ અને મૂળ વાત ઉપર આવીએ. ખંભાત નગર અમારૂં છે અને આપે અમારી દુર્બળ સ્થિતિમાં એ અમારી પાસેથી પડાવી લીધું છે, એ તમને યાદજ હશે. અમે અમારૂં નગર પાછું લેવાના વિચારમાં હતા અને કોઇ ઉત્તમ તકની રાહ જોઈ રહ્યા હતા. એ દરમ્યાન તમે અમારા મિત્ર સદીક ઉપર અન્યાય ગુજાર્યો અને અમને જોઇતી તક મળી ગઇ. હવે તમે અમારૂં નગર અમને પાછું સોંપી દો અને તમે સુખરૂપ ધોળકા ચાલ્યા જાઓ."

વસ્તુપાળે શાંતિથી પૂછ્યું. "ઠીક, હવે વધારે કહેવાનું છે?"

"હા." શંખના સેવકે તરતજ ઉત્તર આપ્યો. "શ્રીમાન શંખની એક ઇચ્છા છે અને તે એ કે જો આ નગર ઉપર અધિકાર ચલાવવાની તમારી વાસના હોય, તો તરત આવીને અમને નમી પડો. અમે તમને ઘણીજ ખુશીથી આ નગરનો અધિકાર સોંપશું. તમારા જેવા લાયક મંત્રીની કદર અમે જાણીએ છીએ અને તેથીજ અમે આ ઇચ્છા વ્યકત કરી છે. તેમ છતાં એ પ્રમાણે કરવાની તમારી મરજી ન હોય, તો પછી તમારે આ નગરમાંથી એકદમ ચાલ્યા જવાનું રહે છે."

મહામાત્ય શંખના દૂતનું કથન સાંભળીને ગુસ્સે થયો નહિ. તેણે સંપૂર્ણ શાંતિથી કહ્યું. "ખંભાત નગરને એક યા બીજાં કારણથી હસ્તગત કરવાનો તમારો વિચાર છે, એ અમારી જાણ બહાર નથી; પરંતુ એ કાર્યમાં કેટલું જોખમ સમાયેલું છે, એ શ્રીમાન શંખની જાણમાં હોય એમ જણાતું નથી. જે નગરની પ્રજા તમારા અન્યાયથી ધ્રુજતી હતી, તેને શાંત્વન, ન્યાય અને રક્ષણ આપવાની ખાતર અમે અમારાં બળથી જીતી લીધું છે, તે શું અમે તમને પાછું આપીએ એમ શ્રીમાન શંખનું માનવું છે? અને જો તે એવી માન્યતા ધરાવતા હોય, તો મને લાગે છે કે તેમની મતિ વિપરીત થઇ છે. અને મને લાલચમાં નાંખી નગરને હસ્તગત કરવાનો તમે જે વિચાર ધરાવો છો, તે તો તમને શોભાસ્પદ નથી. વીરપુરૂષોની સાથેના વ્યવહારમાં

લાલચ કશા કામની નથી; પરંતુ તલવારનો ખણખણાટ અને ખડગનો પ્રહારોજ ઉપયોગના છે, એ તમારે સમજવાની જરૂર છે."

દૂતનાં મુખ ઉપર ક્રોધનાં ચિન્હો તરી આવ્યાં. તેણે પોતાની આંખને વિક્રાળ બનાવીને પૂછ્યું. "ત્યારે અમારા સરદારના સંદેશાનો યુદ્ધ એજ તમારો ઉત્તર છે ને?"

"એમાં તમને હજી શંકા છે?" વસ્તુપાળની તરફ જોઇ ભૂવનપાળે પૂછ્યું.

"મંત્રીશ્વરને જવાબ આપવા દો; સ્વાલ કે જવાબ કરવાનું તમારૂં કામ નથી." દૂતે ભૂવનપાળ તરફ તિરસ્કારથી જોઇને કહ્યું.

"મહામાત્યનોજ એ પ્રશ્ન રૂપે ઉત્તર છે." ભૂવનપાળે જુસ્સાથી કહ્યું.

"તમે ખરેખર વિચાર કરીને આ ઉત્તર આપો છો?" દૂતે વસ્તુપાળને પૂછ્યું.

"વિચાર કર્યા વિના અમે કોઈ કામ કરતા નથી." વસ્તુપાળે જવાબ આપ્યો.

"આનું પરિણામ શું આવશે, એ તમે જાણો છો?" દૂતે પુનઃ પૂછ્યું.

"હા, પણ એનો તમારા સરદારેજ વિચાર કરવાનો છે." વસ્તુપાળે જવાબ આપ્યો.

"ઠીક. તમારી તલવારને સજાવી રાખજો ત્યારે." દૂત એમ કહીને એ તંબુમાંથી બહાર નીકળ્યો અને ઘોડા ઉપર સ્વાર થઈ રવાના થઇ ગયો.

તે ગયા પછી વસ્તુપાળે સહજ હસીને ચાચિંગ તરફ જોયું.

ચાચિંગે કહ્યું. "મને લાગે છે કે હવે થોડા સમયમાં શંખ આ નગર ઉપર ચડી આવશે."

"મને પણ એમજ લાગે છે." વસ્તુપાળે કહ્યું. "અને આપણે તથા આપણું સૈન્ય બધી રીતે તૈયાર છે. વળી ચાચિંગ મહેતા જેવા સેનાનાયક છે એટલે આપણને ચિંતા કરવાનું કાંઇ કારણ નથી."

એમ કહી વસ્તુપાળ ઉઠયો અને તંબુની બહાર આવ્યો. ચાચિંગ મહેતા મહામાત્યની રજા લઇને સ્વસ્થાનકે જવાને નીકળ્યો. માર્ગમાં વસ્તુપાળની સાથે થયેલા વાર્તાલાપનો વિચાર કરતો તે જતો હતો. તેણે પોતાના આવાસે પહોંચતા સુધીમાં નિશ્ચય કરી લીધો કે મહામાત્ય વસ્તુપાળ હોય કે ચાચિંગ હોય, પણ પાટણની પ્રભુતા એ ઉભયનો આશ્રય હોવો જોઇએ.

# પ્રકરણ ૧૧ મું.

## શંખ અને સદીક.

"પ્રિય મિત્ર સદીક! ગુજરાતના મહામાત્યે તમને લુંટી લીધા એ શું કારણથી, તે તો તમે કહ્યુંજ નથી." સરદાર શંખે આમતેમ ફરતા ફરતા પ્રશ્ન કર્યો.

"વાત એવી છે કે" સદીક કે જે સામે આસન ઉપર બેઠો હતો, તેણે ઉત્તર આપતાં કહ્યું. "ખંભાતમાં સગર નામે વણિક મારો સેવક હતો. તેને વેપાર માટે મેં દેશાવર મોકલ્યો હતો. તે દેશાવરથી પાછો આવ્યો, ત્યારે મારો એક બીજો સેવક કે જે તેની સાથે ગયો હતો, તેણે મને સગરે કેટલુંક ધન મારાથી ગુપ્ત રાખી ચોરી કર્યાની વાત કરી. મેં તરતજ તેનાં માલ મીલ્કતને લુંટી લીધાં અને તેને મરાવી પણ નાંખ્યો. તેને આવી સખ્ત શિક્ષા કરવાનું કારણ એ હતું કે મારો કોઇ સેવક ફરીને ચોરીનું કૃત્ય કરે નહિ. સગરના પુત્ર દેવજીએ આ હકીકતની ખંભાતના અધિકારી સલક્ષ મહેતા પાસે ફરિયાદ કરી હતી; પરંતુ ખંભાતના નાના મોટા અધિકારીઓ મારાથી ડરતા હોવાથી સલક્ષે એ સંબંધમાં કાંઇ તપાસ કરી નહોતી અને એ રીતે એ હકીકત વિસારે પડી હતી. પણ ધોળકાથી મહામાત્ય વસ્તુપાળની સ્વારી ખંભાતમાં આવી અને દેવજીએ વસ્તુપાળની પાસે ફરિયાદ કરી. વસ્તુપાળે એ સંબંધમાં મારો ખુલાસો માગ્યો અને મેં ખુલાસો નહિ કરવાથી મારાં મકાને આવી. મને કેદ કર્યો એટલુંજ નહિ પણ મારાં માલ મીલ્કતને લુંટી લીધાં. એ પછી મને કારાગૃહમાં પૂરવામાં આવ્યો; પરંતુ ત્યાં થોડાં વખત રાખી મને છોડી મૂકવામાં આવ્યો અને ખંભાતમાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરવામાં આવી. આ ઉપરથી તમે સમજી શકયા હશો કે વસ્તુપાળે મારા ઉપર કેવળ અન્યાય અને જુલ્મ ગુજાર્યાં છે."

શંખે સદીકનાં કથનને ધ્યાનપૂર્વક સાંભળી લીધા પછી કહ્યું: "સગરે ચોરી કર્યા સંબંધમાં તમે તપાસ કરી હતી કે નહિ અને તે ખરેખરો દોષિત ઠર્યો હતો કે નહિ, એ આ હકીકતમાં અગત્યનો સ્વાલ છે."

"એમાં તપાસ કરવાની શી અગત્ય હતી? જે માણસે મને એ

વાત કરી હતી, તે મારો વિશ્વાસપાત્ર હતો અને તેથી તેનું કથન અસત્ય હોવાનું મને જણાતું નહોતું ” સદીકે તરતજ કહ્યું.

શંખે જરા ગંભીરતાથી કહ્યું. “ મિત્ર સદીક ! કોઇ માણસે કરેલ અપકૃત્યની તપાસ કર્યા વિના અને તેને ખરેખરો દોષિત ઠરાવ્યા વિના શિક્ષા કરવી, એ યોગ્ય નથી. વળી દોષની તપાસ કરી દોષિત માણસને દંડ આપવો, એ રાજસત્તાનું કામ છે; તેમ છતાં તમે રાજસત્તા તમારા પોતાના હાથમાં લઇ સગરને જે શિક્ષા કરી છે, તે ઘણુંજ અયોગ્ય કર્યું છે અને તમારાં એ અયોગ્ય કાર્યને માટે વસ્તુપાળ જેવો મંત્રી તમને પ્રતિદંડ આપે, એ સ્વાભાવિકજ છે. ”

“ પણ આ ઉપરથી તમે શું કહેવા માગો છો, એ હું સમજતો નથી.” સદીકે અધિરતાથી પૂછ્યું.

“ મારો કહેવાનો ભાવાર્થ એટલોજ છે કિંવા હું એટલુંજ કહેવા માગું છું કે સગરને દંડ આપવામાં તમે કેવળ ભૂલ કરેલી છે. ” શંખે આસન ઉપર બેસતા ઉત્તર આપ્યો.

“ તમે એને ભૂલ માનતા હો, તો ભલે; હું તો એને ભૂલ માનતો નથી. ” સદીકે સહજ હસીને કહ્યું. “ પણ થવાનું હતું એ થઇ ગયું છે અને તેથી તે માટે પાછળથી વાદવિવાદ કરવો, એ યોગ્ય નથી. હવે તો વેર વાળવાનો મેં જે નિશ્ચય કર્યો છે, તે પાર પાડવાનોજ વિચાર કરવાનો છે અને તેમાં તમારી મદદની મને આવશ્યકતા છે. ”

“ તમે મારા મિત્ર હોવાથી તમને મદદ આપવાનું વચન હું આપી ચુકયો છું એટલે એ સંબંધમાં તમારે મનમાં શંકાને સ્થાન આપવાની અગત્ય નથી. ” શંખે કહ્યું. “ વસ્તુપાળ ઉપર વેર વાળવું, એ જેમ તમારો નિશ્ચય છે, તેમ ખંભાત પાછું મેળવવું, એ મારો નિશ્ચય છે. આપણે એક સાથે એ કામ કરવાનાં છે અને તે માટે યુદ્ધ એજ માત્ર ઉપાય છે. માત્ર આપણે મોકલેલ દૂતનાં આગમનનીજ રાહ જોવાની છે.”

વસ્તુપાળ તમારો સંદેશો માન્ય રાખે તેમ નથી. તેનો સત્તા અને તેનો પ્રતાપ અત્યારે ન્યારાં છે. ” સદીકે સહજ દિલગીરીસૂચક ભાવથી કહ્યું.

“ એ હું સારી રીતે જાણું છું. ” શંખે કહ્યું. “ પણ ગમે તે ઉપાયે તેને મહાત કરીને ખંભાત પાછું મેળવવું, એ મારો નિશ્ચય છે અને તેને હું પાર પાડીશ, ત્યારેજ જંપીશ. ”

"ખરોબર છે; તમારો નિશ્ચય સ્તુત્ય છે. પણ એ અભિમાની મંત્રીને લાલચથી વશ કરી શકાય તેમ નથી ?" સદીકે શંખનાં કથનને ઉત્તેજન આપતાં પૂછ્યું.

"એને લાલચમાં નાંખવા મેં પ્રયાસ તો કર્યો છે અને સંદેશામાં એ હકીકત તેને કહેવરાવી છે; પરંતુ એ સંબંધમાં મને વિશ્વાસ નથી. વસ્તુપાળ લાલચને વશ થાય, એવો મૂર્ખ હોય, એમ હું માનતો નથી." શંખે ઉત્તર આપતાં કહ્યું.

"મારી માન્યતા પણ એવીજ છે; તેમ છતાં તમે એને લાલચમાં નાંખવા પ્રયાસ કર્યો છે, એ ઠીક કર્યું છે. હવે પરિણામ શું આવે છે, એ જોવાનું છે." સદીકે કહ્યું.

"પરિણામ યુદ્ધ વિના બીજું આવવાનું નથી. વીર પુરૂષોની તકરારમાં તલવાર એ છેવટનો ઉપાય છે." શંખે કહ્યું.

"યુદ્ધ થાય તો એમાં આપણને ડરવાનું કાંઇ કારણ નથી. તમારા શૌર્ય અને બાહુબળ આગળ વસ્તુપાળ શા હિશાબમાં છે ?" સદીકે શંખના વખાણ કરતાં કહ્યું.

શંખે મૂછો ઉપર પોતાનો હાથ ફેરવ્યો. તેણે ખોંખારો કરીને કહ્યું. "આ યુદ્ધમાં જય આપણોજ છે."

"તમારી ધારણા સત્ય છે." સદીકે કહ્યું.

"અને ખંભાત આપણા હાથમાં આવતાં એનું મંત્રીપદ તમને આપવાની મારી ઇચ્છા છે." શંખે કહ્યું.

"તમારી ઇચ્છાને માન આપવા હું તૈયારજ છું." સદીકે હસીને કહ્યું.

"બહુ સારૂં." શંખ એટલું કહીને આસન ઉપરથી ઉઠયો. સદીક પણ ઉભો થયો. શંખે ચાલતાં ચાલતાં કહ્યું. "હવે હું સૈન્યની તપાસ કરવા માટે જાઉં છું. તમે મારી સાથે આવો છો ?"

"હા." સદીકે ઉત્તર આપ્યો. "કારણકે તમારૂં સૈન્ય કેવુંક અને કેટલુંક છે, એ જોવાની મારી ઇચ્છા છે."

"તો ચાલો ત્યારે." શંખે કહ્યું.

તેઓ વાર્તાલાપ કરતાં કરતાં ખંડનાં પ્રવેશદ્વાર સુધી આવી પહોંચ્યા હતા. તે વખતે પહેરેગીરે આવી શંખને નમન કરીને કહ્યું.

" ખંભાત ગયેલો દૂત આવી પહોંચ્યો છે. અને તે આપની આજ્ઞાની રાહ જોતો બહાર ઉભો છે. "

" એમ ? " શંખે કહ્યું. " તેને અહીં આવવા દે. "

પહેરેગીર ચાલ્યો ગયો અને ખંભાતથી આવેલો દૂત શંખની સન્મુખ આવીને તથા નમીને ઉભો રહ્યો.

" બહુ વહેલો આવી પહોંચ્યો. " શંખે જરા આશ્ચર્યનો ભાવ દર્શાવીને પુછ્યું. " વસ્તુપાળ મંત્રીએ શું કહ્યું છે ? "

" આપ ધારતા હતા, તે પ્રમાણે તેણે જવાબ આપ્યો છે. " દૂતે ઉત્તર આપતાં કહ્યું. " તેણે આપના સંદેશાનો તિરસ્કાર કર્યો છે. "

એ સાંભળતાં શંખનું મુખ ક્રોધાતુર થયું. તેણે દૂતને પૂછ્યું. " પણ વસ્તુપાળે જે ઉત્તર આપ્યો હોય, તે મને સ્પષ્ટતાથી કહી બતાવ; મારે તે અક્ષરસઃ સાંભળવો છે. "

દૂતે જવાબ આપ્યો. " આપનો સંદેશો સાંભળીને વસ્તુપાળે એવો ઉત્તર આપ્યો છે કે ખંભાતની પ્રજા અન્યાયથી ધ્રુજતી હતી, તેને શાંત્વન, ન્યાય અને રક્ષણ આપવાની ખાતર અમે અમારાં બળથી એ નગરને જીતી લીધું છે, તે શું અમે તમને પાછું આપી દઇએ, એમ શ્રીમાન શંખનું માનવું છે ? અને જો તે એવી માન્યતા ધરાવતા હોય, તો મને લાગે છે કે તેમની મતિ વિપરીત થઈ છે. અને મને લાલચમાં નાંખી ખંભાતને હસ્તગત કરવાનો તમે જે વિચાર ધરાવો છો, તે તો તમને શોભાસ્પદ નથી. વીરપુરૂષોની સાથેના વ્યવહારમાં લાલચ કશા કામની નથી; પરંતુ તલવારનો ખણખણાટ અને ખડ્ગનો પ્રહારજ ઉપયોગના છે, એ તમારે સમજવાની જરૂર છે. ગુજરાતના મંત્રી વસ્તુપાળનો આ સ્પષ્ટ ઉત્તર છે. "

શંખની આંખો લાલ થઇ આવી.

એ જોઇ સદીકે કહ્યું. " એ અભિમાની મંત્રી બાહુબળના સ્વાદ વિના વશ થશે નહિ; તેને યુદ્ધથીજ મહાત કરવો પડશે. "

" બરોબર છે. " શંખે કહ્યું. " વસ્તુપાળનો ઉત્તર કેવળ વ્યાજબી છે. વીર પુરૂષોમાં તલવાર એજ છેવટનો ન્યાય છે. "

" આપણી પાસે સૈન્ય કેટલું છે ? " સદીકે પ્રશ્ન કર્યો.

" આપણી પાસે સૈન્ય તો પૂરતું છે; પરંતુ ખંભાતમાં કેટલું

સૈન્ય છે અને વસ્તુપાળની તૈયારીઓ કેવી અને કેટલી છે, તે જાણવાની અગત્ય છે." શંખે ઉત્તર આપતાં જીજ્ઞાસા દર્શાવી.

દૂતે તરતજ કહ્યું. "ખંભાતમાં આપણાથી અધિક સૈન્ય નથી; પરંતુ વસ્તુપાળે બીજું સૈન્ય ધોળકાથી મંગાવ્યું છે અને તે થોડા સમયમાંજ આવી પહોંચવાનો સંભવ છે. અને યુદ્ધની દરેક પ્રકારની તૈયારીઓ ખુદ વસ્તુપાળની દેખરેખ નીચે હું ત્યાં ગયો, એ પહેલાંથીજ ચાલ્યા કરે છે."

શંખે મૂછો ઉપર હાથ ફેરવતાં કહ્યું. "કાંઈ હરકત નહિ. તેનું સૈન્ય આપણાં સૈન્યથી વિશાળ હશે; તો પણ આપણને કશી હરકત આવવાની નથી. મારા સૈનિકો વસ્તુપાળના સૈનિકો કરતાં વધારે લડાયક અને કુશળ છે; આપણને ડ.વાનું કાંઇ કારણ નથી."

"વસ્તુપાળના સૈનિકો નિર્માલ્ય તો નથીજ; તેઓ પણ તાલીમબાજ અને યુદ્ધકળા વિશારદ છે. વળી તેના સરદારો અને સામંતો યુદ્ધવિદ્યામાં મહા નિપુણ છે." સદીકે વસ્તુપાળના સૈનિકો અને સામંતો સંબંધમાં પોતાનો અભિપ્રાય આપ્યો.

"તો પણ શી હરકત છે?" શંખે સહજ જુસ્સાથી કહ્યું. "મારા સૈનિકો અને સામંતોમાં કેટલું બળ છે અને યુદ્ધવિદ્યાનું કેટલું જ્ઞાન છે, એ લડાઈના મેદાનમાં જણાઇ રહેશે. મિત્ર સદીક! તમારે ડરવાનું કાંઈ કારણ નથી. તમને થયેલ અપમાનનું વેર વાળવાનો મેં જે નિશ્ચય કર્યો છે, તેને હું ગમે તે ભોગે વળગી રહેવાનો છું, એ નિશ્ચયથી માનજો."

"એ માટે મને પૂરતો વિશ્વાસ છે." સદીકે હસીને કહ્યું. "તમારો જેવો અતૂલ બાહુબળવાળો વીર જેનો મિત્ર છે, તેને ડરવાનું કશું પણ કારણ નથી."

શંખ પણ જરા હસ્યો. ક્ષણવાર રહી તેણે દૂતને પૂછ્યું. "ખંભાતનો અધિકારી હમણાં કોણ છે?"

"ત્યાંના મૂખ્ય અધિકારીનું નામ સલક્ષ છે અને તેની નીચે વહીવટી અધિકારી તરીકે થોડા સમયથી એક જુવાન માણસ આવેલો છે." દૂતે જવાબ આપ્યો.

"સલક્ષનું નામ તો મેં સાંભળ્યું છે; પરંતુ એ નવો અધિકારી કોણ છે અને તેનું શું નામ છે?" શંખે જીજ્ઞાસાથી પૂછ્યું.

"એનું નામ જયદેવ છે અને તે વસ્તુપાળ મંત્રીનો બનેવી છે." દૂતે ઉત્તર આપ્યો.

“ વસ્તુપાળનો બનેવી ? ” શંખે આશ્ચર્ય દર્શાવ્યું.

“ હા. ” દૂતે ઉત્તર આપ્યો. “ પણ તે જુવાન વયનો અને અનુભવહિન છે. વસ્તુપાળે તેને માત્ર પોતાનો આપ્તજન જાણીનેજ રાજની સેવામાં રાખ્યો છે. ”

“ તું ખબર તો ઠીક લાવ્યો છું. ” શંખે કહ્યું. “ પણ ખંભાતનાં સૈન્યના સેનાપતિ તરીકે કોણ કામ કરનાર છે, એ સંબંધમાં તેં કાંઇ તપાસ કરી છે કે નહિ ? ”

“ એ સંબંધમાં પણ મેં તપાસ કરી છે. ” દૂતે જવાબ આપતાં કહ્યું. “ ખંભાતી સૈન્યના સેનાપતિ તરીકે ચાચિંગ મંત્રી તથા ઉપસેનાપતિ તરીકે ભૂવનપાળ સરદારને નિયુક્ત કરવામાં આવ્યા છે, એવું મારા જાણવામાં આવ્યું છે. ”

“ એ ચાચિંગ મંત્રી કોણ છે ? ” શંખે પ્રશ્ન કર્યો.

“ એના સંબંધમાં હું કાંઇ વધારે જાણતો નથી; પરંતુ તે પ્રૌઢ, અનુભવી અને મુત્સદ્દી મંત્રી છે તથા યુદ્ધમાં દુર્જય છે, એટલું તપાસ ઉપરથી હું જાણી શકયો છું. ” દૂતે જવાબ આપ્યો.

“ વસ્તુપાળનો ભાઇ તેજપાળ આ યુદ્ધમાં ભાગ લેવા આવવાનો છે કે નહિ ? ” શંખે બીજો પ્રશ્ન કર્યો.

“ એ સબંધી મને ચોક્કસ હકીકત મળી નથી. ” દૂતે ઉત્તર આપ્યો. “ પણ તે ઘણા ભાગે ધોળકામાંજ રહેશે, એમ સાંભળવામાં આવ્યું છે. ”

“ ઠીક. ” શંખે સંતોષ દર્શાવતાં કહ્યું. “ તેં કરેલી તપાસ ઘણી ઉપયોગી છે અને તે માટે તારી યોગ્ય કદર થશે. મુસાફરીના શ્રમથી તું કંટાળી ગયો હશે; માટે હવે તું જા અને આરામ લે. ”

દૂત નમન કરીને ચાલ્યો ગયો અને શંખ તથા સદીક વાર્તાલાપ કરતાં આગળ ચાલ્યા.

સદીકને વિચારમાં પડેલો જોઇને શંખે પૂછ્યું. “ શા વિચારમાં છો, મિત્ર ? ”

“ એજ કે આ યુદ્ધમાં વિજય કોનો થશે અને મારું વેર વળશે કે કેમ ? ” સદીકે સ્પષ્ટ ઉત્તર આપ્યો.

શંખ હસ્યો. તેણે ખુંખારો કરીને કહ્યું “ વિજય આપણોજ છે. મારાં બાહુબળ આગળ વસ્તુપાળ, ચાચિંગ વગેરે કાંઇ વિસાતમાં નથી અને તેના સૈનિકોમાં દમ નથી. જે સમયે અગ્નિસમા મારા સૈનિકો ખં-

ભાતના સૈનિકો ઉપર તુટી પડશે, તે સમયે તમે જોઇ શકશો કે શંખ અજેય છે; તેને વસ્તુપાળ જેવો શ્રાવકમંત્રી જીતી શકે તેમ નથી.''

એમ કહી શંખ સદીકને સાથે લઈ તેનાં સૈન્યની તપાસ કરવા છાવણીમાં ચાલ્યો ગયો.

# પ્રકરણ ૧૨ મું.

## હિંમતવાન જયદેવ.

ખંભાત નગરમાં આજ બીજો ઉત્સવ હતો. પ્રથમ ઉત્સવ મહામાત્ય વસ્તુપાળનું ધોળકાથી આગમન થયું ત્યારે ઉજવાયો હતો અને આ દ્વીતિય ઉત્સવ વસ્તુપાળે શંખ ઉપર મેળવેલા અપૂર્વ વિજયનો ઉજવાતો હતો. સરદાર શંખ ઘણોજ બળવાન અને વીર્યવાન હતો અને તેના ઉપર વિજય મેળવવો, એ કાર્ય સરલ નહોતું; તોપણ વસ્તુપાળે યુદ્ધકળાથી શંખને જીવનમુક્ત કરીને અપૂર્વ વિજય મેળવ્યો હતો. આ યુદ્ધમાં વસ્તુપાળના અનેક સૈનિકો અને મંત્રી ચાચિંગ, સરદાર ભુવનપાળ ઈત્યાદિ સામંતો કામ આવી ગયા હતા. શંખનું સૈન્ય અને તેના સામંતોની પણ તેવીજ દશા થઈ હતી; તોપણ શંખના બળ આગળ વસ્તુપાળના સામંતો અને સૈનિકો લાચાર બની ગયા હતા અને શંખનો વિજય થવાનો પૂરતો સંભવ હતો; પરંતુ સેનાપતિનું પદ સંભાળી વીરશિરોમણિ વસ્તુપાળ જ્યારે યુદ્ધમાં ઉતર્યો; ત્યારે લડાઈનું સ્વરૂપ બદલાઇ ગયું અને છેવટ વસ્તુપાળની જીત થઈ, અને તેથી ખંભાત નગરમાં આજે અલૌકિક ઉત્સવ ઉજવાતો હતો. વિજયના ગૌરવ માટે રાજગઢમાં રાજસભા ભરવામાં આવી હતી અને ત્યાં વિજયી સૈનિકોને અને બહાદુર સામંતોને માન અકરામ આપવાની ગોઠવણ કરવામાં આવી હતી.

રાજ્યકાર્યથી નિવૃત્ત થઇને વસ્તુપાળ જ્યારે તેના આવાસે આવ્યો, ત્યારે મધ્યાન્હનો સમય થઇ ગયો હતો અને તેથી તેણે થોડી વાર આરામ લેવાનો વિચાર કર્યો. વસ્ત્રો ઉતારીને તે શયનગૃહમાં ગયો તો ત્યાં તેની જીવનસખીઓ લલિતા અને સૌખ્યલતા તેની રાહ જોતી અને પરસ્પર હાસ્યવિનોદ કરતી બેઠેલી હતી. વસ્તુપાળ યુદ્ધમાં જેવો બહાદુર અને કૃતાંત કાળ સમો હતો, તેવોજ તેના ગૃહસંસારમાં નમ્ર અને

પ્રેમી હતો. શયનગૃહમાં પ્રવેશતાં પ્રેમી હૃદયના વસ્તુપાળે તેની બન્ને પત્નીઓને ઉદ્દેશીને પૂછ્યું.

"શો વિનોદ ચાલી રહ્યો છે?"

લલિતા અને સૌખ્યલતા બન્ને તેમના જીવનસાથીને આવેલા જોઇને ઉભી થઇ ગઇ. લલિતાએ હસીને કહ્યું. "આજે બીજો શો વિનોદ ચાલતો હોય? આપે લડાઇમાં જે અપૂર્વ વિજય મેળવ્યો છે, તેના ઉત્સવને ઊજવવા સંબંધીનોજ વિનોદ ચાલે છે."

"વાહ વાહ!" વસ્તુપાળે હસીને કહ્યું. "વિનોદ તો સારો ચાલે છે!"

"કેમ સારો ન હોય?" લલિતાએ સૌખ્યલતા તરફ જોઇને કહ્યું. "અને આ સૌખ્યલતા ઉત્સવના વિનોદમાં એટલી બધી ગાંડી બની ગઇ છે કે જેની કાંઈ સીમાજ નથી. તે કહે છે કે હવેની લડાઇમાં તેને પણ ભાગ લેવો છે કે જેથી કરી વિજયના અંતે ઊજવાતા ઉત્સવનું રહસ્ય અને તેનો ખરો આનંદ તેનાથી અનુભવી શકાય."

સૌખ્યલતાએ લલિતા તરફ તીવ્ર કટાક્ષ કર્યો. વસ્તુપાળે તે જોયો અને કહ્યું. "સૌખ્યલતાની એ ઇચ્છા સ્તુતિપાત્ર છે; ઉત્સવનું રહસ્ય અને તેનો આનંદ મેળવવો હોય, તો યુદ્ધમાં ભાગ લેવો જોઇએ. પણ તમે સ્ત્રીઓ ગૃહરાજ્યમાં પ્રધાન અને સંસારયુદ્ધમાં સેનાપતિનાં પદને નિરંતર શોભાવો છો અને અનેક અટપટાં કાર્યોને પાર ઊતારી વિજયને વરો છો; તેમ છતાં તમારે પ્રાણીઓના સંહારજનક યુદ્ધમાં ભાગ લેવાની જરૂર છે?"

સૌખ્યલતાનો ચંચળ સ્વભાવ વસ્તુપાળના પ્રશ્નથી કબજે રહી શકયો નહિ, તેણે તરતજ કહ્યું. "પ્રાણીઓના સંહારજનક યુદ્ધમાં સ્ત્રીએ ભાગ લેવાથી જરૂર છે કે નહિ, એ પ્રશ્નને બાજુ ઊપર રાખી હું આપને પૂછું છું કે આવાં યુદ્ધમાં પોતાના પ્રાણનાથનાં જીવનસંરક્ષણને માટે વીરપત્નીએ શું ભાગ લેવો ન જોઇએ? પોતાના જીવનસાથીની બાજુમાં તેણે ઊભા રહેવું ન જોઇએ?"

વસ્તુપાળ સૌખ્યલતાના પ્રશ્નથી હસ્યો. તેણે અતિ પ્રેમથી સૌખ્યલતાના કોળ કરને પોતાના હાથમાં લીધો અને કહ્યું. "હવેનાં યુદ્ધમાં સેનાનાયકનું પદ તનેજ આપશું."

સૌખ્યલતા શરમાઇ ગઈ. તેને બોલવામાં કરેલાં સાહસથી લજ્જા ઊપજી થઇ અને તેથી તેણે વસ્તુપાળના હાથમાંથી પોતાનો હાથ પાછો ખેંચી લીધો અને તે લલિતાની પાછળ જઇને ઊભી રહી.

મહામાત્ય શરમથી રક્તવર્ણીય બનેલાં સૌખ્યલતાનાં સુંદર વદનને ક્ષણભર જોઇ રહ્યો. તેણે લલિતા તરફ જોયું અને બન્નેએ હાસ્ય કર્યું.

એ વખતે એક દાસીએ આવીને વસ્તુપાળને કહ્યું. "જયદેવ મહેતા આવ્યા છે અને બેઠકના ખંડમાં આપની રાહ જોતાં બેઠા છે."

વસ્તુપાળે લલિતાને કહ્યું. "રાજ્યના અમાત્યને આરામ નથી. આરામ લેવાનો વખત પણ તેને મળતો નથી. હું જાઉં છું."

સૌખ્યલતાએ શરમનો ત્યાગ કરી વસ્તુપાળની ભવ્ય મુખમુદ્રાનું એક વાર અવલોકન કરી લીધું. વસ્તુપાળ તે જોતો અને હાસ્યથી તેનો મૌન ઉત્તર આપતો બેઠકના ખંડમાં ચાલ્યો ગયો.

બેઠકના ખંડમાં પ્રવેશતા મહામાત્યે જયદેવને ઉદ્દેશીને કહ્યું "મહેતાજી! હવે થોડા સમયમાંજ કદાચ મારે ધોળકા જવાનું થશે. તમારે મારી સાથે આવવું હોય, તો ખુશીથી આવજો અને ત્યાં કેટલાક દિવસ રોકાઇ પુનઃ ખંભાતમાં આવીને રહેજો."

જયદેવ મહામાત્યનાં મુખ સામે ઘડીભર તો જોઇ રહ્યો. તેને મહામાત્યના કથનમાં પૂરતો વિશ્વાસ બેઠો નહિ. છેવટ તેને દ્વિધાભાવથી કહ્યું. "ધોળકામાં આવવાની અને માતાપિતાને મળવાની કેટલાક દિવસ થયા મારી ઇચ્છા થઈ છે; પરંતુ હાલ તુરત મારાથી આવી શકાય તેમ નથી. હાલમાં અહીં કામ ઘણું વધી ગયું છે. તમે ધોળકા ક્યારે જવાનાછો ?"

વસ્તુપાળ તેનાં આસન ઉપર બેઠો. તેણે વિચાર કર્યો કે જયદેવ હવે મૂર્ખ રહ્યો નથી; રાજકાર્યના અનુભવથી તેની મૂર્ખતા દૂર થતી જાય છે. તેણે કહ્યું. "મારે ધોળકા ક્યારે જવાનું થશે, એ ચોક્કસ નથી. તમારે મારી સાથે આવવું ન હોય અને પાછળથી આવવું હોય, તો મને અડચણ નથી; તમારી ખુશી હોય, ત્યારે આવજો."

"તમારી સાથે આવવામાં મને કશી હરકત નથી; પરંતુ હમણાં યુદ્ધના વ્યવસાયમાં પડવાથી વહીવટી કામ ઘણું ચડી ગયું છે અને તેથી તેને સંપૂર્ણ કર્યા વિના ધોળકા આવવું, એ મને યોગ્ય લાગતું નથી." જયદેવે કહ્યું. "એ તો ઠીક, પણ તમે મને આ નગરના મુખ્ય અધિકારીનું પદ ક્યારે આપવાના છો "

વસ્તુપાળ જયદેવ તરફ ઘડીભર જોઈ રહ્યો. તેનામાં પ્રશ્ન પૂછવાની હિંમત આવેલી જોઇને વસ્તુપાળને સહજ આશ્ચર્ય થયું; પરંતુ તેણે પોતાનો એ ભાવ કળાવા દીધો નહિ. તેણે જરા ગંભીરતાથી

કહ્યું. " એ પદ તમને આપવાનું છેજ; પરંતુ સલક્ષ મહેતાની ગોઠવણુ બીજાં સ્થળે કર્યા પછી આપવાનું બની ;શકશે."

" સલક્ષ મહેતાને ચાચિંગ મહેતાનાં ખાલી પડેલાં પદ ઊપર નીમી શકાય તેમ છે." જયદેવે બોલવામાં વધારે હિંમત દર્શાવી.

જયદેવનું કથન સાંભળીને વસ્તુપાળના વિશાળ કપાળ ઊપર કરચલીઓ પડી અને તેની આંખો સતેજ થઈ. તેણે તીવ્ર દ્રષ્ટિથી જયદેવના સામે જોયું.

જયદેવને એથી આઘાત થયો; તેણે તરતજ નીચે જોઈ લીધું.

વસ્તુપાળે એ જોઇને કહ્યું. " જયદેવજી ! તમારી સૂચના સંબંધી હું વિચાર કરી જોઈશ; પરંતુ એ પહેલાં મારે તમને એક વાત કહેવાની છે."

એક વાતનું નામ સાંભળીને જયદેવ મુંઝાયો. તેનાં મનમાં શંકા ઉત્પન્ન થઇ કે શું મેનકાનાં આગમનની વસ્તુપાળને ખબર પડી હશે?

તેણે આતુરતાથી વસ્તુપાળ તરફ જોઇને ધીમેથી પૂછ્યું. " શી વાત કહેવાની છે ? "

" મેં એમ સાંભળ્યું છે કે તમને ગાયનનો ઘણો શોખ છે. શું એ વાત સાચી છે ? " વસ્તુપાળે પ્રશ્ન કર્યો.

આવો પ્રશ્ન પૂછવાનો શો હેતુ હશે, એ જયદેવથી તરત સમજાયું નહિ; પણ સ્વાલ જવાબ કરવાની તેનામાં હિંમત આવી હતી અને તેથી તેણે વિના સંકોચે ઊત્તર આપ્યો. " તમે સાંભળેલી વાત સાચી છે; મને તેવો શોખ છે ખરો."

" અને એટલા માટેજ તમે ધોળકામાં મેનકાના મકાને જતા હતા ખરૂં કે નહિ ? " વસ્તુપાળે જયદેવને તરતજ સપડાવ્યો.

જયદેવ વસ્તુપાળના પ્રથમ પ્રશ્નનો હેતુ હવે સમજી ગયો. પણ તે હવે પહેલાંની જેમ વસ્તુપાળથી બહુ ડરતો નહોતો. તેણે સિધે સીધો જવાબ આપ્યો. " તમારી ધારણા સત્ય છે; હું કેવળ ગાન સાંભળવાને માટેજ મેનકાના મકાને જતો હતો."

" બરોબર છે." વસ્તુપાળે કહ્યું અને પછી ધીમે રહીને પૂછ્યું. " ત્યારે અંહી તેનું ગાન સાંભળ્યા વિના તમને ચાલે છે ખરૂં ? "

" નિરૂપાયે ચાલે છે." જયદેવે તરતજ ઊત્તર આપ્યો.

" પણ ધારો કે મેનકા અંહી આવીને રહે અગર તો તમે તેને બોલાવીને અંહી રાખો, તો તમારો શોખ પૂરો થાય ખરો." વસ્તુપાળે સલાહનાં રૂપમાં કહ્યું.

જયદેવ વસ્તુપાળની વાતનો મર્મ હવે બરોબર સમજી ગયો. તેણે તેનાં મનથી નક્કી કર્યું કે મેનકાનાં આગમનની ગુપ્ત વાત ગમે તે રીતે વસ્તુપાળના જાણુવામાં આવી છે અને તેથીજ તે ફરી ફરીને જૂદા જૂદા પ્રશ્નો પૂછે છે. પણુ જયદેવ રાજની ખટપટમાં પડવાથી કાંઇક હિંમતવાન બન્યો હતો અને સામાની વાતનો મર્મ જાણુવામાં તથા તેનો સચોટ જવાબ આપવામાં થોડો ઘણો કુશળ થયો હતો.

તેણે વસ્તુપાળ તરફ ધ્યાનપૂર્વક જોઇને કહ્યું. " તમારૂં કહેવું ખરૂં છે; પરંતુ મને ધોળકાથી ખંભાત મોકલીને મેનકાથી જૂદો તો તમેજ પાડયો છે અને હવે પાછા તેને અહીં લાવી રાખવાની સલાહ આપો છો, એ કેવી વાત ? "

" પણુ તમે અત્યારે જે હિંમત અને કૌશલ્યથી મારી સાથે વાત કરો છો, એ જો તમે મેનકાથી જૂદા પડ્યા ન હોત અને રાજની નોકરીમાં જોડાયા ન હોત, તો કરી શકત નહિ, એ તો તમે સમજી શકો છો ને ? " વસ્તુપાળે સામો પ્રશ્ન કર્યો.

" હા, એ હું સમજી શકું છું. " જયદેવે થોડીવાર વિચાર કરીને જવાબ આપ્યો.

" ત્યારે હવે તો તમે મેનકાના સહવાસમાં આવવાને ખુશી નહિ હો ? " વસ્તુપાળે જયદેવનો ઉત્તર સાંભળીને બીજો પ્રશ્ન કર્યો.

" નાહજ. " જયદેવે વિચાર કર્યા વિના હિંમત અને રૂઆબથી જવાબ આપી દીધો; પરંતુ પછી તેને વિચાર થયો કે કેવળ ના પાડવામાં તેણે મોટી ભૂલ કરી છે.

જયદેવમાં આટલી બધી હિંમત આવેલી જોઇને વસ્તુપાળને સહજ આશ્ચર્ય થયું અને તેના છેલ્લા ઉત્તરમાં સમાયેલી ધૃષ્ટતાનો વિચાર કરતાં જરા દિલગીરી પણુ થઈ. ક્ષણુવાર વિચાર કરતો તે જેમનો તેમ બેસી રહ્યો અને ત્યારબાદ આસન ઉપરથી ઉઠીને ખંડની બહાર આવ્યો. જયદેવે તેનું અનુકરણુ કર્યું. થોડીવારમાં તેઓ બન્ને ચાલતાં ચાલતાં બાગના એક એકાંત ભાગમાં આવી પહોંચ્યા.

વસ્તુપાળે ત્યાં પડેલાં એક આસન ઉપર બેસીને જયદેવને કહ્યું. " જયદેવજી ! તમારો છેલ્લો ઉત્તર સાંભળીને હું ઘણો ખુશી થયો છું. પણુ મારે તમને જે વાત કહેવાની છે, તે એજ છે કે ખંભાતના મુખ્ય અધિકારી કિંવા દુર્ગપાળનાં પદને તમારે પ્રાપ્ત કરવું હોય, તો ગાયનનો બહુ શોખ રાખવાની અગત્ય નથી. "

" તમારી સલાહ વ્યાજબી હશે. " જયદેવે કહ્યું. " પરંતુ ગાયન-

કળા શું એટલી બધી હલકી છે કે માણસની ઉન્નતિમાં એના શોખથી વિઘ્ન આવે છે ?"

"ગાયનકળા હલકી નથી; પરંતુ તેના ઉપરની મોહાંધતા હલકી છે -ખરાબ છે અને એવી મોહાન્ધતાથી માણસ આગળ વધી શકતો નથી." વસ્તુપાળે સચોટ જવાબ આપ્યો અને તેથી જયદેવ વિચારમાં પડી ગયો.

આ વખતે પ્રતિહારી વસ્તુપાળ જ્યાં બેઠો હતો, ત્યાં આવી પહોંચ્યો અને તેણે મહામાત્યને નમીને કહ્યું. "એક જુવાન આપની સન્મુખ આવવાને ઇચ્છે છે."

"તેને અંહી મોકલ." મહામાત્યે આજ્ઞા કરી.

પ્રતિહારી નમીને ચાલ્યો ગયો એટલે જયદેવે કહ્યું. "ત્યારે મને હવે રજા છે"

"કેમ બેસો ને ? જવાની ઉતાવળ છે ?" વસ્તુપાળે પૂછ્યું.

"ઉતાવળ તો ખાસ નથી; પરંતુ હવે હું જઇશ." જયદેવે ઉત્તર આપતા કહ્યું.

"ભલે જાઓ; પરંતુ મારી છેલ્લી વાત ઉપર પૂરતું ધ્યાન આપશો." વસ્તુપાળે તેને જવાની રજા આપતાં ભારપૂર્વક કહ્યું.

જયદેવ જતો જતો ઉભો રહ્યો. તેણે વસ્તુપાળ તરફ ધ્યાનપૂર્વક જોયું અને ત્યારપછી કહ્યું. "તમારી વાત અને સલાહ મારા ધ્યાનમાં છે. હું એ બાબતમાં પૂરતો વિચાર કરીશ."

એટલું કહીને જયદેવ ચાલ્યો ગયો અને મહામાત્ય વસ્તુપાળને એકવારના મૂર્ખ, ભોળા અને બીકણ જયદેવને સ્વાલ જવાબમાં આવો હિંમતવાન બનેલો જોઇને સાનંદાશ્ચર્ય થયું.

# પ્રકરણ ૧૩ મું.

## જીતેન્દ્રિય મહામાત્ય.

જયદેવ ગયા પછી વસ્તુપાળ બાગમાં આસન ઉપર બેઠો બેઠો બની ગયેલા બનાવ વિષે વિચાર કરી રહ્યો હતો, એટલામાં એક જુવાન ત્યાં આવી પહોંચ્યો. તેણે મહામાત્યને નમન કર્યું અને આજ્ઞાની રાહ જોતો તેની સન્મુખ ઉભો રહ્યો.

એ જુવાની અવસ્થા નાની જણાતી હતી; પરંતુ અવસ્થાના પ્રમા-

ણુમાં તેનું શરીર વધારે સ્થૂલ હતું. તેણે પહેરેલાં વસ્ત્રો ઉપરથી તે કઇ જાતિનો હશે, એ પહેલીજ નજરે કળી શકાય તેવું નહોતું; પરંતુ ધ્યાનપૂર્વક જોનારને તે વણિક કોમનો હોય, એવું અનુમાન બાંધવાને કારણ મળતું હતું.

વસ્તુપાળે તેને સંપૂર્ણ નિહાળીલઇને પૂછ્યું. “ તમેજ મારી પાસે આવવાને ઇચ્છતા હતા કે ? ”

“ જી, હા. ” જુવાને જવાબ આપ્યો.

જુવાનના અવાજમાં સહજ કોમળતા હતી. મહામાત્ય વિચારવા લાગ્યો કે એ અવાજ સ્ત્રીનો છે કે પુરૂષનો ?

“ તમે શું કારણથી મારી પાસે આવ્યા છો ? ” ક્ષણવાર રહી વસ્તુપાળે પૂછ્યું.

“ મારે આપને વિનંતિ કરવાની છે અને તે માટે મારૂં આગમન થયું છે.” એ યુવકે ઉત્તર આપ્યો.

વસ્તુપાળ મૌન રહ્યો એટલે યુવકે કહેવા માંડયું. “ હું જાતે વણિક અને ધર્મે જૈન છું. મારાં માતાપિતા ગુજરી ગયાં છે અને મારે બીજું કોઈ સગું કે સંબંધીજન નથી. તેમજ પેટનું ગુજરાન ચલાવવાને મારી પાસે કાંઈ સાધન નથી; હું નિરાધાર છું. કૃપા કરીને મને આશ્રય આપો. એ મારી વિનંતિ છે.”

વસ્તુપાળ તેના બોલેબોલ ઉપર વિચાર કરતો હતો. યુવકે પોતાનું બોલવું પુરૂં કર્યું કે તરતજ વસ્તુપાળે કહ્યું. “ તમારી નિરાધાર સ્થિતિ જોઇને મને દયા આવે છે; પરંતુ તમારાં નિર્માલ્ય વચનો સાંભળીને હું દિલગીર થાઉં છુ. વીશ કે પચીશ વર્ષનો જુવાન માણુસ નિરાધાર છું, એમ કહે એ શરમની વાત છે.”

“ આપને એમ લાગતું હશે.” યુવકે ગંભિરતાથી કહ્યું. “ પણ મારા જેવા નિરાધાર માણુસને આપના જેવા મોટા માણુસનાં આશ્રયની જરૂર છે. વૃક્ષ વિના વેલી ચડે છે ખરી ? ”

વસ્તુપાળે એ જુવાન તરફ તીક્ષ્ણ નજરથી જોઇને કહ્યું. “ તમારાં વચનો સ્ત્રીના મુખમાંથી નીકળતાં શોભે તેવાં છે. યુવાન વયના પુરૂષને બીજાના આધારની શી અગત્ય છે ? તેનું બાહુબળ એજ તેનો આધાર છે. સ્ત્રીને બીજાના આધારની જરૂર ખરી; પણ શું તમે સ્ત્રી છો ?”

એ યુવકનાં મુખ ઉપર વસ્તુપાળના છેવટના પ્રશ્નથી શરમની કિંચિત છાયા છવાઇ ગઈ. તે તરતજ ગંભીર બની ગયો, પરંતુ એ વસ્તુપાળનાં ધ્યાન બહાર નહોતું.

"હું સ્ત્રી છું, એવું આપને જણાય છે?" એ યુવકે પ્રશ્ન કર્યો.

"તમારો વેશ પુરૂષનો છે; તમારાં વચનો સ્ત્રીનાં છે." મહામાત્યે ઉત્તર આપ્યો.

"આપને જણાતું હોય, તે ખરૂં." યુવકે શાંતિથી કહીને પૂછ્યું. "પણ આપ આપના એક જ્ઞાતિજનને આશ્રય આપવાને તૈયાર છો કે નહિ?"

"જરૂર." વસ્તુપાળે ઊત્તર આપ્યો. "પણ તમારે કેવા આશ્રય વા આધારની અગત્ય છે?"

"મને આપની સેવામાં રાખો એટલે બસ." યુવકે વસ્તુપાળ તરફ તીવ્ર દ્રષ્ટિથી જોઇને ઉત્તર આપ્યો.

"મારી સેવાના ઘણા અર્થ થાય છે. તમે કેવા પ્રકારની સેવામાં રહેવા ઇચ્છો છો?" વસ્તુપાળે તરતજ પૂછ્યું.

યુવક વિચારમાં પડયો. મહામંત્રીનાં પ્રશ્નનો શો ઉત્તર આપવો, એ તેને તરતજ સૂઝ્યું નહિ, કેટલીક વારસુધી વિચાર કરીને તેણે કહ્યું. "રાત્રિ અને દિવસ આપની પાસે રહેવું પડે, એવી સેવામાં રહેવાની મારી ઇચ્છા છે."

વસ્તુપાળે એ યુવકના સામે ધ્યાનપૂર્વક જોઇને કહ્યું. "એવી સેવામાં હું કોઇને રાખતો નથી; રાત્રિ અને દિવસ ચોવીસે કલાક કોઇને નોકરીનાં બંધનમાં રાખવા, એ મને પસંદ નથી.

"ત્યારે માત્ર રાત્રિને માટેજ મને આપની ચાકરીમાં રાખો." યુવકે ગંભીરતાથી કહ્યું.

"રાત્રિને માટે મારી પોતાની નોકરીમાં હું કોઇને રાખતો નથી." વસ્તુપાળે પણ તેવીજ ગંભીરતાથી કહ્યું. "પણ જો તમારે રાજની નોકરીમાં રહેવું હોય, તો તમને રાત્રિની નોકરી આપવામાં આવશે; આ નગરનાં રક્ષણને માટે રાખેલા સૈન્યમાં તમને દાખલ કરવામાં આવશે."

યુવક જરા વાર મુંઝાયો. તેણે હવે ચોક્કસ પ્રકારનો નિશ્ચય કરીને પૂછ્યું "હું નવયુવક છું, એના બદલે નવયુવતી હોઉં, તો આપ મને આપની દાસી તરીકે રાત્રિને માટે નોકરીમાં રાખો ખરા કે નહિ?"

યુવકનાં એ વિચિત્ર કથનથી વસ્તુપાળને આશ્ચર્ય થયું નહિ. તેણે સહસા કહ્યું. "પણ તમે ક્યાં નવયુવતી છો? તમે તો ખાસા નવજુવાન પુરૂષ છો."

યુવકે વસ્તુપાળની નજર સાથે પોતાની નજર મેળવી એક ક્ષણ

વાર વિચાર કર્યો અને પછી માથેથી ફેંટાને અને શરીર ઉપરનાં પુરૂષનાં વસ્ત્રને દૂર ફેંકી દઇને પૂછયું. "હવે તો મને રાત્રિને માટે આપની સેવામાં રાખશો ને ?"

પોતાની સન્મુખ નવયુવકને બદલે નવયુવતી ઉભેલી જોઇને વસ્તુપાળનાં મુખ ઉપર આશ્ચર્યની છટા જરાતરા દેખાણી અને વિલિન થઇ ગઇ.

તેણે શાંતિથી પૂછયું. "મેનકા ! આ સાહસ અને પ્રપંચ શા માટે કરવાં પડયાં છે ?"

એ નવયુવક—નહિ એ નવયુવતી મેનકાજ હતી. તેણે સ્મિત કરીને ઉત્તર આપ્યો. "આપના માટેજ."

"મારા માટે એની જરૂર નહોતી." વસ્તુપાળે પૂર્વવત્ શાંતિથી કહ્યું.

"આપને એમ લાગતું હશે; પરંતુ મારે તો એની જરૂર હતી અને તેથી મેં આ પ્રમાણે કર્યું છે. અવિનય માટે ક્ષમા આપશો." મેનકાએ પણ શાંતિથી કહ્યું.

"પણ આ પ્રપંચ કરવાનું પ્રયોજન શું છે ?" વસ્તુપાળે પ્રશ્ન કર્યો.

"પ્રયોજન ?" મેનકાએ ઉત્તર આપતાં કહ્યું. "આપના સહવાસમાં આવવાનાં અને આપની કૃપા મેળવવાનાં પ્રયોજનને માટે મારે આ પ્રપંચ કરવો પડયો છે. કેટલાએ દિવસો થયા આપને મળવાને અને મારૂં અંતઃકરણ આપની પાસે ખાલી કરવાને હું આતુર હતી. મારી એ આતુરતાનો આજ અંત આવ્યો છે. આજ મને મારૂં અંતઃકરણ ખાલી કરવા દો."

વસ્તુપાળ મૌન રહ્યો. તેણે મેનકાનું કથન માત્ર સાંભળ્યા કર્યું.

મેનકાએ વસ્તુપાળનાં મુખ ઉપર પોતાની દ્રષ્ટિ એકાગ્ર કરીને કહ્યું "મંત્રીશ્વર ! નેવાંનાં પાણી આજે મોભ ચડે છે. જે મેનકાએ પાટણના તથા ધોળકાના સરદારો, અધિકારીઓ, શ્રીમંતો અને અનેક સ્વરૂપવાન નવજુવાનો આગળ કદિપણ નમતું આપ્યું નથી અને જયદેવ વિના બીજા કોઇને પોતાનાં રૂપ–લાવણ્યનો ભોગી બનાવ્યો નથી, એ મેનકા આજે આપની પાસે નમતું આપે છે. આપ પ્રશ્ન કરશો કે એમ કરવાનું શું કારણ છે ? એનું કારણ માત્ર એટલુંજ છે કે આ માનિની મેનકા આપના પ્રેમની અભિલાષા રાખે છે. જો આપ એમ માનતા હો કે મેનકા આપનો અધિકાર, આપની ધનાઢયતા, આપનો વૈભવ, આપનાં રૂપ અને આપના ગુણને જોઇ આપના પ્રેમની અભિલાષા રાખે છે, તો એ માન્યતા ભૂલ-

ભરેલી ઠરશે. મેનકાએ આજપર્યંત ઘણા અધિકારીઓની, ઘણા શ્રીમંતોની ઘણા વૈભવી માણસોની, ઘણા કામદેવ સમાન યુવકોની અને ઘણા ગુણી પુરૂષોની દરકાર કરી નથી અને આજ તે આપની દરકાર કરતી સ્વયં આવી છે, એનું કારણ બીજું કાંઇ નહિ; પરંતુ આપનું વ્યક્તિત્ત્વજ છે. હું આપને આપનાં વ્યક્તિત્ત્વને માટેજ ચાહું છું. મેનકાનો પ્રેમી જો કોઇ હોય, તો તે અસાધારણ વ્યક્તિત્ત્વવાળો ગુજરાતનો મહામાત્ય વસ્તુપાળજ હોવો જોઇએ. આટલા માટેજ હું આપના પ્રેમની તૃષાતુર રહ્યા કરતી હતી અને મને લાગે છે કે મારી તૃષા આજે શાંત થશે. ”

મહામાત્ય વસ્તુપાળ મેનકાનું કથન સાંભળીને ક્ષણવાર મૌન રહ્યો. મેનકા તેને લોભાવવા આવી છે, એવું તે તરતજ કળી ગયો હતો અને તેથી તેને કેવી રીતે મહાત કરવી, એ વિષે વિચાર કરતો હતો.

તેણે સંપૂર્ણ ગંભીરતાથી પૂછ્યું. “ ત્યારે તેં જયદેવને તારો પ્રેમી શા માટે બનાવ્યો છે ? ”

“ એમ કરવામાં મારો હેતુ હતો. ” મેનકાએ આંખોને તીક્ષ્ણ બનાવીને કહ્યું. “ તમે ગુજરાતના મહામંત્રી. તેનો પ્રેમ જીતવો, એ કાંઇ સરલ વાત નથી. જયદેવને મારો પ્રેમી બનાવવાથી તમારો પ્રેમ જીતી શકાશે, એવી મારી માન્યતા હોવાથીજ મેં એ પ્રમાણે કર્યું છે. ”

“ હું તારી માન્યતાને સમજી શકતો નથી. જરા સ્પષ્ટતાથી સમજાવ. ” વસ્તુપાળે વાતને સ્પષ્ટ કરવાના હેતુથી કહ્યું.

“ મંત્રીશ્વર ! તમે એટલું સમજી શકતા નથી ? જો જયદેવને મારા પાશમાંથી મુક્ત કરવા હોય અને તમારી બ્હેન પદ્માનું દુ:ખ દૂર કરવું હોય, તો તમે મારા પ્રેમનો સ્વીકાર કરો અને જો તમે મારો તિરસ્કાર કરશો, તો યાદ રાખજો કે જયદેવ અને પદ્મા કદિ પણ એક થઇ શકશે નહિ. ” મેનકાએ વાતનો મર્મ સ્પષ્ટ કરી દર્શાવ્યો.

“ હું સમજ્યો, મેનકા ! ” વસ્તુપાળે કપાળે હાથ ફેરવીને કહ્યું. “ મારો પ્રેમ મેળવવાની ખાતર તેં જયદેવ જેવા મૂર્ખ જુવાનને તારા મોહમાં ફસાવ્યો છે. ઠીક, પણ મેનકા ! એમ કરવાથી તો તારાં કૌશલ્ય ઉપર પાણી ફરી વળ્યું છે. વસ્તુપાળ કદિ પણ પરસ્ત્રીના પ્રેમનો સ્વીકાર કરતો નથી, એ શું તારી સમજણમાં નથી ? ”

“ એ મારી સમજણમાં છે; પરંતુ હું પરસ્ત્રી નથી. હું તો કળાવતી ગુણિકા છું અને ગમે તેની સાથે પ્રેમ જોડવાને સ્વતંત્ર છું. જે ઘડીએ તમે મારા પ્રેમનો સ્વીકાર કરશો, તેજ ઘડીએ જયદેવ છૂટા થશે

અને તે સાથે તમારી બ્હેન પણ સુખી થશે." મેનકાએ જાતિગત ગર્વથી કહ્યું.

"ગુણિકા તો પરસ્ત્રી કરતાં પણ વધારે ત્યાગ કરવા લાયક છે." મહામાત્યે કહ્યું.

"શાસ્ત્રકારો એમ કહે છે ખરા." મેનકાએ જરા હસીને કહ્યું. "પણ આ ગુણિકા બીજી ગુણિકાઓ જેવી નથી. તે જેને પોતાનો પ્રેમ અર્પે છે, તેને શુદ્ધ હૃદયથી ચાહે છે અને હું તમને ખાતરી આપું છું કે આજથી મારૂં તન મન, અને ધન તમારા અધિકારમાં છે. તમે આજ્ઞા કરશો, તો અનેક માની પુરૂષોના ગર્વનું ખંડન કરનારી આ મેનકા તમારી દાસી થઇને પણ રહેવા તૈયાર છે."

"તું ગમે તેવી પણ આખરે ગુણિકા છું; ગુણિકાનો વિશ્વાસ શો ?" વસ્તુપાળે કહ્યું.

"ત્યારે તમે મારી માગણીનો તિરસ્કાર કરો છો ?" મેનકાએ ગંભીર બનીને પ્રશ્ન કર્યો.

"તિરસ્કાર નહિ પણ અસ્વીકાર." વસ્તુપાળે ઉત્તર આપ્યો.

મેનકાએ કહ્યું. "મંત્રીશ્વર ! સાંભળ્યું છે કે તમે રસિક છો. પણ રસિક પુરૂષ તમારી જેમ આશાભરી લલનાનો તિરસ્કાર કરે નહિ. જેનું મધુર હાસ્ય જોવાને, જેની પ્રેમભરી વાણી સાંભળવાને અને જેનો કૃપાકટાક્ષ મેળવવાને અનેક પુરૂષો પ્રયત્ન કરી રહ્યા છે, તે મેનકા તમારા પ્રેમની માગણી કરે છે અને પોતાનું સર્વસ્વ અર્પવા તૈયાર થઇ છે, ત્યારે તમે તેનો અસ્વીકાર કરો છો, એ તમારી મોટી ભૂલ છે."

મહામાત્યે કહ્યું, "મેનકા ! મારી ભૂલ ક્યારે અને ક્યાં થાય છે, તે જોવાનું કામ મારૂં છે, તારૂં નહિ."

"મંત્રીશ્વર ! તમને તમારાં બુદ્ધિચાતુર્યનું અભિમાન છે અને તેથીજ તમે એમ કહો છો; પરંતુ હું તમને સાફ સાફ કહું છું કે મારો તિરસ્કાર કરવામાં તમે કેવળ ભૂલ કરો છો. એક લલિત લલનાની પ્રેમમયી માગણીનો અસ્વીકાર કરવો, એ ભૂલ નહિ તો બીજું શું ! રાજકીય ખટપટમાં રચ્યા પચ્યા રહેવાથી તમારૂં હૃદય કઠિન બની ગયું જણાય છે; પરંતુ જરા વિચાર કરો અને હૃદયને કોમળ બનાવી તમારાં ચક્ષુને પાવન કરો. તમારી સન્મુખ સૌંદર્યની સજીવ પ્રતિમા મૃદુતાની ખાણ, લાવણ્યનો ભંડાર અને જગતની સર્વ સજીવ અજીવ વસ્તુઓમાં સર્વ શ્રેષ્ટ એવી લલના પોતાના પ્રાણને તમારા ચરણમાં ધરીને ઉભી છે. શું તમે તેને ઠોકરે મારો છો; તેનો તિરસ્કાર કરો છો ! કહો, કહો કે

મેનકા ! તને હું ચાહું છું. ” એમ કહીને મેનકા વસ્તુપાળની પાસે ગઇ અને તેના ચરણ પાસે તેનું મસ્તક નમાવીને બેસી રહી.

વસ્તુપાળે તેના ચરણોને લઇ લીધા. તે સહસા ઉભો થયો. મેનકા પણ ઉભી થઇ ગઇ અને તેનાં મોહક સ્વરૂપને વધારે મોહક બનાવીને સામે ઉભી રહી. વસ્તુપાળને બદલે બીજો પુરૂષ આ સમયે હોત, તો તે જરૂર મહાત થયો હોત; પરંતુ વસ્તુપાળ મહાત થાય એમ નહોતું. તેણે મેનકા તરફ તીક્ષ્ણ દૃષ્ટિથી જોયું. મેનકાથી વસ્તુપાળની દૃષ્ટિનું તેજ સહન થઇ શકયું નહિ. તે જરા પાછી હઠી અને ક્ષણવાર અવનત મુખે ઉભી રહી.

થોડીવાર પછી પોતાનાં બધાં બળને, બધી કળાને અને બધી હિંમતને એકત્ર કરીને મેનકાએ મુખને ઉન્નત કર્યું અને તે પછી તેણે નયનકટારીને સતેજ કરી શરીરમાં હાવભાવ અને મુખમાં સ્મિત હાસ્ય ભરીને વસ્તુપાળ ઉપર પ્રહારો કરવામાં કચાશ રાખી નહિ. પણ એ મૃદુ જણાતાં કાતીલ પ્રહારો સામે ઉભેલા વીર પુરૂષને કશી અસર કરી શકયાં નહિ. ત્રિલોચનધારી શંકરની પેઠે વીર વસ્તુપાળ મોહિનીસ્વરૂપ મેનકાની આગળ અચળ, અડગ અને દૃઢ ઉભો હતો. મેનકા તેનાં શુદ્ધ ચારિત્રનાં તેજને સહન કરવાને હવે અસમર્થ બની ગઇ. તેણે શરમથી પોતાનાં મુખને બે હાથવડે ઢાંકી દીધું અને તે હતાશ બનીને નીચે જમીન ઉપર બેસી ગઇ.

વસ્તુપાળે મેનકાની સ્થિતિ જોઇને કહ્યું. “ મેનકા ! તું તારા પ્રયત્નમાં નિષ્ફળ ગઇ છે. જયદેવની પેઠે મને પણ તારા પાશમાં ફસાવવાનો તારો વિચાર હતો; પણ તેમાં તને નિરાશા પ્રાપ્ત થઇ છે. તારૂં અભિમાન આજ નષ્ટ પામ્યું છે અને તેથી તને દુઃખ થતું હોય, તો એ સ્વાભાવિક છે. પણ ઓ નિરાશ થયેલી સુંદરી ! તું વિચાર કર; તારાં હૃદયમાં ઉંડી ઉતરોને તપાસ કર અને તને માલુમ પડશે કે તારા પરાજયમાં પણ તારો વિજય સમાયેલો છે. આ સુંદર દેહકળી, આ મદભર નયનો, આ અમૃત વર્ષાવતું હાસ્ય, આ મનોહારી અંગમરોડ અને આ મીઠી મોહક વાણી એનો ઉપયોગ શું જૂદા જૂદા પુરૂષોને મોહપાશમાં નાંખવાને માટેજ કરવાનો છે ? નહિ. એ બધાં સાધનોનો ઉપયોગ પુરૂષોને લલચાવવા માટે કરવાનો નથી; પરંતુ સમાજમાં તેની સુવાસ પ્રસરાવવાને માટેજ કરવાનો છે. તું કહે છે કે ગુણિકાનો આચાર ગમે તે પુરૂષની સાથે પ્રેમ જોડવાનો છે; પરંતુ તે તારી ભૂલ છે. ગુણિકાનો

એવો આચાર સ્વચ્છંદી હોઇ શકે નહિ. તેણે આજીવન એકજ પુરૂષને પોતાના સ્વામી તરીકે સ્વીકારવો જોઇએ. ગુણિકાનો ધર્મ ગાયનકળાથી લોકોનાં મનને રંજન કરી પોતાનું ગુજરાન ચલાવવાનો છે; પુરૂષોને મોહવશ કરી અને પોતાના પાશમાં ફસાવી તેમનું જીવન નષ્ટ કરવાનો નથી. મેનકા ! ભોળાં હૃદયના જયદેવને તારા પાશમાંથી મુક્ત કર અને તેનાં જીવનને સુધારવાની તક આપ. તેને તારા પાશમાં પકડી રાખવાથી એક આશાભરી બાળાનું જીવન નષ્ટ થાય છે; પદ્મા તેના સ્વામીના વિયોગથી અતિ પિડાય છે એનો તું વિચાર કર અને જયદેવને છોડી દે. માત્ર સંગીતકળાના સાધનથી લોકોને ખુશી કરી તારાં જીવનને સુધારી લે. ઓ સર્વાંગ સુંદરી મેનકા ! ઉભી થા, નિરાશાનો ત્યાગ કર અને તારાં સ્ત્રીજીવનને સુધારવાને તત્પર થા. ”

વસ્તુપાળનાં આશ્વાસનજનક અને ઉપદેશપૂર્ણ વચનો સાંભળીને મેનકા ઉભી થઇ. તેની વિકારી આંખો હવે શાંત બની ગઈ હતી અને તેનાં આખા અંગ ઉપર ઉન્માદને બદલે ગંભીરતા છવાયેલી જોવામાં આવતી હતી.

તેણે શાંત પણ મીઠા અવાજે કહ્યું. “ મંત્રીશ્વર ! તમે આ ઉપદેશ મને પ્રથમથીજ કાં ન સંભળાવ્યો ? તમારો ઉપદેશ હવે મારા માટે રાંડયા પછીના ડહાપણ જેવો છે. જીવનની શરૂઆત અધમતાથી થયા પછી તેને ધર્મમાર્ગ ઉપર લાવવાનું કાર્ય બહુ કઠિન છે.”

મેનકાના અવાજમાં હજી નિરાશા હતી.

“ મનુષ્યને માટે કઠિન કાંઈ નથી. દૃઢ નિશ્ચય અને પ્રબળ ઇચ્છાથી તે ધારે તે કરી શકે છે.” વસ્તુપાળે શાંતિથી કહ્યું.

મેનકાએ કાતર મુખમુદ્રા અને ભાવપૂર્ણ આંખોથી વસ્તુપાળ તરફ જોયું અને પછી કહ્યું. “ એ તો ઠીક, પણ તમે મારી એક વિનંતિને માન્ય રાખશો, તોજ હું મારા જીવનને સુધારી શકીશ હું ગુણિકાનો બધો આચાર–નૃત્ય, સંગીત અને વિલાસ આ ક્ષણથીજ મૂકી દેવાને તૈયાર છું; પરંતુ એક શરતેજ અને તે શરત એ છે કે તમારે મને તમારી દાસી તરીકે રાખવી પડશે.”

વસ્તુપાળે કહ્યું. “મેનકા ! તારાં જીવનને ઉન્નત બનાવવાને હું ઘણો ઇન્તેજાર છું; પરંતુ તે તારી માગણીને કબુલ રાખીને તો નહિજ. મારા માટે તારે કોઈ પણ પ્રકારની આશા રાખવાની નથી અને તેમ છતાં રાખીશ, તો તુ નિરાશજ થઇશ.”

“ ત્યારે તમારો છેવટ એજ ઉત્તર છે ? ” મેનકાએ પૂછ્યું.

"જરૂર." વસ્તુપાળે દૃઢતાથી ઉત્તર આપ્યો.

"પણ એનું કારણ શું છે? એક રૂપસુંદરી, લાવણ્યમયી અને મધુરી યુવતીના પ્રેમનો અરે તેની સેવાનો અસ્વીકાર કરવાનું કારણ શું છે?" મેનકાએ ફરીથી પૂછ્યું.

"કારણને તું જાણુતી નથી, મેનકા!" વસ્તુપાળે સહજ હસીને ઉત્તર આપ્યો કે "સિંહ કદાપિ પણ તૃણની ઇચ્છા કરતો નથી?"

મેનકા વસ્તુપાળને મહાત કરવાને આવી હતી; પરંતુ તેને મહાત કરવાને બદલે પોતેજ તેનાથી મહાત થઇ. તેણે વસ્તુપાળનો ઉત્તર સાંભળીને ગાઢ નિશ્વાસ મૂકયો અને દિલગીરી ભરેલા સ્વરથી પૂછ્યું. "ત્યારે હવે મારે શું કરવું?"

"તારાં અમૂલ્ય અને પવિત્ર સ્ત્રીજીવનને સુધારવાનો પ્રયાસ કરવો અને તારા જેવી અન્ય સ્ત્રીઓને પણ તેવો ઉપદેશ આપવો, એજ હવે તારે કરવાનું છે." વસ્તુપાળે ઉત્તર આપતાં કહ્યું.

મેનકા ક્ષણુવાર મૌન ઉભી રહી. તેણે વસ્તુપાળ તરફ તીવ્ર નજર નાંખી. એ નજરમાં નિરાશા સ્પષ્ટ જણાતી હતી. પણ વસ્તુપાળની નજર જેવી ને તેવી સખ્ત હતી. તેમાં દયા હતી; પરંતુ વિકાર નહોતો. મદભરી માનિની મેનકાનાં માનનું આજે ખંડન થયું અને તે કેવળ હતાશ બની ગઇ હતી. થોડીવાર રહી મેનકા ત્યાંથી અવનત મુખે ધીરે ધીરે ચાલી ગઇ. જીતેન્દ્રિય મહામાત્યે મહાત બનેલી મેનકાની પીઠ તરફ નજર કરીને જરા હાસ્ય કર્યું. મેનકા દેખાતી બંધ થઇ એટલે તેણે પોતાનાં મનથી કહ્યું. "હવે પદ્મા સુખી થઇ શકશે ખરી."

# પ્રકરણ ૧૪ મું.

## જયંતસિંહની સલાહ.

પાટણમાં મહાસામંત ત્રિભુવનપાળ સોલંકીના વાડામાં પાટણના સામંતોની સભા આગળ એક વાર ભરાણી હતી. આ નવલકથાના પહેલા ભાગમાં એ હકીકત આવી ગયાનું વાચકો જાણે છે. એ સભાનું કામ સર્વાનુમતે પસાર થયું નહોતું અને સભા ભરનારનો આશય પાર પડયો નહોતો; પરંતુ એ દિવસથી ત્રિભુવનપાળ અને તેના પક્ષના જયંતસિંહ, વીરસિંહ વગેરે સરદારો ધોળકાનાં રાજતંત્રનો નાશ કરવા માટે અનેક

કાવત્રાં કરી રહ્યાં હતાં. પાટણમાં મહારાજા ભીમદેવને મળી અને મહા-મંત્રી શ્રીધરને સમજાવી તથા ધોળકામાં મંત્રી નાગડ અને ચાહડને ઉશ્કેરીને તેઓએ કેટલેક અંશે ખટપટને જગાડી હતી અને છેવટ વીર-ધવળના પાટવીકુમાર વીરમને કપટજાળમાં ફસાવીને રાજ્યસત્તાને પોતાના અધિકારમાં લેવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. આ સમય દરમ્યાન વીરમ અને મધુરીનો પ્રેમ-સહવાસ ચાલુ હતો અને તેથી વીરમ પાટણ અને ધોળકાની રાજખટપટને ભૂલી જઇ કેવળ એશ-આરામ ભોગવતો હતો. મધુરી અને સન્યાસીની સલાહથી તેણે જયંતસિંહને મળવાનો અને તેની સહાય મેળવવાનો નિશ્ચય કર્યો હતો, એ વાચકોના જાણવામાં છે. મધુરીએ આજે વીરમના નિશ્ચયને અમલમાં મૂકવાની ગોઠવણ કરી હતી અને જયતસિંહને મળવાને માટે ત્રિભુવનપાળ સોલંકીના વાડાનું સ્થળ પસંદ કર્યું હતું.

રાત્રિનો વખત હતો. વાડીમાં સર્વત્ર અંધકાર વ્યાપી ગયો હતો અને આકાશમાં ચમકતા તારાઓ વિના પ્રકાશનું નામ કે નિશાન નહોતું, પણ કેટલાક સમય પછી વાડો મશાલનાં અજવાળાથી પ્રકાશિત બની ગયો. મશાલના પ્રકાશમાં આંબાના વૃક્ષ નીચે બે માણસો ઉભેલા જોવામાં આવતા હતા. તેમાં એક પુરૂષ હતો અને બીજી સ્ત્રી હતી. તેઓની અ-વસ્થા લગભગ સમાન હતી એટલે કે બન્ને જુવાન વયના હતા. વાચક મહાશયો આ સ્ત્રી પુરૂષને ઓળખતા હોવા જોઇએ. જુવાન પુરૂષ એ વીરમ હતો અને જુવાન સ્ત્રી એ મધુરી હતી. બન્ને પરસ્પર ધીમેથી વાર્તાલાપ કરતા હતા અને તેમનાથી કેટલેક દૂર બે મશાલચી મશાલ પકડી બેઠા હતા.

" જયંતસિંહને આવવાનો વખત હવે થઇ ગયો છે. " મધુ-રીએ કહ્યું.

" હા. " વીરમે કહ્યું અને પછી પૂછ્યું. " પણ તે તારો શો સગો થાય છે, તે તો તેં મને કહ્યુંજ નહિ ? "

મધુરી એ પ્રશ્નનો શો ઉત્તર આપવો, એ વિષે જરા વિચારમાં પડી. પણ વિચાર કરતાં તેણે બહુ વાર લગાડી નહિ. તેણે ક્ષણવાર રહીનેજ કહ્યું. " એ તો હું આપને કહેવાનીજ હતી; પરંતુ અત્યારસુધી હું તે કેમ ભૂલી ગઇ, એ મને સમજાતું નથી. '

" જેમ તું કહેવું ભૂલી ગઇ હતી, તેમ હું પૂછવું પણ ભૂલી ગયો હતો. " વીરમે સરલતાથી કહ્યું.

" આપનું કથન સત્ય છે. " મધુરીએ હસીને કહ્યું. " કોઇ કોઇ

વાર જરૂરી વાત કહેવાનું કે પૂછવાનું ભૂલી જવાય છે અને મારા અને આપના ઉભયના સંબંધમાં આ વખતે એ પ્રમાણે બન્યું છે."

મધુરી મુખ્ય પ્રશ્નનો જવાબ આપવાને બદલે વાતને લંબાવ્યે જાય છે, એ સરલ હૃદયના વીરમથી સમજી શકાયું નહિ. તેણે પણ હસીને કહ્યું "ભૂલ તો આપણી બન્નેની થઇ છે; પણ હવે એ સુધારી લેવાનું તારૂં કામ છે."

"બરોબર છે અને હું થયેલી ભૂલને સુધારવાજ માગું છું." મધુરીએ હજી પણ વાતને લંબાવવાના ઉદ્દેશથી કહ્યું.

"ત્યારે હવે એ ભૂલને સુધારવામાં શી વાર છે?" વીરમે પ્રશ્ન કર્યો.

"વાર કાંઇજ નથી; માત્ર આપની આજ્ઞાની રાહ છે." મધુરીએ કહ્યું.

"પણ આમા આજ્ઞાનો ક્યાં સ્વાલ છે?" વીરમે ભાર દઇને સ્વાલ કર્યો.

"ના, આજ્ઞાનો સ્વાલ તો આમાં નથી." મધુરીએ ઉત્તર આપ્યો અને બળતી મશાલ તરફ જોઇને કહ્યું. "જયંતસિંહ આવતા જણાય છે"

પાટણની રાજગાદીને એકવાર પચાવી પાડનાર અને છેવટ રાજ-દ્રોહી બનીને દેશનિકાલ થયેલો સરદાર જયંતસિંહ સામેથી આવતો હતો.

"હા; કોઇ આવે છે ખરૂં." વીરમે એ બાજુએ જોઇને કહ્યું.

"અને હું હવે જરા દૂર અંધારામાં જઇને ઉભી રહું છું." એમ કહીને મધુરી ત્વરાથી ત્યાંથી ચાલી ગઇ અને પાસેનાં બીજા વૃક્ષની પાછળ જઇને ઉભી રહી.

જયંતસિંહ નજીક આવ્યો અને વીરમની સન્મુખ ઉભો રહ્યો. વીરમ મૌન ઉભો હતો એટલે જયંતસિંહે કહ્યું. "વીરમકુમાર! મને આવતાં જરા મોડું થયું ખરૂં. તમે ક્યારના આવીને ઉભા છો?"

વીરમે ઉત્તર આપતાં કહ્યું. "ના; તમને મોડું થયું નથી; કારણ કે હું પણ હજી હમણાંજ આવ્યો છું."

"ત્યારે તો ઠીક" જયંતસિંહે સંતોષ દર્શાવ્યો અને પછી કહ્યું. "તમે મને શા કારણથી મળવા માટે બોલાવ્યો છે, એ મધુરીનાં મુખેથી મેં સાંભળ્યું છે. હાલમાં ચાલતી રાજકીય ખટપટથી, તમારા પિતાએ કરેલાં અપમાનથી અને વસ્તુપાળ વગેરે મંત્રીઓની સત્તાથી કંટાળીને તમે મારી સલાહ અને સહાય લેવાને આવ્યા છો, એ માટે હું તમારો આભારી છું. સહાયની વાત હાલ બાજુ ઉપર રાખીએ; પરંતુ મારી સલાહ તમને રૂચશે ખરી?"

જયંતસિંહના છેલ્લા પ્રશ્નથી વીરમ વિચારમાં પડયો. અને તે એથી વિચારમાં પડે, એ સ્વાભાવિક હતું; કારણ કે તે ભોળા હૃદયનો હતો અને તેનામાં સારાસાર સમજવાની શક્તિ નહોતી.

કેટલોક સમય વિચાર કરીને તેણે પૂછ્યું. " આપણા મેળાપની શરૂઆતમાજ આવો પ્રશ્ન પૂછવાની શી અગત્ય છે ? મને તમારી સલાહ અને સહાયની જરૂર છે અને તે માટેજ મેં તમને બોલાવ્યા છે. એટલે પછી એવો પ્રશ્ન કરવાની અગત્ય હોય એમ હું માનતો નથી. "

" તમને એની અગત્ય લાગતી નહિ હોય; પરંતુ મને એની અગત્ય લાગે છે." જયંતસિંહે દૃઢતાથી કહ્યું " તમે જાણતા હશો કે મહારાજા ભીમદેવ, તમારા દાદાજી લવણપ્રસાદ અને તમારા પિતાજી વીરધવળ તથા ધોળકાના જૈન મંત્રીઓ વસ્તુપાળ તથા તેજપાળ વગેરે મને તેમનો શત્રુ ગણે છે. વળી મહારાજ ભીમદેવે મને રાજદ્રોહી ઠરાવીને દેશનિકાલની શિક્ષા પણ કરેલી છે. તમારા દાદા અને તમારા પિતાના જે રાજકીય વિચારો છે, તેથી મારા વિચારો ભિન્ન છે. પાટણની ચડતી અને ગુજરાતનાં ગૌરવને માટે હું જુદોજ મત બાંધીને બેઠો છું અને તેથીજ મારે તમને પૂછવું પડે છે કે મારી સલાહ તમને રૂચશે ખરી ?"

જયંતસિંહનું સ્પષ્ટ કથન સાંભળીને વીરમ વધારે વિચારમાં પડયો. શો ઉત્તર આપવો, તે એને સુજ્યું નહિ. છેવટ તેણે સ્પષ્ટ ઊત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો, " પણ તમે કેવી સલાહ આપવાના છો કે તે મને રૂચશે નહિ ? મધુરી અને તેના ઓળખીતા સન્યાસીએ મને તમારી સલાહ અને સહાય લેવાની ભલામણ કરી છે, એથી મને જણાય છે કે તમારી સલાહ ગેરવ્યાજબી તો નહિજ હોય."

જયંતસિંહે તરતજ કહ્યું. " મારી સલાહ વ્યાજબી હશે કે ગેરવ્યાજબી, એ સંબંધી તો તમારેજ વિચાર કરવાનો છે. પણ તમે મારા પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર આપવાને બદલે મને સામો પ્રશ્ન કરો છો, ત્યારે મારે તમને બધી વાત ખુલ્લા દિલથીજ કહેવી પડશે."

એટલું બોલીને જયંતસિંહે વીરમના સામે જોયું અને પછી કમરે લટકતી તલવારને ઠીક કરીને કહ્યું. " સાંભળો વીરમકુમાર ! મધુરી અને તેના ઓળખીતા સન્યાસીની ભલામણથી તમે મારી સલાહ અને સહાય લેવાને આવ્યા છો; પરંતુ મને લાગે છે કે તમને મારી સલાહ રૂચશે નહિ. હાલની રાજકીય ચળવળ સંબંધી મારા વિચારો, મારી કલ્પનાઓ અને મારો કાર્યક્રમ જુદાજ પ્રકારનાં છે. તમારા પિતાએ સ્થાપિત કરેલા ધોળકાનાં નવાં રાજ્યતંત્રનાં અસ્તિત્ત્વને તો

હું ઇચ્છતોજ નથી. અને પાટણની ગાદી ઉપર જૈન સાધુ જેવા કે બ્રાહ્મણ સન્યાસી જેવા વૃદ્ધ ભીમદેવને બદલે તમારા જેવા નવજુવાન વીરને બેઠેલા જોવાને ઇચ્છું છું. અને વસ્તુપાળ તથા તેજપાળ વગેરે જેવા અહિંસાધર્મને માનનારા જૈન મંત્રીઓને તો દેશનિકાલજ કરવા જોઇએ, એવી મારી ઇચ્છા છે. વર્ત્તમાન રાજકીય ખટપટના આ વિચારો છે અને એ જો તમને એ માન્ય હોય, તોજ તમને મારી સલાહ અનુકૂળ પડશે અને નહિ તો મારી સલાહ ગમે તેવી વ્યાજબી હશે; તોપણ તમને પ્રતિકૂલજ જણાશે."

વીરમકુમાર જયંતસિંહનું ઉપરનું કથન એકધ્યાને સાંભળી રહ્યો હતો. તે પોતાનાં મનથી વિચાર કરતો હતો કે જયંતસિંહ જે બોલે છે તે અંતરથી બોલે છે કે માત્ર પોતાને આંજી નાંખવાને માટેજ બોલે છે!

ક્ષણવાર રહી તેણે કહ્યું. "ધારો કે તમારા વિચારો, તમારી કલ્પનાઓ અને તમારા આશયો મને માન્ય છે અને તે પ્રમાણે વર્ત્તવાને હું તૈયાર છું; તો પછી હાલ તરત મારે શું કરવું જોઇએ?"

જયંતસિંહે તરતજ કહ્યું. "હું એમ ધારૂં છું, એ નકામું છે. તમે અંતઃકરણથી એમ માનો છો કે નહિ, તે નક્કી થવું જોઇએ."

"તે નક્કીજ છે." વૃક્ષ પાછળથી મધુરીનો અવાજ આવ્યો અને તે બન્ને નજીક આવીને ઊભી રહી.

તેણે વીરમના સામે નેત્ર-કટાક્ષ કરીને જયંતસિંહને કહ્યું. "વીરમકુમારના વિચારો તમારા વિચારો જેવાજ છે. તે પણ ધોળકાના રાજ્યતંત્રની કે વસ્તુપાળ અને તેજપાળના મંત્રીપદની હયાતી ઇચ્છતા નથી."

જયંતસિંહે જરા પણ આશ્ચર્ય દર્શાવ્યા વિના મધુરીના સામે જોયું અને કહ્યું. મધુરી! આ વાત એવી ગંભીર છે કે કુમારે પોતેજ પોતાની સંમતિ દર્શાવવી જોઇએ."

મધુરી વીરમની પાસે ગઇ અને જાદૂભર્યાં નયનોને નચાવી સ્મિત હાસ્યપૂર્વક પુછ્યું. "શું આપ સરદાર જયંતસિંહના વિચારો સાથે સંમત નથી?"

વીરમ બહાદૂર હતો, પરંતુ તેનામાં ઓજસ નહોતું. રૂપસુંદરી યુવતી આગળ મનને દૃઢ રાખવા જેટલી તાકાત તેનામાં નહોતી. તેણે યંત્રવત્ તરતજ ઉત્તર આપ્યો. "એમના વિચારો સાથે હું સંમત છું અને તે કહે એ પ્રમાણે વર્ત્તવાને તૈયાર છું."

મધુરી અને જયંતસિંહે પરસ્પર હાસ્ય કર્યું; પરંતુ તે વીરમના જોવામાં આવ્યું નહિ.

"ત્યારે જુઓ, વીરમકુમાર!" જયંતસિંહે વીરમની સહજ નજીક આવીને કહ્યું. "તમે મારા મતની સાથે મળતા થાઓ છો એટલે તમારે અમારા કાર્યક્રમમાં જોડાવું પડશે, મહાસામંત ત્રિભુવનપાળ સોલંકીને તો તમે ઓળખતા હશો. અમે એની સરદારી નીચે સૈન્ય એકત્ર કરીએ છીએ અને બરોબર તૈયારી થઇ રહ્યા બાદ અમે પ્રથમ પાટણની રાજ્યગાદી હસ્તગત કરવાને માગીએ છીએ. તમને અમારો આ કાર્યક્રમ અનુકૂળ છે?"

વીરમ સાહસીક હતો; પણ જયંતસિંહે કહેલો કાર્યક્રમ સાંભળીને હેબતાઈ ગયો. તે નીચે મુખે વિચાર કરતો ઉભો રહ્યો.

મધુરી પાસેજ ઉભી હતી. તેણે વીરમની અદઢવૃત્તિ જોઇને મનમોહક અવાજથી પુછ્યું. "કેમ ઉત્તર આપતા નથી, રાજકુમાર? શું આપને એ કાર્યક્રમ અનુકુળ પડે એમ નથી?"

મધુરીનાં વચનોથી વીરમમાં જીવન આવ્યું. તેણે તુરતજ ઉત્તર આપ્યો. "મને એ કાર્યક્રમ અનુકૂળજ છે; પરંતુ હું વિચાર કરૂં છું કે પાટણની રાજ્યગાદી આપણાથી હસ્તગત થઇ શકશે ખરી? અને કદાચ થાય તો એમ કરવામાં આપણે શું રાજદ્રોહી થતાં નથી?"

"રાજદ્રોહી?" જયંતસિંહે આશ્ચર્યથી કહ્યું. "રાજના દ્રોહ વિના રાજકીય કોઇ કામ પાર પડતું નથી, એ શું તમે જાણતા નથી? ચાવડા વંશના છેલ્લા રાજા સામંતસિંહ પાસેથી આપણા પુર્વજ મૂળરાજ સોલંકીએ પાટણની રાજ્યગાદી પડાવી લીધી એ રાજદ્રોહ નહિ તો બીજું શું? અને તમને ખરૂં કહું તો ત્રિભુવનપાળ સોલંકી મહારાજા ભીમદેવ પછી રાજ્યગાદીના ખરા હકદાર છે, તે છતાં તમારા પિતા વીરધવળને યુવરાજપદ અપાયું અને તેમણે ધોળકામાં નવું રાજ્યતંત્ર સ્થાપ્યું, એ પણ શું રાજદ્રોહ નથી કે? એ તો રાજનાં કામ એમજ ચાલે છે. એ તો મારે એની તલવાર અને બળીઆના બે ભાગ, એજ રાજકીય ખટપટમાં ખરો ન્યાય છે; માટે તમારે અમારા કાર્યક્રમથી જરાપણ ગભરાવાનું નથી. કારણ કે છેવટ એથી તમનેજ લાભ થવાનો છે. અમે પાટણની રાજ્યગાદીને હસ્તગત કરી તમનેજ તે ઉપર બેસારવા માગીએ છીએ; કારણ કે પાટણના પતિ થવાને તમે સર્વાંશે યોગ્ય છો."

વીરમ જયંતસિંહનું કથન સાંભળીને કાંઇ બોલ્યો નહિ. તેણે

માત્ર એકવાર જયંતસિંહ તરફ અને એક વાર મધુરી તરફ જોયું અને ત્યારપછી તે ગંભીર વિચારમાં પડી ગયો. જયંતસિંહના મતની સાથે મળતા થવાથી કેવું પરિણામ આવશે, એ વિષે તે જુદી જુદી કલ્પના કરતો હતો; પરંતુ તેમાંથી કઇ કલ્પના ખરી પડશે, એ નક્કી કરવા જેટલી બુદ્ધિ તેનામાં નહોતી. તે શુરો અને સાહસીક હતો; પરંતુ તેનું શૌર્ય અને સાહસ મધુરીની મોહજાળમાં સપડાવાથી ચાલ્યાં ગયાં હતાં અને તે કેવળ નિર્બળ અને પરાધિન બની ગયો હતો.

"ત્યારે યુવરાજ !" જયંતસિંહે આગળ ચલાવ્યું. "મારી સલાહ લેવાનો આપણા મેળાપનો જે હેતુ હતો, તે પાર પડી ગયો છે; માટે તમારી ઇચ્છા હોય, તો આપણે મહાસામંતને મળવાને જઇએ; કારણ કે એથી તમને ઘણું નવું જાણવાનું મળશે."

"જેવી તમારી ઇચ્છા." વીરમે કહ્યું.

"ઠીક, ચાલો ત્યારે." જયંતસિંહે કહ્યું. "તે ઘણા ભાગે તેમના આવાસમાંજ હશે."

એમ કહીને જયંતસિંહે ચાલવા માંડયું. મધુરીએ તેને અટકાવીને કહ્યું. "પણ ઊભા રહો. હું હવે શું કરૂં ? તમારી સાથે આવું કે મારા આવાસે જાઉં ?"

"અમારી સાથે આવવામાં કાંઇ હરકત નથી." વીરમેજ ઉત્તર આપ્યો.

"યુવરાજની ઇચ્છા તમને સાથે લેવાની છે, તો ચાલો. ત્યાં આ-વવામાં કાંઇ હરકત નથી, એ તેમનું કહેવું સત્ય છે." જયંતસિંહે મધુરીને ઉદ્દેશીને કહ્યું.

તે પછી તેઓ ત્રણે મહાસામંતના આવાસ તરફ રવાના થયા.

# પ્રકરણ ૧૫ મું.

## ત્રિભુવનપાળના આવાસમાં.

વીરમ, જયંતસિંહ અને મધુરી ત્રણે થોડા સમયમાં મહાસામંતના આવાસે આવી પહોંચ્યાં અને સીધાં બેઠકના ખંડ તરફ ચાલ્યાં ગયાં; કારણકે મહાસામંતના આવાસે જયંતસિંહને ગમે ત્યારે જવાની છૂટ હતી. ખંડનાં દ્વાર પાસે પહોંચ્યાં પછી મધુરી બહારજ ઉભી રહી અને

વીરમ તથા જયંતસિંહ અંદર દાખલ થયા. મહાસામંત ત્રિભુવનપાળ એક આસન ઉપર વિચારગ્રસ્ત અવસ્થામાં બેઠેલા હતા. તેણે વીરમ તથા જયંતસિંહને ખંડમાં દાખલ થતાં જોઇને આસન ઉપરથી ઉઠી આવકાર આપ્યો.

" પધારો, વીરમકુમાર ! " ત્રિભુવનપાળે મુખ મલકાવીને કહ્યું. " તમને જોઇને હું ઘણો ખુશી થયો છું. તમે અત્યારે રાતના સમયે કયાંથી આવી ચડયા ? "

વીરમ અને જયંતસિંહ યોગ્ય જગ્યાએ બેઠા અને પછી વીરમે ત્રિભુવનપાળને ઉત્તર આપતાં કહ્યું. " સરદાર જયંતસિંહના કહેવાથી હું તમને મળવાને માટે આવ્યો છું. ઘણા દિવસ થયા તમને મળવાને માટે હું આતુર થઇ રહ્યો હતો; પરંતુ અવસર મળતો નહોતો. આજે અવસર મળતાં તેનો સદુપયોગ કરી લીધો છે. "

" બહુ સારૂં. " ત્રિભુવનપાળે સંતોષ દર્શાવીને જયંતસિંહના સામે જોયું. બન્નેની ચાર આંખોએ ગુપ્ત સંકેત કરી લીધો એટલે તેણે કહ્યું. " મેં સાંભળ્યું છે કે તમારા પિતા વીરધવળજીએ તમારૂં અપમાન કર્યું છે, એટલુંજ નહિ પણ તમારા નાના બંધુ વીસલદેવને રાજ્યનો ઉત્તરાધિકારી બનાવવાને ઇચ્છે છે. આ વાત શું સત્ય છે ? "

ત્રિભુવનપાળના પ્રશ્નથી વીરમને આશ્ચર્ય થયું અને તેનો શો ઉત્તર આપવો, એ વિષે તે વિચાર કરવા લાગ્યો. એટલે જયંતસિંહે તેના સામે જોઇને તેના બદલે ઉત્તર આપ્યો. " એ વાત કેટલે અંશે સત્ય છે, તે મારા જાણવામાં નથી; પરંતુ વીરમકુમારને એવો વ્હેમ છે, એ હું જાણું છું અને કદાચ એ વ્હેમ ખરો પડે, તો તે માટે શો ઉપાય કરવો ? એ બાબતમાં તેમણે મારી સલાહ પ્રમાણે વર્ત્તવાનું નક્કી કર્યું છે. "

" ત્યારે તમારાં કથન ઉપરથી મેં સાંભળેલી વાત કેટલેક દરજ્જે સત્ય હોવાનું જણાય છે. " મહાસામંતે કહ્યું. " મને લાગે છે કે એ સંબંધમાં વસ્તુપાળનીજ બધી ખટખટ હોવી જોઇએ. કેમ, તમે શું ધારો છો, કુમાર ! "

વીરમનું અંતઃકરણ સાક્ષી પૂરતું હતું કે તે પોતે કરોળીઆની જાળમાં એક નાના જંતુની પેઠે સપડાતો જાય છે; પરંતુ તે જેમ વીર અને સાહસીક હતો, તેમ ભોળા હૃદયનો હતો તથા જુવાન વયને લીધે તેને હિતાહિતનું જ્ઞાન નહોતું. વળી તેના ઉપર મધુરીનો એવો પ્રભાવ પડી ગયો હતો કે તે પોતાનું વ્યકિતત્ત્વ ગુમાવી બેઠો હતો અને મધુરીના હાથમાં એક નિર્જીવ રમકડા તૂલ્ય બની ગયો હતો. મોટા મોટા

તપસ્વી, સંયમી અને વીર પુરૂષો પણ રમણીના મોહમાં પડીને પાયમાલ બની ગયા છે; તો પછી સરલ હૃદયના અને કાચી ઉમ્મરના **વીરમ**નો શો દોષ દેવો ?

તેણે ઉંડો વિચાર કરીને ઉત્તર આપ્યો. "મને પણ એ બધી ખટપટ વસ્તુપાળની હોવાનું લાગે છે."

**ત્રિભુવનપાળે** જરા ટટ્ટાર બનીને કહ્યું. "હું જાણું છું કે હાલની રાજકીય ખટપટનું મૂળ વસ્તુપાળજ છે. મહારાજા **ભીમ**દેવ, મહામંત્રી **શ્રી**ધર, રાજચિંતાકારી **લવણ**પ્રસાદ અને તમારા પિતા **વીર**ધવળ વગેરેને પોતાની વાકપટુતાથી વશ કરી લઇને તેણે આખા ગુજરાતમાં અને દેશાવરમાં પોતાની કીર્તિ ફેલાવી દીધી છે અને મને ભય રહે છે કે જો તેનું શાસન આ પ્રમાણે ચાલશે તો તે બધાને મહાત કરીને પાટણની રાજ્યગાદીને પણ પચાવી પાડવાનું ચુકશે નહિ."

"વિમલ, મુંજાલ અને ઉદયન જેવા મહાન્ મુત્સદ્દીઓને ટક્કર મારે એવા એ બે ભાઇઓ—વસ્તુપાળ અને તેજપાળ છે અને જો આપણે આમને આમ બેસી રહેશું તો આપણને સુતા મૂકીને તેઓ ગુજરાતના ધણી બની જશે, એ નિઃસંદેહ છે." જયંતસિંહે મહાસામંતનાં કથનને અનુમોદન આપ્યું.

*ત્રિભુવનપાળ* અને જયંતસિંહની વાત સાંભળીને સાહસી **વીર**મનો જુસ્સો ઉછળી આવ્યો હતો. તેની આંખોમાંથી અંગારા વર્ષતા હતા. તેણે જોરથી કહ્યું. "શું પૃથ્વી નક્ષત્રિય બની ગઇ છે કે અહિંસા ધર્મના પાળક અને મહેતાગીરી કરનાર શ્રાવકો ગુજરાતના ધણી બની જશે ?"

બન્ને રાજકારસ્થાનીઓએ વિચાર્યું કે **વીર**મના જુસ્સાને ઉત્તેજીત કરવામાં પોતાનો લાભ સમાયેલો છે. જયંતસિંહે એથી બળતામાં ઘી હોમ્યું. "રાજકુમાર! તમારા પિતા જેવા વીર પુરૂષ પણ એ ભાઇઓ આગળ લાચાર બની ગયા છે અને તેઓ જેમ નચાવે તેમ નાચે છે, એ તમે જાણતાં છતાં એવો પ્રશ્ન શામાટે પૂછો છો ? જો પૃથ્વી નક્ષત્રિય બની ગઇ ન હોય, તો પાટણની રાજ્યસત્તા અને મહારાજા **ભીમ**દેવ હયાત છતાં ધોળકામાં નવું રાજ્યતંત્ર સ્થપાય ખરૂં અને તેઓ મહામાત્ય અને સેનાપતિ બનીને ગુજરાતને કબજે કરી શકે ખરા કે ?"

"જયંતસિંહનું કથન કેવળ સત્ય છે, **વીર**મકુમાર!" ત્રિભુવનપાળે ઠંડા પેટે કહ્યું.

" પણ તમે આ અન્યાયને શામાટે ચલાવી લ્યો છો ? તેઓને મહાત કરવાને શામાટે કાંઇ પ્રયાસ કરતા નથી ? શું તમારા બાહુમાં તાકાત નથી ? તમારામાંથી ક્ષત્રિયનો જુસ્સો ચાલ્યો ગયો છે ? " વીરમે ઉપરા–ઉપરી પ્રશ્નો પૂછી નાંખ્યા.

" અમારા બાહુમાં તાકાત તથા અમારામાં જુસ્સો છે કે નહિ, તે વખત પરત્વે જણાશે; પરંતુ તમે વીરધવળના યુવરાજ થઇને આ બધું શી રીતે સહન કરી શકો છો ? શું તમે એ શ્રાવકોને મહાત કરવાને શકિતવાન નથી ? " ત્રિભુવનપાળે શાંતિથી સામો પ્રશ્ન કર્યો.

" હું ? " વીરમે કમરે લટકતી તલવારની મુઠ ઉપર પોતાનો હાથ મૂકીને કહ્યું. " હાલમાં ચાલતી રાજકીય ખટપટ અને અંધાધુંધીનો નાશ કરવાને હું એક પગે તૈયાર છું; પરંતુ મારા પક્ષમાં ઉભું રહેનાર કોણ છે ? હું ગુપચુપ બેસી રહ્યો છું અને શાંતિથી બધું જોયા કરૂં છું એનું કારણ પણ એજ છે. પણ સમય અને સંયોગ અનુકૂળ થતાં હું મારા મનનું ધાર્યું કરવાને ચુકીશ નહિ. "

" તમારા પક્ષમાં ઉભા રહેવાને અને તમને સહાય કરવાને અમે તૈયાર છીએ પછી શું ! " જયંતસિંહે ભાર દઇને કહ્યું.

" તો હું તમારી સલાહ પ્રમાણે વર્ત્તવાને તૈયારજ છું." વીરમે અભિમાનપૂર્વક કહ્યું.

" અને તો તમારા મનનું ધાર્યું પાર પાડવામાં જરા પણ વિલંબ થશે નહિ. " ત્રિભુવનપાળે એમ કહીને પૂછ્યું. " તમે અમારી સલાહ પ્રમાણે વર્ત્તવાને તૈયાર થયા છો; પરંતુ અમારો કાર્યક્રમ કેવો છે, એ તમે જાણો છો ? "

" હા; સરદાર જયંતસિંહે હમણાંજ મને એથી જાણીતો કર્યો છે. " વીરમે ઉત્તર આપતાં કહ્યું. " તમારા કાર્યક્રમનું પ્રથમ પગથીયું પાટણની રાજ્યગાદીને હસ્તગત કરવાનું છે, એ વાત સાચી છે ને ? "

" હા; એ વાત સાચી છે. " ત્રિભુવનપાળે ઉત્તર આપ્યો. "અને તે પછી અમે શું કરવાના છીએ, એ પણ તમે જાણતાજ હશો. "

" એ પણ હું જાણું છું; કારણ કે મને સરદારે બધી વાત કહેલી છે. " વીરમે જરા દિલગીર થતાં કહ્યું. " ધોળકાનાં રાજ્યતંત્રનો નાશ, એ તમારા કાર્યક્રમનું બીજું પગથીયું છે. "

ત્રિભુવનપાળ વીરમની દિલગીરી કળી ગયો. તેણે સહજ હસીને કહ્યું. " બરોબર છે; પરંતુ એથી તમારે દિલગીર થવાનું કાંઇ કારણ

નથી: કારણ કે પાટણની રાજ્યગાદી અમે તમનેજ સોંપવા માગીએ છીએ."

"એ હકીકત પણ મેં એમને કહેલી છે." જયંતસિંહે વીરમ સામે જોઇને કહ્યું. "પણ તમારી અવસ્થા હજી કાચી છે, એટલે રાજ્યનો કારભાર તમે ઉમ્મરલાયક થાઓ, ત્યાંસુધી મહાસામંત ચલાવશે."

વીરમે એકવાર ત્રિભુવનપાળ તરફ અને બીજી વાર જયંતસિંહ તરફ જોયું; પરંતુ તે ઉભય રાજ્યકારસ્થાનીઓનાં મુખ ઉપર કેવા ભાવો તરવરતા હતા, તે એ મૂર્ખ રાજકુમાર જાણી શકયો નહિ. તેના જાણવામાં હતું કે ત્રિભુવનપાળ અને જયંતસિંહ તેના પિતાના શત્રુઓ છે અને તેથી તે તેમનું કથન સાંભળીને અને તેમના વિચારો જાણીને શંકામાં પડી જતો હતો; પરંતુ તેને મધુરી ઉપર સંપૂર્ણ વિશ્વાસ હતો. મધુરી કદિ પણ તેને અવળે માર્ગે લઇ જાય નહિ, એવી તેને ખાતરી હતી. પણ સરલ દિલનો વીરમ જાણતો નહોતો કે એવી ખાતરી થવાનું કારણ માત્ર તેનો મધુરી ઉપરનો મોહજ હતો. તે મધુરી ઉપર એટલો બધો મોહાન્ધ બની ગયો હતો કે તેના કહેવા પ્રમાણે વર્ત્તવામાં તે જરા પણ આનાકાની કરતો નહોતો વિદ્વાનોએ સ્ત્રીને અબળા કહી છે; પરંતુ અબળા ગણાતી સ્ત્રીનું કોઇ કોઇ વાર પુરૂષ ઉપર એવું પ્રાબલ્ય ચાલે છે કે જેના લીધે આ જગતમાં વારંવાર અવનવી ઘટનાઓ બનવા પામે છે. સંસારમાં બનતી ઘણી ઘટનાઓની ઉત્પાદક સ્ત્રીજાતિ છે, એમ ઇતિહાસ સાક્ષી પૂરે છે.

વીરમને વિચારમાં પડેલો જોઈ ત્રિભુવનપાળે કહ્યું. "જયંતસિંહ ! જો રાજકુમાર પોતેજ રાજ્યનો બધો ભાર ઉપાડવાને તૈયાર હોય, તો મારે રાજ્યકારભારમાં વચ્ચે પડવાની જરૂર નથી; કારણ કે રાજ્યકારભારનો બોજો ઉપાડવો, એ કાંઇ સરલ વાત નથી."

"તમારૂં કહેવું ખરૂં છે" જયંતસિંહે કહ્યું. "પણ જ્યારે વીરમદેવ આપણી સલાહ અને સહાય લેવાને આવ્યા છે અને આપણામાં વિશ્વાસ મૂકે છે, ત્યારે આપણે તેમને યોગ્ય માર્ગ દર્શાવવો, એ આપણો ધર્મ છે. રાજકુમાર અલબત શૂરવીર અને બુદ્ધિશાળી છે, પરંતુ હજી તે કાચી ઉમ્મરના છે અને તેથી તમારા જેવા અનુભવી, બાહોશ અને મુત્સદ્દી પુરૂષની રાજ્યનો બોજો વહન કરવામાં ખાસ અગત્ય છે. કેમ, તમારૂં શું માનવું છે રાજકુમાર ?"

આ દરમ્યાન વીરમ વિચારનિદ્રામાંથી જાગૃત થયો હતો. જયંત-

સિંહે છેવટે પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતાં તેણે કહ્યું. " મારૂં માનવું પણ તમારા જેવુંજ છે. રાજ્યનાં અટપટાં કામમાં મારે તમારા તથા મહાસામંતના સહકારની ખાસ જરૂર પડશે. "

ત્રિભુવનપાળ અને જયંતસિંહનાં મુખ ઉપર આનંદની છાયા ફેલાઇ ગઇ; પરંતુ વીરમ તેનો મર્મ સમજી શકયો નહિ. તે તો અત્યારના પ્રસંગ વિષે જૂદા જૂદા તરંગો મનમાં રચતો મૌન બેસી રહ્યો.

જયંતસિંહે આસન ઉપરથી ઉઠીને વીરમને ઉદ્દેશીને કહ્યું "ત્યારે રાજકુમાર ! હવે આપણે મહાસામંતની રજા લઇએ તો કેમ ? "

" ભલે, જેવી તમારી મરજી. " વીરમે તેના મતને અનુમોદન આપતાં તથા આસન ઉપરથી ઉઠતાં જવાબ આપ્યો.

મહાસામંત ત્રિભુવનપાળની રજા લઇ તેઓ બન્ને આસન ઉપરથી ઉઠીને ચાલતા થયા. આગળ વીરમ અને પાછળ જયંતસિંહ એ પ્રમાણે ચાલતા તેઓ ખંડનાં પ્રવેશદ્વાર પાસે આવી પહોંચ્યા. પણ દ્વારમાંથી બહાર નીકળતાંજ તેઓ એકદમ સ્થંભી ગયા. કેમ જાણે તેઓના પગ કોઇએ બાંધી લીધા હોય નહિ ? આમ બનવાનું કારણ પ્રવેશદ્વારમાં એક પ્રચંડકાય પુરૂષ ઉભેલો હતો એ હતું અને તેને જોવાથીજ તેઓ આશ્ચર્ય પામી ગયા હતા. તે પુરૂષ વાઘેલાઓનો સરદાર અને પાટણનો રાજચિંતાકારી અમાત્ય લવણપ્રસાદ હતો.

લવણપ્રસાદે વીરમ તરફ દયાભરી અને જયંતસિંહ તરફ કરડી નજરે જોઇને કહ્યું. " તમે ત્રણે શી મસલત ચલાવતા હતા ? રાજ્યગાદીને હસ્તગત કરવાનો તમારો વિચાર અયોગ્ય તો નથી ! "

છેવટનું માર્મિક વચન સાંભળીને જયંતસિંહ તરતજ સમજી ગયો કે લવણપ્રસાદે દ્વારમાં ઉભા રહીને બધી વાત સાંભળી લીધી છે અને તેથી તેનાં મુખ ઉપર અને આંખમાં ક્રોધનાં, ચિન્હો તરી આવ્યાં; પણ વીરમનાં મોતીઆં મરી ગયાં હતાં. તે તેના દાદાને સામે ઉભેલા જોઇને ગભરાઇ ગયો હતો. ચોરી કરતાં ચોર ચોરીના માલ સાથે પકડાય અને તેની તે વખતે જેવી દશા થાય, તેવી દશા અત્યારે વીરમની થઈ હતી. પણ જયંતસિંહ લવણપ્રસાદથી ડરે એમ નહોતો.

તેણે બેદરકારીથી કહ્યું, " તમારા પૌત્રનેજ પૂછો કે અમે શી મસલત ચલાવતા હતા ? રાજચિંતાકારીનું પદ તમે ધરાવો છો, એટલે રાજ્યની ચિંતા માત્ર તમનેજ હશે, એમ ધારશો નહિ. અમે પણ રાજની ચિંતા રાખીએ છીએ ખરા. "

“ તમે ? ” લવણપ્રસાદની આંખો ફાટી અને તેણે કહ્યું. “ રાજકીય કારણે દેશદ્રોહી ઠરીને દેશનિકાલ થયેલો માણસ શું રાજ્યની ચિંતા રાખે છે ? તદ્દન અસત્ય. તમારા સ્વાર્થની ચિંતા રાખતા હો તો એ વાત સત્ય છે. ”

આ વાર્તાલાપ સાંભળીને ત્રિભુવનપાળ ત્યાં આવી પહોંચ્યો. પરંતુ સામે લવણપ્રસાદને ઉભેલો જોઇને જરા દૂર ખસીને ઉભો રહ્યો.

“ શામાટે દૂર ખસો છો ? અહીં ઉભા રહો. ” જયંતસિંહે આજ્ઞાસૂચક અવાજથી ત્રિભુવનપાળને કહ્યું અને પછી લવણપ્રસાદને ઉદ્દેશી ઉત્તર આપ્યો. “ સ્વાર્થની ચિંતા તમે રાખો છો; અમે નહિ. અમારે પાટણની ઉન્નતિ કરવા અને ખરા હક્કદાર પુરૂષનો હક જાળવવા સિવાય બીજી શી ચિંતા કરવાની છે ? અને તમારે તો ધોળકાના રાજ્યતંત્રને સુરક્ષિત રાખવાની સાથે પાટણની રાજ્યગાદીને પચાવી પાડવા માટે પણ ચિંતા કરવી પડે છે. સમજ્યાને ? ”

“ પાટણની ઉન્નતિ કરવા અને હકદાર પુરૂષનો હક જાળવવાના બહાનાં નીચે તમે તમારા સ્વાર્થને પોષો છો, એ કોઇથી અજાણ્યું નથી. મહારાજાની ગેરહાજરીનો લાભ લઈ તથા પોતાના સ્વામી તરફ વિશ્વાસઘાતક બની તમે પાટણની રાજ્યગાદીને હસ્તગત કરવાનો જે ઉપાય અજમાવ્યો હતો, તે કોઇથી અજાણ્યો નથી. સરદાર જયંતસિંહ ! તમે દેશદ્રોહી અને દેશનિકાલ થયેલા છો, તે છતાં ખુદ પાટણમાં અને ધોળકામાં જે ખટપટ કરી રહ્યા છો, એ મહારાજાની જાણમાં છે; પરંતુ ખાસ દયાની ખાતર તેઓ તમને પકડીને પરહેજ કરતા નથી, પણ તમે મહારાજાની એ દયાનો દુરૂપયોગ કરો છો. મહાસામંત ત્રિભુવનપાળને પક્ષમાં રાખી તમે નવાં નવાં કાવત્રાં રચો છો, એ તો ઠીક; પરંતુ વીરમદેવને એક અજાણી સ્ત્રીના મોહમાં ફસાવીને જે ખટપટ આદરી છે, તે ચલાવા લઇ શકાય તેમ નથી. એ માટે તમને અવશ્ય શિક્ષા કરવી પડશે. ” લવણપ્રસાદે સંપૂર્ણ ગંભીરતાથી કહ્યું.

“ મને શિક્ષા કરનાર આ જગત ઉપર તો કોઈ નથી. ” જયંતસિંહે સહજ મશ્કરીની ઢબે તલવારની મુઠ પકડીને કહ્યું.

“ એ હું તમને થોડા સમયમાં બતાવી આપીશ કે તમને શિક્ષા કરનાર આ જગત ઉપર કોઇ છે કે નહિ. ” લવણપ્રસાદે એમ કહીને વીરમના સામે જોયું.

વીરમ અવનત મુખે મૌન ઉભો હતો. તે માત્ર બન્નેનો વિવાદ ગભરાટથી સાંભળી રહ્યો હતો.

લવણપ્રસાદે ત્રિભુવનપાળ તરફ જોઇને કહેવા માંડયું. મહાસામંત ! જયંતસિંહ જેવા સ્વામીદ્રોહી સરદારના પક્ષમાં રહીને કાવત્રાંબાજ તરીકે ગણાવું, એ તમને યોગ્ય નથી. તમે પોતે કોણ છો ? મહારાજા અને તમારી વચ્ચે શો સંબંધ છે ? તમે કયા પદ ઉપર છો અને તમારૂં કર્ત્તવ્યું શું છે ? એ બધી બાબતોનો વિચાર કરો તો તમારે નક્કી જયંતસિંહના પક્ષમાં રહેતાં શરમાવું જોઇએ. "

ત્રિભુવનપાળ લવણપ્રસાદનું કથન સાંભળીને મૌન રહ્યો. તેણે તેનો ઉત્તર આપવાનું પસંદ કર્યું નહિ. પણ જયંતસિંહથી બોલ્યા સિવાય રહી શકાયું નહિ. તેણે લવણપ્રસાદને ઉદ્દેશીને કહ્યું. " તમે મહાસામંતને સલાહ આપવાને હિંમત કરો છો; પરંતુ પ્રથમ તો હું એ પૂછવા માગું છું કે તમને અહીં કોણે બોલાવ્યા છે અને અમારા આ ખાનગી ખંડમાં કોની રજાથી આવ્યા છો ? "

વીરમ હજી પણ મૌનજ ઉભો હતો. લવણપ્રસાદે તેના સામે એકવાર નજર નાંખીને જયંતસિંહને ઉત્તર આપતાં કહ્યું.–" જયંતસિંહ ! સ્વામીદ્રોહી, વિશ્વાસઘાતી અને રાજની સેવામાંથી બાતલ થયેલા માણસને એ પ્રશ્ન પૂછવાનો અધિકાર નથી. "

" ત્યારે પાટણની રાજ્યસત્તાને છિન્નભિન્ન કરીને ધોળકાનું નવું રાજ્યતંત્ર સ્થાપનાર સ્વાર્થી માણસને પ્રશ્ન પૂછવાનો અને સલાહ આપવાનો અધિકાર છે શું ? " જયંતસિંહે ગુસ્સાથી પૂછ્યું.

જયંતસિંહનો સ્વાલ સાંભળીને લવણપ્રસાદનાં મુખ ઉપર ગંભીરતા છવાઇ ગઇ. તેણે કેવળ શાંતિથી કહ્યું. " જયંતસિંહ ! મને કેવો અને કેટલો અધિકાર છે, એ જણાવવાની અગત્ય નથી. મારે તમને જે કાંઇ જણાવવાનું છે, તે એટલુંજ છે કે આ ભોળા મનના રાજકુમારને એક અજાણી સ્ત્રીના મોહમાં પાડી તમે જે કાવત્રું કરવા ધાર્યું છે, તેમાં તમે ફતેહમંદ થશો નહિ, એ ચોક્કસ યાદ રાખજો. મહારાજા ભીમદેવને નિર્બળ ધારી પાટણની રાજ્યગાદીને હસ્તગત કરવાનો તમે પ્રપંચ કરી રહ્યા છો, એ મારા જાણવામાં આવેલ છે અને હું તમને પ્રતિજ્ઞાપૂર્વક કહું છે કે તમારા પ્રપંચને જ્યાંસુધી મારા દેહમાં પ્રાણ છે, ત્યાંસુધી ફાવવા દઇશ નહિ. હું ધારૂં તો જયંતસિંહ ! તમને આજ ઘડીએ પકડીને મહારાજા પાસે લઇ જઇ શકું તેમ છું; પરંતુ હું તેમ કરવાને ઇચ્છતો નથી અને તેનું કારણ મારી તમારા પ્રત્યેની લાગણી છે. તમે શૂરવીર અને બાહોશ છો અને તેથી જો તમે કાવત્રાં કરવાનું મૂકી દો અને રાજની સેવા કરવાનું સ્વીકારો, તો તમે આપણી જન્મભૂમિની

ઉન્નતિ કરવાની સાથે મહત્ કીર્તિને પ્રાપ્ત કરી શકો. અને મહાસામંત ત્રિભુવનપાળ ! રાજ્યના સેવક અને સ્થંભ બનીને તમે કાવત્રાં કરવામાં સામેલ રહો છો, એ તમને શોભતું નથી. હું જાણું છું કે પાટણની રાજ્યગાદીનો ઉત્તરાધિકાર નહિ મળવાથીજ તમે કાવત્રાંબાજોને ઉત્તેજન આપો છો; પરંતુ જે બનવાનું હતું, તે બની ગયું છે એટલે જો તમે એ બધી ખટપટ છોડીને રાજ્યસત્તા તરફ એકનિષ્ટ રહેવાનું વચન આપો, તો તમને સંપૂર્ણ સંતોષ થાય એવી ગોઠવણ કરી આપવાને હું બંધાઉં છું. બોલો, તમારો શો વિચાર છે ? ”

“ એટલે તમારૂં કહેવું એવું છે કે અમારે તમારી–વાઘેલાઓની સેવાનો સ્વીકાર કરવો, ખરૂં ને ? ” જયંતસિંહે ભારપૂર્વક સ્વાલ કર્યો.

“ વાઘેલા પણ સોલંકીજ છે, એ તમે કેમ ભૂલી જાઓ છો ? ” લવણપ્રસાદે સામો પ્રશ્ન કર્યો.

“ એ ખરૂં; પરંતુ પાટણની રાજ્યગાદીના ઉત્તરાધિકારી તો નહિજ. ” ત્રિભુવનપાળે કહ્યું.

“ પણ હવે એ સંબંધમાં વાદવિવાદ કરવામાં તમને કે અમને લાભ નથી. મહારાજા ભીમદેવે વીરધવળને પોતાનો યુવરાજ બનાવીને એ પ્રશ્નનું નિરાકરણ કરી નાંખ્યું છે એટલે તમે જો ખરેખરા સ્વામીભક્ત હો, તો તમારે તેમની ઇચ્છાને માન આપવું જોઇએ. ” લવણપ્રસાદે પૂર્વવત્ શાંતિથી કહ્યું.

“ અમે એવી અયોગ્ય ઇચ્છાને માન આપવાને તૈયાર નથી. ” જયંતસિંહે ઉતાવળથી કહ્યું.

“ તો અંદરોઅંદરની લડાઇથી પાટણ પાયમાલ થશે. ” લવણ-પ્રસાદે ગંભીરતાથી કહ્યું.

“ એ વાત ઇશ્વરાધિન છે. ” જયંતસિંહ બોલવા જતો હતો, તેને અટકાવીને મહાસામંતે પણ ગંભીરતાથી કહ્યું.

“ હા, માણસને જ્યારે પોતાનાં મનનું ધાર્યું કરવું હોય છે અને સામા માણસની સલાહને માન્ય રાખવી હોતી નથી, ત્યારે બધી વાત ઇશ્વરના આધારે મૂકી દેવાની કળાનો તે સારી રીતે ઉપયોગ કરે છે. ” એ પ્રમાણે કહીને લવણપ્રસાદ ખંડનાં દ્વારમાંથી બહાર નીકળ્યો અને વીરમને નેત્રસંકેતથી પોતાની પાછળ આવવાની આજ્ઞા કરી.

વીરમે ખંડમાંથી બહાર નીકળતાં આમતેમ જોયું; પરંતુ મધુરી જોવામાં આવી નહિ. તે અનેક પ્રકારની કલ્પનાઓ કરતો કરતો તેના

દાદાની પાછળ ઘસડાતો ગયો. અને જયંતસિંહ તથા ત્રિભુવનપાળ લવણપ્રસાદ ગયા પછી પુનઃ આસન ઉપર જઇને બેઠા અને બની ગયેલી ઘટના વિષે ચર્ચા કરવા લાગ્યા. જયંતસિંહ બેદરકાર માણસ હતો એટલે લવણપ્રસાદનાં અચાનક આગમનથી તેને બહુ અસર થઇ નહોતી; પરન્તુ ત્રિભુવનપાળ એકંદર રીતે ભોળો હોવાથી તેને બહુ અસર થઇ હતી અને તેથી તે મુંઝાઈ ગયો હતો. જયંતસિંહ તેને આશ્વાસન આપતો હતો.

# પ્રકરણ ૧૬ મું.

## સરોવરના ઘાટ ઉપર.

સંધ્યાનો સમય હતો. પશ્ચિમાકાશમાં સૂર્યનારાયણ લાલ રંગે રંગાઇને જગતનું દૃષ્ય જોવાને ઘડીભર અટકયા હતા. બીજી બાજુ નિશાદેવી જગત ઉપર પોતાનું સ્વામીત્વ જમાવવાને તલપી રહી હતી. પક્ષીઓ અંધકારના ભયથી માળામાં ભરાઈ જવાની તૈયારીમાં પડયા હતા અને કામ ઉપર ગયેલાં ખેડુત-સ્ત્રીપુરૂષો પોતાના પશુઓની સાથે નગર ભણી વળી રહ્યાં હતાં.

આ વખતે ધોળકાના મલ્હાર ( મલાવ ) સરોવરના દૂરના ઘાટે બે પુરૂષો ઉભા હતા અને પરસ્પર વાર્તાલાપ કરી રહ્યા હતા.

તેમાંનાં એક પુરૂષે સરોવરમાં પડતાં સૂર્યનાં રક્તવર્ણીય પ્રતિબિંબને જોઇને બીજાને સંબોધીને કહ્યું “નાગડ મહેતા ! ખંભાતથી સમાચાર આવ્યા છે કે શંખ સાથેનાં યુદ્ધમાં વિજય તો મળ્યો છે; પરંતુ ચાચિંગ મહેતા અને સરદાર ત્રિભૂવનપાળનું મૃત્યુ થયું છે. આ જોતાં તો એ વિજય ઘણો આકરો ગણી શકાય.”

બીજો પુરૂષ જે મંત્રી નાગડ હતો, તેણે કહ્યું. “હા, હજીતો એવા બીજા અનેક ભોગો આપીને વિજયો મેળવવા પડશે અને ત્યારેજ ધોળકાનું રાજ્યતંત્ર સુરક્ષિત બની શકશે. નવું રાજયતંત્ર સ્થાપન કરવું અને તેને સુરક્ષિત રાખવું, એ કાંઇ સહેલી વાત નથી.”

“બરાબર છે.” પહેલા પુરૂષે કહ્યું. “પણ મને લાગે છે કે હવે આપણે કોઈની સાથે યુદ્ધમાં ઉતરવું પડશે નહિ; કેમ ખરૂં કે નહિ ?”

“ચાહડ મહેતા !” નાગડે પહેલા પુરૂષને તેના નામથી સંબો-

ધીને કહ્યું. " એવું માનવામાં તમારી મોટી ભૂલ થાય છે. હજી આપણે ઘણા બળવાન રાજાઓની સાથે યુદ્ધમાં ઉતરવું પડશે; એટલુંજ નહિ પણ તે સાથે અંદરોઅંદરની તકરારોનાં સમાધાન માટે પણ કદાચ લડવું પડશે."

" અંદરોઅંદરની તકરારને માટે આપણે કદાચ તલવારો ખેંચવી પડે, એ તમારૂં કથન ખરૂં છે; પરંતુ બીજા બળવાન રાજાઓની સાથે યુદ્ધમાં ઉતરવાની તમે જે વાત કરો છો, તે મારા સમજવામાં આવતી નથી. એવા બીજા કયા બળવાન રાજાઓ છે કે જે આપણા સામે માથું ઉંચકી શકે ? " ચાહડે નાગડની એક વાતનો સ્વીકાર કરીને બીજી વાતના ખુલાસા માટે પ્રશ્ન કર્યો.

નાગડ ચાહડનો પ્રશ્ન સાંભળીને હસ્યો. સાંજના આછા પ્રકાશમાં ચાહડે તે જોયું; પરંતુ તે કાંઇ બોલ્યો નહિ.

નાગડે ઉત્તર આપતાં કહ્યું. " ચાહડ મહેતા ! રાજના મંત્રી અને રાજાના ખાસ કૃપાપાત્ર માણસ થઇને તમે મને આવો પ્રશ્ન પૂછો છો, એ મોટા આશ્ચર્યની વાત છે ! સૌરાષ્ટ્ર, ભદ્રેશ્વર, ભરૂચ અને ખંભાતના નાના રાજાઓને આપણે હરાવ્યા, એથી શું તમે એમ માનો છો કે હવે બીજા મોટા રાજાઓની સાથે આપણે વિગ્રહ માંડવો નહિ પડે ? "

" ના, એમ તો નહિ; પરંતુ હું એટલુંજ જાણવા માગું છું કે એવા મોટા રાજાઓ કયા છે કે જેની સાથે આપણે લડાઇ કરવી પડશે ? " ચાહડે આતુરતા પૂર્વક પૂછ્યું.

" એક તો દક્ષિણનો યાદવ રાજા સિંઘણ અને બીજો દિલ્હીનો મુસલમાન બાદશાહ. " નાગડે તરત જ ઉત્તર આપ્યો.

" સિંઘણ શું એટલો બધો બળવાન છે કે તે ગુજરાત ઉપર ચડી આવવાનું સાહસ કરે અને આપણે તેને મહાત કરી શકીએ નહિ ? " ચાહડે પુનઃ આતુરતાથી પૂછ્યું.

નાગડે જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો. " શું તમે સિંઘણનાં બળ અને શૌર્ય વિષે કાંઈ સાંભળ્યું નથી ? તેણે છત્રીસગઢ પ્રાંતના અધિપતિને, ત્રિપુર, ધાર, માળવા, મથુરા, કાશી ઇત્યાદિના રાજાઓને અને લક્ષ્મીધર તથા બલ્લાળ જેવા મહારથી નૃપતિઓને હરાવીને તેમના ઉપર વિજય મેળવ્યો છે, એ શું તમારા જાણવામાં આવ્યું નથી ? સિંઘણ પોતે, તેના સામંતો અને તેની સેના શૂરવીર, બળવાન અને યુદ્ધકળા વિશારદ છે અને તેથી જો તે ગુજરાત ઉપર ચડી આવે, તો તેને મહાત કરવાનું કાર્ય આપણને ઘણુંજ કઠિન થઈ પડે તેમ છે. "

" સિંઘણુ વિષે મેં ઘણું સાંભળ્યું છે અને દિલ્હીના મુસલમાનોનો ભય રાખવાનું આપણને કારણુ છે; પરંતુ તેઓ આપણા ઉપર ચડી આવે, એવો સંભવ મને લાગતો નથી; કારણુ કે આપણી સેના, આપણા સામંતો અને આપણા મંત્રીઓનાં બળ, સાહસ અને બુદ્ધિને તેઓ સારીરીતે જાણુતા હોવા જોઇએ, એવી મારી માન્યતા છે."

" આપણી સેના અને આપણા સામંતોની વાત બાજુ ઉપર રાખીએ; પરંતુ આપણા મંત્રીઓનાં બળ, સાહસ અને બુદ્ધિની તો કાંઇ સીમા નથી!" નાગડે મશ્કરીની ઢબથી કહ્યું " દેવગિરિનો સિંઘણુ અને દિલ્હીનો બાદશાહ સારી રીતે જાણે છે કે ગુજરાતમાં અહિંસાધર્મના ઉપાસક અને વિતરાગના ભક્ત શ્રાવક મંત્રીઓ છે અને તેમની બુદ્ધિએ ચાલતા આપણા રાજાને મહાત કરવાનું કામ કઠિન છે કે સરલ છે."

" નાગડ મહેતા! તમારાં કથન ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે તમે શ્રાવક મંત્રીઓને તદ્દન નિર્માલ્ય ગણી કાઢો છો." ચાહડે ગંભીર બનીને કહ્યું.

" ના, ના. મારાં કથનનો એવો ભાવાર્થ કરવાનો નથી." નાગડે તરતજ કહ્યું. " મારૂં કહેવું એવું છે કે શ્રાવક મંત્રીઓએ—વસ્તુપાળ અને તેજપાળે ઘણી જીતો મેળવી છે; પરંતુ ન કરે નારાયણુ ને કદાચ દેવગિરિનો સિંઘણુ કે દિલ્હીનો બાદશાહ ગુજરાત ઉપર ચડી આવે તો તેઓ કેવીક જીત મેળવે છે, એ જોવા જેવું થઈ પડશે."

" એ તો સમય આવ્યે બધું આપોઆપ જણાઈ આવશે." ચાહડે શાંતિથી કહ્યું. " હું ધારૂં છું કે વસ્તુપાળ ખંભાતથી થોડા સમયમાં આવી પહોંચવા જોઇએ."

" તમારી ધારણા સત્ય છે; કારણુ કે રાજાજીએ તેને અહીં આવવાનું આજ્ઞાપત્ર મોકલાવી દીધું છે અને તેથી તે જેમ બને તેમ ત્વરાથી અહીં આવી પહોંચે, એ સંભવિત છે." નાગડે પણુ શાંતિથી કહ્યું.

નાગડ અને ચાહડ ઘાટ ઉપરથી આગળ ચાલ્યા અને થોડે દૂર જઇને પુનઃ ઉભા રહ્યા. નાગડે ચાહડના ખભા ઉપર પોતાનો હાથ મૂકીને કહ્યું. " ચાહડ મહેતા! હું વસ્તુપાળ કે તેજપાળની નિંદા કરતો નથી; પરંતુ તેઓ રાજના કુલ સત્તાધારી થઇ પડયા છે અને રાજનાં મુખ્ય મુખ્ય અધિકારો પોતાના હાથમાં રાખ્યા છે, એમ તમને જણાતું નથી? તમને સેનાપતિ, દંડનાયક કે ખંભાતના દુર્ગપાળનું પદ આપવામાં આવે, તો શું તમે તે પદનું કામ કરી શકવાને લાયક નથી?"

ચાહડે નાગડના પ્રશ્ન સંબંધી પોતાનાં મનથી વિચાર કર્યો. તેને લાગ્યું કે નાગડનું કહેવું દ્વેષથી ભરેલું નથી. પોતાના સ્વાર્થની વાત ક્યા માણસને ગમતી નથી ?

તેણે કહ્યું. "તમારૂં કહેવું તો વ્યાજબી છે; પરંતુ મહામંડલેશ્વર અને રાજાજીએ જાતેજ તેમને મહામાત્ય અને સેનાપતિના પદો આપ્યાં છે, એ વાત તેમની વિરૂદ્ધ મત બાંધતાં પહેલાં આપણે વિચારમાં લેવી જોઇએ."

"એ ખરૂં." નાગડે કહ્યું. "પણ આ નગરના દંડનાયકનું પદ તથા ખંભાતના દુર્ગપાળ અને વહીવટી અધિકારીનું પદ કોને સોંપવામાં આવ્યું છે, એ વાત પણ ભૂલવી જોઇતી નથી."

"તેઓ શ્રાવકો છે અને તેથી શ્રાવકો ઉપર તેમનો પક્ષપાત હોવો સ્વાભાવિક છે; પરંતુ તેઓ રાજા, પ્રજા અને દેશનાં હિતમાં તન, મન અને ધનથી ભાગ લે છે, એ વાતનો સાથે સાથે સ્વીકાર કર્યા વિના ચાલે તેવું નથી." ચાહડે સ્પષ્ટવક્તા બનીને કહ્યું.

"રાજા, પ્રજા અને દેશનાં હિતમાં તન, મન અને ધનથી તેઓ ભાગ લે છે, એવાં તમારાં કથનનો હું અસ્વીકાર કરતો નથી; પરંતુ હું, તમે તથા બીજા મંત્રીઓ પણ શું એવી રીતે ભાગ લેતા નથી કે આપણને રાજનાં જરૂરી અને ખાનગી કામોથી દૂર રાખવામાં આવે છે ? લડાઇ અને એવાંજ બીજાં કામોમાં તેઓ અને તેના પક્ષના મંત્રીઓ આગળ પડતો ભાગ લે છે અને આપણને પાછળ રાખે છે, એ શું તમે સમજી શકતા નથી ?" નાગડે ચાહડના કથનનો સ્વીકાર કરીને તેને આડકતરી રીતે અસત્ય ઠરાવવાનો પ્રયાસ કરતાં પૂછ્યું.

"એ હું સમજું છું અને એ માટે શો ઉપાય કરવો એ વિષે હું ઘણા દિવસો થયા વિચાર કરૂં છું; પરંતુ કોઇ ઉપાય મળી આવતો નથી." ચાહડે છેવટ નાગડના મતને અનુમોદન આપતાં ઉત્તર આપ્યો.

"ઉપાય શોધી કહાડવો, એ મારૂં કામ." નાગડે કહ્યું. "મને લાગે છે કે આપણે દક્ષિણના યાદવોની સાથે થોડા વખતમાં યુદ્ધમાં ઉતરવું પડશે. આ યુદ્ધમાં સેનાપતિનું પદ મારે અગર તો તમારે ગમે તેણે પ્રયાસ કરીને લેવું અને વિજય મેળવીને આપણે દર્શાવી આપવું કે અમે પણ છીએ."

"પણ સેનાપતિનું પદ આપણને મળશે ખરૂં ?" ચાહડે શંકા કરી.

"કેમ નહિ મળે ?" નાગડે કહ્યું. "તમે રાજાજીના કૃપાપાત્ર માણસ છો ને એટલું નહિ કરી શકો ?"

"એ વાત ખરી." ચાહડે કહ્યું. "આ વખત હું રાજાજીને ખાસ કરીને કહીશ અને સેનાપતિનું પદ તમનેજ આપવાનો આગ્રહ કરીશ; પરંતુ હજી મને એક શંકા થયા કરે છે. દેવગિરિના રાજા ઉપર વિજય મેળવવો, એ તમારા કહેવા પ્રમાણે કાંઈ સહેલ નથી."

"એ હું જાણું છું; પરંતુ એવો પ્રસંગ આવશે ત્યારે આપણે ખુદ રાજાજીને પણ સાથે લઇ જશું એટલે વિજય મળશે તો ઠીક છે અને કદાચ પરાજય થશે, તો રાજાજી સાથે હોવાથી આપણા ઉપર દોષ આવશે નહિ." નાગડે કહ્યું.

"ખરેખર છે." ચાહડે કહ્યું. "અને જો એમ કરતાં આપણો વિજય થશે, તો વસ્તુપાળ અને તેજપાળની જેમ આપણે પણ આગળ આવી જશું."

"ભગવાન સોમનાથની કૃપાથી આપણો વિજયજ થશે." નાગડે કહ્યું. તેના અવાજમાં અને તેનાં મુખ ઉપર નિરાશા જણાતી હતી; પરંતુ ચાહડ તે જાણી શકયો નહિ.

ચાહડે આગળ ચાલતાં કહ્યું. "ત્યારે આપણે હવે જશું ને ?"

"હા, ચાલો." નાગડે પણ ચાલતાં ચાલતાં કહ્યું.

"તેઓ બન્ને સરોવરના ઘાટ ઉપરથી ઉતરીને નીચે આવ્યા હતા અને નગર તરફ જતા માર્ગે વળ્યા હતા.

આ સમયે સુદિ પંચમીનો ચંદ્ર આકાશમાં ઉદય પામ્યો હતો અને તેના પ્રકાશથી પૃથ્વી રૂપેરી રંગે રંગાઇ ગઇ હોય એવો આભાસ થતો હતો.

નગર તરફ જતા માર્ગે ચાલતા ચાલતાં ચાહડે કહ્યું. "આપણી પાછળ કોઇનો પગરવ સંભળાય છે ?"

નાગડે પાછા ફરીને જોયું અને ઉત્તર આપ્યો. "કોઈ માણસ આપણી પાછળ દૂર ચાલ્યો આવતો હોય એમ જણાય છે ખરૂ; પરંતુ તે કોણ છે, એ કળી શકાતું નથી."

"ત્યારે આપણે જરાવાર આ સામેનાં વૃક્ષના પડછાયે અંધારામાં ઉભા રહીએ એટલે જે હશે તે અહીંથી પસાર થતાં જણાઇ આવશે" ચાહડે કહ્યું.

" એ બરોબર છે." એમ કહીને નાગડ ચાહડની સાથે વૃક્ષ નીચે જઇને ઉભો રહ્યો.

પાછળ આવનારો માણસ થોડા વખતમાં ચાહડ તથા નાગડ જે વૃક્ષના પડછાયામાં ઉભા હતા, તેની બરોબર સામે આવીને ઉભો રહ્યો અને તેણે એ બાજુ જોઇને સત્તાવાહક સ્વરથી પૂછ્યું. " ઝાડ નીચે અંધારામાં કોણ ઉભું છે એ ?"

ચાહડે તરતજ નાગડના કાનમાં કહ્યું. " આ તો સેનાપતિ તેજપાળ !"

" હા, પણ ડરવાનું કાંઇ કારણ નથી." નાગડે ધીમેથી કહ્યું અને પછી મોટા સ્વરે જવાબ આપ્યો. " એ તો અમે, તેજપાળ મહેતા ?"

" કોણ, નાગડ મહેતા ?" તેજપાળે અવાજમાં આશ્ચર્યનો ભાવ લાવીને કહ્યું. " અને બીજું કોણ છે ?"

" એ ચાહડ મહેતા છે." નાગડે જવાબ આપ્યો અને તે ચાહડને લઇને તેજપાળની પાસે આવી પહોંચ્યો.

" બહુ સારૂ." તેજપાળે સંતોષ દર્શાવ્યો અને પૂછ્યું. " આમ કયાં ઘાટ ઉપર ફરવાને ગયા હતા કે શું ?"

" હા." નાગડે ઉત્તર આપતાં કહ્યું. " હંમેશાં સાંજના અમે અહીં ફરવાને આવીએ છીએ; કારણ કે ખુલ્લી હવામાં ફરવાથી મગજ તર થાય છે; પણ તમે આમ કયાંથી આવો છો ?"

" હું પણ ઘાટ ઉપરથીજ આવું છું." તેજપાળે ઉત્તર આપ્યો.

" એમ કે ?" ચાહડે આશ્ચર્ય પામીને કહ્યું. " પણ અમે તો તમને જોયા નહોતાં."

" હું જરા દૂર હતો." તેજપાળે કહ્યું. " પણ મેં તમને જોયા હતા. ઘાટની પેલી બાજુ ઉભા ઉભા તમે દક્ષિણના યાદવો વિષે કાંઇક વાદવિવાદ કરતા હતા."

તેજપાળનું કહેવું સાંભળીને નાગડે અને ચાહડે પરસ્પર સામે જોયું. તેમનાં ઉભયનાં મુખ ઉપર આશ્ચર્યની રેખાઓ સ્પષ્ટ જણાતી હતી. તેજપાળની તેજસ્વી આંખોએ તેમનાં મુખ ઉપર થયેલા ફેરફારને તરતજ જોઇ લીધો.

" બરોબર છે." ઘડીભર રહી વિચાર કરીને નાગડે કહ્યું. " દેવગિરિનો સિંઘણ ગુજરાત ઉપર ચડી આવવાનો છે, એવી વાત મારા

સાંભળવામાં આવી છે અને હું એ વાત ચાહડ મહેતાને કહેતો હતો, એ તમે સાંભળ્યું હશે. "

" હા, એમજ. " તેજપાળે કહ્યું. " અને સેનાનાયકની વાત પણ તમો કાંઇક કરતા હતા. "

તેજપાળનાં વચનોથી નાગડ અને ચાહડ વધુને વધુ આશ્ચર્યમાં પડતા જતા હતા.

નાગડે આશ્ચર્યની લાગણીને દબાવી કહ્યું. " ન કરે નારાયણ ને દેવગિરિના રાજા સાથે આપણને યુદ્ધમાં ઉતરવું પડે તો યુદ્ધમાં આપણાં સૈન્યના સેનાનાયકનું પદ કોને આપવામાં આવશે, એ સંબંધમાં અમે જૂદી જૂદી કલ્પનાઓ કરતા હતા. "

તેજપાળે નાગડ તથા ચાહડ તરફ તીવ્ર નજરથી જોઇને કહ્યું. "મને લાગે છે કે હવેનાં યુદ્ધમાં સેનાનાયકનું પદ તમને કે ચાહડ મહેતાને મળે, એ વધારે ઠીક છે. "

તેજપાળનાં કથનમાં મર્મપ્રહાર હતો. ચતુર નાગડ તે કળી ગયો. તેણે વિચાર્યું કે બધી વાત તેજપાળના જાણવામાં આવી છે એટલે હવે એને છુપાવવાથી કે તેનાથી ડરવાથી કાંઇ વળે તેમ નથી.

તેણે આશ્ચર્યનો ત્યાગ કરી હિંમતથી કહ્યું, " તમારૂં કહેવું વ્યાજબી છે. સેનાનાયકનું પદ તમને ન મળતાં અમને મળે તો એમાં શું ખોટું છે ? અમે પણ તલવારનો ઉપયોગ કરી જાણીએ છીએ. "

" જરૂર. ", તેજપાળે કહ્યું. " અને એટલા માટેજ તમે સેનાનાયકનું પદ મેળવવાને મથી રહ્યા છો. "

" હા; કારણ કે દરેક વખતે તમને અને વસ્તુપાળજીને યુદ્ધની તકલીફમાં મૂકવા, એ અમને યોગ્ય લાગતું નથી. " નાગડે કહ્યું. " અને તેથી હવેનાં યુદ્ધમાં હું કે ચાહડ મહેતા સેનાનાયક બનીએ, તો તમને એટલો વખત આરામ મળશે. "

" તમારી લાગણી માટે હું તમારો ઉપકાર માનું છું " તેજપાળે ગંભીર ભાવથી કહ્યું. " અમને તમારાં કહેવા પ્રમાણે આરામ મળે, તો હું ઘણો ખુશી થઇશ. "

" તમને આ વખતે આરામજ મળે, એવી અમે તજવીજ કરીશું. " નાગડ કાંઇ બોલે તે પહેલાં ચાહડજ બોલી ઉઠયો.

નાગડને એનું ઉતાવળું કથન ગમ્યું નહિ; પરંતુ બોલી ગયા પછી શું થાય ?

તેજપાળે મુછો ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું. “ તમારી એવી ઇચ્છા છે, તો હું મારૂં સેનાનાયકનું પદ અત્યારથીજ તમને સોંપી દઉં છું. જોઇએ કે હવેના યુદ્ધમાં તમે કેવુંક પરાક્રમ કરો છો ? ”

તેજપાળનાં કથનથી નાગડને જરા ક્રોધ ચઢ્યો. તેણે જુસ્સાથી પૂછ્યું. “ શું અમે નામર્દ છીએ કે તમારે એવું બોલવું પડે છે ? ”

“ હું એમ કહેતો નથી. ” તેજપાળે શાંતિથી કહ્યું. “ પણ મર્દાઇ કે નામર્દાઇની પરીક્ષા તો યુદ્ધમાંજ થાય ને ? ”

નાગડ તેજપાળનું કહેવું સાંભળીને ચૂપ રહ્યો. તેમજ ચાહડ પણ કાંઈ બોલ્યો નહિ એટલે તેજપાળ બન્ને તરફ તીક્ષ્ણ દૃષ્ટિપાત કરીને ત્યાંથી ચાલ્યો ગયો. નાગડ તથા ચાહડ તેને ચાલ્યો જતો જોઇને એક બીજાના સામે આશ્ચર્યની લાગણીથી જોઇ રહ્યા.

# પ્રકરણ ૧૭ મું.

## જીવન-પરિવર્ત્તન.

ઘણી વાર એવું બને છે કે જે માણસ બહુ પાપી હોય છે, તે ધર્મી; જે બહુ દુરાચારી હોય છે, તે સદાચારી અને જે બહુ શયતાન હોય છે, તે સાધુ થઇ જાય છે. અલબત, એટલું ખરૂં છે કે માનુષી જીવનમાં આવું પરિવર્ત્તન કોઈ આકસ્મિક ઘટનાથીજ બનવા પામે છે; પણ આવી રીતે માનવજીવનમાં પરિવર્ત્તન ઘણી વાર થાય છે, એ નિઃસંદેહ છે. પ્રકૃતિ કે કર્મનો આ કાંઇ સર્વમાન્ય અબાધિત નિયમ નથી; તોપણ પ્રસંગોપાત એવું જીવન-પરિવર્ત્તન માણસની અવસ્થામાં બને તો છેજ. ગુણિકા મેનકાના સંબંધમાં પણ એવું પરિવર્ત્તન થયું હતું. મેનકા મહામાત્ય વસ્તુપાળને મહાત કરવા જતાં પોતેજ મહાત થઇ હતી અને તે વખતે જીતેન્દ્રિય મહામાત્યે તેને જે ઉપદેશ આપ્યો હતો, એ ઘટના ને એનું જીવન-પરિવર્ત્તન આભારી હતું. એ ઘટના બની ગયા પછી ત્રણ-ચાર દિવસ સુધી મેનકા પોતાનાં મકાનમાંથી બહારજ નીકળી નહોતી. એ દરમ્યાન જયદેવ એને બે વાર મળવાને આવ્યો હતો; પરંતુ માંદગીનું બહાનું કાઢી તે તેને મળી નહોતી. તેણે એ દિવસો વિચારમાંજ પસાર કર્યા હતા. છેવટ પાંચમા દિવસે મેનકા બહાર નીકળી અને તે પણ રાતેજ. અંધારી રાતે

તે એકલીજ જયદેવના આવાસે ગઇ અને સીધી જયદેવ જે ખંડમાં સુતો હતો, ત્યાં પહોંચી.

રાત્રિનો પ્રથમ પ્રહર વ્યતિત થઈ ગયો હતો અને બીજો પ્રહર પણ વ્યતિત થવાની તૈયારીમાં હતો, જયદેવ પલંગ ઉપર અર્ધનિન્દ્રામાં પડ્યો હતો. મેનકાએ પલંગ પાસે જઈ જયદેવનાં મુખનું અને પછી સમસ્ત શરીરનું એકવાર ધ્યાનપૂર્વક અવલોકન કર્યું અને ત્યારપછી ઉતાવળા પણ શાંત અવાજે બુમ મારી. " જયદેવજી ! "

જયદેવ થોડીવાર પહેલાંજ સુતો હતો એટલે તે ભરનિદ્રામાં પડેલો નહોતો. પોતાનું નામ સાંભળીને તે સફાળો જાગી ઉઠયો અને આંખો ખોલીને આમતેમ જોયું. પલંગ પાસે મેનકાને ઉભેલી જોઇ તેને જરા આશ્ચર્ય થયું. પાંચ દિવસે આમ અચાનક અને મોડી રાતે તે કયાંથી અને કેમ આવી હશે, એ વિષે તે વિચાર કરવા લાગ્યો.

જયદેવને જાગૃત થયેલો તથા પોતાની સામે આશ્ચર્યથી જોતો જોઇને પૂછ્યું. " શું જૂઓ છો, જયદેવ ! હું મેનકા છું—એને તમે ઓળખતા નથી કે આમ આશ્ચર્યથી જોઈ રહ્યા છો ? "

" હું તને ઓળખું છું, મેનકા ! " જયદેવે કહ્યું. " પણ મારા આશ્ચર્યનું કારણ બીજું છે. તું ધારે છે, એ મારા આશ્ચર્યનું કારણ નથી. "

" ત્યારે તમારા આશ્ચર્યનું કારણ શું છે ? " મેનકાએ પ્રશ્ન કર્યો.

જયદેવે ઉત્તર આપ્યો. " પ્રથમ તો આજ સુધી તું કયાં હતી અને બીજું તારામાં આટલો બધો ફેરફાર શાથી થવા પામ્યો છે, એ મારા આશ્ચર્યનું કારણ છે. "

મેનકાએ તરતજ કહ્યું. " મારી તબિયત છેલ્લા ચાર દિવસથી જરા નરમ હતી, એ તમારા જાણવામાં છે, એટલે આજસુધી હું કયાં હતી, એ સંબંધી તમારા આશ્ચર્યનું કારણ વ્યાજબી નથી, તેમજ મારામાં ફેરફાર શાથી થવા પામ્યો છે, એ સંબંધી આશ્ચર્યનું કારણ પણ વ્યાજબી નથી; કારણકે મારામાં કાંઇ ફેરફાર થયો હોય, એવું જાણમાં આવ્યું નથી."

તારી તબિયત નરમ હતી, એ મારા જાણવામાં આવ્યું હતું અને એથી કરી તું બહાર નીકળી નહિ હોય, એ બનવાજોગ છે; પરંતુ તેં મને મળવાની ના પાડી, તેથી મને તે વખતે આશ્ચર્ય થયું હતું અને બીજું આશ્ચર્ય અત્યારે તને જોવાથી થાય છે. " જયદેવે પલંગમાંજ બેઠા થઇને કહ્યું.

" કોઇ દિવસ નહિ ને આજે મને જોવાથી તમને આશ્ચર્ય થાય છે, એ નવાઇની વાત છે. " મેનકાએ ગંભીરતાપૂર્વક કહ્યું.

"એ ખરૂં." જયદેવે કહ્યું. "પણ તારાં શરીરની સ્થિતિ આ ચાર કે પાંચ દિવસમાં એટલી બધી ફરી ગઇ છે કે મને તો શું પણ ગમે તે માણસને તને જોયાથી સ્વાભાવિક રીતેજ આશ્ચર્ય થાય તેમ છે."

"પણ શું મારા શરીરમાં એટલું બધું સ્થિત્યંતર થઇ ગયું છે?" મેનકાએ પોતાનો જમણો હાથ ઉંચો કરી તેને નિહાળતાં નિહાળતાં પૂછ્યું.

"અવશ્ય." જયદેવે તરતજ ઉત્તર આપ્યો. "મેનકા! તને તારા શરીરના હાલની ખબર પડી નહિ હોય; પરંતુ હું તેને પ્રત્યક્ષ જોઇ શકું છું અને તેથી કહું છું કે તું પૂર્વની એટલે કે ચાર–પાંચ દિવસ પહેલાની મેનકા રહેવા પામી નથી."

"પણ એનું કારણ શું ?" મેનકાએ ડાબા હાથને નિહાળતાં નિહાળતાં પૂછ્યું.

"એનું કારણ ગમે તે હોય." જયદેવે વિના વિલંબે જવાબ આપ્યો. "પણ તારા શરીરમાં પરિવર્ત્તન થઇ ગયું છે, એ સંદેહ વિનાની વાત છે. તારૂં ઉજ્જવલ મુખ નિસ્તેજ બની ગયું છે, તારાં મદભર અને ચંચળ નયનો શાંત બની ગયાં છે, તારો રંગ શ્યામ થઈ ગયો છે, તારૂં સમસ્ત શરીર શિથિલ થઇ ગયું છે અને તારો સ્વર કર્કશ બની ગયો છે. પાંચ દિવસ પહેલાની વિજયી અને માનિની મેનકા અત્યારે નથી; કિન્તુ તેના બદલે નિરાશ, હતાશ, નિરૂત્સાહી અને પરાજીત બનેલી એક રંક સ્ત્રીને મારી સન્મુખ ઉભેલી જોઉં છું"

મેનકા ચુપ રહી. જયદેવનું કથન સાંભળીને તે નીચું જોઈ ગઈ.

જયદેવે પલંગ ઉપરથી ઉઠીને કહ્યું. મેનકા ! તને મારૂં કહેવું ખરૂં લાગતું ન હોય, તો તું આ સામેના દર્પણમાં તારાં શરીરનું બરોબર અવલોકન કરી જો એટલે તને મારૂં કહેવું ખરૂં છે કે ખોટું, એની ખાતરી થશે.

એમ કહીને જયદેવ મેનકાનો હાથ પકડી તેને દર્પણ પાસે લઈ ગયો અને દર્પણના સામે બરોબર ઉભી રાખીને કહ્યું. "મેનકા ! દર્પણમાં નજર નાંખ અને પછી કહે કે મારૂં કહેવું ખરૂં છે કે ખોટું ?"

મેનકા પોતાના શરીરની સ્થિતિ જાણતી હતી એટલે તેને દર્પણમાં જોવાની જરૂર નહોતી; તોપણ તેણે જયદેવના કહેવા પ્રમાણે કર્યું. તેને દર્પણમાં નજર નાંખતાંજ ખાતરી થઈ કે માનભંગ અને પરાજીત થયેલી એક કંગાળ સ્ત્રી નિસ્તેજ અને હતાશ વદને સામે ઉભી છે. અને એવી ખાતરી થતાં મેનકાએ બે હાથવડે પોતાનું મુખ ઢાંકી દીધું અને ત્યારબાદ તે અવનત મુખે ઉભી રહી.

જયદેવને મેનકાની આવી સ્થિતિ જોઇને સ્વાભાવિક રીતેજ તેના માટે લાગણી થઈ આવી. તેણે અવાજમાં દિલાસાનો સુર મેળવીને કહ્યું. "મેનકા ! આમ થવાનું શું કારણુ છે ? તારાં માનનું શું કોઇએ ખંડન કર્યું છે કે તું આમ નિરાશ બની ગઇ છે ?"

મેનકા પૂર્વવત્ જેમની તેમ ઉભી રહી; પણ તેણે કાંઇ ઉત્તર આપ્યો નહિ.

જયદેવે ફરીને પૂછ્યું. "વ્હાલી મેનકા ! મારા પ્રશ્નનો ઉત્તર કેમ આપતી નથી ? તારા શરીરની આ દશા તબિયતની અસુખાકારીને લીધે થઇ છે કે માનસિક ચિંતાને લીધે ? કહે, ખરી રીતે તને શું થયું છે ?"

ઉત્તરમાં મેનકાએ ધીમો નિઃશ્વાસ મુકયો.

એથી જયદેવની જીજ્ઞાસા વધી. તેને ખાતરી થઇ કે મેનકાના સંબંધમાં ગમે તે ઘટના બનવા પામી હોય; પરંતુ તેના શરીરની આવી દશા થવાનું કારણુ માનસિક દુઃખજ હોવું જોઇએ.

તેણે તરતજ કહ્યું. "મેનકા ! તું કહે કે ન કહે; પરંતુ કોઇ પ્રકારનાં માનસિક દુઃખથીજ તારી આવી અવસ્થા થયેલી છે; નહિતો માત્ર ચારજ દિવસમાં તારી આવી હાલત થાત નહિ."

એ સાંભળીને મેનકાએ તેનાં મુખને ઉન્નત કર્યું. તેણે ધીરજ અને શાંતિથી જયદેવના સામે જોયું અને પછી કહ્યું. તમારી ધારણા અને કલ્પના ખરી છે, જયદેવ ! મારા શરીરની આ દશા થવાનું કારણુ માનસિક દુઃખજ છે."

"એવું કયું માનસિક દુઃખ તને પીડી રહ્યું છે કે તારી આવી દુર્બળ દશા થવા પામી છે, મેનકા !" જયદેવે મેનકાને ખંભે પોતાનો હાથ મુકીને પૂછ્યું.

મેનકાએ ઉત્તર આપતાં કહ્યું. "જયદેવ ! તમે સારી રીતે જાણો છો કે આપણા પ્રેમમાં મહામાત્ય વસ્તુપાળ વિઘ્નરૂપ હોવાથી તેને મારા મોહમાં ફસાવી મહાત કરવાનું મેં પણુ લીધું હતું."

"હા, એ હું સારી રીતે જાણું છું." જયદેવે કહ્યું.

"આજથી ચાર દિવસ પહેલાં મારાં એ પણુને પૂરું કરવા હું તમારા સાળા વસ્તુપાળના આવાસે ગઇ હતી." મેનકાએ ગંભીરતાથી કહ્યું.

"એમ કે ?" જયદેવે આશ્ચર્યથી પૂછ્યું "અને ત્યાં જઇને તેં શું કર્યું ?"

"એ હું તમને કહુંજ છું" મેનકાએ ઉત્તર આપતાં કહેવા માંડયું. "વસ્તુપાળની પાસે હું પુરૂષનો વેશ લઇને ગઇ હતી અને તેની નોકરીમાં રહેવા માટે મેં માગણી કરી; પરંતુ એ અતિ દક્ષ અને સુચતુર મહામાત્યે મને તરતજ ઓળખી લીધી. તેની સેવામાં રહેવા માટે વાદવિવાદ કરતાં છેવટ હું મારા મુળ સ્વરૂપમાં ખુલ્લી થઇ અને મારો સ્વીકાર કરવા તથા તેનો પ્રેમ મને આપવા મેં ઘણો આગ્રહ, ઘણી વિનંતિ અને ઘણું દબાણુ કર્યું; પરંતુ એ જીતેન્દ્રિય મહામાત્ય સહજ પણ ડગ્યો નહિ. જે મેનકાએ હજારો માણસોને ડગાવ્યા હતા, તે મેનકા—હા તેજ મેનકા વસ્તુપાળનાં સંયમ, શાંતિ અને દ્રઢતાથી ડગી ગઇ. તે તેની પાસે કેવળ હતાશ અને નિરૂત્સાહ બની ગઇ."

"શું તે તને તરતજ ઓળખી ગયો? ત્યારે તો તારા આગમનની ખબર એને પડી ગયેલી હોવી જોઈએ?" જયદેવે આતુરતા અને જીજ્ઞાસાથી કહ્યું.

"એમાં શી શંકા?" મેનકાએ કહ્યું.

"પણ પછી શું થયું? શું મેનકા મહાત થઇ?" જયદેવે તેવીજ અને તેટલીજ આતુરતાથી પૂછ્યું.

"અલબત." મેનકાએ જવાબ આપ્યો. "વસ્તુપાળને મહાત કરવા જતાં હુંજ મહાત થઇ અને એ મનોદુઃખથીજ મારી આ દશા થયેલી છે."

"ખરેખર મેનકા જેવી મોહિની અને માનિની નારી મહાત થાય, એ તેના માટે જેવું તેવું મનોદુઃખ કહેવાય નહિ અને એવા મનોદુઃખથી તારી આ દશા થાય તો તેમાં કાંઇ આશ્ચર્ય પામવાનું કારણ નથી." જયદેવે કહ્યું.

"બરોબર છે; પરંતુ વસ્તુપાળને મેં આવો જીતેન્દ્રિય ધાર્યો નહોતો. તે મુત્સદ્દી અને શુરવીર સાથે ઇન્દ્રિયજીત પણ છે, તે મેં હમણાંજ જાણ્યું." મેનકાએ કહ્યું.

"મારી માન્યતા પણ તારા જેવીજ હતી." જયદેવે કહ્યું. "અને તે તારાથી જરૂર મહાત થશે, એમ હું ચોક્કસ માનતો હતો; પરંતુ મારી એ માન્યતા આજે ખોટી ઠરે છે. મેનકા જેવી મદભરી સૌંદર્યશાલિની અને લાવણ્યમયી લલનાથી પણ એ મહાત ન થયો, ત્યારે એનામાં કેટલો આત્મસંયમ, કેટલી અગાધ શક્તિ અને કેટલું સામર્થ્ય હોવું જોઇએ, એની કલ્પના થઇ શકતી નથી."

"જયદેવ !" મેનકાએ દિલગીરી ભરેલા અવાજથી કહ્યું. "જે મેનકાએ સેંકડો નહિ હજારો પુરૂષોને માત્ર નયનનાં એકજ બાણુથી ઘાયલ કરી નાંખ્યા છે, તે વિજયી મેનકાનો પરાજય જ્યારે લોકોના જાણુવામાં આવશે, ત્યારે મારૂં કેવું ઉપહાસ્ય થશે, એની કલ્પના મારાથી થઈ શકતી નથી. મારા મનોદુઃખનું કારણુ એજ છે અને તેને લઇનેજ મારા સૌંદર્યના રાશિસમાન આ શરીરના આવા હાલ થયેલા છે."

"હા, એ ખરૂં છે." જયદેવે એમ કહીને પૂછ્યું. "પણુ મેનકા ! હવે તું શું કરવા માગે છે? આપણે વસ્તુપાળની ઉપેક્ષા કરીને ભેગાં રહી શકશું ખરાં ?"

"હું શું કરવા માગું છું, એ પ્રશ્નને હાલ આપણે બાજુ ઉપર રાખીએ." મેનકાએ ઉત્તર આપતાં કહ્યું. "અને બીજા પ્રશ્નના ઉત્તરમાં હું તમનેજ પૂછું છું કે શું આપણે ભેગાં રહી શકશું નહિ ?"

"મને તો કેવળ અશકય લાગે છે." જયદેવે વિચાર કરીને કહ્યું. "વસ્તુપાળ આપણુને કદિ પણુ એકત્ર રહેવા દેશે નહિ. કાંતો તને કે પછી મને બીજા સ્થળે મોકલી દેવાની બાજી તે જરૂર ગોઠવશેજ."

જયદેવનું કથન સાંભળીને મેનકા જરા ક્રોધાતુર થઇ. તેણે સહજ જુસ્સાથી કહ્યું. "જયદેવ ! તમે જો દઢ નિશ્ચય કરો કે મેનકા વિના મારે રહેવું નથી, તો પછી વસ્તુપાળ તમને શું કરી શકે તેમ છે ? શું તમે તેનાથી ડરો છો ? તમે પુરૂષ છો કે સ્ત્રી ?"

"હું તેનાથી ડરતો નથી, મેનકા !" જયદેવે ધીરજથી કહ્યું. "તેમ તેનાથી ડરવાનું મને કાંઇ કારણુ પણુ નથી; પરંતુ તે એટલો બધો પ્રપંચી, બાહોશ અને ચતુર છે કે આપણુને કદિ પણુ જૂદાં પાડયાં વિના રહેશે નહિ. તારા જેવી અતિ દક્ષ સ્ત્રી જેનાથી મહાત થાય, તે પુરૂષ કેવો હોવો જોઇએ, એનો ખ્યાલ શું હજી તને આવ્યો નથી ?"

"ઠીક, જયદેવ !" મેનકાએ અવાજમાં ગંભીરતા આણીને કહ્યું. "જ્યારથી પેલી કમળાનાં ગાન ઉપર મોહિત થયા છો, ત્યારથી તમે મારી દરકાર કરતા નથી અને મારાથી દૂરને દૂર રહેવાનો પ્રયત્ન કરો છો, એ કાંઈ મારી સમજણુ બહાર નથી. તે દિવસથીજ તમે મારો ત્યાગ કરવાની તમારા અંતરમાં ગાંઠ વાળી છે, એ હું તમારા રંગઢંગ ઉપરથી જાણી શકી છું; પરંતુ મારો અને તમારો ઘણા દિવસનો સહવાસ અને સ્નેહ હોવાથી તમે એકદમ મારો ત્યાગ કરી શકતા નથી; પણુ એક યા બીજા કારણુને લઇ આપણાં સંબંધને ઘટાડતા તો જાઓજ છો.

મારા આગમનની જાણ મહામાત્યને થઇ અને હું તેનાથી હારી, એ ઘટના, મારી ટાઢા પાણીએ ખસ કાઢવામાં તમને ઘણી સહાયક થઇ પડી છે !”

“ મેનકાનું બોલવું સાંભળીને જયદેવ વિચારમાં પડી ગયો. ક્ષણવાર રહી તેણે કહ્યું. “ મેનકા ! તું ઉતાવળી થાય છે-તારી ભૂલ થાય છે.”

“ મારી ભૂલ થતી નથી; કિન્તુ કમળાના મોહમાં ફસાવાથી તમારી મતિ વિપરિત બની ગઈ છે અને તેથીજ તમને મારી ભૂલ જણાય છે.” મેનકાએ કહ્યું “ હું સત્યજ કહું છું કે હવે તમને મારી જરૂર નથી, પણ જયદેવ ! તમે મારૂં કથન ધ્યાનપૂર્વક સાંભળજો કે જેમ તમને મારી જરૂર નથી, તેમ મને તમારી જરૂર પણ નથી. મહામાત્ય વસ્તુપાળે મને મારાં ખરાં કર્ત્તવ્યનું ભાન કરાવ્યું હોવાથી હું આજથીજ અને અત્યારથીજ ગુણિકાના આચાર-વિચારનો ત્યાગ કરૂં છું. અને તે સાથે તમારી સાથેના સંબંધને પણ તિલાંજલી આપું છું. આ ક્ષણથી આ મેનકા જૂદા વેશને ધારણ કરે છે અને તે જીવનપર્યંત નિભાવશે. માત્ર સંગિત કળાથી લોકોને ખુશ કરી જીવન ગુજારવાના ખરા આચારને બાજુ ઉપર મૂકી દઇને મારા જેવી અભાગિની જે જે ગુણિકાઓ વેશ્યાનો આચાર સેવતી હશે, તેને ઉપદેશ આપી તેમનાં અધમ જીવનને સુધારવાનો પ્રયાસ કરવાનું અને મારા શેષ જીવનને એ કાર્યમાંજ પુરૂં કરવાનું આજથી હું માથે લઉં છું. જયદેવ ! તમને પણ મારી હવે તો એજ સલાહ છે કે તમે તમારી વૃત્તિને કાબુમાં રાખતા શીખો અને તમારી દુઃખિની સ્રીને સુખી કરવાને તત્પર થાઓ. તે બિચારી તમારા વિયોગથી ઝુરી મરતી હશે, તેનો ખ્યાલ કરો અને અંતરમાં દયા, પ્રેમ, કરૂણા અને સ્નેહ ઇત્યાદિ ઉચ્ચ ગુણોને સ્થાન આપી તેનાં દુઃખને દૂર કરવાની પ્રતિજ્ઞા કરો.”

જયદેવ જરા હસ્યો. તેણે કહ્યું. “ મેનકા ! જાદૂગર વસ્તુપાળે તને ભરમાવી જણાય છે. જો જે રખેને તું સાધુડી થઇ જતી ! તારા વિના મને ચેન પડશે નહિ !”

“ જયદેવ !” મેનકાએ શાંતિથી કહ્યું. “ હવે એ મશ્કરીની વાતને જવા દો. વસ્તુપાળ જાદૂગર હોય કે ગમે તે હોય, એની મને પરવા નથી; પણ એના અમૂલ્ય ઉપદેશથી મારૂં જીવન બદલાઇ ગયું છે અને મારામાં અદ્દભૂત પરિવર્ત્તન થઇ ગયું છે. મેં તમને કહ્યું તેમ હું હવે

મારા જેવી અધમ જીવન ગુજારનારી સ્ત્રીઓને ગૃહસંસારનું મહાત્મ્ય સમજાવી તેમનાં જીવનને સુધારવાનાં કાર્યમાંજ મારા જીવનને ગાળવાની છું. મહામાત્યે જો મારા પ્રેમનો સ્વીકાર કર્યો હોત, તો હું તેની દાસી બનીને રહેત; પરંતુ જ્યારે તેણે તેનો અસ્વીકાર કર્યો છે, ત્યારે હું હવે તેણે આપેલા ઉપદેશ પ્રમાણે વર્ત્તવામાંજ મારા પ્રેમને રેડીશ અને મેં નક્કી કરેલા માર્ગે ચાલવામાંજ કર્ત્તવ્યની ઇતિશ્રી માનીશ. તમે પણ તમારી પત્નીને સુખી કરવા અને જીવનની ખરી મજા માણવા ગૃહસંસારમાં જોડાઇ તમારાં જીવનને સુધારી લેશો, એવી આશા રાખું છું. ”

એટલું કહીને મેનકા જયદેવ તરફ એકાગ્ર ધ્યાનથી જોઇ રહી; પણ જયદેવની મતિ મુંજાઇ ગઇ હતી. મેનકા બોલે છે કે વસ્તુપાળથી મહાત થતાં ગાંડપણમાં બકે છે, એ તેનાથી સમજી શકાતું નહોતું. તે પણ મેનકાની જેમ તેની તરફ એક ધ્યાનથી જોઇ રહ્યો.

જયદેવને વિમાસણમાં પડેલો જોઇને મેનકાએ કહ્યું. “ જયદેવ ! મારા કથનમાં શંકા ધરવાનું કાંઇ કારણ નથી; કારણ કે હું જે કહું છું, તે તદ્દન સત્ય છે. મહામાત્યના ઉપદેશથી મેં જે નિશ્ચય કર્યો છે, તે મેં તમને કહી બતાવ્યો છે અને તેથી હું જરા પણ ડગવાની નથી. અત્યારે હું અહીં તમારી પાસે આવી છું, તે તમને મોહવશ કરવા કે તમને રંગરાગમાં ડૂબાવવાને માટે આવી નથી; કારણકે એ વખત હવે વહી ગયો છે. મારા આગમનનું કારણ તમને તમારા કર્ત્તવ્યનું ભાન કરાવવાનું છે. તમે તમારી પત્ની પદ્માને સુખી કરો, એ મારી અંતઃકરણની ઇચ્છા છે અને જો તેને હજી પણ બીજી સ્ત્રીના મોહમાં પડીને દુઃખી કરશો, તો તમે પાછળથી ઘણા પસ્તાશો, એ યાદ રાખજો. ત્યારે હું હવે જાઉં છું જયદેવ ! અને આપણા આગલા સંબંધને અત્યારથી તદ્દન વિસરી જજો.”

એમ કહી મેનકા જયદેવ તરફ છેલ્લીવાર નજર નાંખીને ત્યાંથી એકદમ ચાલી ગઇ.

જયદેવ હજી પણ વિચારનિદ્રામાંથી જાગૃત થયો નહોતો.

# પ્રકરણ ૧૮ મું.

## યાદવો સાથે થયેલું યુદ્ધ.

જે વખતે ગુજરાતમાં વાઘેલાઓનું પ્રાબલ્ય વધતું જતું હતું, તે વખતે દક્ષિણમાં યાદવોનું જોર જામતું હતું. આ સમયે દેવગિરિમાં

યાદવ રાજા જૈત્રપાલનો કુમાર સિંઘણ ગાદી ઉપર હતો અને તેણે પોતાનાં બાહુબળથી ઘણા રાજાઓને જીતીને તેમનાં રાજ્યો પોતાને કબજે કરેલાં હતાં. ઉપરા ઉપર જીત મળવાથી અન્ય દેશો જીતી પોતાનાં રાજ્યની વૃદ્ધિ કરવાનો તેનો લોભ વધતો જતો હતો. ગુજરાત જેવા રસાળ અને સમૃદ્ધ દેશની કીર્તિ સિંઘણે ઘણી વાર સાંભળી હતી, અને તેથી તે દેશને જીતી લેવાનો ઘણા સમયથી તેણે નિશ્ચય કર્યો હતો. ગુજરાતમાં એક બાજુ જો કે વાઘેલાઓ જોર ઉપર આવતા જતા હતા; પરંતુ બીજી બાજુ પાટણમાં જે ભયંકર રાજખટપટ ચાલતી હતી, એથી ગુજરાતનાં રાજ્યની અસ્થિર સ્થિતિ છે, એમ દેશાવરના રાજાઓના જાણવામાં આવી ગયું હતું. સિંઘણે પણ એવી વાત પોતાના ગુપ્ત દુતો મારફત જાણી લીધી હતી અને તેથી તે ગુજરાત ઉપર ચડાઈ લઇ જવાને આતુર થઇ રહ્યો હતો. છેવટ તેણે એક બ્રાહ્મણસંસ્થાનિક ખાળેશ્વરની સરદારી નીચે વિશાળ સેનાને ગુજરાત મોકલી આપીને પોતાની આતુરતાને પાર પાડી.

બરોબર મધ્યાન્હનો સમય હતો. એક બાજુ યાદવોની અને બીજી બાજુ સોલંકી તથા વાઘેલાની છાવણી આવી રહેલી હતી. યાદવો ખાળેશ્વરની સરદારી નીચે અને સોલંકી તથા વાઘેલાઓ નાગડની સરદારી નીચે પરસ્પર પૂર જોસમાં લડી રહ્યા હતા. પ્રભાતે યુદ્ધ શરૂ થતાં ગુજરાતીઓ જોરમાં હતા; પરંતુ તે પછી ખાળેશ્વરની યુક્તિ અને યાદવોની બહાદુરી આગળ તેઓનું કાંઇ ચાલતું નહોતું અને તેઓની બાજી અવળી પડતી જતી હતી. ગુજરાતી સૈન્યના હુમલા અને ધસારા નિષ્ફળ જતા હતા અને તેમના ઘણા સૈનિકો યાદવ સૈનિકોના હાથથી કપાઇ મરતા હતા. ટુંકામાં ગુજરાતી સૈન્ય હારવાની અણી ઉપર આવીને રહેલું હતું.

આ વખતે ગુજરાતી સૈન્યનો સેનાપતિ મંત્રી નાગડ ઘોડેસ્વાર બનીને આમ તેમ ઘુમી રહ્યો હતો. ઉપસેનાપતિ ચાહડ પણ ઘોડેસ્વાર થયેલો હતો અને તે સૈનિકોને ઉત્તેજીત કરતો હતો; પરંતુ જ્યારે તેણે પોતાના સૈન્યના દરેક હુમલા અને ધસારા નિષ્ફળ જતા જોયા, ત્યારે તે નાગડની પાસે દોડી આવ્યો.

તેણે ઘોડાની લગામ ખેંચીને કહ્યું. " નાગડ મહેતા ! આપણું સૈન્ય ઘણું કપાઇ ગયું છે અને તેથી પાછું પણ હઠતું જાય છે. હવે તો કાંઈક નવિન યુક્તિ કરીએ તો ઠીક, નહિ તો આપણી હાર થશે એમ મને જણાય છે. "

નાગડે ચાહડના સામે જોઇને કહ્યું. " તમે શું બોલો છો અને શું કહો છો, એ હું સમજી શકતો નથી. જરા નજીક આવો અને પછી જે કહેવું હોય ને ખુશીથી કહો."

ચાહડ નાગડની બેદરકારી જોઇને જરા ખીજાયો; પરંતુ શાંતિ રાખીને તેણે પોતાના ઘોડાને તેની પાસે લીધો અને પછી કહ્યું. " મારૂં કહેવું એમ છે કે જો આપણે કાંઈક નવિન યુક્તિ શોધી કાઢીશું નહિ, તો આપણે હારી જશું, સમજ્યા ?"

" શું કહો છો ?" નાગડે વિસ્મય પામીને પૂછ્યું. " શું આપણે હારશું ?"

નાગડનું અકારણ આશ્ચર્ય જોઇને ચાહડ પુનઃ ખીજાયો. તેણે જરા જુસ્સાથી કહ્યું. " મારા કથનમાં તમને નવાઇ લાગે છે એ ઘણુંજ આશ્ચર્યની વાત છે. આપણા સૈનિકો યાદવોના હાથે માર ખાતા ખાતા કપાઇ જાય છે અને સૈન્યની હારની હાર પાછી હઠતી જાય છે, એ શું તમે જોઈ શકતા નથી કે આપણે હારશું, એવો નિરર્થક સ્વાલ કરો છો?"

" તમારી માન્યતા ગમે તેવી હોય; પરંતુ મને તો આપણી જીત થશે, એવો વિશ્વાસ છે." નાગડે કહ્યું.

" તમારો વિશ્વાસ અકારણ છે, નાગડ મહેતા !" ચાહડે ગંભીરતાથી કહ્યું. " જો લડાઇનું સ્વરૂપ આને આ ધોરણે સંધ્યાકાળ પર્યંત ચાલ્યા કરે અને બદલાય નહિ તો આપણી ચોક્કસ હારજ થશે, એ નિશ્ચયથી માનજો."

નાગડે આશ્ચર્ય દર્શાવીને પ્રશ્ન કર્યો. " ત્યારે શું આપણી જીત થશેજ નહિ ?"

મને તો એમજ લાગે છે કે આ વખતે આપણી જીત થવાના નથી અને તે સાથે આપણી અપકીર્તિ થવામાં પણ કાંઈ બાકી રહેવાની નથી. ચાહડે ઉત્તર આપતાં કહ્યું. " વસ્તુપાળ અને તેજપાળની પાસે આપણે નક્કી હાસ્યને પાત્ર બનશું."

નાગડને ચાહડનું કથન વ્યાજબી લાગ્યું. ગુજરાતી સૈન્ય ધીમે ધીમે પાછું હઠતું જાય છે, એ તેના જાણવામાં હતું; પરંતુ તે શું કારણથી પાછું હઠે છે, એ સંબંધમાં તેણે કાંઈ વિચાર કર્યો નહોતો; કારણ કે એવો વિચાર કરવાનો તેને સમય પણ નહોતો.

તેણે સહજ દિલગીરી દર્શાવીને કહ્યું. " ચાહડ મહેતા ! તમારા કહેવા પ્રમાણે જો આપણે હારશું, તો આપણી સ્થિતિ ઘણીજ ખરાબ

થશે. રાજાજીની આગળ આપણે શું મોઢું લઇને જશું ? અને વસ્તુપાળ તથા તેજપાળને પાછા પાડી દેવાની જે આપણે બાજી રચી છે, તેનું શું થાય ?"

"એ માટેજ હું કહું છું કે આપણે કાંઇક નવીન યુક્તિ શોધી કાઢીયે તો ઠીક." ચાહડે ભાર દઇને કહ્યું.

"તમારી વાત સાંભળીને મારૂં મસ્તક ભ્રમિત બની ગયું છે." નાગડે કહ્યું. અને તેથી મને કાંઇ યુક્તિ સુજતી નથી. તમેજ કોઈ યુક્તિ શોધી કાઢો તો સારૂં."

ચાહડે તરતજ કહ્યું. "મને પણ તેવી કોઇ યુકિત સુજતી નથી; પણ મારૂં કહેવું તમને યોગ્ય લાગે તો આ ક્ષણથીજ લડાઇ બંધ કરવાની જરૂર છે."

"પણ લડાઇ બંધ કરવાથી તો શત્રુઓ આપણી નિર્બળતા જાણી જશે, એનું તમે શું ધાર્યું ?" નાગડે પૂછ્યું.

ચાહડે ઉત્તર આપતાં કહ્યું. "તમારો પ્રશ્ન યોગ્ય છે; પરંતુ આવો કટાકટીના સમયે નિર્બળતા કે સબળતાનો વિચાર કરવાનો નથી. અત્યારે તો આપણને ગમે તે રીતે યુદ્ધને એકદમ બધ કરવાનીજ અગત્ય છે."

"ધારો કે આપણે યુદ્ધ બંધ કરી શકયા; પરંતુ પછી શું ?" નાગડે બીજો સ્વાલ કર્યો.

"પછી શું કરવું એનો વિચાર અત્યારે કરવાનો નથી." ચાહડે ઉત્તર આપ્યો. "અત્યારે તો યુદ્ધ બંધ કરવું, એજ આપણા માટે સલાહ-ભરેલું છે."

"ત્યારે સંધિનો વાવટો ચડાવી દઇએ એટલે યુદ્ધ એની મેળેજ બંધ થશે." નાગડે કહ્યું.

"બરોબર છે." ચાહડે કહ્યું. "સંધિનો ધ્વજ ફરકાવવાથી તરતજ યુદ્ધ બંધ થશે, એ નિ:સંદેહ છે."

"ત્યારે તમે જાઓ અને સંધિના ધ્વજને ચડાવી દો. એક વાતનો નિશ્ચય કર્યા પછી ઢીલ શી ?" નાગડે કહ્યું.

ચાહડ તરતજ ત્યાંથી ચાલ્યો ગયો અને થોડા સમયમાં ગુજરાતી સૈન્ય તરફથી સંધિનો ધ્વજ ફરકતો જોવામાં આવતાં બન્ને બાજુના સૈનિકો લડતા એકદમ બંધ પડી ગયા. ગુજરાતી સૈનિકોને તો એટલુંજ

જોઇતું હતું. યુદ્ધ બંધ પડવાથી તેઓ તો ખુશી થઇ ગયા; પરંતુ દક્ષિણી સૈનિકો જીતવાની અણી ઉપર આવેલા હોઇ એથી નિરાશ થયા.

યુદ્ધ બંધ પડતાં સૈનિકો પોતપોતાની છાવણીમાં ચાલ્યા ગયા. નાગડ અને ચાહડ છાવણીથી જરા દૂર હવે શું કરવું, એ વિચારમાં એક વૃક્ષ નીચે વાતો કરતા ઉભા હતા. આ વખતે સવિતાનારાયણ પશ્ચિમાકાશમાં વિરાજતા હતા અને સંધ્યાકાળ થવાને બહુ વાર નહોતી. નાગડ અને ચાહડ કેટલાક સમય પર્યંત વિચાર કરતાં ત્યાં ઉભા રહ્યા અને ત્યારબાદ છાવણી તરફ જવાની શરૂઆત કરતા હતા એટલામાં તેમની સન્મુખ પ્રૌઢવયનો એક પુરૂષ આવીને ઉભો રહ્યો. આવનાર પુરૂષ યુદ્ધના પોષાકમાં સજ્જ થયેલો હતો અને તેની કમરે લાંબી તલવાર લટકતી હતી.

નાગડે તથા ચાહડે તેને ઓળખ્યો હતો. નાગડે તેને ઉદ્દેશીને કહ્યું. " આવો ખાળેશ્વર ! અત્યારે એકાએક કેમ આવવું પડયું છે ? "

એ પુરૂષ યાદવ સૈન્યનો સેનાપતિ ખાળેશ્વર હતો. તેણે આંખની ભમર ચડાવીને કહ્યું. " તમે અમારી સાથે સુલેહ કરવાને ઇચ્છો છો, તેથીજ મારે આવવું પડયું છે. ચાલો, અમારી છાવણીમાં અને સુલેહની તમારી શી શી શરતો છે, તે મને કહી દર્શાવો. "

ચાહડે મુત્સદ્દીને છાજતું હાસ્ય કર્યું અને પછી કહ્યું. " સેનાપતિજી ! તમારી જેમ અમે સ્વતંત્ર નથી. સુલેહની શરતો તૈયાર કરી અમે હમણાંજ અમારા રાજાજીને આપવા માટે ઘોડેસ્વારને દોડાવ્યો છે. અને અમને ખાતરી છે કે એ ઘોડેસ્વાર કાલ સુધીમાં આવી જશે. એ આવ્યા બાદ આપણે સુલેહની શરતોના સંબંધમાં ચર્ચા કરી એક નિશ્ચય ઉપર આવશું. "

ખાળેશ્વરે તેની વિશાળ આંખો ચાહડનાં મુખ ઉપર સ્થિર કરીને કહ્યું. " ચાહડ મહેતા ! તમારૂં કહેવું વાસ્તવિક નથી; તો પણ કાલ સાંજ સુધી હું રાહ જોઇશ. જો એ દરમ્યાન સુલેહની વાત નક્કી નહીં થાય, તો પરમ દિવસ સવારથી યુદ્ધ ફરીને શરૂ થશે. સુલેહનાં બહાને લડાઇ બંધ રખાવી તમે મદદ માટે બીજું સૈન્ય મંગાવ્યું હોય તો ભલે. મને તેની દરકાર નથી; પરંતુ અમારી ગફલતનો લાભ લઇ અમારી છાવણી ઉપર અચાનક ધસારો કરશો, તો વિશ્વાસઘાતનું પરિણામ સારૂં આવશે નહિ. ગુજરાતના મંત્રીઓ મુત્સદ્દી ગણાય છે અને અમે દક્ષિણના અધિકારીઓ ભોળા કહેવાઇએ છીએ; પરન્તુ તમારી મુત્સદ્દીગિરિ અમારી પાસે ચાલવાની નથી, એ ખાસ કરીને ધ્યાનમાં રાખજો. "

"એ બાબત તમારે ફીકર રાખવાની નથી." ચાહડને બદલે નાગડે કહ્યું. જો પરમ દિવસ સવારસુધીમાં સુલેહની વાત નક્કી નહિ થાય, તો આપણે તેજ દિવસથી ફરીને લડાઇ શરૂ કરશું, એ ચોક્કસ છે. પણ ઘણુભાગે તો સુલેહ થઇ જશે, એમ અમને લાગે છે; કારણકે અમારા રાજા મૂળથીજ તમારા રાજા સાથે સુલેહ–સંપ રાખવાને ખુશી હતા; પણ તમે અમને સંધિના કાંઇ પણ ખબર આપ્યા વિના એકદમ અમારો દેશ પચાવી પાડવાને આવ્યા એટલે નિરૂપાયે અમારે તમારી સાથે લડાઈમાં ઉતરવું પડયું છે. જો આપણો પરસ્પર સંપ જળવાતો હોય, તો નાહક શા માટે લડવું જોઇએ ?"

"બરોબર છે." ખાળેશ્વરે સરલભાવથી કહ્યું. "આપણી વચ્ચે પરસ્પરનું યોગ્ય માન સચવાઇને સંપ જળવાતો હોય તો પછી આપણે લડાઇમાં ઉતરવાનું કાંઇ કારણ નથી; કારણકે તમારી પેઠે અમે પણ સુલેહસંપ જાળવવાની ઇચ્છા રાખીએ છીએ; પરંતુ અમારા રાજાને યોગ્ય માન સાચવીનેજ, એ તમારે યાદ રાખવાનું છે."

"એ સંબંધમાં અમને કાંઇ વાંધો નથી." નાગડે કહ્યું. "આપણે જો સુલેહ કરશું, તો ઉભય રાજાઓનું યોગ્ય માન સાચવીનેજ કરશું અને નહિ તો પછી યુદ્ધ તો છેલ્લો ઉપાય છેજ."

"હા," ખાળેશ્વરે કહ્યું. "ત્યારે હું જાઉં છું અને પરમ દિવસ સવાર સુધી રાહ જોઇશ. કાલે મધરાત પર્યંત તમારા તરફથી કંઇ ખબર નહિ આવે, તો પછી પ્રભાતમાં યુદ્ધ શરૂ થશે."

"તમારૂં કથન અમને માન્ય છે." ચાહડે કહ્યું અને ખાળેશ્વર તરતજ ચાલ્યો ગયો.

તે દૂર ગયા પછી નાગડે છાવણી તરફ ચાલતા ચાલતા કહ્યું. "ત્યારે તમારો વિચાર એવોજ છે કે કાલે સાંજે આપણું નવું સૈન્ય આવી જાય એટલે મધરાત પછી આપણે યાદવો ઉપર અચાનક હુમલો કરવો ?"

"જરૂર." ચાહડે કહ્યું. અને તેટલાજ માટે સુલેહનો ધ્વજ ચડાવીને મેં લડાઈ બંધ રખાવી છે. કાલે સાંજસુધીમાં આપણું નવું સૈન્ય આવી પહોંચશે અને તેને મધરાત સુધી આરામ આપી છેલ્લી રાતમાં આપણે યાદવોની છાવણી ઉપર અચાનક ધસારો લઇ જશું. જીત મેળવવાનો આ એક યુક્તિ છે, એ હવે તમે સમજી શકયા હશો."

"પણ આમ કરવાથી આપણે યાદવોનો વિશ્વાસઘાત કરીએ છીએ. પછી તમારી મરજી." નાગડે ખુલ્લાં મનથી કહ્યું.

"એ હું જાણું છું; પરંતુ લડાઇમાં વિશ્વાસઘાત કે પ્રપંચ ન કરીએ તો કદિ પણ જીત મેળવી શકાયજ નહિ." ચાહડે કહ્યું.

"પણ મને એમ કરવું યોગ્ય લાગતું નથી." નાગડે કહ્યું.

"ત્યારે તમે કદિ પણ યાદવોને જીતી શકશો નહિ" ચાહડે કહ્યું "અને હાર થવાથી આપણી શી સ્થિતિ થશે, એની તમે કલ્પના કરી શકો છો ખરા ?"

"એની કલ્પના તો હું કરી શકું છું." નાગડે કહ્યું. "માનભંગ અને અપકીર્તિ એ આપણા પરાજયનું પરિણામ છે."

તેઓ એ પ્રમાણે વાતો કરતા કરતા છાવણીના મુખ્ય તંબુ પાસે આવીપહોંચ્યા અને ઉભય તંબુની અંદર ગયા.

ચાહડે આસન ઉપર બેસી ક્ષણવાર વિચાર કરીને કહ્યું. "નાગડ મહેતા ! લડાઇ કે રાજપ્રપંચમાં વિશ્વાસઘાત કરવો, એ બહુ મહત્ત્વની વાત નથી; પરંતુ જો એ પાપમાં પડવું ન હોય, તો હજી એક ઉપાય છે."

નાગડે જીજ્ઞાસાથી ચાહડના સામે જોયું. એટલે ચાહડે કહ્યું. "અને તે ઉપાય એ છે કે આપણે મંગાવેલું સૈન્ય આવી જાય કે તરતજ ખાળેશ્વરને આપણે કહી દેવું કે સંધિ કરવાની અમારી ઇચ્છા નથી અને અમે લડવાને તૈયાર છીએ."

"એ ઉપાય ઠીક છે; પરંતુ એમ કરવાથી આપણે જીતી શકશુંજ, એમ તો કહી શકાય નહિ." નાગડે કહ્યું.

ચાહડે કહ્યું. "એટલેજ હું કહું છું કે અચાનક અને એકાએક હુમલા વિના આપણે ફાવવાના નથી, એ નિશ્ચિત છે; પરંતુ ખાળેશ્વરના વિશ્વાસનો ભંગ કરવા તમારૂં અંતઃકરણ ના પાડતું હોય, તો પછી જેવી તમારી મરજી." પણ વિચાર કરતાં નાગડ મહેતાને ચાહડની એ યુક્તિ સારી લાગતી હતી. વિશ્વાસઘાતના ભયથી તે હાર ખાવાનું પસંદ કરે, એવો પાપભીરૂ નહોતો.

તેણે તરતજ કહ્યું. "ચાહડ મહેતા ! લડાઈ જેવા નિર્દય કાર્યમાં અંતઃકરણને વચ્ચે લાવવાની અગત્ય નથી, એમ બધી બાબતનો વિચાર કરતાં મને જણાય છે અને તેથી તમે દર્શાવેલી યુક્તિને અમલમાં મુકીએ તો કાંઇ ખોટું નથી. એમ કર્યા વિના જીત મેળવવી મુશ્કેલ છે."

ચાહડે લડાઇમાં જીત મેળવવાની યુક્તિ તો દર્શાવી; પરંતુ એથી જીત મળશેજ, એમ તેનું ધારવું નહોતું. અને તેથી એ યુક્તિને અમલમાં મૂકવી કે નહીં, એ સંબંધમાં તે પાછો વિચાર કરતો હતો. છેવટ તેણે કહ્યું.

" જ્યારે તમારો વિચાર થાય છે, ત્યારે એ યુક્તિને અમલમાં મૂકવામાં કાંઇ હરકત નથી, પણ એથી બીજી રીતે વિચાર કરતાં તમારૂં કહેવું મને યોગ્ય લાગે છે. લડાઇમાં વિશ્વાસઘાત બહુ મહત્ત્વની વાત નથી, પણ એથી ગુજરાતના મંત્રીઓ વિશ્વાસઘાતી છે, એમ તો કહેવાશેજ. "

નાગડ ચાહડનાં છેલ્લાં વાક્યથી વિચારમાં પડી ગયો. ક્ષણવાર રહી તેણે કહ્યું. " તમારૂં કહેવું વ્યાજબી છે. તમારી યુક્તિ પ્રમાણે વર્ત્તવાથી વિશ્વાસઘાતનો દોષ તો આપણા માથે જરૂર આવવાનોજ. "

" એટલા માટે આપણું નવું સૈન્ય આવી જાય કે તરતજ ખાળેશ્વરને યુદ્ધનું કહેણુ મોકલવું અને પરમ દિવસ પ્રભાતથી યુદ્ધ ફરીને શરૂ કરી દેવું, એ વધારે સારૂં છે. પછી થાય તે ખરૂં. " ચાહડે કહ્યું.

" એ બરોબર છે અને એ પ્રમાણે વર્ત્તવાથી વિશ્વાસઘાતનો દોષ આપણા માથે જરા પણ આવશે નહિ. " નાગડે કહ્યું. " અને ઇશ્વરની કૃપા હશે તો નવું સૈન્ય આવવાથી આપણે જીત મેળવવાને ભાગ્યશાળી થઇ શકીશું. "

એ પ્રમાણે યુક્તિ રચી એ બન્ને મંત્રીઓ સૈન્યમાં કેટલી ખુવારી થઇ છે, એ નક્કી કરવાને સૈનિકોના નિવાસ તરફ જવાને નીકળ્યા.

# પ્રકરણ ૧૯ મું.

## પરાજય.

" રાજાજી ! હરકોઇ રાજાના રાજ્યઅમલ દરમ્યાન હાર-જીતના પ્રસંગો આવ્યા કરે છે અને તેથી યાદવોની સાથેનાં યુદ્ધમાં આપણી થયેલી હારને માટે આપને દિલગીર થવાની જરૂર નથી. હાર કે જીતની વાત કર્માધિન છે. જીત માટે પ્રયાસ કરવો, એ આપણી ફરજ છે; પરંતુ તેમ છતાં હાર થાય, તો એ માટે દિલગીરી કરવાથી કાંઇ અર્થ સરે તેમ નથી. " વસ્તુપાળે રાજા વીરધવળને ઉદ્દેશીને કહ્યું.

પ્રભાતનો સમય હતો. રાજા વીરધવળ રાજસભા ભરીને બેઠો હતો અને તેની આસપાસ મહામાત્ય વસ્તુપાળ, સેનાનાયક તેજપાળ, સરદારસિંહ અને બીજા મંત્રીઓ પોતપોતાને યોગ્ય આસનો ઉપર બેઠેલા હતા. મહામાત્ય વસ્તુપાળ શંખને હરાવી, સદીકને મહાત કરી તથા એ પ્રદેશમાં રાજકીય વ્યવસ્થા કરીને થોડા દિવસો થયા ધોળકામાં

આવી ગયો હતો અને તેથી આજની રાજસભામાં તેની હાજરી હતી. રાજચિંતાકારી લવણપ્રસાદ પાટણમાં હતો અને મંત્રી નાગડ તથા ચાહડ યાદવો સાથેનાં યુદ્ધમાં ગયા હતા એટલે તેઓની ગેરહાજરી હતી. યાદવ સૈન્ય સાથે લડતાં ગુજરાતી સૈન્યની હાર થઇ છે, એવું ગુપ્ત દૂતદ્વારા વીરધવળના જાણવામાં આવ્યું હતું અને તેથી તે સહજ દિલગીર જણાતો હતો. રાજસભામાં એ વાતની ચર્ચા થતી હતી અને તેમાં વસ્તુપાળે ઉપર પ્રમાણે કહ્યું, તે વીરધવળની દિલગીરીને દૂર કરવાને માટેજ કહ્યું હતું.

વસ્તુપાળનું કથન સાંભળીને રાજા વીરધવળે કહ્યું. " મહેતાજી ! હાર કે જીતની વાત કર્માધિન કિંવા ઇશ્વરના હાથમાં છે, એ તમારી વાત સાવ સાચી છે. મને હારને માટે દિલગીરી થતી નથી; પરંતુ દૂતના કહેવા પ્રમાણે આપણાં સૈન્યની ઘણીજ ખુવારી થઇ છે, એ દિલગીરીજનક છે. સેનાનાયક તેજપાળે નાગડ મહેતાની સાથે વાદવિવાદ કરવાથી આ પરિણામ આવ્યું છે. "

" એ સંબંધમાં મારો થોડો-ઘણો દોષ છે અને તે હું વિના વિલંબે સ્વીકારૂં છું. " તેજપાળે કહ્યું. " પરંતુ રાજાજી ! નાગડ મહેતાને આ વખતે સેનાપતિનું પદ આપવાની ખાસ અગત્ય હતી. "

" તમારૂં કહેવું મારા સમજવામાં આવતું નથી. " વીરધવળે આશ્ચર્ય દર્શાવીને કહ્યું.

" નાગડ તથા ચાહડ મહેતાએ સેનાપતિનું પદ મારી પાસેથી લઇ લેવાનો નિશ્ચય કર્યો હતો, એ વાત જો આપના જાણવામાં હોત, તો આપને આશ્ચર્ય દર્શાવવાનું કાંઈ કારણ રહેત નહિ. " તેજપાળે ઉત્તર આપતાં કહ્યું.

" પણ સેનાપતિનું પદ લઇને તેઓ પરિણામ તો આ લાવ્યા ને ? " વીરધવળે કહ્યું. " અને તેજપાળ મહેતા ! તેમણે સેનાપતિનું પદ તમારી પાસેથી લઇ લેવાનો જે નિશ્ચય કર્યો હતો, તે મને પહેલેથીજ જણાવી દીધો હોત, તો આપણને હારનો પ્રસંગ જોવાનો વખત આવત નહિ. "

" આપનું કહેવું ખરૂં છે. " તેજપાળે કહ્યું. " પણ નાગડ તથા ચાહડ મહેતાને સેનાનાયકનાં પદનો અને યુદ્ધનો સ્વાદ ચખાડવાની મારી ઇચ્છા હતી અને તેથીજ મેં આપને એ વાત એ વખતે કરી નહોતી. "

" ઠીક, જે થયું તે ખરૂં. બની ગયેલા બનાવ વિષે પાછળથી શોક કરવો નિરર્થક છે. " વીરધવળે એમ કહીને પૂછ્યું. " પણ નગરનાં રક્ષણનો તો તમે બધો બંદોબસ્ત કર્યો છે ને ? "

" એ માટે આપને ચિંતા કરવાની અગત્ય નથી." તેજપાળે જવાબ આપતાં કહ્યું. " નગર રક્ષણનો બધો બંદોબસ્ત આપની આજ્ઞા મળ્યા પહેલાંજ મેં કરી દીધેલો છે."

રાજા વીરધવળે તેજપાળ તરફ સંતોષની નજરે જોયું અને પછી વસ્તુપાળને ઉદ્દેશીને પૂછ્યું. " આપણાં સૈન્યના બીજા કાંઇ સમાચાર તમારા જાણવામાં આવ્યા છે ખરા ?"

" ગઇ રાતે દૂત જે ખબર લાવ્યો હતો, એથી વિશેષ ખબર મારા જાણવામાં આવેલ નથી." વસ્તુપાળે ઉત્તર આપતાં કહ્યું. " પણ મને લાગે છે કે આપણું સૈન્ય થોડાજ વખતમાં પાછું આવી પહોંચવું જોઇએ."

" એમ લાગવાનું કાંઇ ખાસ કારણ છે ?" રાજાએ ફરીને પૂછ્યું.

" જે દૂત આપણી હારના સમાચાર લાવ્યો હતો, તેણેજ નાગડ મહેતા બચેલાં સૈન્ય સાથે આ તરફ આવવાને પ્રયાણ કરી ચૂક્યા છે, એમ કહ્યું હતું અને તે ઉપરથી હું કલ્પના કરૂં છું કે તેઓ જેમ બને તેમ ત્વરાથી આવી પહોંચવા જોઇએ." વસ્તુપાળે જવાબ આપ્યો.

" હા, દૂતે એમ કહ્યું હતું ખરૂં." વીરધવળે યાદ કરી જરા હસીને કહ્યું. " ત્યારે તો નાગડ મહેતાનો પ્રવેશમહોત્સવ આજેજ કરવો પડશે કે શુ ?"

વીરધવળનો મામો સિંહ નાગડના પક્ષનો હતો. તેના ભાણેજ વીરધવળે નાગડની મશ્કરી કરી, એ તેને ગમ્યું નહિ. તેણે ગંભીરતાથી કહ્યું. " રાજાજી ! હાર કે જીત એ આપણા હાથની વાત નથી અને તેથી નાગડ મહેતા જેવા એકનિષ્ટ અધિકારી માટે એવા શબ્દો કહેવા, એ યોગ્ય નથી. શું તમે પણ ભીમસિંહ પ્રતિહાર સાથેની લડાઇમાં પ્રથમ હાર્યા નહોતા ?"

વીરધવળે તેના મામા સામે સહજ કરડી નજરથી જોયું અને પછી હસવાનો ડોળ કરીને કહ્યું. " હા, એ વાત ખરી છે. પણ હું તો એની સહજ મશ્કરી કરતો હતો. બાકી નાગડ મહેતા એકનિષ્ટ અધિકારી છે, એ મારી જાણ બહાર નથી. અને એ ઉપરાંત તે દક્ષ તથા ચતુર પણ છે. આ વખતે તેની કેમ હાર થવા પામી, એજ હું તો સમજી શકતો નથી ?"

" એનું કારણ છે." સિંહે કહ્યું. " યાદવો બાહોશ યોદ્ધાઓ છે અને તેમનો સેનાપતિ ખાળેશ્વર મહાન્ શૂરવીર પુરૂષ છે. એની સાથે યુદ્ધમાં ઉતરવું, એ કાંઇ સરલ વાત નથી."

વસ્તુપાળે ભેદક દૃષ્ટિથી સિંહ સામે જોયું અને તેજપાળે મૂછો ઉપર પોતાનો હાથ ફેરવતાં ફેરવતાં વ્યંગમાં કહ્યું. "ત્યારે યાદવો આપણને હરાવી આપણાં રાજ્યને જીતી લેશે, એવી માન્યતા તમે ધરાવતા લાગો છો ?"

તેજપાળના વ્યંગથી સિંહને ક્રોધ ચડયો. તેણે સહજ જુસ્સાથી કહ્યું "મારી માન્યતા એવી છે કે નહિ, એ તમારે જોવાનું નથી. તમારે બળ બતાવવું હોય, તો હજી વખત ચાલ્યો ગયો નથી. યાદવો એકવાર જીત્યા છે એટલે ફરીને ગુજરાત ઉપર ચડાઈ લાવ્યા વિના રહેશે નહિ."

"ચડાઇ લાવતા હોય, તો ભલે આજેજ લાવે." તેજપાળે પણ જુસ્સાથી કહ્યું. "ગુજરાતીઓ કાંઇ નિર્બળ નથી કે તેમનાથી ડરી જાય."

"એ વાદવિવાદને હાલ જતો કરો." વીરધવળે આજ્ઞાસૂચક અવાજથી કહ્યું. "ગુજરાતનાં રાજ્યને સુદૃઢ કરવાને માટે હજી આપણે ઘણાં યુદ્ધો કરવા પડશે અને અન્ય દેશો ઉપર સ્વારીઓ પણ લઇ જવી પડશે. આપણા મંત્રીઓની અને સરદારોની એ વખતે આપોઆપ કસોટી થઇ જશે. મુખના વાદવિવાદથી કાંઇ બળની કસોટી થતી નથી."

"અને આપણાં બળની ખરી કસોટી તો એકસંપમાં રહેલી છે." વસ્તુપાળે કહ્યું. "જો આપણે કુસંપ કરીને અંદરોઅંદર ખટપટને જગાડશું, તો આપણું બળ ગમે તેવું અને ગમે તેટલું હશે; તોપણ કાંઇ કામમાં આવશે નહિ, એ રાજ્યના દરેક અધિકારીએ સમજવાનું છે."

વસ્તુપાળનાં એ કથનથી સિંહ તથા તેજપાળ શાંત થઇ ગયા. એ વખતે દ્વારપાળે પ્રવેશ કરી વીરધવળને નમીને કહ્યું. "મહારાજ! નાગડ તથા ચાહડ મહેતા સભામાં આવે છે."

એટલું કહીને તે ચાલ્યો ગયો અને નાગડે ચાહડની સાથે સભામાં પ્રવેશ કર્યો.

વસ્તુપાળે તેમને આવકાર આપ્યો અને તેઓ વીરધવળને નમન કરી યોગ્ય આસનો ઉપર બેઠા. તેમનાં મુખ ઉપર પરાજય અને દિલગીરીની છાયા હરકોઈ માણસના જોવામાં આવી શકતી હતી.

વીરધવળે તેમના સામે જોયું; પરંતુ કાંઇ કહ્યું નહિ. એટલે વસ્તુપાળે હસીને કહ્યું. "યાદવોના શા સમાચાર છે ? આપણી હાર થઈ, એ વાત શું ખરી છે ?"

વસ્તુપાળે જોકે એ પ્રશ્નો સામાન્ય રીતેજ પૂછ્યા હતા; પરંતુ નાગડ તથા ચાહડને તે મશ્કરી અને ઉપાલંભથી ભરેલા જણાયા. પણ રાજાજીની સન્મુખ પૂછાયેલા પ્રશ્નોનો ઉત્તર આપ્યા સિવાય ચાલે તેમ નહોતું; તેથી

નાગડેજ ઉત્તર આપતાં કહ્યું. "આપણી હાર થઈ છે, એ વાત ખરી છે; પરંતુ હારતા હારતા અને કપાતા કપાતા આપણા સૈનિકોએ યાદવોની એવી દશા કરી મૂકી છે કે તેઓ અમારી પાછળ પડવાનું સાહસ કરી શકયા નથી અને જીત મળવા છતાં પણ એકદમ પોતાના દેશ તરફ ચાલ્યા ગયા છે."

"યાદવોએ આપણા ઉપર જીત તો મેળવી છે." વસ્તુપાળ નાગડનો ઉત્તર સાંભળીને કાંઇ બોલ્યો નહિ એટલે ચાહડે કહ્યું. "પણ એ જીત તેમને ઘણી ભારે થઈ પડી છે; કારણકે તેમનામાં પણ ઘણી ખુવારી થઇ છે અને તેથી તેઓ અમારી પાછળ પડવાનું મૂકી દઇને પાછા ચાલ્યા ગયા છે."

"અને એ માટે તમને ધન્યવાદ ઘટે છે." તેજપાળે વચ્ચેજ કહ્યું.

નાગડ તથા ચાહડે સહસા તેજપાળ તરફ જોયું. તેજપાળનાં મુખ ઉપર મશ્કરીનું આછું હાસ્ય તરતું હતું. એ જોઇને તેઓ શરમીંદા બની ગયા.

વસ્તુપાળે કહ્યું. "હાર કે જીતની વાતને બાજુ ઉપર રાખીએ; પણ જો યાદવો ખરેખર પાછા ચાલ્યા ગયા હોય અને તે આપણે કરેલી ખુવારીથીજ, તો આપણા માટે એ કાંઇ થોડાં ઘણાં ગૌરવની વાત નથી."

નાગડે વસ્તુપાળના સામે નજર નાંખી. વસ્તુપાળ સાધારણ રીતે વાત કરે છે કે મશ્કરીમાં બનાવે છે? એ તેનાથી કળી શકાયું નહિ; કારણ કે વસ્તુપાળનાં મુખ ઉપર હાસ્યને બદલે ગંભીરતા પ્રસરેલી હતી.

તેણે વીરધવલ તરફ ધ્યાનપૂર્વક જોઇને કહ્યું. "હા, અને આપણી હાર થવાનું કારણ યાદવસેના કરતાં આપણી સેના ઘણી ઓછી હતી એજ હતું. જેમ એકવાર અમારી મદદમાં નવું સૈન્ય આવી પહોંચ્યું, તેમ બીજીવાર પણ એટલું જ સૈન્ય આવ્યું હોત, તો આપણી હાર થાત નહિ."

"તોપણ આપણાં સૈન્યે કાંઇ થોડી ઘણી બહાદુરી દર્શાવી નથી." ચાહડે સૈન્યનાં વખાણ કરતાં કહ્યું.

વસ્તુપાળ સમજતો હતો કે થયેલી હારને સીધી રીતે કબુલ નહિ કરવાનાં આ બધાં તેમનાં બહાનાં જ છે. તેણે તેમનાં બહાનાંને ખોટા પાડવાનો પોતાનાં મનથી નિશ્ચય કર્યો. નાગડ તથા ચાહડ ઉભયનાં મુખનું ધ્યાનપૂર્વક અવલોકન કરીને વસ્તુપાળે કહ્યું.

"પણ અમે તો એમ સાંભળ્યું છે કે યાદવસેના આપણી સેનાથી

કાયર થઇને પાછી ચાલી ગઈ નથી; પરંતુ દેવગિરિથી કોઈ કારણસર પાછા ફરવાની તેને આજ્ઞા આવવાથી પાછી ગઇ છે. શું આ વાત ખોટી છે ?"

ખરી રીતે વસ્તુપાળે કહ્યું એમજ હતું. યાદવો ગુજરાતીઓથી કંટાળીને કે ડરીને પાછા ગયા નહોતા; પરંતુ દેવગિરિથી પાછા આવવાની આજ્ઞા મળવાથી તેમની પાછળ પડવાનું છોડી દઇને તેઓ ચાલ્યા ગયા હતા. નાગડે પોતાનાં સૈન્યની બહાદુરીના વખાણ કરવાની સાથે હારનાં કલંકને ધોઈ નાંખવાના હેતુથી એ પ્રમાણે કહ્યું હતું. પણ સત્ય હકીકત વસ્તુપાળની જાણ બહાર નહોતી.

વસ્તુપાળનો પ્રશ્ન સાંભળીને નાગડ મુંઝાયો, તેણે ચાહડ સામે જોયું. ચાહડ પણ વિમાસણમાં પડી ગયો હતો.

ક્ષણવાર રહી વિચાર કરી નાગડે ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો. " એવી વાત તમને કોણે કહી ? "

"એ જાણવાની તમારે જરૂર નથી." વસ્તુપાળે દૃઢતાપૂર્વક કહ્યું. "પણ મેં સાંભળેલી વાત ખરી છે કે ખોટી, એ કહી દો એટલે રાજાજીનાં મનમાં એ બાબતમાં કાંઈ શંકા હોય તો તે દૂર થઇ જાય."

" લ્યોને હુંજ કહું છું કે એ વાત તદ્દન ખોટી છે. " ચાહડે એકદમ જવાબ આપી દીધો.

" અને બીજી વાત પણ મારા સાંભળવામાં આવી છે." વસ્તુપાળે ચાહડના જવાબ તરફ દુર્લક્ષ્ય કરીને કહ્યું.

" વળી બીજી કઇ વાત ? " નાગડે કંટાળીને પૂછ્યું.

" તમે કહો છો કે આપણી હાર થવાનું કારણ આપણું સૈન્ય ઘણું ઓછું હતું, એ છે; પરંતુ મારા સાંભળવા પ્રમાણે તો યાદવી સૈન્ય આપણા કરતાં ઓછું હતું અને તે છતાં આપણી હાર થવા પામી છે તથા આપણું સૈન્ય ઘણું કપાઈ ગયું છે. " વસ્તુપાળે જવાબ આપીને રાજા વીરધવળ તરફ જોયું.

એ ઉપરથી વીરધવળે કહ્યું. " વસ્તુપાળ મહેતાનું કહેવું બરોબર છે. મારા જાણવામાં પણ એવી હકીકત આવેલી છે. "

હવે નાગડ કે ચાહડથી વસ્તુપાળ કે વીરધવળના કથનનો પ્રતિકાર થઇ શકે તેમ નહોતું. તોપણ કેવળ મુંગા મ્હોડે તેમના કથનને સાંભળી લે એવા તેઓ નહોતા.

નાગડે વસ્તુપાળ તરફ જોઇને કહ્યું. " તમારા તથા રાજાજીનાં કાને યુદ્ધ સંબંધમાં ગમે તે વાત આવી હોય; પરંતુ ખરી વાત તો મેં

કહી એજ છે. તે માનવી કે ન માનવી, એ રાજાજીની ઇચ્છા ઉપર રહેલું છે. બાકી મારી વાતમાં અવિશ્વાસ ધરવાનું કાંઈ કારણ હોય તો તે કહો, એટલે એનો ખુલાસો થઇ શકે."

નાગડની કેવળ અસત્ય વાત સાંભળીને તેજપાળ પોતાનો ઉતાવળો સ્વભાવ કાબુમાં રાખી શકયો નહિ. તેણે જુસ્સાથી કહ્યું "ત્યારે તમારૂં કહેવું એમ છે કે રાજાજીએ સાંભળેલી કિંવા મેળવેલી વાત ખોટી છે?"

"ત્યારે મેં કહી એ વાત ખોટી છે? તમારી પાસે તેનો પુરાવો છે?" બીજો ઉપાય નહિ રહેવાથી નાગડે પણ જુસ્સાથી કહ્યું.

વીરધવળને મંત્રીઓનો વિવાદ પસંદ નહોતો. વસ્તુપાળ પણ એવા નિરર્થક વિવાદને ઇચ્છતો નહોતો. બન્ને સંપ અને ઐકયતાના ચાહક હતા.

વીરધવળે નાગડ મહેતાને ઉદ્દેશીને કહ્યું. "નાગડ મહેતા! ગમે તે રીતે પણ આપણો પરાજય થયો છે અને યાદવો પાછા ગયા છે, એટલું તો ચોક્કસ છે. માટે એ સંબંધમાં નકામો વિવાદ કરવાની જરૂર નથી. પાટણમાં ખટપટ, વિવાદ, કાવત્રાં અને કુસંપ ચાલતાં હોઇ ગુજરાતનાં ગૌરવને જાળવવા આપણે ધોળકામાં નવું રાજ્યતંત્ર સ્થાપ્યું છે, એ તમે બધા મંત્રીઓ જાણો છો. આપણું ખરૂં કર્ત્તવ્ય અંગત ભેદોને ભૂલી જઇ આપણા દેશની સેવા કરવામાં અને તેના ગૌરવને વધારવામાં સમાયેલું છે. પાટણની પેઠે આંહી પણ ખટપટ, વિવાદ અને કુસંપને સ્થાન આપશું, તો પછી આપણા ઉદ્દેશને શી રીતે પાર પાડી શકશું? એનો તમારે બધાએ વિચાર કરવાનો છે. ધર્મ કે કોમના ભેદભાવ અને અંગત સ્વાર્થને તિલાંજલી આપી આપણી માતૃભૂમિની ઉન્નતિ માટે આપણે બધાએ સાથે મળી અનેક કાર્યો કરવાનાં છે, એ રાજ્યના કે પ્રજાના સેવકે ખાસ કરીને યાદ રાખવાનું છે."

નાગડ, ચાહડ અને તેજપાળ વીરધવળનું કહેવું સાંભળીને કેવળ ચૂપ થઇ ગયા. બધા મંત્રીઓ રાજાજીએ આપેલ ઉપદેશને અંતરમાં ઉતારતા હોય, એમ જણાતું હતું.

ક્ષણ વાર રહી વસ્તુપાળે વિષયને બદલી નાંખવાના હેતુથી વીરધવળને ઉદ્દેશીને કહ્યું. "આપની ઇચ્છા હોય, તો સભાને બરખાસ્ત કરી આપણે લડાઇમાંથી આવેલાં સૈન્યની તપાસ કરવાને જઇએ?"

વીરધવળે એ વાતનો સ્વીકાર કર્યો. અને ત્યારપછી તે તથા વસ્તુપાળ, નાગડ, ચાહડ, તેજપાળ વગેરે મંત્રીઓને લઇ યાદવોથી હારીને આવેલાં સૈન્યની તપાસ કરવાને છાવણી તરફ ગયા.

# પ્રકરણું ૨૦ મું.

## દુઃખ પછી સુખ.

ખંભાતનો અધિકારી જયદેવ મહામાત્ય વસ્તુપાળના જવા પછી પહેલાંની જેમ આજ સાંજે પણ ઘોડેસ્વાર બનીને ફરવાને નીકળ્યો હતો. તેણે કમળા અને તેજપ્રભાના સહવાસથી અને ખાસ કરીને મેનકાનાં જીવન પરિવર્ત્તનની ઘટનાથી પોતાના આચાર વિચારમાં સુધારો કરવા માંડયો હતો. તે રાજકાજમાં પહેલાં કરતાં હવે વધારે લક્ષ્ય આપતો હતો અને મોજશોખનો ત્યાગ કરી સારા માણસોના સહવસમાં આવવાનો પ્રયાસ કરતો હતો. તેજપ્રભાના ઉત્તમ ગુણોથી અને કમળાના અપૂર્વ સંગિતથી જયદેવ ઉપર ઘણી અસર થઇ હતી. એક તરફથી તે સારા માણસોનો સહવાસ વધારતો જતો હતો અને બીજી તરફથી મેનકાના મોહપાસમાંથી મુક્ત થયો હતો. આ બન્ને કારણોથી જયદેવના આચાર-વિચાર કેવળ ફરી ગયા હતા. મેનકાના ઉપદેશથી તેનાં હૃદયમાં તેની પરિત્યક્તા પત્ની પદ્માને સુખી કરવાની ઈચ્છાનો જન્મ થયો હતો; પરંતુ તેની એ ઈચ્છા હજી દૃઢ થયેલી નહોતી. એ ઈચ્છાને દૃઢબનાવવામાં અને પાર પાડવામાં કમળાનો મોહ આડે આવતો હતો.

જયદેવ ફરીને પાછો વળતો હતો, ત્યારે નગર બહાર આવેલાં જૈનમંદિરમાં આરતી પૂર્ણ થવા આવી હતી. તેજપ્રભા અને કમળા બન્ને સખીઓ હંમેશના નિયમ મુજબ દેવમંદિરે દર્શન કરવાને આવેલી હતી. આરતી પૂર્ણ થતાં કમળાએ પ્રભુસ્તુતિનું સુંદર ગાન આરંભ્યું અને જયદેવે દેવમંદિર પાસેથી પસાર થતાં તે સાંભળ્યું. ઘોડા ઉપરથી ઉતરીને તે તરતજ મંદિરમાં ગયો અને કમળાનું ગાન સાંભળવામાં તલ્લીન થઇ ગયો. થોડીવારમાં સ્તુતિ પૂર્ણ થઇ અને તેજપ્રભા તથા કમળા મંદિરની બહાર નીકળી, જયદેવે તેમનું અનુકરણ કર્યું.

તેઓ મંદિરની બહાર નીકળ્યાં, ત્યારે સંધ્યા વીતી ગઇ હતી અને અંધકાર ધીમે ધીમે વધતો જતો હતો. જયદેવે ઘોડા ઉપર સ્વાર થતાં થતાં કહ્યું. " તેજપ્રભા ! અંધારૂં બહુ થઇ ગયું છે. કહો તો તમને તમારા આવાસ સુધી મૂકી જાઉં ?"

તેજપ્રભાએ તરતજ કહ્યું, " આપને એવી તસ્દી લેવાની જરૂર નથી. હજી અંધારૂં બહુ થયું નથી અને થતાં પહેલાં તો અમે અમારા આવાસે પહોંચી જશું."

જયદેવ વધારે આગ્રહ કરી શકયો નહિ. તે તરતજ તેના ઘોડાને નગર તરફ દોડાવી ગયો. તે ગયા પછી તેજપ્રભા અને કમળા ઉતાવળે નગર તરફ જવા લાગી અને વિશેષ અંધારૂં થતાં પહેલાં આવાસે પહોંચી ગઈ.

ખંડમાં પ્રવેશતાં તેજપ્રભાએ કહ્યું. "કમળા! હવે બધા સંયોગો અનુકૂળ થયા છે. આમનેઆમ કયાંસુધી સમય ગુમાવવો છે?"

કમળાના સુંદર મુખ ઉપર શરમની ગુલાબી છાયા છવાઈ ગઇ. તેણે કશો પણ ઉત્તર આપ્યો નહિ.

તે જોઈ તેજપ્રભાએ કહ્યું. "કમળા! જીવનમાં દુઃખમાંથી સુખ મેળવવાના સંયોગો વારંવાર આવતા નથી. અનુકૂળ સંયોગ અને સમયને જે ગુમાવે છે, તે પાછળથી પસ્તાય છે."

"તમારૂં કહેવું તદ્દન સત્ય છે." કમળાએ ગંભીર બનીને કહ્યું.

"તો પછી સમયને શામાટે નિરર્થક ગુમાવવો પડે છે?" તેજપ્રભાએ તરતજ પ્રશ્ન કર્યો. "શું હૃદયમાં હજી હિંમત આવી નથી?"

તેજપ્રભાનું બોલવું જુસ્સાદાર હતું, કમળા તે સમજી ગઇ. તેણે ઉત્તર આપતાં કહ્યું. "જ્યારથી તમારી સલાહે ચાલવાનો મેં નિશ્ચય કર્યો છે, ત્યારથી હૃદયમાં હિંમતે જન્મ તો લીધો છે. વાર માત્ર તમારી સૂચનાનીજ છે."

"મારી સૂચના?" તેજપ્રભાએ આશ્ચર્યથી કહ્યું. મારી સૂચનાની હવે શી અગત્ય છે! કહો તો જયદેવને આંહી બોલાવી દઉં?"

"મને બોલાવવાની તકલીફ લેવાની જરૂર નથી." એજ વખતે જયદેવે ખંડમાં પ્રવેશ કરીને કહ્યું. "હું હાજરજ છું."

"આપ વખતસર આવી પહોંચ્યા, એ બહુ ઠીક કર્યું." તેજપ્રભાએ કમળા તરફ નેત્ર સંકેત કરી જરા હસીને કહ્યું.

"મને બોલાવવાની શી જરૂર પડી છે?" જયદેવે કમળા તરફ નિહાળીને તેજપ્રભાને પૂછ્યું.

તેજપ્રભાએ થોડીવાર વિચાર કરીને કહ્યું. "અમે હવે બે-ત્રણ દિવસમાં ભૃગુકચ્છ જવાના હોવાથી જતાં પહેલાં આપે અમને જે જે સગવડતા કરી આપી છે, તે માટે આપનો ઉપકાર માનવાને આપને અહીં બોલાવવા કે અમારે આપને ત્યાં આવવું, એ સંબંધી વાત ચાલતી હતી. એ સિવાય આપને બોલાવવાની ખાસ જરૂર નહોતી."

"એમાં મારો ઉપકાર માનવાની શી અગત્ય છે?" જયદેવે કહ્યું."

તમે અમારા જ્ઞાતિજન છો અને વળી યાત્રાને માટે નીકળ્યાં છો. જ્ઞાતિજન અને યાત્રાળુને દરેક પ્રકારની સગવડતા કરી આપવી, એ જ્ઞાતિજન તરીકે મારો ધર્મ છે. તમને સગવડતા કરી આપવામાં મારા એ ધર્મને બજાવ્યા સિવાય વિશેષ મેં કાંઇ કર્યું નથી અને તેથી તમારે મારો જરા પણ ઉપકાર માનવાનું કાંઇ કારણ નથી. ”

“ એ આપની સજ્જનતા છે. ” તેજપ્રભાએ કહ્યું. “ પણ આપે જેમ આપનો ધર્મ બજાવ્યો, તેમ અમારે પણ અમારો ધર્મ બજાવવો જોઇએ. ”

“ ઠીક, ઠીક. ” જયદેવે હસીને પૂછ્યું. “ પણ શું તમે બે-ત્રણ દિવસમાંજ જવાના છો ? ”

“ અવશ્ય. ” તેજપ્રભાએ કહ્યું. અમને આંહી આવ્યાને ઘણા દિવસો થયા હોવાથી હવે વધારે વખત રોકાવાનો અમારી ઇચ્છા નથી; કારણકે હજી અમારે ઘણાં સ્થળોએ જવાનું છે. ”

જયદેવને એથી સહજ દિલગીરી થઈ આવી. તેજપ્રભા તે કળી ગઈ અને તેણે કમળાના સામે નેત્રસંકેત કરીને કહ્યું ” જયદેવજી ! આપ જરા બેસો, હું હમણાંજ આવું છું. ”

એમ કહીને તેજપ્રભા ત્વરાથી ચાલી ગઇ અને પાછળ કમળા તથા જયદેવ બેજ રહ્યાં.

જયદેવ અને કમળા; એક યુવક બીજી યુવતી; જયદેવ કમળાનાં રૂપ કરતાં તેનાં સંગિત અને સંગિત કરતાં તેની નિર્દોષતા ઉપર વધારે મોહ્યો હતો. અને કમળા જયદેવ ઉપર મોહી હતી કે નહિ, એ શી રીતે કહી શકાય ? સ્ત્રીનાં હૃદયને પારખવું અને તે પણ પ્રેમના વિષયમાં, એ ઘણું મુશ્કેલ છે. ”

તેજપ્રભા ગયા પછી કેટલીકવારપર્યંત કમળા કે જયદેવ બન્નેમાંથી કોઇ કાંઇ બોલ્યું નહિ. કમળા શરમની મારી કેવળ નીચું જોઇનેજ ઉભી હતી અને જયદેવ એકાગ્રતાથી તેની તરફ જોતો આસન ઉપર બેઠો હતો.

અંતે જયદેવે બોલવાની શરૂઆત કરી. “ કમળા ! તમે મારાથી શા માટે શરમાઓ છો ? હું કાંઇ અજાણ્યો માણસ નથી કે તમારે શરમાવું પડે ? ”

કમળાએ સહજ ઉંચી આંખ કરીને જયદેવ તરફ જોયું; પરંતુ કાંઇ ઉત્તર આપ્યો નહિ.

જયદેવે ફરીને કહ્યું. “ આપણી પરસ્પર ઓળખાણ થયા પછી અને આપણો સહવાસ વધ્યા પછી શરમ રાખવી, એ કેવી વાત કહેવાય, કમળા ! ”

કમળા ઘણીજ શરમાળ હતી; પરંતુ આજ તેને શરમ રાખવી પોષાય તેમ નહોતું. તેણે તેજપ્રભાના સંકેતથી જયદેવની સાથે કરવા જેવી વાતચિત્ત કરી નાંખવાનો નિશ્ચય કર્યો હતો. આ નિશ્ચયને અમલમાં મૂકવા તેણે હિંમતનો આશ્રય લીધો અને પછી કહ્યું. “ શરમ અથવા લજ્જા એ નારીનું ભૂષણ છે, એ આપ જાણતા હશો. ”

“ જરૂર. ” જયદેવે કહ્યું. “ પણ તેની કાંઇક હદ તો હોવી જોઇએ ને ? ”

“ હદની વાત હું નથી જાણતી. ” કમળાએ જવાબ આપતાં કહ્યું. “ સ્ત્રીનાં મુખ ઉપર, તેની વાણીમાં, તેના સ્વભાવમાં અને તેની ચાલમાં લજ્જા હોવી જોઇએ, એટલુંજ માત્ર હું જાણું છું. લજ્જા કે શરમ વિનાની સ્ત્રી એ સ્ત્રીજ નથી. ”

“ પણ દરેક વખતે લજ્જા રાખવી એ આવશ્યક છે ? ” તેનો ક્યારેય પણ ત્યાગ થઈ શકે નહિ ? ” જયદેવે પૂછ્યું.

“ ત્યાગ થઇ શકે તો ખરો; પરંતુ તેવી આવશ્યકતા હોય ત્યારેજ. અન્યથા તો નહિજ. ” કમળાએ દૃઢતાથી ઉત્તર આપ્યો.

“ ઠીક, કમળા ! તમારા કથનનો મારાથી અસ્વીકાર થઈ શકે તેમ નથી. ” જયદેવે જરાવાર વિચાર કરીને કહ્યું. “ પણ એ વાતને જવા દઇએ; કારણ કે મારે તમને કેટલીક હકીકત પૂછવી છે. ”

હવે કમળામાં સંપૂર્ણ હિંમત આવી હતી. તેણે તરતજ કહ્યું. “ જે પૂછવું હોય, તે ખુશીથી પૂછો. તેનો યોગ્ય ઉત્તર આપવાને હું ભૂલીશ નહિ. ”

“ તમારો ઉપકાર. ” જયદેવે કમળાનો આભાર માન્યો અને પૂછ્યું. “ કમળા ! જ્યારે તમે મને હકીકત પૂછવાની રજા આપો છો, ત્યારે મારો પ્રથમ પ્રશ્ન એ છે કે તમે પરણ્યા છો કે કુમારી અવસ્થામાં છો, તે કહો ? ”

સ્વાભાવિક રીતેજ આ પ્રશ્ન હરકોઇ સ્ત્રીને લજ્જા ઉત્પન્ન કરાવનારો હોય છે અને થયું પણ એમજ; કારણ કે એથી કમળાનાં મુખ ઉપર શરમની આછી છાયા તરી આવી. તેણે તેનો તરત ઉત્તર આપવાનું પસંદ કર્યું નહિ.

એ જોઇ જયદેવે કહ્યું. " લજ્જાને હવે કયાંસુધી નભાવશો ? તમે હમણાંજ કહ્યું છે કે પ્રશ્નનો યોગ્ય ઉત્તર આપવાનું હું ભૂલીશ નહિ અને તેમ છતાં તમે અત્યારે પૂછેલ પ્રશ્નનો જવાબ પણ આપતાં નથી. "

કમળાને એનો ઉત્તર તો આપવોજ હતો. તેણે લજ્જાનો ત્યાગ કર્યો અને ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો. " હું પરણી છું કે કુમારી છું, એ જાણીને તમે શું કરશો ? "

જયદેવ એથી વિચારમાં પડયો. થોડીવાર રહી તેણે ઉત્તર આપતાં કહ્યું. " તમારા જેવી કોઇ લાયક બાળા સાથે લગ્ન કરવાનો મારો વિચાર છે અને તેથીજ તમે પરણેલાં છો કે કુંવારા છો, તે જાણવાને મેં એ પ્રશ્ન પૂછયો છે. "

" માનો કે હું કુમારી છું. " કમળાએ જયદેવની નજર સાથે નજર મેળવીને કહ્યું.

" તો હું તમારી સાથે લગ્ન કરવાને તૈયાર છું. તમે કુંવારા હો અને મારી સાથે લગ્નથી જોડાવાની હા પાડો, તો મારા જેવો બીજો કોણ ભાગ્યશાળી હોઇ શકે ? પણ કહો, તમે ખરેખર કુંવારા છો ? " જયદેવે આતુરતાથી પૂછયું.

" હું કુમારી છું કે પરણેલી, એ પછી વાત; પરંતુ મેં સાંભળ્યું છે કે તમે તો પરણેલા છો. શું એ વાત ખરી છે ? " કમળાએ જવાબ આપતાં પૂછયું.

જયદેવે પ્રથમ તો ખોટો ઉત્તર આપવાનો વિચાર કર્યો; પરંતુ ત્યારબાદ એ વિચારને બદલી ખરો ઉત્તર આપવાનો નિશ્ચય કર્યો. તેણે કહ્યું. " તમે સાંભળેલી વાત ખરી છે. હું પરણ્યો હતો ખરો. "

" એમ કેમ બોલો છો ? પરણ્યો હતો ખરો એટલે શું તમારી સ્ત્રી મરી ગઇ છે ? " કમળાએ તેનું છેવટનું વાકય પકડીને પ્રશ્ન કર્યો.

જયદેવે આ વખતે પણ ખોટો ઉત્તર આપવાનો એટલે કે હા પાડવાનો વિચાર કર્યો; પરંતુ પ્રથમની જેમ તેણે એ વિચારને પણ બદલી નાંખ્યો અને કહ્યું. " ના, એવું તો કાંઇ નથી. મારી પત્ની પદ્મા હયાત છે; પરંતુ મારો અને તેનો સ્વભાવ નહિ મળવાથી મેં તેનો ત્યાગ કર્યો છે અને તેથી મેં એ પ્રમાણે જવાબ આપ્યો છે. "

" બહુ સારૂ. " કમળાએ કહ્યું. " અને એ કારણથી તમે હવે બીજું લગ્ન કરવાને તૈયાર થયા છો ? "

" હા; તમારી માન્યતા સાચી છે. " જયદેવે કહ્યું અને પછી આતુરતાથી પૂછયું. " પણ કમળા ! મને કહો કે તમે કુંવારાં છો ? "

કમળાએ ઘડીભર વિચાર કરીને જવાબ આપ્યો. "હા; છું તો કુંવારા જેવીજ."

કમળાએ કેવી દક્ષતાથી જવાબ આપ્યો હતો, એ જયદેવ સમજી શકયો નહિ; પરંતુ તે કુમારી છે, એટલુંજ તે જાણી શકયો. તેણે વિના વિલંબે પૂછ્યું. "ત્યારે તમે મારી સાથે લગ્ન કરશો ?"

કમળા હવે શરમાતી નહોતી. તેણે તરતજ ઉત્તર આપ્યો. "પદ્માનો સ્વભાવ તમારી સાથે ન મળ્યો અને તમે તેનો ત્યાગ કર્યો, એવીજ રીતે મારો સ્વભાવ પણ તમારી સાથે ન મળે, તો મારી શી સ્થિતિ થાય ?"

"અરે ! તમારો સ્વભાવ મારી સાથે ન મળે, એવું બનેજ નહિ. પદ્મા અને તમારામાં ઘણો તફાવત છે. પદ્મા અભિમાની અને ક્રોધી હતી, તમે નિરાભીમાની અને શાંત છો. તમારો સ્વભાવ મારા સ્વભાવની સાથે જરૂર મળવાનોજ."

"મારો સ્વભાવ શાંત છે ખરો" કમળાએ કહ્યું. "પણ સ્ત્રીઓનો સ્વભાવ વખત પરત્વે બદલાઇને ક્રોધી થાય છે, એ તમારા જાણવામાં તો હશે જ"

"પણ તમારો સ્વભાવ બદલાય, એ હું માનતો નથી. તમે તો ઘણાજ શાંત છો." જયદેવે કહ્યું.

"તમારૂં કહેવું ઠીક છે; પરંતુ શાંત જણાતી સ્ત્રીનો સ્વભાવ કયારે ક્રોધનું સ્વરૂપ ધારણ કરે છે, એ કહી શકાતું નથી." કમળાએ કહ્યું.

"એ ગમે તેમ હોય; પરંતુ તમારો સ્વભાવ શાંત અને બદલાય નહિ એવો છે, એમ તમારી સાથેના પરિચય ઉપરથી હું કહી શકું છું અને તેથી મારો અને તમારો સ્વભાવ મળવામાં કશી પણ હરકત આવશે નહિ, એ નિઃસંદેહ છે." જયદેવે પોતાના મનનું સમર્થન કરતાં કહ્યું.

માનો કે મારો અને તમારો સ્વભાવ તો મળ્યો; પરંતુ તમે મેનકા જેવી કોઈ તરૂણીના મોહમાં પડી જાઓ, તો પછી મારે શું સમજવું !" કમળાએ બરોબર તીર છોડયું.

અને જયદેવને તે છાતીમાં વાગ્યું. મેનકાની વાત કમળાના જાણવામાં કયાંથી આવી ! એનો તે વિચાર કરવા લાગ્યો અને હવે શું બોલવું તથા વાતને શી રીતે આગળ વધારવી, એ વિષે અવનવા તરંગો રચવા લાગ્યો.

જયદેવને મૌન રહેલો જોઈ કમળાએ પૂછ્યું "કેમ, મારો સ્વાલ નિરર્થક છે ! તમે વિચારમાં શા માટે પડી ગયા છો ?"

જયદેવે નિશ્ચય કર્યો કે કમળાની પાસે અસત્ય બોલવાની જરૂર નથી. તેણે જવાબ આપતાં કહ્યું " કમળા ! તમારો સ્વાલ ખરો છે. હું મેનકાની સાથે પ્રેમમાં પડેલો હતો; પરંતુ હવે મારે તેની સાથે કાંઇ સંબંધ નથી. તેણે મહામાત્ય વસ્તુપાળના ઉપદેશથી મારા સંબંધને છોડી દીધો છે અને સાદું જીવન ગુજારવાનો નિશ્ચય કર્યો છે. હવે હું તમને ખાતરી આપું છું કે ગમે તેવા સંયોગોમાં પણ હું અન્ય સ્ત્રીના પ્રેમમાં કદિ પણ ફસાઇશ નહિ. "

" બહુ સારૂં. " કમળાએ સંતોષ દર્શાવતાં કહ્યું. " પણ હજી એક વાતનો ખુલાસો થવાની અગત્ય છે. મારી સાથે લગ્ન કરવાથી પદ્માનું શું થશે, એનો તમે કાંઈ વિચાર કર્યો છે ખરો ? "

જયદેવ કમળાના પ્રશ્નથી મુંઝાયો, કારણકે એનો ઉત્તર આપવો, એ સરલ વાત નહોતી. ઘણો સમય વિચાર કરી છેવટે તેણે જવાબ આપ્યો. " પદ્માના સંબંધમાં જેમ તમે કહેશો, તેમ કરીશ. "

" તેને મનાવીને તમારી પાસે રાખવી પડશે અને દરેક પ્રકારે સુખી કરવી પડશે, એ શરત તમારે કબુલ છે ? "

જયદેવને એ શરતનો સ્વીકાર કર્યા વિના ચાલે એમ નહોતું; કારણ કે એનાં હૃદય ઉપર કમળાએ સંપૂર્ણ અધિકાર જમાવી દીધો હતો. તેણે વિના વિલંબે કહ્યું " મારે એ શરત તો શું પણ તમે જે જે શરતો કરશો એ બધી કબુલ છે. "

કમળાએ પહેલીજ વાર હાસ્ય કર્યું અને જયદેવ તરફ પ્રેમાતુર નજરે જોયું. આ વખતે જયદેવને સ્વર્ગમાં વિહરવા જેટલું સુખ ઉત્પન્ન થયું. તેણે આતુરતા પૂર્વક પૂછ્યું. " ત્યારે હવે તો તમે મારી માગણીનો સ્વીકાર કરશો ને ? "

કમળાએ જવાબમાં માત્ર મધુરૂં સ્મિત–હાસ્યજ કર્યું. પણ એ હાસ્યમાં જયદેવના પ્રશ્નનો સ્પષ્ટ ઉત્તર હતો. જયદેવ એકદમ આસન ઉપરથી ઉઠયો અને કમળાની પાસે જઇને તેના કોમળ કરને પોતાના હાથમાં લીધો.

કમળાએ ત્વરાથી પોતાના કરને ખેંચી લીધો. તે જરા દૂર ખસી અને હાસ્ય તથા શરમથી ભરેલાં અવનત મુખે ઉભી રહી.

જયદેવ જેવા યુવકને કોની શરમ હતી ? તે પુનઃ કમળાની પાસે ગયો અને તેના ખભે હાથ મૂકી તેના સુંદર મુખચંદ્રમાંથી હાસ્યરૂપે ઝરતા અમૃતનું તૃષાતુર નજરે પાન કરવા લાગ્યો.. તેણે ઘેરા અવાજથી કહ્યું " કમળા ! કહે, કહે કે તું મને ચાહે છે ? મારી સાથે લગ્ન કરવાને ખુશી છે ? "

કમળા વળી જરા દૂર ખસી; પણ તે નાહિંમત નહોતી. તેણે ખડખડાટ હસીને કહ્યું. “ તમે તે કેવા માણસ છો ? લગ્ન તે કુમારી સ્ત્રી સાથે હોય કે પરણેલી સાથે ?”

“ ત્યારે શું તમે પરણેલાં છો ? ” જયદેવે આશ્ચર્ય પામીને પૂછ્યું.

“ ત્યારે શું તમે મને કુમારી માનો છો ? ” કમળાએ જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

“ પણ તમે કહ્યું હતું ને કે હું કુમારી છું ? ” જયદેવે વધારે આશ્ચર્યમાં પડતાં કહ્યું.

કમળાએ તરતજ કહ્યું “ હું કુમારી છું, એમ મેં કહ્યુંજ નથી; પરંતુ છું તો કુંવારા જેવીજ, એટલુંજ માત્ર મેં કહ્યું હતું.”

“ કુંવારા જેવીજ, એનો અર્થ શો ? ” જયદેવે જીજ્ઞાસાથી પ્રશ્ન કર્યો.

“ એનો અર્થ કુમારી તો નહિ જ ” કમળાએ જવાબ આપ્યો.

“ ત્યારે એનો અર્થ શું પરણેલી ? ” જયદેવે ફરીને પ્રશ્ન કર્યો.

“ અવશ્ય. ” કમળાએ ઉત્તર આપ્યો.

“ પણ એવો અર્થ શી રીતે થઇ શકે ? ” જયદેવની જીજ્ઞાસા વધતી જતી હતી.

“ વાત એવી છે કે તમે જેમ પદ્માનો પહેલીજ રાતથી ત્યાગ કર્યો છે, તેમ મારા પતિએ પણ મને પહેલીજ રાતથી ત્યજી છે. પતિનો સહવાસ, તેનો પરિચય અને તેનું સુખ મેં હજી જોયા નથી અને તેથીજ મેં કહ્યું હતું કે, હા; છું તો કુંવારાં જેવી જ. ”

“ ત્યારે શું તમારા પતિએ પણ તમારો પહેલીજ રાતથી ત્યાગ કર્યો છે ? ” જયદેવે આશ્ચર્ય દર્શાવીને કહ્યું “ આહા ! તમારા જેવી મનમોહક, શાંત અને નિર્દોષ રમણીનો ત્યાગ ? તમારો પતિ ખરેખર મૂર્ખનો સરદાર હોવો જોઇએ; પણ મને કહેશો કે તેણે તમારો શા માટે ત્યાગ કર્યો છે ? ”

કમળાને જવાબ આપવામાં વિચાર કરવાનો નહોતો. તેણે તરતજ કહ્યું. “ જે માટે તમે પદ્માનો ત્યાગ કર્યો હતો, એજ માટે મારા પતિએ પણ મારો ત્યાગ કર્યો છે. ”

“ તમારી વાત બરાબર સમજવામાં આવતી નથી, કમળા ? ” જયદેવે બોલવાનું કાંઇ નહિ સુઝવાથી નિરાશાપૂર્વક કહ્યું.

“ ખરૂં છે. મારી વાત એમ સમજવામાં આવે તેવી નથી. ”

કમળાએ હસીને કહ્યું. " પણ ઉભા રહો; હું હમણાંજ આવું છું. અને ત્યારપછી મારી બધી વાત આપોઆપ તમારા સમજવામાં આવી જશે."

એમ કહીને કમળા ત્વરાથી ખંડની બહાર ચાલી ગઈ અને જયદેવ તેને જતી જોઇને આશ્ચર્યમાં પડી ગયો.

થોડીવાર પછી એ ખંડમાં એક યુવતીએ પ્રવેશ કર્યો. તેનું વય, તેનાં શરીરનો બાંધો, તેની ઉંચાઇ તથા તેની ચાલ કમળાનાં જેવાંજ હતાં; પરંતુ તેણે પહેરેલાં વસ્ત્રો ઉપરથી તે કમળા હોય, એમ કહી શકાતું નહોતું; કારણ કમળા સાદાં અને સફેદ વસ્ત્રો પહેરતી હતી, જ્યારે આ યુવતીએ બહુ મૂલ્ય અને રંગીન વસ્ત્રો પહેરેલાં હતાં અને વળી તેનું મુખ વસ્ત્રથી ઢંકાયેલું હતું.

જયદેવે તેને સંબોધીને અજાયબીથી પૂછ્યું. " તમે કોણ છો? કમળા ક્યાં છે? "

એ યુવતી ખડખડાટ હસી પડી. હસતાં હસતાં તેણે કહ્યું. " શું તમે મને ઓળખતા નથી ? "

એ હાસ્ય અને એ અવાજ કમળાનો હતો. જયદેવ એથી મુંઝાયો. " તમેજ કમળા છો. " જયદેવે કહ્યું. " પણ સાદા વસ્ત્રોને બદલે આવાં મૂલ્યવાન વસ્ત્રો તમે કેમ પહેર્યાં છે? અને વળી મુખચંદ્રને શામાટે છૂપાવી રાખ્યો છે ? "

" મારી વાત તમારા સમજવામાં આવતી નહિ હોવાથીજ મારે આ પ્રમાણે વેશ પરિવર્તન કરવું પડે છે. " કમળાએ જવાબ આપ્યો અને પછી પોતાનાં મુખ ઉપરથી વસ્ત્રને દૂર કરી જયદેવ સાથે પોતાની નજર મેળવીને પૂછ્યું. "આમ જુઓ અને કહો કે મારી વાત હવે તમારા સમજવામાં આવે છે ? "

જયદેવે કમળાનાં મુખ તરફ ધ્યાનપૂર્વક જોયું. જોતાંજ તેનાં આશ્ચર્યની કોઇ સીમા રહી નહિ. તેનાં મુખ ઉપર એક સાથે આશ્ચર્ય, શોક અને હર્ષની લાગણીઓ તરી આવી.

કમળાએ જયદેવની નજીક જઇ મધુર સ્વરથી કહ્યું. " નાથ ! આમ આશ્ચર્યથી શું જોઈ રહ્યા છો ? શું આપ આપની પરિત્યક્તા, વિયોગીની અને દુઃખિની પત્ની પદ્માને ઓળખી શકતા નથી ? "

જયદેવે પદ્માને ઓળખી હતી અને તેથીજ તે આશ્ચર્યમાં પડી ગયો હતો. કમળા અને પદ્મા એકજ અને તે આંહી કયાંથી, એ સંબંધી તે વિચાર કરતો હતો.

પદ્માએ આગળ કહ્યું. " પ્રાણનાથ ! હવે મને મારી ભૂલ સમજાય છે. આપને પહેલીજ રાતે ઉપદેશ આપવાની મેં જે હિંમત કરી હતી, તે મારી ભૂલ હતી. એ ભૂલને માટે મને પૂરતી શિક્ષા મળી ગઇ છે. હવે આપ શું એ માટે મને ક્ષમા નહિ આપો ? "

પદ્માના અવાજમાં એવી તો મધુરતા હતી કે ગમે તેવા પાષાણ હૃદયનો માણસ પણ પીગળી ગયા સિવાય રહેજ નહિ. જયદેવનું હૃદય તરતજ પીગળી ગયું અને તેનો સ્વાભાવિક પ્રેમ ઉભરાઈ આવ્યો. તેણે તરતજ તેની પ્રિયા પદ્માને બાથમાં લીધી અને પદ્મા વિના સંકોચે પતિની બાથમાં સમાઈ ગઇ.

બરોબર એ વખતે તેજપ્રભાએ ખંડમાં પ્રવેશ કર્યો અને જયદેવ તથા કમળા-પદ્માને આલિંગનમાં મગ્ન બનેલા નિહાળીને પૂછ્યું. " આ શું, કમળા ? "

કમળા કિંવા પદ્મા જયદેવના બાહુપાશમાંથી છૂટીને દૂર જઈ ઉભી રહી. શરમથી તેની સુકોમળ દેહલતા ધ્રુજતી હતી.

તેજપ્રભાએ જયદેવના સામે જોયું. તે પણ શરમાઇ ગયો હતો. તેણે જયદેવને ઉદ્દેશીને કહ્યું. " સજ્જન પુરૂષ થઈને તમે કમળા જેવી ભોળી યુવતીને ફસાવી દીધી, એ ઠીક કર્યું નથી. "

જયદેવને તેજપ્રભાનું કહેવું આકરૂં લાગ્યું. તેણે શરમનો ત્યાગ કરીને કહ્યું. " મેં કમળાને ફસાવી નથી; પરંતુ તેણેજ મને ફસાવ્યો છે."

" ઠીક છે. હું એને પૂછી જોઇશ કે કોણે કોને ફસાવેલ છે." તેજપ્રભાએ શાંતિથી કહ્યું.

" ભલે પૂછી લેજો; પરંતુ મને કહો કે ખરેખરી રીતે તમે કોણ છો ? " જયદેવે તેજપ્રભાનાં કથનને માન્ય રાખીને પૂછ્યું.

" ત્યારે શું તમે મને હજી સુધી ઓળખી શકયા નથી ? " તેજપ્રભાએ જવાબ આપવાને સામો પ્રશ્ન કર્યો.

જયદેવે તેના ઉત્તરમાં ના પાડી એટલે તેજપ્રભાએ પદ્મા તરફ જોઇ તેને ઉદ્દેશીને કહ્યું. " કમળા ! તમેજ મારી ઓળખાણ કરાવજો; હું જાઉં છું. "

તેજપ્રભા ચાલી ગઈ એટલે જયદેવે કમળાને પૂછ્યું. " એ તેજપ્રભા કોણ છે, પદ્મા ? "

કમળાને હવે પદ્માનાં નામથીજ આપણે ઓળખશું. તેણે જવાબ આપતાં કહ્યું.

" તમે એને હજી ઓળખી શક્યા નહિ, એ આશ્ચર્યજનક છે. તે મારા બંધુ તેજપાળની પત્ની અનુપમા છે."

પદ્માનો ઉત્તર સાંભળીને જયદેવની અજાયબીનો પાર રહ્યો નહિ. તેણે જીજ્ઞાસાથી પૂછ્યું. " ત્યારે વેશનું પરિવર્ત્તન કરી તમારે બન્નેને આંહી સુધી આવવું પડયું, એ મારા માટેજ કે નહિ ?"

" તમારા માટેજ, વ્હાલા !" પદ્માએ કહ્યું. " તમને મનાવવા અને તમારો પ્રેમ સંપાદન કરવાને માટેજ અમારે વેશનું પરિવર્ત્તન કરી આ રીતે આવવું પડયું છે."

" મને લાગે છે કે આ બધી ચાતુરી તો અનુપમાનીજ હોવી જોઇએ, કેમ ખરૂં કે નહિ ?" જયદેવે પુનઃ પણ જીજ્ઞાસાથી પૂછ્યું.

" તમારી માન્યતા ખરી છે. મને તમારો પ્રેમ મેળવી આપી સુખી કરવાનો બધો યશ મારી ભાભી અનુપમાનેજ ઘટે છે." પદ્માએ ઉત્તર આપતાં કહ્યુ.

જયદેવ હવે બધી વાત સ્પષ્ટતાથી સમજી ગયો. તેનાં મુખ ઉપર સંતોષ અને આનંદની છટા વિલસી રહી. તે પદ્માની પાસે ગયો અને તેના બન્ને હાથને પોતાના હાથમાં લઈને કહ્યું. પદ્મા ! ખરેખર આજે મારૂં જીવન સફળ થયું. મેં મેનકાનો કિંવા મેનકાએ મારો સંબંધ તદ્દન છોડી દીધો છે, એ વાત તારા જાણવામાં આવી હશે અને જાણવામાં ન આવી હોય, તો અત્યારથી જાણી લેજે. આજથી હું તને મારા પ્રાણ સમાન ગણીને રાખીશ અને અનન્ય પ્રેમથી ચાહીશ; પરંતુ વ્હાલી ! મેં અત્યાર સુધી તારી જે અવગણના કરી હતી, તે માટે તું મને ક્ષમા આપીશ કે ?"

ઉત્તરમાં પદ્માએ ઠપકાભરેલી નજરે જયદેવના સામે જોઇ સ્મિત હાસ્ય કર્યું. જયદેવ એ સંકેતનો મર્મ સમજી ગયો. એ પછી પદ્મા પતિના હાથમાંથી પોતાના હાથ છોડાવીને ખંડની બહાર ચાલી ગઇ અને જયદેવ હર્ષાતિરેકથી વિચાર કરતો એ ખંડમાંજ આમતેમ ફરવા લાગ્યો. થોડીવાર પછી પદ્મા અનુપમાને લઇ આવી પહોંચી. એ પછી જયદેવ, અનુપમા અને પદ્મા ત્રણે જયદેવના આવાસે ગયા.

# પ્રકરણ ૨૧ મું.

## રાષ્ટ્રધર્મ.

ધોળકાની પૌષધશાળામાં આજે અગત્યની ચર્ચા થતી હતી. પૌષધશાળામાં માત્ર બેજ માણુસો હતા; એક આચાર્ય નરચંદ્રસૂરિ અને બીજા તેના શિષ્ય મુનિ આનંદ. આચાર્યના બીજા શિષ્યો પાસેના ખંડમાં અભ્યાસ કરતા હતા અને કેટલાક ગોચરી માટે બહાર ગયા હતા.

ગુરૂ પ્રૌઢ હતા; શિષ્ય યુવાન હતો. ગુરૂના મુખ ઉપર ગંભીરતા છવાયેલી હતી. શિષ્યનાં મુખ ઉપર ચંચળતા જોવામાં આવતી હતી. ગુરૂનું શરીર કૃશ હતું; શિષ્યનું શરીર મજબુત હતું. આ રીતે ગુરૂ અને શિષ્યમાં બાહ્ય તફાવત ઘણો હતો.

આ બન્ને ગુરૂ અને શિષ્ય અગત્યની ચર્ચા ચલાવતા હતા.

મુનિ આનંદે કપાળ ઉપર વળેલા પ્રસ્વેદને હાથ વડે લુછી નાંખતા કહ્યું. " ગુરૂદેવ ! અવિનયને માટે આપની ક્ષમા ચાહું છું; પરંતુ મને આપનું કથન યોગ્ય લાગતું નથી. આપ જેવા આચાર્યોથી, વસ્તુપાળ–તેજપાળ જેવા મહાન્ પુરૂષોથી અને અનુપમા જેવાં સ્ત્રીરત્નોથી જૈન-સમાજ ઉન્નતિના શિખરે પહોંચેલો છે, એમ સ્વાભાવિક રીતે જણાય છે; પરંતુ કેટલાક સાધુઓ અને કેટલાક શ્રાવકો અંદરોઅંદર કુસંપનાં બીજ વાવે છે અને નવા નવા તડો, ગચ્છો અને મતો વધારતા જાય છે, શું જૈનસમાજની ભવિષ્યની પડતીની નિશાની નથી ? જો કે ભવિષ્યની ચોક્કસ વાત સર્વજ્ઞ વિના કોઇ જાણી શકતું નથી; પરંતુ વર્ત્તમાન સંયોગો ઉપરથી ભવિષ્યમાં શું બનશે, એની કલ્પના તો માણુસ કરી શકે છે."

આચાર્યે શિષ્યના કથન ઉપર ક્ષણુવાર વિચાર કર્યો. તેમનાં તેજસ્વી મુખ ઉપર હાસ્યની છટા વિલસી રહી હતી. તેમણે કહ્યું "આનંદ ! તારૂં કહેવું ઠીક છે. જૈનસમાજમાં ધીમે ધીમે કુસંપનાં બીજ વવાય છે અને નવા નવા ભેદો વધતા જાય છે, એ મારી જાણુ બહાર નથી; પરંતુ જૈનધર્મને રાષ્ટ્રધર્મ બનાવવાનો તારો જે આગ્રહ છે, એ એથી સાબીત થતો નથી."

" ગુરૂ મહારાજ ! આજે હું જરા છુટથી વાત કરૂં, તો આપ મારા એ અવિનયની ઊપેક્ષા કરજો, એવી મારી વિનંતિ છે. " મુનિ આનંદે

કહેવા માંડયું. " જૈનધર્મની, જૈનસમાજની અને તે સાથે સાથે દેશની ઉન્નતિ કરવી, એ આપણો પ્રધાન આશય છે અને આપે તથા મેં એ આશયની પૂર્તિને માટે સંસાર છોડી દીક્ષા ગ્રહણ કરી છે. મારા ધર્મને હું બાજુ ઉપર રાખું છું; કારણ કે મારે હજી એ સંબંધમાં ઘણું શિક્ષણ લેવાનું બાકી છે; પરંતુ આચાર્ય તરીકે આપની ફરજ તો ધર્મ અને સમાજનું રક્ષણ કરવાની છે. એ સુસ્પષ્ટ છે અને ધર્મ, સમાજ તથા દેશનું રક્ષણ તથા તેની ઉન્નતિ જ્યારે કોઈ ચોક્કસ ધર્મ રાષ્ટ્રધર્મ બને, ત્યારેજ સહેલાઇથી થઈ શકે એમ છે. આ કારણથી પ્રથમ તો આપણા ધર્મમાંજ એકસંપ કરી મતભેદોને તિલાંજલિ આપવી જોઇએ અને એ માટેજ હું આપનું ધ્યાન આપણા ધર્મ અને સમાજની સ્થિતિ તરફ ખેંચું છું.

આચાર્યે શિષ્ય તરફ શાંતભાવથી નિહાળીને કહ્યું. "ધર્મ, સમાજ અને દેશની ઉન્નતિ કરવી એ આપણો પ્રધાન આશય છે, એમ કહેવામાં તું ઉતાવળ કરે છે, આનંદ! ધર્મ, સમાજ અને દેશની ઉન્નતિ અને તેનું રક્ષણ એ આપણું કર્ત્તવ્ય તો છે. પરંતુ સંસાર છોડી દીક્ષા ગ્રહણ કરવામાં આપણો પ્રધાન આશય આ પંચભૂતમાં રહેલા આત્માને વિકાસ કરવાનો છે, એ તારે ભૂલી જવું જોઇએ નહિ. આત્માનો વિકાસ એ સાધુનું પ્રથમ કર્ત્તવ્ય છે અને ધર્મ, સમાજ તથા દેશની ઉન્નતિ અને રક્ષણ, પ્રાણીઓનું કલ્યાણ અને લોકોને ઉપદેશ વગેરે એ પછીનાં કર્ત્તવ્યો છે."

પણ આચાર્યનું કથન શિષ્યને ગમ્યું નહિ. તેણે મુખને જરા મરડીને કહયું. " જે સમાજમાં આપણે જન્મ્યા છીએ, જે ધર્મને આપણે પાળીએ છીએ અને જે દેશમાં આપણે રહીએ છીએ, એની અવનતિ થતી હોય, ત્યારે આત્મવિકાસના ધ્યેયને પકડીને બેસી રહેવું એ શું યોગ્ય છે ગુરૂદેવ ! "

મુનિના પ્રશ્નથી સૂરિ હસ્યા. તેમણે તેનો શાંતિથી ઉત્તર આપતાં કહ્યું. " આનંદ ! ચર્ચા કરવામાં તું જરા અધિરો થઇ જાય એથી તને મારૂં કહેવું બરાબર સમજાતું નથી. મારૂં કહેવું એમ છે કે સમાજ કે દેશની ઉન્નતિ કે અવનતિને માટે સાધુઓ કરતા સંસારી માણસો વધારે જવાબદાર છે. ધર્મની વાત આપણે બાજુ ઉપર રાખીએ; પરંતુ સમાજ કે દેશના કામમાં વચ્ચે પડવું એ સાધુનું કામ નથી. સમાજ અને દેશનું કલ્યાણ કરવાનું કાર્ય લોકોએજ બજાવવું જોઇએ અને આપણે તો ધાર્મિક દ્રષ્ટિએ એમને માત્ર સલાહજ આપવી જોઈએ. "

આનંદની અધિરતા એમ શાંત થાય એવી નહોતી. તેણે તરતજ

પૂછ્યું. "ત્યારે સમાજ કે દેશની અવનતિ થાય કે ઉન્નતિ થાય; એ સાથે સંસારત્યાગી સાધુઓને કાંઈ સંબંધ નથી. એમ આપનું કહેવું છે ને ?"

"આનંદ ! મારૂં કહેવું એવું નથી. દેશ કે સમાજની ઉન્નતિ અને અવનતિની સાથે સંસારી અને સન્યાસી બન્નેને સંબંધ તો છે; પરન્તુ જેટલો સંબંધ સંસારીને છે, તેટલોજ સંબંધ સન્યાસીને નથી. સંસારી અને સાધુના ધર્મો જૂદા છે. સંસારી માણસને સંસારમાં રહેવાનું હોવાથી, સમાજ અને દેશની સાથે વધારે સંબંધ રાખવો પડે છે અને સાધુઓએ સંસારને છોડી દીધો હોવાથી તેઓને એટલો સંબંધ રાખવો પડતો નથી. સંસારી માણસનું કર્ત્તવ્ય સમાજ અને દેશની ઉન્નતિ માટે સતત્ પ્રયાસમાં રહેવાની સાથે ધર્મનું પાલન કરવાનું છે અને આપણું કર્ત્તવ્ય ધર્મનાં રક્ષણના સાથે આત્માનું કલ્યાણ કરવાનું છે. સંસારી અને સાધુમાં એટલો ભેદ છે અને એ ભેદમાંજ એકગીનાનું મહત્ત્વ રહેલું છે."

આનંદે કહ્યું. "પણ ગુરૂદેવ ! આપનું કહેવું હજી પણ મને યોગ્ય લાગતું નથી. મારી માન્યતા તો એવીજ છે કે સમાજ, દેશ અને ધર્મની જ્યારે પડતી થતી હોય, ત્યારે સંન્યાસીએ આત્મ-વિકાસનાં ધ્યેયને બાજુ ઉપર રાખીને એની ઉન્નતિનાં કાર્યમાં જોડાવું જોઇએ. ધર્મનાં રક્ષણને જો આપ સાધુનું કર્ત્તવ્ય ગણતા હો, તો સમાજ અને દેશનાં રક્ષણને પણ સાધુનું કર્ત્તવ્ય અવશ્ય ગણવું જોઇએ. અત્યારે જો કે જૈનસમાજ અને જૈનધર્મની સાધારણ રીતે ઉન્નત દશા જણાય છે; પરંતુ સમાજમાં વવાતાં કુસંપનાં બીજ અને ધર્મમાં વધતા જતા મતભેદોનો જ્યારે વિચાર કરીએ છીએ, ત્યારે એની ઉન્નત દશા કયાંસુધી ટકી રહેશે, એ કાંઈ કહી શકાતું નથી. આ કારણથી પાણી પહેલાં પાળ બાંધી લેવાના હેતુથી ધર્મનાં રક્ષણની ખાતર મતભેદોને દૂર કરી તેને વધારે વિશાળ સ્વરૂપ આપવાની અગત્ય છે. ધર્મ એ એવું સાધન છે કે જેનાથી સમાજ અને દેશમાંથી કુસંપને દૂર કરી લોકોને એક સાંકળે બાંધી શકાય એમ છે. આપણા દેશમાં જો એકજ ધર્મ હોત, તો અત્યારે શૈવો અને જૈનો પરસ્પર વિરોધનાં કારણે લડી સમાજ અને દેશની પ્રગતિને જે અસર કરી રહ્યા છે, એ અસર એકજ ધર્મને પાળનારા માણસો કદિ પણ કરી શકે નહિ. અત્યારના સંયોગો અને પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં સાધુઓનું ખરૂં કર્ત્તવ્ય ધર્મમાંથી મતભેદોને દૂર કરી, સમાજમાં ઐકયને વધારી અને આપણા અહિંસામય ધર્મને રાષ્ટ્રધર્મ બનાવી દેશની ઉન્નતિ કરવામાં રહેલું છે અને આપણો ધર્મ રાષ્ટ્રધર્મ બનવાથી એનાં રક્ષણ અને ઉન્નતિને માટે અત્યારે કે ભવિષ્યમાં ચિંતા કરવાનું કાંઇ કારણ રહેશે નહિ."

આ વખતે મહામાત્ય વસ્તુપાળ અને તેનો પુત્ર જૈત્રસિંહ આવી પહોંચ્યા. બન્નેએ સૂરિજીને વંદન કર્યું. આચાર્યે તેમના તરફ પ્રસન્ન મુખમુદ્રાથી જોયું પણ તેમનું વધારે લક્ષ્ય તો તેમના શિષ્ય તરફજ હતું. વસ્તુપાળ અને જૈત્રસિંહ બેઠા પછી આચાર્યે શિષ્યને ઉદ્દેશીને કહ્યું. "ધર્મનાં રક્ષણ અને ઉન્નતિ માટેના તારા વિચારો અને તારી ભાવના અવશ્ય પ્રશંસાને પાત્ર છે. તારૂં અંતઃકરણ શુદ્ધ છે અને ધર્મ, સમાજ અને દેશની ચિંતામાં સદૈવ બળ્યાં કરે છે, એ હું જાણું છું; પરંતુ તારી માન્યતા અને તારા વિચારો બધી બાજુનો વિચાર કરીને બંધાયેલાં નથી. સમાજ અને દેશની ઉન્નતિ માટે આપણા ધર્મને રાષ્ટ્રધર્મ બનાવવાની તારી જે ઇચ્છા છે, તે વ્યાજબી નથી. કોઇ ચોક્કસ ધર્મને રાષ્ટ્રધર્મ બનાવવાથી ખુદ ધર્મની અને તે સાથે ધર્મનાં પ્રાબલ્યથી સમાજ કે દેશની ઉન્નતિ થાય, એ માનવા લાયક નથી. મારી એવી પ્રબળ માન્યતા છે કે કોઇ પણ ધર્મને તેની ઉન્નતિ કે તેનાં રક્ષણને માટે રાષ્ટ્રધર્મ બનાવવાની અગત્ય નથી. ધર્મની ઉન્નતી અને અવનતિનો આધાર રાજના આશ્રય ઉપર કે અનુયાયીઓની સંખ્યા અથવા ધર્મના ઉત્તમ સિદ્ધાંતો અને અનુયાયીઓની દૃઢતા ઉપર રહેલો છે. ધર્મને રાજ્ય કે દેશની ખટપટથી દૂર રાખવામાંજ તેનું મહત્ત્વ સમાયેલું છે."

નરચંદ્રસૂરિ ક્ષણવાર અટક્યા. તેમણે વસ્તુપાળ તરફ અર્થસૂચક નજર નાંખીને આગળ કહેવા માંડયું. અને આપણા દેશમાં એકજ ધર્મ હોત, તો દેશ અને સમાજમાં કુસંપ ઉત્પન્ન થાત નહિ, એ માન્યતા પણ ભૂલભરેલી છે. જૂદા જૂદા ધર્મના અનુયાયીઓ ધર્મનાં કારણે લડે છે, તેમ એકજ ધર્મનાં અનુયાયીઓ વિચાર અને ક્રિયાના ભેદનાં કારણે લડતા નથી ! દેશના બધા ધર્મોની એજ દશા છે. આપણોજ દાખલો લઇએ. જૈનધર્મમાં ક્રિયા અને વિચારના ભેદોથી પંથો અને ગચ્છો ઉત્પન્ન થયા છે, એ તું જાણે છે; તેમ છતાં એકજ ધર્મથી દેશની ઉન્નતિ થશે, એ તું શી રીતે કહી શકે છે ?

આચાર્યનો પ્રશ્ન સાંભળીને મહામાત્ય વસ્તુપાળે શિષ્યના સામે જોયું, ત્યારે તે અવનત મુખે વિચાર કરી રહ્યો હતો. ગુરૂ બોલતા બંધ થયા, એટલે તેણે સહસા વિચારનિદ્રામાંથી જાગ્રત થઇને કહ્યું. " એમ કહેવાનું મારી પાસે વ્યાજબી કારણ છે તેથીજ હું એવી માન્યતા બાંધી બેઠો છું "

યુવાન જૈત્રસિંહ ગુરૂ અને શિષ્યના સંવાદને ધ્યાનપૂર્વક સાંભળતો હતો. ગુરૂએ તેનાં મુખ ઉપરના ભાવોનું અવલોકન કરી શિષ્યને ઉદ્દેશીને કહ્યું " માત્ર મારી પાસે કારણ છે, એમ કહેવાથી ચાલશે નહિ. "

આનંદમુનિએ તરતજ કહ્યું. " એ હું જાણું છું અને તેથી એ સંબંધમાં વધારે સ્પષ્ટતાથી વાત કરવાને તૈયાર છું. ધર્મમાં મતભેદ અને ક્રિયાભેદનાં કારણથી કુસંપ હોય, એ સ્વાભાવિક છે; પરંતુ જેવો કુસંપ અને જેવો વિરોધ જૂદા જૂદા ધર્મવાળાઓ ધરાવે છે, તેવો કુસંપ અને વિરોધ એકજ ધર્મના પણ જૂદા જૂદા ગચ્છ અને પંથના અનુયાયીઓ ધરાવતા નથી. ધર્મ જો એકજ હોય, તો વિચાર અને ક્રિયાના ભેદોને નહિ ગણકારતા લોકો સર્વ સામાન્યના હિતની ખાતર તથા સમાજ અને દેશના રક્ષણને માટે વખત આવ્યે એક સંપથી કામ કરવા તૈયાર થઇ શકે; પરંતુ દેશમાં જો અનેક ધર્મો હોય, તો ધાર્મિક કલેષ અને વિરોધનાં કારણથી લોકો જૂદા અને જૂદાજ રહે અને દેશ કે સમાજનાં સર્વમાન્ય હિતને માટે તૈયાર થવામાં પછાત રહે. આ કારણથી મારી એવી ચોક્કસ માન્યતા કિંવા શ્રદ્ધા છે કે દેશ અને સમાજનાં કલ્યાણ અને ઉન્નતિ માટે દેશમાં એકજ ધર્મ હોવો જોઇએ. "

" અને એ એકજ ધર્મ આપણો જૈનધર્મજ હોવો જોઇએ, એવી માન્યતા પણ તું ધરાવે છે. " સૂરિએ કહ્યું.

" હા અને એવી માન્યતા હું ધરાવતો હોઉં તો તે જરાપણ અયોગ્ય નથી. જૈનધર્મને રાજધર્મ કિંવા રાષ્ટ્રધર્મ બનાવવામાં ઘણી સરળતા રહેલી છે; કારણ કે આપણા ધર્મના સિદ્ધાંતો ઘણા ઉદાર છે. પ્રથમ તો અહિંસા આપણો મુખ્ય સિદ્ધાંત છે કે જે સિદ્ધાંતને બીજા ધર્મમાં આપણા જેટલી મુખ્યતા અપાયેલી નથી. વળી આપણા ધર્મમાં ગમે તે વર્ણનો માણુસ ભળી શકે છે અને એવા માણુસને ધર્મબંધુ ગણીને આપણે એની સાથે યોગ્ય વ્યવહાર રાખીએ છીએ અને એ ઉપરાંત આપણા ધર્મના સાધુઓ કેવળ નિર્લોભી, કંચન તથા કામીનીના ત્યાગી હોય છે. બીજા ધર્મમાં અહિંસાને સ્થાન તો અપાયેલું છે; પરંતુ અનુયાયીઓ તે તરફ દુર્લક્ષ્ય કરીને યજ્ઞના નામે નિર્દોષ પ્રાણીઓનો ઘાત કરે છે. તેમજ તેમાં વર્ણાશ્રમ-ધર્મનાં નામે એવાં સખ્ત બંધનો બાંધેલાં છે કે અનુયાયીઓ ધર્મની વિશાળ ભાવના અને બંધુપ્રેમના સિદ્ધાંતને વિસારી દઇ માત્ર બાહ્ય આચારો અને સામાજીક અંધશ્રદ્ધાથી વળગી રહે છે. આ કારણથી જૈનધર્મ એ રાષ્ટ્રધર્મ થવામાં બીજા બધા ધર્મો કરતાં વધારે યોગ્ય છે, એમ આપને જણાયા વિના રહેશે નહિ. "

આચાર્યે ક્ષણવાર વિચાર કરીને કહ્યું. " આનંદ ! તેં અત્યાર સુધી કરેલી ચર્ચા ઉપરથી બે મુદ્દાઓ તારવી શકાય છે. પહેલો મુદ્દો સ-

માજ અને દેશની ઉન્નતિ માટે ધર્મ એકજ હોવો જોઇએ અને બીજો મુદ્દો જૈનધર્મને રાષ્ટ્રધર્મ બનાવી સાધુઓએ સમાજ અને દેશની ઉન્નતિ કરવા માટે આગળ પડવું જોઇએ. એ રીતે તારી ચર્ચાના બે મુદ્દાઓ છે, એ ખરૂં કે નહિ ?"

આનંદે તરતજ જવાબ આપ્યો. "એ ખરૂં છે અને એ મુદ્દાઓની પુષ્ટીમાં મેં જે દલીલ કરી છે, તે આપ ધ્યાનમાં લેશો તો આપને સ્વયં જણાશે કે મારા મુદ્દાઓ યથાર્થ છે."

સૂરિજીએ ગંભીરતાથી કહ્યું." તારી દલીલ મેં ધ્યાનમાં લીધી છે, અને એ ઉપરથી દેશ અને સમાજની ઉન્નતિને માટે તું તીવ્ર ઇચ્છા ધરાવે છે, એ હું સમજી શકું છું. પણ આનંદ ! મારે કહેવું જોઇએ કે તારા બન્ને મુદ્દાઓ માત્ર તારી ઉતાવળી બુદ્ધિનુંજ પરિણામ છે. તું એમ માને છે કે સમાજ અને દેશની ઉન્નતિ માટે એકજ ધર્મ હોવો જોઇએ. પરંતુ હું કહું છું કે ધાર્મિક વિષયને સામાજીક કે રાજકીય વિષયની સાથે ભેળવી દેવાની જરૂરજ નથી. સામાજીક કે રાજકીય ઉન્નતિનો આધાર ધર્મ એક હોય કે અનેક હોય, એ ઉપર રહેલો નથી; પરંતુ તેનો આધાર તો સમાજના આગેવાન પુરૂષોની સેવા–બુદ્ધિ, તેમનું ઉત્તમ ચારિત્ર અને તેમનો આપભોગ તથા રાજકીય વિષયના જ્ઞાતા પુરૂષોની મુત્સદ્દીગીરી અને વીર પુરૂષોનાં શૌર્ય ઉપર રહેલો છે. ધર્મ એ જૂદીજ વસ્તુ છે અને તે સામાજીક કે રાજકીય લૌકીક ઉન્નતિ કરતા આત્માની પારલૌકિક ઉન્નતિ સાધવામાં વધારે ઉપયોગી છે અને તેથી તેને સામાજીક કે રાજકીય બાબતો અને ખટપટો સાથે ભેળવી દેવાની જરૂર નથી, એવી દ્દઢ માન્યતાને હું ધરાવું છું. આપણા આખા દેશમાં ઘણા કાળથી જૂદા જૂદા ધર્મોનું અસ્તિત્ત્વ છે. તેમાંથી કોઇ ચોક્કસ ધર્મને રાષ્ટ્રધર્મ બનાવવાનો અત્યારે પ્રયાસ કરવો, એ ચોકખી મૂર્ખતા નહિ, તો એને બીજું શું કહી શકાય ? એક ધર્મને રાષ્ટ્રધર્મ બનાવવાનો પ્રયાસ કરવાથી બીજા ધર્મોની સાથે ધાર્મિક યુદ્ધમાં ઉતરવું પડે અને તેથી દેશની અને સમાજની ખરાબી થવા પામે, એ તું કેમ ભૂલી જાય છે, એ હું સમજી શકતો નથી. બીજા મુદ્દામાં દેશ અને સમાજની ઉન્નતિ માટે સાધુઓએ આગળ પડતો ભાગ લેવો જોઇએ, એવી તારી માન્યતા છે; પરંતુ સાધુઓનું મુખ્ય કર્ત્તવ્ય શું છે ? એનો તું વિચાર કરતો હોય, એમ જણાતું નથી. સંસારનું બંધન, તેની માયા અને તેના ત્રિવિધ તાપથી મુક્ત બની આત્માનો વિકાસ કરવાને માટે આપણે સાધુધર્મનો અંગિકાર કર્યો છે, એ ખાસ કરીને સ્મરણમાં રાખવાની અગત્ય છે.

આપણે સાધુઓએ સામાજીક કે રાજકીય ખટપટમાં પડવાનો લોભ રાખવાનો નથી. એ કામ સંસારી મનુષ્યોનું છે અને તેમનેજ બજાવવા દેવું, એજ તેમના અને આપણા માટે હિતાવહ છે. આપણે આત્માના વિકાસનું મુખ્ય કર્ત્તવ્ય કરવાની સાથે સંસારી માણુસોને સુમાર્ગે રાખવા માટે ધર્મામૃતનું પાન કરાવતા રહેવું અને તેઓ અધર્મના માર્ગે ચાલ્યા જતા હોય, તો ઉપદેશ આપી તેમને તેમનાં કર્ત્તવ્યનું ભાન કરાવવું, એટલુંજ કરવાનું છે. સમાજની ઉન્નતિ માટે વસ્તુપાળ જેવા સમાજના ઘણા સેવકો અને રાજ્યની ઉન્નતિ માટે વીરધવળ જેવા ઘણા શૂરવીરો છે. એટલે આપણે એની ચિંતા શા માટે રાખવી જોઇએ ?"

પણ યુવાન મુનિ આનંદને આચાર્યનું કથન યોગ્ય લાગ્યું નહિ; કારણકે તેનાં મુખ ઉપરના ભાવો સહજ પણ બદલાયા નહોતા. તેણે અવાજમાં સહજ જુસ્સો લાવીને કહ્યું. "ત્યારે આપના કહેવા ઉપરથી જણાય છે કે દેશ અને સમાજની ઉન્નતિ માટે ધર્મ એક હોય કે અનેક હોય, એ મહત્ત્વની વાત નથી અને આપણે સાધુઓએ દેશ, સમાજ અને રાજ્યની પડતી થતી હોય કિંવા તેમ થવાનો સંભવ હોય; તો પણ આત્મવિકાસનાં ધ્યેયને પડતું મૂકવું નહિ. ગુરૂદેવ ! આ આપની ચર્ચાનો સાર છે; પરંતુ મને તે ગળે ઉતરતો નથી. હું તો દૃઢતા અને શ્રદ્ધાથી માનું છું કે સમાજ, રાજ્ય અને દેશ—એ બધાંની ચડતી માટે જૂદા જૂદા ધર્મોને બદલે માત્ર એકજ રાષ્ટ્રધર્મની અગત્ય છે; કારણ કે રાષ્ટ્રધર્મથી જૂદી જૂદી કોમને ધર્મનાં બહાને એક સાંકળે બાંધી શકાય છે. તેમજ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવનો વિચાર કરી આપણે સાધુઓએ ધર્મ, સમાજ અને દેશની ઉન્નતિ કરવાનાં કાર્યમાં આગળ પડવું જોઇએ; કારણકે સાધુઓ સંસારી માણુસો સાથે તેમનાં કર્ત્તવ્યમાં ભાગ લેતા થશે, તો સંસારી માણુસોમાં જૂદા પ્રકારનું ચેતન આવશે અને સાધુના પ્રયાસ તથા લોકોના ચેતનથી કાર્યની જલ્દી સિદ્ધિ થઇ શકશે."

"તો આનંદ ! તારી માન્યતા તને મુબારક છે. પરંતુ તારા હિતની ખાતર અને આપણા ગુરૂ તથા શિષ્યના સંબંધની ખાતર મારે તને કહેવું જોઇએ કે તારી માન્યતા તારી ઉતાવળી બુદ્ધિનું પરિણામ છે. તું શાંતિથી વિચાર કરી જોઇશ તો તને સ્પષ્ટ જણાશે કે આપણા શાસ્ત્રકારોએ રાજકથા અને દેશકથાને વિકથા કહી છે અને આત્મકલ્યાણના પિપાસુ જનોને એ ખટપટથી દૂર રહેવાની ભલામણ પણ કરેલી છે. જો સમાજ અને દેશનું એકજ ધર્મથી કલ્યાણ થાય તેમ હોત, તો આગળ થઈ ગયેલા કોઈ પણ ધર્મના મહાન્ આચાર્યોએ તેવો પ્રયાસ

અવશ્ય કર્યો હોત. ભગવાન મહાવીરે શ્રીમુખેજ કહ્યું હતું કે જૈનધર્મના મારા ઉપદેશને મારૂં ગૌરવ કે માનની ખાતર માનશો નહિ; પરંતુ તે તમને સત્ય લાગતો હોય, તોજ તેને માન્ય રાખજો અને તે પ્રમાણે વર્ત્તન કરજો. આ ઉપરથી તને જણાશે કે ભગવાન પોતે પણ જૈનધર્મને આગ્રહ કે બળાત્કારથી વધારવાને ઇચ્છતા નહોતા. જ્યારે તું તો એમજ કહે છે કે જૈનધર્મને રાષ્ટ્રધર્મ બનાવવો અને તે દ્વારાએ સમાજ તથા દેશની ઉન્નતિ કરવી; પરંતુ ધર્મને રાષ્ટ્રીય સ્વરૂપ આપવા જતાં કેટલો કલેશ, કેટલો બળાત્કાર અને કેટલો આગ્રહ કરવો પડે, એનો તેં કાંઇ વિચાર કર્યો છે ? અને જો કર્યો હોય, તો કલેશ, બળાત્કાર અને આગ્રહનું પરિણામ ઉન્નતિમાં આવે કે અવનતિમાં આવે, એ સમજાવવાની અગત્ય છે ખરી ?"

આનંદ આ વખતે વિચારમાં પડી ગયો હતો. તેણે ગુરૂના છેવટના પ્રશ્નનો કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ.

એટલે ગુરૂએ કહ્યું, "આનંદ ! અત્યારે તો તું તારા અભ્યાસના ખંડમાં જા અને ત્યાં જઇ બધી ચર્ચાનો શાંતિથી વિચાર કરજે એટલે તને મારા કથનનું રહસ્ય સ્વયં સમજાશે. તારી ઇચ્છા હશે, તો આપણે આ વિષય ઉપર ફરીને ચર્ચા કરશું."

શિષ્ય તરતજ ઊઠયો અને ગુરૂને વંદન કરીને ચાલ્યો ગયો. જતી વારે તેનું મુખ ઉદાસ અને વિચારગ્રસ્ત હતું અને તેની ચાલ સાવ ધીમી હતી. એ જોઇ ગુરૂએ સહજ હાસ્ય કર્યું.

એ પછી નરચંદ્રસૂરિ અને વસ્તુપાળ ધાર્મિક વિષય સંબંધી વાર્તાલાપમાં પડયા. યુવાન જૈત્રસિંહને એમાં રસ પડયો નહિ. તે રાષ્ટ્ર-ધર્મની ચર્ચાથી મોહ પામ્યો હોવાથી થોડીવાર રહી આનંદ મુનિની પાસે જવાને ત્યાંથી ઉઠીને ચાલ્યો ગયો.

# પ્રકરણ ૨૨ મું.

## સામ્રાજ્યવાદ.

વસ્તુપાળનો પુત્ર જૈત્રસિંહ અને તેજપાળનો પુત્ર લુણુસિંહ બન્ને નવયુવાન હતા. બન્નેની અવસ્થા નાની હતી; પરંતુ અવસ્થાના પ્રમાણમાં તેઓ બાહોશ, ચતુર અને શૂરવીર હતા. જૈત્રસિંહ અને લુણુસિંહની ઉમ્મર લગભગ સમાનજ હતી; પણ તેમના સ્વભાવમાં સમાનતા નહોતી.

જૈત્રસિંહ કલ્પનાપૂર્ણ અને ચંચળ હતો; લુણસિંહ ગંભીર અને શાંત હતો. એક ઉદ્યમવાદી હતો; બીજો કર્મવાદી હતો. તેમ છતાં તેમના વચ્ચે બહુ સારો સ્નેહભાવ હતો. જૈત્રસિંહ રાજકીય વિષયમાં માથું મારતો હતો, જ્યારે લુણસિંહ બનતાં સુધી એવી ખટપટથી દૂર રહેતો હતો અને રાજકીય પ્રવૃત્તિ કરતાં સામાજીક અને ધાર્મિક પ્રવૃત્તિમાં જોડાવાનું વધારે પસંદ કરતો હતો.

જૈત્રસિંહ આચાર્ય તથા આમાત્યને ધાર્મિક ચર્ચામાં પડેલા જોઇ ત્યાંથી ઉઠીને આનંદમુનિની શોધમાં નીકળ્યો, ત્યારે એ મુનિ તેની ઓરડીમાં અભ્યાસ કરવાને બદલે વિચારગ્રસ્ત સ્થિતિમાં આમથી તેમ અને તેમથી આમ આંટા મારતા હતા. જૈત્રસિંહ એ ઓરડીના દ્વાર પાસે જઇને ઉભો રહ્યો.

જૈત્રસિંહને જોઇ આનંદે કહ્યું. “ આવો, જૈત્રસિંહ ! તમે અમારી ચર્ચા ધ્યાનપૂર્વક સાંભળી હતી કે નહિ ? ”

જૈત્રસિંહ અંદર ગયો. તેણે જવાબ આપતાં કહ્યું. “ હા. મેં એ ચર્ચાને બરાબર ધ્યાનથી સાંભળી હતી અને તે માટેજ હું, આંહી તમારી પાસે આવ્યો છું. ”

“ ઠીક કર્યું. ” આનંદે સંતોષ દર્શાવતા પૂછ્યું. “ તમારા પિતાશ્રી ગયા કે ગુરૂદેવ પાસે બેઠા છે ? ”

“ ના, મારા પિતાશ્રી હજી ગુરૂજી પાસે બેઠા છે. આત્મા, કર્મ તથા મોક્ષ વગેરે ધાર્મિક વિષયોની ચર્ચા ચલાવે છે. મને તેમાં રસ નહિ પડવાથી તમારા રાષ્ટ્રધર્મના વિચારો જાણવાને આંહી ચાલ્યો આવ્યો છું. ” જૈત્રસિંહે ઉત્તર આપ્યો.

“ બરોબર છે. ” આનંદ મુનિએ કહ્યું. “ તમારા જેવા નવયુવાનને એવા ગહન વિચારોમાં રસ ન પડે, તો તે સર્વથા સ્વાભાવિક છે. ધાર્મિક ચર્ચાને માટે યુવાન અવસ્થા નથી; એને માટે પ્રૌઢ કિંવા વૃદ્ધ અવસ્થાની જરૂર છે. ”

“ તમારૂં કહેવું તદ્દન ખરૂં છે. ” જૈત્રસિંહે કહ્યું. અને પછી પૂછ્યું “ પણ મને તમારા રાષ્ટ્રધર્મના વિચારો કિંવા એ સંબંધની યોજના જરા વિસ્તારથી સમજાવશો ? ”

“ અવશ્ય. ” આનંદે ગર્વથી હસીને કહ્યું. “ રાષ્ટ્રધર્મ વિષેની મારી યોજના એવી છે કે સમાજ, રાજ્ય અને દેશની સર્વાંશે ઉન્નતિ કરવી હોય અને તેનાં ગૌરવને વધારવું હોય, તો દેશમાં અનેક ધર્મોને બદલે માત્ર એકજ ધર્મ હોવો જોઇએ; કારણકે એથી જૂદી જૂદી કોમનાં

માણુસોને ધર્મનાં સર્વમાન્ય કારણુથી એક સાંકળે બાંધી શકાય છે અને એ રીતે ધાર્મિક કલેષોનો નાશ તથા ઐક્યની સ્થાપના કરી ઉન્નતિમાં આગળ વધી શકાય છે. આ કારણુથી દેશમાં એકજ ધર્મ એટલે કે રાષ્ટ્રધર્મની અગત્ય છે, એવી મારી પ્રબળ માન્યતા છે અને વધારામાં રાષ્ટ્રધર્મ તરીકે જૈનધર્મ હોવો જોઇએ, એમ પણુ હું દઢતાથી માનું છું. "

જૈત્રસિંહ મુનિ આનંદનું કથન એક ધ્યાને સાંભળી રહ્યો હતો.

" અને જૈત્રસિંહ ! " આનંદે આગળ ચલાવ્યું. " હું જૈનધર્મને રાષ્ટ્રધર્મ બનાવવાનો શા માટે આગ્રહ કરૂં છું, એ મેં આચાર્ય મહારાજની સાથે ચર્ચા ચલાવતાં સ્પષ્ટતાથી દર્શાવી આપ્યું હતું અને તે વખતે તમે ત્યાં બેઠેલા હતા એટલે એ સંબંધમાં મારે તમને વધારે સ્પષ્ટતાથી સમજાવવાની અગત્ય રહેતી નથી. પણુ મને કહેશો કે તમને મારા વિચારો યોગ્ય લાગે છે કે નહિ ? "

જૈત્રસિંહને એ વિચારો યોગ્ય લાગે, તો તેમાં આશ્ચર્ય પામવાનું કાંઇ કારણુ નહોતું; કારણુ કે તે પણુ આનંદ મુનિની જેમ એવાજ પ્રકારના વિચારો ધરાવનારો હતો. તેણે વિના વિલંબે જવાબ આપતાં કહ્યું. " મુનિશ્રી ! તમારા વિચારો યોગ્ય છે એટલુંજ નહિ; પરંતુ આચારમાં મૂકવા લાયક પણુ છે. તમારી યોજના પ્રમાણે વર્ત્તવાથી આપણુા ધર્મની ઉન્નતિ થવાની સાથે સમાજ, દેશ અને રાજ્યની ઉન્નતિ થવાનો પણુ પૂરતો સંભવ છે; પરંતુ આચાર્ય મહારાજ એ વિચારો અને યોજનાને ઉતાવળી બુદ્ધિનું પરિણુામ કહે છે, એનું શું કારણુ હશે, એ હું સમજી શકતો નથી ? "

" એનાં કારણુને જેમ તમે જાણી શકતા નથી તેમ હું પણુ જાણી શકતો નથી." આનંદે કહ્યું. " પણુ મને જણુાય છે કે જૈનધર્મને રાષ્ટ્રધર્મ બનાવવા જતાં બીજા ધર્મોની સાથે કલેષમાં ઉતરવું પડે અને તેનું વિપરિત પરિણુામ આવે, એ ભયથી તે મારાં વિચારો અને યોજનાને પસંદ કરતા નહિ હોય. "

" એ ગમે તેમ હોય; પરંતુ મને તો તમારા વિચારો ઘણુાજ ઉત્તમ લાગે છે. તમે જેમ જૈનધર્મને રાષ્ટ્રધર્મ બનાવી સામાજીક, રાજકીય અને ધાર્મિક ઉન્નતિ સાધવાની અભિલાષા રાખો છો, તેમ હું દેશમાંથી નાનાં નાનાં રાજયો, જાગીરો અને ગરાસને નાબુદ કરી એક સામ્રાજ્યની સ્થાપના કરી સામાજીક અને રાજકીય ઉન્નતિ સાધવાની ઇચ્છા ધરાવું છું. મારા વિચારો અને તમારા વિચારો આ રીતે એકજ પ્રકારના છે. "

"તમારા વિચારો સ્તુત્ય છે" આનંદે તરતજ કહ્યું અને પછી પ્રશ્ન કર્યો. "પણ તમારી યોજના કેવી છે, તે મને કહેશો?"

"જરૂર." જૈત્રસિંહે જવાબ આપ્યો. "આપણા ઉભયના વિચારો અને યોજનાની આપ-લે કરવાના આશયથીજ હું તમારી પાસે આવ્યો છું અને તમે જો મારી યોજનાની સાથે સંમત થાઓ, તો આપણે બન્ને મળી તેનો પ્રચાર કરવાનું કાર્ય માથે લઇએ."

આનંદે તરતજ કહ્યું. "તમારી સાથે મળી કાર્ય કરવાને હું સદા તૈયારજ છું."

"ત્યારે સાંભળો." જૈત્રસિંહે કહ્યું. "સામ્રાજ્ય સ્થાપવાની મારી યોજના એવી છે કેઃ—સૌરાષ્ટ્રના બધા ઠાકોરો, આસપાસના રાજાઓ દક્ષિણના યાદવો અને માળવાના પરમારો વિગેરે બધાને મહાત કરી તથા તેમનાં રાજ્યોને ખાલસા કરી ગુજરાતમાં સામ્રાજ્યની સ્થાપના કરવી. અને એ રીતે સામ્રાજ્યની સ્થાપના થવાથી આપણું સૈન્યબળ ઘણું વધી જશે અને તે પછી મુસલમાનો કે જેઓ ઉત્તરમાં જામતા જાય છે, તેમને હરાવી તેમના દેશમાં પાછા કાઢી મૂકવા આપણે શકિતવાન થઇ શકશું. સામ્રાજ્યની સ્થાપના કરવાનું આ મુખ્ય કારણ છે; કારણ કે મુસલમાનો આપણા ઉપર બે વાર જીત મેળવી ગયેલા હોવાથી હજી ફરીને પણ તક મળતાં આપણા ઉપર ચડી આવવાનું ભૂલશે નહિં અને એ વખતે આપણે જો બેદરકાર કે પરસ્પર લડતા હશું, તો તેઓ એ વખતે આપણને એવી સખ્ત હાર ખવરાવશે કે કદાચ આપણને કાયમને માટે ગુજરાતની રાજસત્તાને ખોઇ બેસવું પડશે."

આનંદમુનિ જૈત્રસિંહની સામ્રાજ્યની યોજના સાંભળી મનમાં એ યુવાનની દીર્ઘદર્શિતા વિષે પ્રશંસા કરવા લાગ્યા. તેમણે ક્ષણવાર વિચાર કરીને કહ્યું. "જૈત્રસિંહ! સામ્રાજ્ય સ્થાપવાની તમારી યોજના અને એનો હેતુ તદ્દન સ્પષ્ટ છે અને તમે મુસલમાનો માટે જે ભય દર્શાવો છો, એ ધ્યાનમાં લઇએ તો તમારી યોજનાને જેમ બને તેમ વેળાસર અમલમાં મૂકવાની પરમાવશ્યકતા છે."

"અને તમે ધારો છો, એ પ્રમાણે દેશમાં જૈનધર્મ એ રાષ્ટ્રધર્મ હોય તથા હું ધારૂં છું, એ પ્રમાણે પાટણનું રાજ્ય એ સામ્રાજ્ય હોય તો સમાજ અને દેશની કેટલી અને કેવી ઉન્નતિ થાય તથા ધાર્મિક અને રાજકીય ખટપટનો નાશ થવાથી કેટલી અને કેવી શાંતિ પથરાય, એની કલ્પના થઇ શકે તેમ નથી." જૈત્રસિંહે કહ્યું.

"બરોબર છે. એ કલ્પના ઘણીજ સુંદર છે." આનંદે કહ્યું.

"પણ તમારા પિતાશ્રી તમારી યોજના જાણે છે કે નહિ અને જો જાણતા હોય, તો તે એ સંબંધમાં કેવો મત ધરાવે છે, એ તમારી જાણમાં આવ્યું છે ?"

"મારા પિતાશ્રી સામ્રાજ્યવાદના મારા વિચારો કે મારી યોજનાને જાણતા નથી; કારણ કે મેં એમને કે કોઇને આજપર્યંત એ સંબંધમાં કાંઇ પણ વાત કરેલી નથી. અત્યારે મેં સર્વથી પ્રથમ તમનેજ મારા વિચારો અને યોજનાથી જાણીતા કર્યા છે." જૈત્રસિંહે જવાબ આપ્યો.

"એ ખરૂં." આનંદ મુનિએ કહ્યું." પણ એ સંબંધમાં મહામાત્યનો શો મત છે, એ આપણે જાણવું તો જોઇએજ."

"તમારી રાષ્ટ્રધર્મની વાત સાંભળ્યા પછી અને સૂરીશ્વરનો મત જાણ્યા પછી મને એમ લાગે છે, કે સામ્રાજ્યવાદનાં મારા વિચારો અને યોજના મારે મારા પિતાશ્રી તથા કાકાશ્રીને કહી દર્શાવવા જોઇએ અને તેઓ એ સંબંધમાં શો મત ધરાવે છે, એ જાણી લેવું જોઇએ; કારણ કે તેમનો મત જાણ્યા પછી આપણું કાર્ય ઘણું સરલ થઇ પડશે." જૈત્રસિંહે કહ્યું.

"અને સામ્રાજ્યવાદના તારા વિચારો અને યોજના જાણવાને હું આતુરજ છું." પાછળથી અવાજ આવ્યો.

એ અતિ પરિચિત અવાજથી આનંદમુનિ અને જૈત્રસિંહ બન્ને આશ્ચર્યમાં પડી ગયા; કારણ કે એ અવાજ ગુજરાતની રાજ્યસત્તાના સુત્રધાર વસ્તુપાળનોજ હતો. એ અવાજ સાંભળીને ઉભય પરસ્પર જોઈ રહ્યા.

વસ્તુપાળે આનંદ મુનિના ખંડમાં પ્રવેશ કર્યો. તેણે બંને તરફ સહાસ્ય મુખે જોયું અને પછી જૈત્રસિંહને ઉદ્દેશીને પૂછ્યું. "સામ્રાજ્યવાદના તારા વિચારો અને યોજના કેવા છે, એ હું ચોકકસ જાણતો નથી, પરંતુ સામ્રાજ્યવાદીઓ કેવા વિચારો અને કેવી યોજનાઓ ધરાવે છે, એની કલ્પના હું કરી શકું છું. સામ્રાજ્યવાદ એટલે નાનાં મોટાં રાજ્યો, જાગીરો અને તાલુકાઓનો નાશ અને તેની યોજના એટલે નિર્બળ ઉપર સબળનો બળાત્કાર સામ્રાજ્યવાદની મારી આ કલ્પના ખરી છે, જૈત્રસિંહ !"

જૈત્રસિંહ વિનયી હતો; પરંતુ નાહિંમત નહોતો. તેણે જવાબ આપતાં કહ્યું. "તમારી કલ્પના ખોટી તો નથી, પિતાજી ! પણ રાજ્યોનો

નાશ અને નિર્બળ ઉપર સબળનો બળાત્કાર એ શા માટે, એ સંબંધમાં તમે કાંઇ કલ્પના કરી છે ખરી ? ”

“ એ કલ્પના તદ્દન સ્પષ્ટ છે. ” વસ્તુપાળે જૈત્રસિંના વિચારો જાણવા માટે કહ્યું “ નાના મોટાં રાજ્યોનો નાશ અને નિર્બળ ઉપર સબળનો બળાત્કાર એ સામ્રાજ્યની સ્થાપનાને માટે છે; પરંતુ એવી રીતે સામ્રાજ્ય સ્થાપવાથી કેટલાં રાજ્યોને જમીનદોસ્ત કરવાં પડે છે, કેટલા તાલુકાઓનો નાશ કરવો પડે છે અને કેટલાં નિર્બળ માણુસો ઉપર બળાત્કાર ગુજારવો પડે છે, તેનો ખ્યાલ અને એની કલ્પના તને છે કે નહિ, એ હું જાણવાને ઇચ્છું છું. ”

“ અને તે હું તમને કહેવાને પણ ઇચ્છું છું. ” જૈત્રસિંહે પોતાના વિચારો પ્રગટ કરવાનો નિશ્ચય કર્યો હોવાથી તરતજ કહ્યું. આવો અવસર ફરીને મળવાનો નથી; માટે મારા અંતરની જે વાત આજ ઘણો સમય થયાં તમને કહેવાની હું ઉમેદ રાખતો હતો, તેને કહીને મારી ઉમેદ અત્યારે પૂર્ણ કરીશ. આનંદ મુનિ જેમ રાષ્ટ્રધર્મથી સમાજ અને દેશનું કલ્યાણ થવાનું માને છે, તેમ હુ સામ્રાજ્યથી સમાજ અને દેશનું કલ્યાણ થવાનું માનું છું. બન્નેની માન્યતા 'એકજ પ્રકારની છે. પણ મને ભય છે કે જેમ આનંદ મુનિની વાતને નરચંદ્રસૂરિએ ઉતાવળી બુદ્ધિનું પરિણામ ગણ્યું છે, તેમ મારી વાતને તમે પણ ઉતાવળી બુદ્ધિનું પરિણામ કદાચ ગણી કાઢશો અને એ પ્રમાણે ગણી કાઢો તો ભલે ગણાય? પરંતુ તમને મારા અંતરની વાત કહેવા માટે મળેલા અવસરનો લાભ આજ જતો કરવાનું મને પાલવે તેમ નથી. ”

એટલું કહીને જૈત્રસિંહ થોડીવાર અટક્યો. તે પછી તેણે એકવાર આનંદ મુનિ તરફ જોઇને કહ્યું. “ પિતાજી ! સામ્રાજ્યની સ્થાપના કરવાથી રાજ્યોનો નાશ થાય છે અને નિર્બળ ઉપર બળાત્કાર કરવો પડે છે, એ તમારી વાત સાચી છે; પરંતુ સામ્રાજ્યની સ્થાપનાથી સમાજ અને દેશની ઉન્નતિ થાય છે, એ તમારે ભૂલવું જોઇતું નથી. દેશમાં નાનાં મોટાં રાજ્યોનાં અસ્તિત્વથી નજીવાં કારણને માટે પરસ્પર વારંવાર લડાઈ ઉત્પન્ન થાય છે અને આવી અંદરોઅંદરની લડાઇથી દેશ અને સમાજની પ્રગતિને કેટલું નુકશાન પહોંચે છે, એનો ખ્યાલ કરવાની જરૂર છે. વળી ઉત્તરમાં મુસલમાનો પોતાની સત્તા વધારતા જતા હોવાથી તેમના તરફનો ભય રાખવાની પણ અગત્ય છે. જો દેશમાં એક મોટું સામ્રાજ્ય હોય અને તેની સત્તા નીચે બધાં રાજ્યો આવી ગયાં હોય, તો પરસ્પર નિરર્થક લડાઇઓ ઉત્પન્ન થાય નહિ અને એકત્ર સૈન્યબળથી

પરદેશી સત્તાને જામતી અટકાવી શકાય. આ કારણથી દેશમાં જૂદાં જૂદાં રાજ્યોને બદલે એક સામ્રાજ્ય હોવાની ખાસ અગત્ય છે, એ મારી માન્યતા તમને સાચી અને અર્થમય હોવાનું જણાયા વિના રહેશે નહિ."

વસ્તુપાળે જૈત્રસિંહની સામ્રાજ્યવાદની દલીલ ઉપર થોડીવાર વિચાર કર્યો. તે પછી તેણે ગંભીરતાથી કહ્યું. "જૈત્રસિંહ ! સામ્રાજ્યવાદની તારી દલીલ મેં સાંભળી છે અને સામ્રાજ્ય સ્થાપવાથી નાનાં મોટાં રાજ્યોનો નાશ થાય છે તથા નિર્બળ ઉપર બળાત્કાર ગુજારવો પડે છે, એ વાતનો તું સ્વીકાર કરે છે, એ પણ મેં જાણ્યું છે. એ ઉપરથી જણાય છે કે તારૂં અંતઃકરણ શુદ્ધ છે. સામ્રાજ્ય સ્થાપવામાં તને અંગત સ્વાર્થ નથી. તું તો દેશ અને સમાજનાં કલ્યાણને માટે સામ્રાજ્યવાદની માન્યતાને ધરાવે છે. એ બધી વાત ખરી છે; પરંતુ તારી માન્યતા વિષે વિચાર કરવાની ખાસ અગત્ય છે. ગુજરાતને વિશાળ સામ્રાજ્ય બનાવવા આપણા પૂર્વજોએ સૌરાષ્ટ્ર, માળવા, આબુ, લાટ, સિંધ વગેરે દેશોની સાથે ઘણી લડાઇઓ કરી છે અને તેમના ઉપર વિજય મેળવી કેટલાક દેશોને ગુજરાતના તાબેદાર પણ બનાવ્યા છે; પરંતુ હજી સુધી ગુજરાતની એ ઇચ્છા પાર પડી નથી. ઉલટું એમ કરવા જતાં આપણને અને આપણાં પ્રતિસ્પર્ધિ રાજ્યોને ઘણી ખુવારી ભોગવવી પડી છે. આ અંદરો અંદરની લડાઇઓથી આપણે અને આસપાસનાં રાજ્યો ધીમે ધીમે નબળાં પડતાં ગયાં અને એ કારણથીજ છેવટે મુસલમાનોના હાથથી આપણને સખ્ત હાર ખાવી પડી છે. ગુજરાત અને તેનાં પાટનગર ખુદ પાટણમાંજ હાલમાં ધાર્મિક અને રાજકીય કારણોથી એટલાં બધાં કુસંપ અને ખટપટ છે કે એના તરફ દુર્લક્ષ કરી અત્યારે આપણને ગુજરાતને સામ્રાજ્ય બનાવવાના મોહમાં પડવાની અગત્ય નથી. પ્રથમ તો પાટણની પડતીમાંથી ચડતી કરવા અંદરો અંદરના કલેશ અને કુસંપને મીટાવી પાટણના રાજ્યને સુવ્યવસ્થિત કરવાની આપણને ખાસ જરૂર છે, એ તારા ધ્યાનમાં હોય, એમ જણાતું નથી. ગુજરાત અને પાટણની હાલની સ્થિતિ જો તારા ધ્યાનમાં હોત, તો ગુજરાતને સામ્રાજ્ય બનાવવા એટલે કે તેને આસપાસનાં રાજ્યોની સાથે મોટા સંગ્રામમાં ઉતરવાની તારી માન્યતા કેટલી ઉતાવળી છે, એનો ખ્યાલ તને આવ્યા વિના રહેત નહિ."

જૈત્રસિંહ અને આનંદમુનિ વસ્તુપાળનું કથન એકધ્યાને સાંભળી રહ્યા હતા. વસ્તુપાળ બોલી રહ્યો કે તરતજ જૈત્રસિંહે કહ્યું. "વસ્તુ-

સ્થિતિ એ પ્રમાણે છે, તો શું આપણે ગુજરાતને સામ્રાજ્ય બનાવવાના વિચારને પડતો મૂકવો, એમ તમારૂં કહેવું છે પિતાજી ?

વસ્તુપાળને તેના પુત્રના પ્રશ્નથી સહજ હસવું આવ્યું. તેણે ઉત્તર આપતાં કહ્યું. " જૈત્રસિંહ ! મારૂં કથન તદ્દન સ્પષ્ટ અને સમજી શકાય એવું છે. દેશને એક સામ્રાજ્યથી લાભ છે કે નાનાં મોટાં સ્વતંત્ર રાજ્યોથી, એ વિષે હાલ વિચાર કરવાની જરૂર નથી. હાલ તો ગુજરાતનું ગૌરવ શી રીતે વધે અને પાટણની પડતીમાંથી ચડતી કેવી રીતે થાય, એ એજ બાબતોનો આપણે વિચાર કરવાનો છે. ગુજરાતને સામ્રાજ્ય બનાવવાને માટે આપણા પૂર્વજો ઘણાં રાજ્યોની સાથે યુદ્ધમાં ઉતર્યા, કેટલાક દેશોને કબજે કરી તેની પ્રજાને ગુલામીમાં સપડાવી અને સૌરાષ્ટ્ર, સિંધ, લાટ વગેરે દેશોને ખાલસા પણ કર્યા; પરંતુ એ બધા પ્રયાસનું ફળ શું આવ્યું, એ શું તારા જાણવામાં નથી ? આપણો ભૂતકાળ ઉજ્જવલ અને ગૌરવભર્યો હોવા છતાં આપણે મુસલમાનોથી પરાજય પામ્યા, ગુજરાતનું પ્રબળ રાજ્ય છિન્ન ભિન્ન થઇ ગયું અને પાટણનો રાજમુગટ ડગમગવા લાગ્યો. ધોળકામાં નવું રાજ્યતંત્ર સ્થાપ્યાં પહેલાં આપણી આ સ્થિતિ હતી અને હાલ તેમાં આપણે ઘણો સુધારો કરી શક્યા છીએ; પરંતુ હજી આપણે એટલાથી સંતોષ માનવાનો નથી. હજી આપણે રાજકીય અને ધાર્મિક કલેશોનો નાશ કરવાનો છે, તાબાના દેશોને સુવ્યવસ્થિત કરવા છે અને પાટણની પડતીમાંથી ચડતી કરી તેની રાજ્યસત્તાને પુનઃ મજબુત બનાવવી છે. આ બધું આપણે, જે સમયે કરવાનું છે, તે સમયે પ્રતિસ્પર્ધિ રાજ્યોની સાથે સામ્રાજ્ય માટે સંગ્રામ કરવો આપણને પાલવશે ? "

વસ્તુપાળનો છેવટનો પ્રશ્ન સાંભળી જૈત્રસિંહે મુખને મરડયું. તેણે ભારપૂર્વક પૂછ્યું. " ત્યારે શું ગુજરાતીઓ એટલા બધા નિર્બળ બની ગયા છે કે તેઓ જેમ બને તેમ સંગ્રામથી દૂર રહેવાને ઇચ્છે છે ? અને જો એ વાત ખરી હોય, તો તેઓ મુસલમાન જેવી પ્રબળ કોમના ધસારાને હવે શી રીતે અટકાવી શકશે ? પોતાનાં શૌર્ય, બળ અને વીર્યને માટે શું પાટણ પરવારી બેઠું છે ? "

વસ્તુપાળે ઉત્તર આપતાં ગંભીરતાથી કહ્યું. " જૈત્રસિંહ ! ગુજરાતીઓ નિર્બળ બન્યા નથી, તેમ પાટણ શૌર્ય, બળ અને વીર્યને પરવારી બેઠું પણ નથી. તેના પ્રતાપ, સત્તા, ગૌરવ, તેજ અને શૌર્ય જેવાંને તેવાંજ છે; પરંતુ મહારાજા ભીમદેવનાં અવિચારી કાર્યો અને તેનાં પરિણામને લીધે તે ઢંકાઇ ગયાં છે અને અંદરોઅંદરનાં ખટપટ,

કુસંપ અને કલેષને લીધે તે ઉપર કાટ વળી ગયો છે. આ કારણથી અત્યારે વિચારશીળ મુત્સદ્દીએ અને ગુજરાતના હિતેચ્છુએ ગુજરાતીઓના ઢંકાઈ ગયેલા ગુણોને બહાર લાવવાનું પ્રથમ કરવાનું છે અને સામ્રાજ્યનાં સ્વપ્નને ઘડીભર ભૂલી જવાનું છે."

"પણ પિતાજી!" જૈત્રસિંહે તરતજ કહ્યું. "ઉત્તરમાં વિજયી મુસલમાનો જે હીલચાલ કરી રહ્યા છે, તે તમારાં ધ્યાનમાં હોય, એમ જણાતું નથી. ગુજરાતે એ લોકોનાં બળનો સ્વાદ ચાખ્યો છે એટલે તેને એ તરફ દુર્લક્ષ્ય કરવું પાલવશે ખરૂં? તેઓની હિલચાલ અને તેમનું બળ જોતાં તેઓ માળવા, ગુજરાત વગેરે રાજ્યોને ગળી જઈ દેશમાં પોતાનું શાસન મજબુતપણે જમાવી દેશે, એનો તમને ખ્યાલ છે? અને આવો પ્રસંગ બને, એ પહેલાં તેમનાં જોરને તોડવા અને તેમને આગળ વધતા અટકાવવા તેમના સામે એક વિશાળ સામ્રાજ્યને ખડું કરી દેવાની શું ખાસ આવશ્યકતા નથી?"

"તારૂં કહેવું ઠીક છે; પરંતુ ભવિષ્યમાં શું થશે, એની કલ્પના અત્યારે કરવી નિરર્થક છે. અત્યારે તો આપણે આપણું પ્રાપ્ત કર્ત્તવ્યને બજાવવાનું છે અને એમાંજ ગુજરાતનું શ્રેય સમાયેલું છે. પણ તું કહે છે તેમ કદાચ મુસલમાનો માળવા, ગુજરાત અને એવાંજ બીજાં રાજ્યોને ગળી જશે, તો એ સામ્રાજ્યના અભાવે નહિ; કિન્તુ પરસ્પર વેર, કુસંપ અને ખટપટના કારણથીજ તેમ કરી શકશે." વસ્તુપાળે કહ્યું.

"અને એ વેર, કુસંપ અને ખટપટને દૂર કરી દેશમાં ઐકય સ્થાપવાને માટેજ હું સામ્રાજ્યની માન્યતાને ધરાવું છું. જૈત્રસિંહે કહ્યું.

"હું પણ એ માટેજ જુદા જુદા ધર્મોને બદલે રાષ્ટ્રધર્મની જરૂર હોવાનું માનું છું." આનંદ મુનિએ પણ પોતાની માન્યતા કહી દર્શાવી.

"તો ભલે તમે ઉભય તમારી માન્યતાને અમલમાં મૂકવાનો પ્રયાસ કરો." વસ્તુપાળે બેપરવાથી કહ્યું." મને એમાં કાંઇ અડચણ નથી."

"એ ખરૂં. પણ તમે અમને અમારા પ્રયાસમાં કાંઇ સહાય આપશો કે નહિ, એ જાણવાને અમે માગીએ છીએ." આનંદ મુનિએ પૂછ્યું.

"એમાં મારી સહાયની શી જરૂર છે?" વસ્તુપાળે સીધો ઉત્તર આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

"તમારી સહાયની અમને ઘણી જરૂર છે." આનંદે કહ્યું "તમે સમાજના આગેવાન નેતા અને ધર્મના સ્થંભ છો. તમે ધારો તો તમારી સત્તા અને લાગવાગનો ઉપયોગ કરી જૈનધર્મને રાષ્ટ્રધર્મ બનાવવામાં અમને અમૂલ્ય મદદ આપી શકો."

"અને તમે ગુજરાતી રાજ્યસત્તાના સુત્રધાર હોવાથી પાટણનાં રાજ્યને વિશાળ સામ્રાજ્ય બનાવવા માટે ઘણું કરી શકો." જૈત્રસિંહે કહ્યું.

વસ્તુપાળ આ બે ઉત્સાહી યુવાનોનાં ચંચળ મનનું શી રીતે સમાધાન કરવું, એ વિષે વિચાર કરતો હતો.

જૈત્રસિંહ કાંઇ બોલ્યો નહિ; પરંતુ આનંદ મુનિથી વસ્તુપાળની ગંભીરતા અને શાંતિ સહન થઈ શકી નહિ. તેણે તરતજ કહ્યું "મંત્રીશ્વર ! મારી આજપર્યંત એવી માન્યતા હતી કે તમે ભગવાન પાર્શ્વનાથના પરમ ભક્ત અને જૈનધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધાવાન હોવાથી મારા મતને તરતજ અનુકુળ થશો અને રાષ્ટ્રધર્મનાં મારા કાર્યમાં વિનાવિલંબે મદદરૂપ થઇ પડશો; પરંતુ તમારી ગંભીરતા અને શાંતિથી મારી એ માન્યતામાં મારે શંકાને સ્થાન આપવું પડે છે. ભલા ! તમને તમારા ધર્મનું પણ અભિમાન નથી કે તમે રાષ્ટ્રધર્મના કાર્યમાં સહાય આપવાની વાત સાંભળીને આમ ગંભીર અને શાંત બની ગયા છો ?"

વસ્તુપાળનાં મુખ ઉપર હાસ્ય સ્પષ્ટ જણાતું હતું. તેણે પૂર્વવત્ શાંતિથી જવાબ આપતાં કહ્યું. "મુનિશ્રી હું ભગવાનનો ભક્ત છું; અને મને ધર્મનું અભિમાન પણ છે. ધર્મના માટે મારાં તન, મન અને ધન અર્પવાને હું સદા તૈયાર છું; જૈનધર્મ આખી દુનિયા ઉપર ફેલાયેલો જોવાને હું ઇન્તેજાર પણ છું; પરંતુ હું અંધશ્રદ્ધાળુ નથી; એ તમારે ધ્યાનમાં રાખવાનું છે. બળાત્કાર, બીજા ધર્મોનું ખંડન, લાગવગ અને સત્તાથી કોઇ ધર્મને રાષ્ટ્રધર્મ બનાવી શકાતો નથી. એવાં કાર્યથી ધર્મને લાભને બદલે નુકશાનજ વધારે થાય છે. આપણા ધર્મના પ્રચારનું કાર્ય બળાત્કાર, લાગવગ અને સત્તાથી વધારવામાં નહિ આવે, તો શૈવ વિગેરે ધર્મના પ્રબળ વિરોધની સામે જૈનધર્મ ટકી શકશે કે નહિ, એવી જો તમારા મનમાં શંકા હોય, તો તેને કાઢી નાંખજો; કારણ કે ભગવાને શ્રી મુખે કહેલું છે કે જૈનધર્મ શાશ્વત ધર્મ છે અને તેનો કદિ પણ નાશ થવાનો નથી. તેના અનુયાયીઓની સંખ્યા વધવા કે ઘટવાનો આધાર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ ઊપર રહેલો છે; પરંતુ તેના અહિંસા, સમાન ભાવ અને ઉત્તમ ચારિત્ર ઇત્યાદિ સિદ્ધાંતો ગમે તેવી સ્થિતિ અને ગમે તેવા સંયોગોમાં પણ સર્વત્ર પૂજાશેજ."

વસ્તુપાળ એટલું બોલીને થોડીવાર થોભ્યો. તે પછી તેણે તેના પુત્ર તરફ સ્નેહાળ દૃષ્ટિથી જોઈને કહ્યું. "અને જૈત્રસિંહ ! ગુજરાતની

રાજકીય ઉન્નતિ, પ્રતિષ્ટા, સમૃદ્ધિ અને વિશાળતા વધારવા હું સદૈવ તત્પર છું અને રહીશ. ગુજરાતનાં રક્ષણને માટે મારા પ્રાણની પણ હું દરકાર કરૂં એવો નથી; પરંતુ હાલની વસ્તુસ્થિતિ જોતાં બીજાં રાજ્યોની સાથે વિના કારણે સંગ્રામમાં ઉતરી તથા તેની પ્રજાની જન્મસિદ્ધ સ્વતંત્રતાને લુંટી લઈ પાટણને સામ્રાજ્ય બનાવવાના મોહમાં પડવાની હાલ જરૂર નથી અને તને મુસલમાનોનો જે ભય રહે છે, તે ગેરવ્યાજબી નથી. હું જાણું છું કે તેઓ બે વાર ફાવ્યા હોવાથી આ દેશ ઉપર ફરીને અવશ્ય કોઈવાર ચડી આવશે અને તેથી એમના હુમલામાંથી ગુજરાતનું રક્ષણ કરવાના પ્રબંધને ગોઠવી રાખવાની આવશ્યકતા છે. એ માટે જૈત્રસિંહ ! હાલ તો ગુજરાતે સામ્રાજ્યનો લોભ મૂકી દઈ આબુ અને માળવાના પરમારો, સૌરાષ્ટ્રના ઠાકોરો અને દક્ષિણના યાદવો વગેરેની સાથે સામ, દામ, દંડ અને ભેદથી પોતાનું સ્વમાન સાચવી સલાહ કરી એકસંપ કરવો પડશે. જો પરમારો અને સોલંકીઓ—યાદવો અને વાઘેલાઓ એક સંપ બનીને મુસલમાનોના સામા થશે, તો તેઓ ઉત્તરમાંથી સહજ પણ આગળ વધી શકશે નહિ. અને જો પરમારો, સોલંકીઓ તથા યાદવો પોતપોતાનું વર્ચસ્વ સ્થાપવા પરસ્પર લડતા હશે અને માંહોમાંહે ધાર્મિક કે રાજકીય કારણે ખટપટ જગાડી કલેષ તથા કુસંપને વધારશે, તો જેમ રાઠોડો અને ચહુઆણો મુસલમાનોથી મહાત થયા, તેમ પરમારો, સોલંકીઓ અને યાદવોને પણ તેમનાથી મહાત થવું પડશે, એ નિશ્ચિંત છે. ”

મુનિ આનંદ અને જૈત્રસિંહ વસ્તુપાળનું લાંબું વિવેચન સાંભળીને કેવળ ચુપ થઇ ગયા. તેમને વસ્તુપાળનું કથન રૂચ્યું નહોતું, એમ તેમનાં મુખ ઉપરના ભાવોથી કળી શકાતું હતું; પરંતુ તેની દલીલને ખોટી પાડવા જેટલી હિંમત તેઓમાં રહી નહોતી અને તેથીજ તેઓ કાંઇ પણ બોલવાને બદલે ચુપજ રહ્યા હતા.

તેમને ચુપજ રહેલા જોઇ વસ્તુપાળ વધારે ચર્ચામાં નહિ ઉતરતા ધીમી પણ મક્કમ ચાલથી પૌષધશાળાનાં મુખદ્વાર તરફ ચાલતો થયો. મુનિ આનંદ અને જૈત્રસિંહ હજી પણ જેમના તેમ વિચાર કરતા ઓરડીમાંજ ઉભા હતા.

# પ્રકરણ ૨૩ મું.

## રાજકુમાર વીસળ.

રાજા વીરધવળને બે પુત્રો હતા. મોટો વીરમ અને નાનો વીસળ. બન્નેના ઉમ્મરમાં માત્ર બેજ વર્ષનો તફાવત હતો; પરંતુ બન્નેના સ્વભાવ, વર્ત્તન અને વ્યવહારમાં તફાવતની માત્રા ઘણી વધારે હતી. ઉભય શૂરવીર તો હતા. પણ વીરમ ઉદ્ધત, ક્રોધી, અભિમાની અને સાહસિક હતો; જ્યારે વીસલ શાંત અને ગંભીર હતો. વીરમ યુવરાજ હતો; વીસલ નાનો કુમાર હતો; પરંતુ રાજ્યના અધિકારીઓ અને પ્રજાને વીરમ કરતાં વીસલ વધારે પ્રિય હતો. ખુદ તેમનો પિતા રાજા વીરધવલ પણ વીસલને ચાહતો હતો, એટલો વીરમને ચાહતો નહોતો. વીરમને તેના પિતાએ ધોળકા નગરનો ત્યાગ કરવાની આજ્ઞા કરેલી હોવાથી તે વીરમગામમાં અને ઘણા ભાગે પાટણમાંજ રહેતો હતો. નાનો કુમાર વીસળ પાટનગર ધોળકામાં રહી શાંત અને આનંદી જીવન ગાળતો હતો.

વીરધવળનો કુમાર વીસળ અને તેજપાળનો પુત્ર લુણસિંહ બન્ને આનંદી વાર્ત્તાલાપ કરતા રાજમહેલના બાગમાં બેઠા હતા. વીસલ અને લુણસિંહ બન્નેની ઉમ્મર અને બન્નેનો સ્વભાવ સમાન હોવાથી તેઓ પરસ્પર મિત્રો બન્યા હતા અને દિવસનો ઘણો ભાગ સાથે હરવા—ફરવામાં અને આનંદી વાર્તાલાપ કરવામાં ગાળતા હતા. આજે પણ તેઓ બાગમાં બેઠા બેઠા નીચે પ્રમાણે વાર્તાલાપ કરતા હતા.

લુણસિંહે જરા હસીને કહ્યું. “ કુમાર ! મને લાગે છે કે હવે આપણી મૈત્રી બહુ લાંબો કાળ ચાલશે નહિ. ”

વીસળે આશ્ચર્ય દર્શાવતાં પૂછ્યું. “ આપણી મૈત્રી હવે બહુ લાંબો કાળ ચાલશે નહિ, એ તમારી વાત સાંભળી મને આશ્ચર્ય થાય છે! પણ એમ લાગવાનું કાંઇ કારણ છે ? ”

“ કારણ બીજું શું હોય ? સાંભળ્યું છે કે તમે કોઇ બીજી વ્યક્તિની સાથે મૈત્રી બાંધવાને તત્પર થઇ રહ્યા છો. ” લુણસિંહે ઉત્તર આપતાં કહ્યું.

વીસળ લુણસિંહના મર્મને સમજી શક્યો નહિ. તેણે અજાયબીથી કહ્યું. “ તમારી વાત મારાથી સમજાતી નથી. જે કહેવું હોય, તે સ્પષ્ટતાથી કહો એટલે સમજણ પડે. ”

" એમાં સ્પષ્ટતાથી કહેવાની શી અગત્ય છે ?" લુણુસિંહે પૂછ્યું. શું તમે ચોક્કસ માણુસની સાથે મૈત્રી બાંધવાના લોભમાં પડયા નથી ?

" પણુ કયા માણુસની સાથે, એ ખુલ્લું કેમ કહેતા નથી ?" વીસળે સામો પ્રશ્ન કુર્યો.

" એ વ્યકિતનું નામ મારી પાસે લેવરાવવું હોય, તો એમાં મને અડચણુ નથી." લુણુસિંહે ઉત્તર આપતાં કહ્યું. " પણ તમે મારી પાસે અજાણુપણું બતાવો છો, એ ઠીક નથી."

વીસળ સાદો અને સીધો યુવાન હતો. લુણુસિંહની વાતના મર્મને એ સમજતો નહોતો અને તેથી મનમાં ને મનમાં મુંઝાતો હતો. તેણે અકળાઇને કહ્યું. " લુણુસિંહ ! મિત્ર ! તમે કઇ વ્યકિત વિષે મર્મ કરો છો, એ મારા સમજવામાં આવતું નથી અને તેથીજ હું એનું નામ તમારી પાસે લેવરાવવાને કહી રહ્યો છું."

" ત્યારે સાંભળો; એ વ્યકિત કે જેની સાથે તમે મૈત્રી–ગાઢમૈત્રી બાંધવાને આતુર થઇ રહ્યા છો, એનું નામ ચંદ્રમણી." લુણુસિંહે હસીને કહ્યું.

વીસલ ખડખડાટ હસી પડયો. હસતાં હસતાં તેણે કહ્યું. " આવી સીધી અને સાદી વાત કહેતાં આટલી બધી વાર શી લગાડી ? પણુ તમે એમ માનો છો કે ચંદ્રમણીની સાથે મૈત્રી બાંધવાથી હું તમને ભૂલી જઇશ ?"

" ના, એમ તો નહિ." લુણુસિંહે પણુ હસતાં હસતાં કહ્યું." પણુ કદાચ સ્નેહમાં વધારો ઘટાડો તો અવસ્ય થશે."

" એ વળી વધારા ઘટાડાનો મર્મ શો કર્યો ?" વીસળે પૂછ્યું.

" કર્ણાટક નરેશની કુંવરી ચંદ્રમણીને તમે પરણુશો, એટલે મારી સાથેના સ્નેહમાં કાંઇ ન્યુનતા નહિ થાય ?" લુણુસિંહે સીધો જવાબ આપવાને બદલે સામો સ્વાલ કર્યો.

" પ્રિય મિત્ર ! એથી તમારી સાથેના પ્રેમમાં ન્યુનતા થવાનું કાંઈ કારણુ નથી. ચંદ્રમણી મારી પત્ની થશે; તમે મારા મિત્ર છો. પત્ની અને મિત્રનો સ્નેહ જુદા જુદા પ્રકારનો હોય છે, એ શું તમે જાણુતા નથી કે ચંદ્રમણી સાથે પરણુવાથી આપણુા મૈત્રી સંબંધમાં ન્યુનતા આવી જશે, એમ તમે માની બેઠા છો ?" વીસળે જવાબ આપવાની સાથે પ્રશ્ન કર્યો.

"ના, હું એમ માનતો નથી." લુણસિંહે ઉત્તર આપ્યો. "હું તો તમારી સહજ મશ્કરી કરતો હતો."

"ઠીક." વીસળે એમ કહીને પૂછ્યું. "પણ મિત્ર લુણસિંહ! તું કોઇ નવયુવાન બાળાને ચાહે છે કે નહિ? તેં તારૂં દિલ કોઈ યુવતીને અર્પણ કર્યું છે કે નહિ?"

"રાજકુમાર!" લુણસિંહે ગંભીરતાથી જવાબ દેતાં કહ્યું. "કોઇને ચાહવું કે દિલ અર્પણ કરવું, એ સહજ વાત નથી. પ્રેમનો માર્ગ ઘણો વિકટ છે."

"તારૂં કહેવું ખરૂં છે." વીસળે કહ્યું. હું પણ જાણું છું કે પ્રેમનો પંથ ઘણો વિકટ છે; પરંતુ મેં જે પ્રશ્ન પૂછયો છે, એનો સિધો જવાબ આપવાને બદલે પ્રેમના મહત્ત્વની વાત શા માટે કરે છે?"

"તમારા પ્રશ્નનો જવાબ આપવાને હું કયાં ના પાડું છું? લુણસિંહે કહ્યું. હું પણ તમારી જેમ એક નવજુવાન બાળાને ચાહું છું."

"ઘણી ખુશીની વાત." વીસળે આનંદ પ્રદર્શિત કરીને કહ્યું. "પણ તમારાં લગ્નને શી વાર છે?"

"હજી અમારો પ્રેમ ગુપ્ત છે. અમે અમારાં માતપિતાને એથી જાણીતાં કર્યાં નથી." લુણસિંહે જવાબ આપ્યો.

જવાબ આપતી વારે સ્વાભાવિકરીતે લુણસિંહની નજર, સામેથી ચાલી આવતી એક વ્યકિત ઉપર પડી. તેણે તરતજ કહ્યું. "નાગડ મહેતા આ તરફ આવે છે."

એ દરમ્યાન નાગડ નજીક આવી પહોંચ્યો. વીસળે તેના તરફ જોયું અને નાગડે લુણસિંહ ઉપર નજર નાંખીને પૂછ્યું. "શી વાત ચાલે છે રાજકુમાર!"

વીસળને નાગડનો એ પ્રશ્ન ગમ્યો નહિ. તેણે તરતજ ઉત્તર આપ્યો. "બે મિત્રો ભેગાં થઇને જે વાત કરે, તે વાત અમે કરીયે છીયે. યુવાન મિત્રોની વાતો કંઇ ખાસ જાણવા જેવી હોતી નથી."

"ખરૂં છે." નાગડે મુખ ઉપર હાસ્ય લાવીને કહ્યું. "તમારી અને લુણસિંહની મૈત્રી અંતઃકરણની છે, એ હું સારી રીતે જાણું છું."

નાગડે એમ કહીને લુણસિંહ તરફ જોયું. પણ લુણસિંહ સ્વસ્થતાથી બેઠો હતો. નાગડનાં આગમનથી તેને જરા પણ ક્ષોભ થયો નહોતો.

"હા, અમે બન્ને ખાસ મિત્રો છીએ." વીસળે કહ્યું. "પણ તમે અત્યારે કયાંથી આવી ચડયા? પિતાજી પાસે ગયા નથી કે શું?"

"ત્યાંથીજ ચાલ્યો આવું છું" નાગડે જવાબ આપ્યો. "રાજાજી રાણીવાસમાં ગયા અને હું આ તરફ બાગમાં આવ્યો. ઘણા દિવસો થયા તમારી મુલાકાત થઈ નહોતી; તેથી મુલાકાત થાય તો ઠીક, એમ ઇચ્છા હતી અને તે અત્યારે આ રીતે પાર પડી."

"બહુ સારૂં." વીસળે રૂક્ષ મનથી કહ્યું. "પણ ઉભા છો કેમ? આવો; આંહી બેસો."

નાગડને એટલુંજ જોઇતું હતું. તે તીવ્ર દ્રષ્ટિથી લુણસિંહના સામે જોઇ તેની તથા વીસળની વચ્ચે બેઠો.

નાગડની રીતભાત ઉપરથી લુણસિંહ સમજી ગયો હતો કે તે રાજકુમારને કાંઇ વાત કહેવાને આવ્યો છે; પરંતુ તેની હાજરીને લીધે કહી શકતો નથી.

નાગડ બેઠો કે તરતજ લુણસિંહ ઉભો થયો. તેણે વીસળને ઉદ્દેશીને કહ્યું. "હું થોડી વારમાં જઇને આવું છું. દરમ્યાન તમે નાગડ મહેતાની સાથે વાત કરી લો."

એમ કહીને તે તરતજ ચાલ્યો ગયો. વીસળ તથા નાગડ બન્ને એ યુવાનના ગૌરવયુક્ત ચાલને જોઇ રહ્યા.

લુણસિંહ દેખાતો બંધ થયો એટલે નાગડે વીસળના સામે ધ્યાનપૂર્વક જોયું. કેમ જાણે તે એનાં દિલની ગુપ્તમાં ગુપ્ત વાત જાણી લેવાનો પ્રયાસ કરતો હોય નહિ?

ક્ષણવાર રહી નાગડે કહ્યું. "રાજકુમાર! સાંભળ્યું છે કે યુવરાજ વીરમદેવ પાટણમાં એક અજાણી રમણીના મોહમાં ફસી પડ્યા છે."

વીસળ કેવળ શાંત ભાવથી જેમનો તેમ બેસી રહ્યો.

"એટલુંજ નહિ પણ તે સ્વામીદ્રોહી સરદાર જયંતસિંહ અને મહાસામંત ત્રિભુવનપાળના પક્ષમાં ભળ્યા છે." નાગડે આગળ ચલાવ્યું.

એ હકીકત સાંભળીને વીસળ સ્વસ્થતા સાચવી શકયો નહિ. તે કાંઇ બોલ્યો તો નહિ; પરંતુ તેનાં મુખ ઉપર જીજ્ઞાસા, આશ્ચર્ય અને કાંઈક દિલગીરીની લાગણીઓ સ્પષ્ટ જણાવા લાગી.

":અને ધોળકાનાં રાજ્યતંત્ર વિરૂદ્ધ કાવત્રું રચતા તે પકડાઇ ગયા છે." નાગડે જરા ભાર દઇને કહ્યું.

વીસળની જીજ્ઞાસા વધી ગઇ. તેણે તરતજ પૂછ્યું. "કોણે પકડ્યા, મહારાજા ભીમદેવે?"

" ના; તમારા દાદા લવણપ્રસાદે." નાગડે ઉત્તર આપ્યો.

" આ વાત તમારા જાણવામાં ક્યારે આવી ? " વીસળે પ્રશ્ન કર્યો.

" ગમે ત્યારે આવી; પરંતુ એ વાત તમને કહેવાને માટે હું આંહી આવ્યો છું, એ હવે તમારા સમજવામાં આવ્યું હશે."

વીસળનાં મુખ ઉપર સંતોષની લાગણી તરી આવી. તેણે પૂછ્યું- " અને પછી શું થયું ? "

" પછી જે થયું હોય, તે ખરૂં." નાગડે તરતજ જવાબ આપ્યો. " પણ એ બનાવથી તમને ઘણો લાભ થયો છે."

" મને ? " વીસળે અજાયબીથી પૂછ્યું.

" હા, તમનેજ." નાગડે ભારપૂર્વક કહ્યું.

" શી રીતે ? " વીસળે પુનઃ પણ અજાયબીથીજ પૂછ્યું.

" શી રીતે કેમ ? " નાગડે કહ્યું. " એક તો મૂળ રાજાજીની વીરમદેવ ઉપર કૃપા નહોતી અને તેમાં આ બનાવ બન્યો એટલે પછી તેમની અવકૃપાનું પૂછવુંજ શું ? "

" પિતાજી આ વાતને જાણે છે ખરા ? " વીસળે પ્રશ્ન કર્યો.

" ચોક્કસ. " નાગડે તરતજ જવાબ આપ્યો.

" પણ એથી મને શો લાભ થવાનો છે કિંવા થયો છે? એ મારા સમજવામાં આવતું નથી." રાજકુમારે નાગડની વાતને નહિ સમજી શકવાથી કહ્યું.

" એથી તમને ઘણો મોટો લાભ ભવિષ્યમાં થવાનો છે. રાજાજીનો તમારા ઉપર ઘણો પ્રેમ છે અને રાજ્યના અધિકારીઓ તથા પ્રજાજનો પણ તમને ચાહે છે. એ હકીકત ધ્યાનમાં લેતાં તથા બીજી બાજુ વીરમદેવ રાજ્યવિરૂદ્ધ કાવત્રામાં સામેલ થવાથી રાજદ્રોહી ઠરે છે, એનો વિચાર કરતાં યુવરાજપદ તમને મળવાનું એ ચોક્કસ છે." વીસળે સ્પષ્ટ ઉત્તર આપ્યો.

વીસળ નાગડનો ઉત્તર સાંભળીને વિચારમાં પડી ગયો.

નાગડે એને વિચારમાં પડેલો જોઈને કહ્યું. " રાજકુમાર ! એમાં વિચાર કરવા જેવું શું છે ? વીરમદેવ કરતાં તમે યુવરાજપદને વધારે લાયક છો અને વળી પાટણમાં આવો બનાવ બન્યો એટલે યુવરાજપદના તમે અધિકારી થઇ ચુકયા છો."

વીસળ હજી પણ વિચાર કરતો હતો. તેથી નાગડે

જાણ્યું કે વીસળને ભોળવવાનો અત્યારે બરોબર સમય છે. તેણે તરતજ કહ્યું. " વળી અમે મંત્રીઓ પણ તમનેજ યુવરાજ જોવાને ઇચ્છીએ છીએ, એ તમે કયાં જાણતા નથી કે મારી વાતમાં શંકાને સ્થાન આપો છો ? ખુદ મહામાત્ય વસ્તુપાળ પણ તમારા પક્ષમાં છે અને તે તમનેજ રાજાજી પછી રાજ્યના ઉત્તરાધિકારી બનાવવા માગે છે. તમારા મિત્ર લુણુસિંહે તમને એ હકીકત કોઇ દિવસ કહી નથી ? "

નાગડે કહ્યું તે પ્રમાણે વસ્તુપાળ કરવા માગે છે કે નહિ, એ વીસળના જાણવામાં આવ્યું નહોતું; પરંતુ વસ્તુપાળ અને તેના બંધુ તેજપાળનો એના ઉપર ઘણો સ્નેહ હતો, એ તે જાણતો હતો અને યુવરાજ કરતાં પણ વધારે માનપાનથી તેની સાથે તેઓ વર્ત્તતા હતા, એ તેના સમજવામાં આવ્યું હતું. નાગડનાં કથનથી આજ એક નવી હકીકત વીસળના જાણવામાં આવી. વીસળ જાણતો હતો કે રાજ્યનો ખરો હકદાર વીરમ છે; પરંતુ વીરમ કરતા તેને બધા વધારે ચાહતા હતા અને તેનું માન સારી રીતે સાચવતા હતા. એ પ્રત્યક્ષ કારણથી તથા નાગડે કહેલા પાટણમાં બનેલા બનાવનાં કારણથી આ વખતે વીસળને એમ તો થયું કે માતપિતાની કૃપા તથા અધિકારીઓની સહાયથી તેના માટે યુવરાજ બનવું, એ કંઇ અશકય નહોતું.

કેટલોક સમય વિચાર કરી વીસળે કહ્યું. " લુણુસિંહે મને એવી વાત કોઈ દિવસ કરી નથી; કારણ કે અમે બનતાં સુધી રાજકીય વાત કરતાજ નથી."

" તો આજથી મેં જે કહ્યું, એમાં વિશ્વાસ રાખો." નાગડે કહ્યું અને પછી આસપાસ જોઇ ધીમેથી પૂછ્યું. " પણ તમે મારી એક વાત સાંભળશો કિંવા માનશો ? "

વીસળ જીજ્ઞાસાયુક્ત વૃત્તિથી નાગડના સામે જોઇ રહ્યો.

નાગડે ધીમેથી કહેવા માંડયું. " વસ્તુપાળ મહેતા તમારા પક્ષમાં છે, તમને ચાહે છે અને લાગ મળે તો તમને યુવરાજ બનાવી દેવાને પણ ઇચ્છે છે; પરંતુ એમ કરવામાં તેનો આશય કેવળ જૂદોજ છે અને તે માત્ર હું એકજ જાણું છું."

નાગડ જેવા પાકા ખટપટી મંત્રીની નવી નવી વાત સાંભળીને વીસળ કેવળ મુંઝાઇ ગયો હતો અને તેથી તેણે બોલવા કરતાં સાંભળવાનુંજ વધારે પસંદ કર્યું.

નાગડે આગળ ચલાવ્યું. યુવરાજ વીરમદેવ ક્રોધી અને અભિમાની છે અને તેથી તેને તમારા પિતા વીરધવળની જેમ પોતાના કબજામાં

રાખી શકાશે નહિ, એ વસ્તુપાળ સારી રીતે સમજે છે. તમે શાંત અને ગંભીર છો અને તેથી તમને યુવરાજ બનાવવામાં આવે, તો તમે તેના કબજામાં રહો, એમ પણ તે સમજે છે. તમને યુવરાજ બનાવી તથા મહારાજ કુમારપાળની જેમ જૈનધર્મની દીક્ષા આપી વસ્તુપાળ જૈનધર્મની પ્રબળ ઉન્નતિ કરવાની ઇચ્છા રાખે છે. આ ઉપરથી વસ્તુપાળ તમને યુવરાજ બનાવવાને શા માટે ઇચ્છે છે, એ તમે સમજી શકયા હશો."

વીસળ નાગડનું કથન એક ધ્યાને સાંભળી રહ્યો હતો.

"અને હું તથા મારા પક્ષના મંત્રીઓ અને સરદારો પણ તમને યુવરાજ બનાવવાને ચાહીયે છીએ. પરંતુ તે તમારી સંપૂર્ણ સ્વતંત્રતા સાચવીને તથા તમને કેવળ ધોળકાના નહિ; કિન્તુ સમસ્ત ગુજરાતના મહારાજા બનાવવાને માટેજ. વળી તમારો અને અમારો ઉભયનો ધર્મ એકજ છે; આપણા ધર્મની ઉન્નતિ કરવી, એ આપણી ફરજ છે." નાગડે ધીમા પણ દૃઢ અવાજથી કહ્યું.

વીસળ જાણતો હતો કે મહામાત્ય વસ્તુપાળ અને સેનાનાયક તેજપાળ પોતાના પક્ષમાં છે; પરંતુ નાગડની વાત સાંભળીને એ અનુભવહિન યુવાન રાજકુમારનાં મનમાં તેમના માટે શંકાને સ્થાન મળ્યું અને તે સાથેજ તેને એવો વિચાર પણ થયો કે વસ્તુપાળ તથા તેજપાળ જેવાના પક્ષમાં સ્વતંત્રતા ગુમાવીને રહેવું, તે કરતાં સ્વતંત્રતા સાચવીને નાગડના પક્ષમાં રહેવું વધારે ઉત્તમ છે. પણ તેણે બોલવાનું કે ઉત્તર આપવાનું પસંદ કર્યું નહિ.

"અને રાજકુમાર ! તમારે વસ્તુપાળ કે તેજપાળ કોઇનાથી પણ દબાવાની અગત્ય નથી. હું અને સરદારસિંહ તમારા પક્ષમાં છીએ, એટલે પછી તમારે બીજાની દરકાર શા માટે રાખવી જોઇએ ? ભવિષ્યમાં અમે તમને પાટણના મહારાજા બનાવશું, એ નિશ્ચિત છે."

નાગડ એટલું દૃઢતાથી કહીને ઉઠયો. તે ક્ષણવાર વીસળના સામે એક નજરથી જોઇ રહ્યો. તે પછી તેણે કહ્યું. "રાજકુમાર ! અત્યારે મેં તમને જે હકીકત કહી છે, તે ઉપર પૂરતો વિચાર કરજો અને મારા કથનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખજો. હું હવે જાઉં છું."

એ પ્રમાણે કહીને નાગડ ત્યાંથી ચાલ્યો ગયો અને પાછળ રાજકુમાર વીસળ વિચાર–સાગરમાં ગોથાં ખાવા લાગ્યો.

# પ્રકરણ ૨૪ મું.

## દૃષ્ટિમીલનનું પરિણામ.

એક સમયનો ઉડાઉ, સ્વચ્છંદી અને મનમોજી જયદેવ હવે ઉદાર, સંયમી અને શાંત બની ગયો હતો. તેની પત્ની પદ્માનાં મીલનથી, તેના સહવાસથી અને તેનાં ઉત્તમ ચારિત્રથી બધા ઉન્માદને છોડી તે સુખી જીવન ગુજારતો હતો. અને એકવારની પરિત્યકતા તથા દુઃખિની પદ્મા પતિનો પ્રેમ પ્રાપ્ત થવાથી પરમ સુખી થઇ હતી. જયદેવ હવે ખંભાતનો વહીવટી અધિકારી રહ્યો નહોતો; પરંતુ ભૃગુકચ્છનો મુખ્ય અધિકારી બન્યો હતો અને પોતાની પ્રિયા પદ્મા સહિત ભૃગુકચ્છમાંજ રહેતો હતો. જયદેવની ન્યાયબુદ્ધિ અને ધાર્મીક વૃત્તિથી તેના તાબાના પ્રદેશની પ્રજા સુખી અને સંતોષી હતી તથા જયદેવ જેવો સુયોગ્ય અધિકારી મળવાથી પોતાને ભાગ્યશાળી માનતી હતી. જયદેવ અને પદ્મા નિરંતર અનુપમાનો ઉપકાર માનતા હતા; કારણકે તેની ચાતુરીથી તેઓ સુખી થઈ શકયા હતા. દેવીસ્વરૂપા અને સદ્‌ગુણી નારીથી સંસાર સ્વર્ગ બને છે, એ કોનાથી અજાણ્યું છે ?

ભૃગુકચ્છના શ્રાવક રાજચંદ્રની પુત્રી યશોમતી અને પદ્મા ઉભય સમાન વયની હતી અને તેમની વચ્ચે સજ્જડ સખીભાવ હતો. યશોમતી ઘણુંખરૂં પદ્માની પાસેને પાસેજ રહેતી હતી અને તેને પોતાની માતા કરતાં પણ વિશેષ ચાહતી હતી. પદ્માને યશોમતી જેવી ઘણી સખીઓ હતી; પરંતુ તેનો સર્વથી વધારે પ્રેમ યશોમતી ઉપર હતો. યશોમતી યૌવનાવસ્થાને પામી હતી; તોપણ તેનો સ્વભાવ, તેની રહેણી–કરણી અને તેનું ચારિત્ર દશ વર્ષની સરલ બાલિકા સમાન હતું. સંસારની માયા અને તેનાં બંધનનો કડવો અનુભવ એ સરલ હૃદયા બાળાને સહજ પણ થયો નહોતો. તેનું કોમળ અંતઃકરણ જગતની જંજાળ નિહાળીને દુઃખાતું હતું અને મનુષ્યોના ખોટા વૈભવ અને વિલાસ જોઇને શરમાતું હતું. યશોમતીએ આટલી ઉમ્મરમાં ધાર્મિક અભ્યાસ પણ સારી રીતે કર્યો હતો અને તેથી તેનાં ચિત્તમાં વૈરાગ્યવૃત્તિનું બીજારોપણ થયું હતું. કોઇ પુરૂષની સાથે પરણીને જીવનને સંકુચિત મર્યાદામાં મૂકી દેવું તેના કરતાં કુંવારી અવસ્થામાં રહી જીવનને સ્વતંત્ર રાખવું એવી યશોમતીની આંતરિક ઇચ્છા હતી.

આ સરલ અને સ્વતંત્ર હૃદયની બાળા યશોમતીનાં સૌંદર્યનું

વર્ણન કરવાની અગત્ય નથી. જેનાં મુખ ઉપર સદા મીઠું હાસ્ય રમી રહ્યું છે, જેની આંખોમાં હમેશાં દૈવી તેજ રહેલું છે, જેની વાણીમાંથી સદૈવ અમૃત ઝરે છે અને જેનું વર્ત્તન નિશદિન શુદ્ધ છે, એવી નિર્દોષ હૃદયની બાળાનાં સૌંદર્યનું, તેનાં લાવણ્યનું શું વર્ણન કરવું ? ભલા, કોઈ સૌંદર્યની વ્યાખ્યા કહી બતાવશો ? કોઇ લાવણ્યના વખાણ કરી બતાવશો ? સૌંદર્ય અને લાવણ્ય શું મસ્તકના કાળા વાળમાં છે ? ઉજ્જવળ કપાળમાં છે ? ભરેલા ગાલોમાં છે ? મદભર નયનોમાં છે ? સરલ નાસિકામાં છે ? ગુલાબી ઓષ્ટમાં છે ? ઉન્નત સ્તનમાં છે ? કમળદંડ સમાન બાહુમાં છે ? કોમળ કરમાં છે ? કૃષ ઉદરમાં છે ? સ્થુલ નિતંબમાં છે ? કદળી સમાન જંઘામાં છે ? નાજુક ચરણમાં છે ? કે અતિ ગોરાં બદનમાં છે ? કોઈ અનુભવી વાચક મહાશય કહેશે કે સુંદરીનું ખરૂં સૌંદર્ય શરીરના કયા ભાગમાં રહેલું છે ? લેખક માને છે કે સુંદરીનું સાચું સૌંદર્ય અને તેનું લલિત લાવણ્ય મનની નિર્દોષતા, વચનની નિર્મળતા અને કાયાની શુદ્ધતામાં રહેલું છે. યશોમતીમાં આ બધું હતું અને તેથી તે ગોરી હતી કે કાળી અથવા તો સાંવરી હતી કે ઘઉંવર્ણી, એ કહી દર્શાવવાની શી અગત્ય છે ભલા ?

પણ હમેશાં હસતી અને રમતી યશોમતી આજ પદ્માના આવાસે આવી, ત્યારે ઉદાસ અને ગંભીર હતી. તે આવી અને પદ્માને મળી. પદ્મા નિત્યના નિયમ મુજબ તેને ભેટી પડી; પણ આ શું ? યશોમતીનાં મુખ ઉપર સરલતાને બદલે ગંભીરતા કેમ જોવામાં આવે છે ? એથી પદ્માને સહજ આશ્ચર્ય થયું અને તેણે જીજ્ઞાસાપૂર્વક પૂછ્યું.

" યશોમતી ! આજે તું ઉદાસ કેમ જણાય છે ? શું તારૂં શરીર કાંઇ અસ્વસ્થ છે ? "

યશોમતી એ પ્રશ્નનો ઉત્તર જાણતી નહોતી એટલે શો જવાબ આપે ?

પદ્મા તેને પલંગ ઉપર બેસારી તેની પાસે બેઠી અને તેણે તેનાં મસ્તકે પોતાનો કોમળ કર ફેરવતાં ફેરવતાં કહ્યું. " વ્હાલી યશોમતી ! તને શું થયું છે ? તું કેમ કાંઇ બોલતી નથી ? "

યશોમતી માત્ર નીચું જોઇને બેઠી હતી. પદ્માના પ્રશ્નનો શો ઉત્તર આપવો, એ વિષે તે વિચાર કરતી હતી.

પદ્માએ તેને પોતાની મૃદુ બાથમાં લઇ અતિ વ્હાલપૂર્વક કહ્યું. " પ્રિય સખી ! કોઈ દિવસ નહિ અને આજેજ તું આટલી ગંભીર અને ઉદાસ કેમ જણાય છે ? શું કોઇએ તને કાંઇ કહ્યું છે કે કોઇની સાથે

તારે ક્લેશ થયો છે ? ખરી હકીકત શું છે, તે મને નહિ કહે, તો બીજા કોને કહીશ ?"

પદ્માનાં વ્હાલભર્યાં વર્તનથી યશોમતીનાં વિશાળ નયનોમાં મુક્તાફળ જેવાં અશ્રુબિન્દુઓ ઉભરાઇ ગયાં. પદ્માને એથી વધારે આશ્ચર્ય થયું. તેણે વસ્ત્રના પાલવવડે તેનાં આંસુઓને લૂછી નાંખતાં પૂછ્યું "યશોમતી ! તું શા દુ:ખથી રૂવે છે ? રડવાનું કારણ શું છે ?"

યશોમતીએ અચકાતાં અચકાતાં જવાબ આપ્યો. "હું તમને શો ઉત્તર આપું, પદ્મા બ્હેન ? હું પોતેજ જાણુતી નથી કે મને આજે શું થયું છે ?"

"પણ તારી આવી દશા ક્યારથી થઇ છે, એ તો તું જાણે છે ને ?" પદ્માએ તેના ઉત્તરથી અજાયબીમાં ગરકાવ થઈ જતાં પૂછ્યું.

"એ તો હું જાણું છું." યશોમતીએ ઉત્તર આપ્યો. "ગઇ કાલે આંહીથી હું મારા આવાસે ગઇ, ત્યારથી મારી આવી દશા થયેલી છે; પરંતુ તે શાથી થઇ છે, એ મારા સમજવામાં આવતું નથી."

"પ્રિય સખી !" પદ્માએ પ્રશ્ન કર્યો. "તારો ધાર્મિક અભ્યાસ ઘણો સારો છે. તેનાં મનન અને નિદિધ્યાસનથી પણ તારી માનસિક કે શારીરિક અવસ્થામાં કાંઇ ફેર પડયો નહિ ?"

"નહિજ." યશોમતીએ માત્ર એટલોજ ઉત્તર આપ્યો.

પદ્માએ ક્ષણુવાર વિચાર કરીને કહ્યું. "ત્યારે વ્હાલી યશોમતી ! મારી માન્યતા પ્રમાણે તને કોઇ નવયુવકની નજર લાગેલી છે."

એક નવયુવકને જોવા માત્રથી મનની અને શરીરની વિપરિત સ્થીતિ થતી હશે, એવી કલ્પના પણ યશોમતીને નહોતી અને તેથી તેણે પોતાનાં મુખને ઉન્નત કરીને પૂછ્યું. "તમે શું કહો છો, એ હું સમજતી નથી. કોઇ નવયુવકને જોવા માત્રથી અથવા તો એની નજર આપણી નજર સાથે મળવાથી યુવતીનાં મન અને શરીરની શું આ દશા થતી હશે ?"

"નજરમાં કેટલું ઝેર અને આકર્ષણુ રહેલું છે, એનો તને અનુભવ નથી. તું ઘણી ભોળી છે. સંસારની માયા અને તેનાં વિચિત્ર સ્વરૂપનું તને જ્ઞાન નથી અને તેથી તને મારી માન્યતા વિષે આશ્ચર્ય થાય છે; પરંતુ સખી ! એમાં આશ્ચર્ય પામવાનું કાંઇ કારણુ નથી; કારણુકે નજર કિંવા દૃષ્ટિનું આકર્ષણુ અજબજ હોય છે." પદ્માએ ડહાપણુથી કહ્યું.

" ત્યારે ગઈ કાલે આંહીથી જતાં એક યુવક બેઠકના ખંડમાં બેઠો હતો અને તેની નજર સાથે મારી નજર મળી હતી. તે વખતથીજ—હા એ વખતથીજ મારૂં શરીર અને મન બન્ને અસ્વસ્થ બની ગયાં છે. મને કોઇ પણ સ્થળે ચેન પડતું નથી. " યશોમતીએ સ્પષ્ટતાથી કહ્યું.

પદ્મા એ સાંભળીને હસી. હસતાં હસતાં તેણે કહ્યું " યશોમતી ! હવે બધી વાત મારા સમજવામાં આવી ગઇ છે. એ યુવકની નજર સાથે નજર મળવાથી માત્ર તારીજ આવી અવસ્થા થઈ છે, એમ નહિ; પરંતુ એ યુવકની પણ તેવીજ અવસ્થા થઇ છે. તે પણ તારી પેઠે ઉદાસ અને ગંભીર જણાય છે અને આજે ભોજન સમયે પૂરૂં જમ્યો પણ નથી. "

યશોમતીને પદ્માનું કથન આશ્ચર્યજનક લાગ્યું. તેણે તરતજ પૂછ્યું. "પણ, પદ્મા બ્હેન ! એથી એમ થવાનું એટલે કે બન્નેની વિપરિત સ્થીતિ થવાનું શું કારણ હશે, એ મારા સમજવામાં આવતું નથી. "

" એનું કારણ તારા જેવી અજ્ઞાન અને અનુભવહિન બાળાના સમજવામાં ન આવે, તો એમાં કાંઇ નવાઇ નથી. " પદ્માએ કહ્યું.

યશોમતીની વિશાળ આંખો વધારે વિશાળ થઈ. તેણે સહસા પૂછ્યું. " શું હું અજ્ઞાન અને અનુભવહિન છું ? "

" અલબત. " પદ્માએ તરતજ જવાબ આપ્યો. " સંસારની માયા અને જગતની જંજાળથી તું કેવળ અજ્ઞાનજ છે. તને સ્ત્રી—પુરૂષના સ્વાભાવિક વ્યવહારનો અનુભવ નથી. તેં ઉંચા પ્રકારની કેળવણી લીધી છે તથા ધર્મનો મર્મ અને શાસ્ત્રનાં રહસ્યને જાણ્યાં છે; પરંતુ સમાજમાં રહેનાર સ્ત્રી પુરૂષ તેના વ્યવહાર અને માનવ પ્રાણીના સ્વભાવ સિદ્ધ વ્યવહારને સમજવાની ખાસ જરૂર છે. તું એનાથી કેવળ અજ્ઞાન છે અને તેથી તને મારા કથનથી આશ્ચર્ય થાય છે. "

" તમારી માન્યતા મુજબ હું અજ્ઞાન અને અનુભવહિન હોઉં, હોઉં; મને તમારા સંસાર અને સમાજનાં સાંકડાં બંધારણો અને સદૈવ અશાંતિ તથા જીવનની ખોટી દોડધામમાં પડેલાં માણસોના વ્યવહારનાં જ્ઞાનની દરકાર નથી. " યશોમતીએ જુસ્સાપૂર્વક કહ્યું. " મારે ક્યાં તમારી જેમ પરણીને સંસાર માંડવો છે કે હું એવા મિથ્યા જ્ઞાનની દરકાર રાખું ? "

" ત્યારે શું તું જીવન પર્યંત કુમારી અવસ્થામાંજ રહેવાને ઇચ્છે છે ? " પદ્માએ પ્રશ્ન કર્યો.

" અવશ્ય. " યશોમતીએ સ્વાભાવિક રીતે ઉત્તર આપ્યો.

પણ પદ્મા એના ઉત્તરથી હસી પડી. હસતાં હસતાં તેણે કહ્યું. " યશોમતિ ! એક યુવકનાં માત્ર દૃષ્ટિમીલનથી તારાં શરીર અને મનની વિપરિત દશા બની ગઈ છે, એ છતાં તું જીવનપર્યંત કુમારી અવસ્થામાં રહેવાનું કહે છે, એ મોટી અજાયબીની વાત છે. હું જોઉં છું કે તારો એ નિશ્ચય ક્યાંસુધી ટકી રહે છે ? "

" ત્યારે શું તમે એમ ધારો છો કે હું કોઇ પુરૂષની સાથે પરણીને તેની ગુલામ બની જઇશ ? " યશોમતીએ પ્રશ્ન કર્યો.

" હું શું ધારીશ; પણ તારાં મન અને શરીરની સ્થીતિજ એવી થતી જાય છે કે તું પરણીશ. એટલુંજ નહિ પણ તારા પતિની કેવળ ગુલામ બનીનેજ રહીશ. " પદ્માએ ઉત્તર આપ્યો.

" તો પદ્મા બ્હેન ! એમ ધારવામાં તમારી ભૂલ થાય છે " યશોમતીએ કહ્યું. " હું ચંચળ મનના, કપટી, મિથ્યાવાદી અને મુખે મીઠું મીઠું બોલનાર પુરૂષનો કદિ પણ સંગ કરવાની નથી, એ નિશ્ચયથી માનજો. મારો પતિ, મારો આત્મા અથવા તો ત્રણ લોકનો નાથ પરમાત્માજ છે અને હું તેનીજ ગુલામ બનીને જીવનને ગુજારીશ; પરંતુ કોઇ પુરૂષની ગુલામ તો બનવાની નથી તે નથીજ. "

યશોમતીની થોડી વાર પહેલાની સ્થિતિ અને અત્યારનો તેનો જુસ્સો જોઇને પદ્માને આશ્ચર્ય થયું નહિ. તે જાણતી હતી કે જુવાનીનો જુસ્સો સંધ્યા સમયના ચિત્રવિચિત્ર રંગ જેવોજ હોય છે.

પદ્માએ ધીમે રહીને કહ્યું. " યશોમતી ! તારા વિચારો ઘણા સારા છે. કોઈ પુરૂષની સાથે પરણીને સ્વતંત્ર જીવનની મજા ગુમાવવી, એ ઇચ્છવા યોગ્ય નથી. તારા જેવી ભણેલી અને ધાર્મિક જ્ઞાનને જાણનારી બાળાએ સંસારના મોહમાં પડી પરમાત્માની ભક્તિ અને આત્મવિકાસનાં ખરાં કર્ત્તવ્યને ભૂલી જવું, એ ઠીક કહેવાય નહીં અને તેથી તારા ઉત્તમ નિશ્ચયને માટે હું તને ધન્યવાદ આપું છું અને ઇચ્છું છું કે તારી મનકામના પૂર્ણ થાઓ; પરંતુ સખી ! તારો એ નિશ્ચય, થોડીવાર પહેલાની તારી અવસ્થાનો વિચાર કરતાં, એમને એમ ટકી રહેશે કે નહિ, એ સંબંધમાં મને શંકા છે. "

યશોમતીને પહેલાની અવસ્થા યાદ આવતાં સહજ ગ્લાનિ ઉત્પન્ન થઇ. તેને પોતાની નિર્બળતા માટે સહજ ક્રોધ પણ થયો. તો પણ તેણે શાંતિથી કહ્યું. " તમને એવી શંકા થાય, એ સ્વાભાવિક છે; કારણ કે

તમે પરણેલાં છો. પણ પદ્મા બ્હેન ! તમે તમારી આગલી અવસ્થા કેમ ભૂલી જાઓ છો ? જયદેવ મહેતાએ વિના કારણ તમારો ત્યાગ કરીને જે દુઃખ આપ્યું હતું, તે તમને યાદ રહ્યું નથી કે મને આડકતરી રીતે પરણવાનો આગ્રહ કરી રહ્યા છો ?"

"સખી ! મારી એ સ્થીતિ મને યાદ નથી એમ નથી; પરંતુ સંસારમાં રહેનારાં સ્ત્રી પુરૂષને માટે પરણવું એ કેવળ સ્વાભાવિક છે. સ્ત્રી અને પુરૂષે પરસ્પરને જીવન અર્પણ કરી આ દાવાનળ સમાન સંસારમાં સ્વર્ગનો અનુભવ કરવો, એ જરૂરનું છે. લગ્ન એ ધાર્મિક બંધન છે અને એમાં જીવનની મજા છે. સ્ત્રી કે પુરૂષે કુંવારા રહેવું હોય તો સંસારનો ત્યાગ કરી સાધુ બનવું જોઇએ." પદ્માએ કહ્યું.

"તો હું સંસારનો ત્યાગ કરી સાધ્વી બનીશ." યશોમતીએ કહ્યું.

"ઠીક, પણ જે યુવકની સાથે તારૂં દ્રષ્ટિમીલન થયું છે, તે યુવકનું શું થશે, એની તને કાંઈ કલ્પના થાય છે ખરી ?" પદ્માએ પ્રશ્ન કર્યો.

એની કલ્પના વળી શી કરવી છે ? તે પણ સંસારનો ત્યાગ કરી સાધુ થાય." યશોમતીએ જવાબ આપતાં કહ્યું.

"ભલે, હું એને એવી સલાહ આપીશ." પદ્માએ મર્મથી કહ્યું.

"પણ મને કહેશો કે એ યુવક કોણ હતો ?" યશોમતીએ પૂછ્યું.

"એ જાણવાની તારે શી અગત્ય છે ? તારે ક્યાં એની સાથે પરણવું છે ?" પદ્માએ જવાબ આપવાને બદલે પૂછ્યું.

"એ ખરૂં; પરંતુ એની ઓળખાણ આપવામાં શી હરકત છે ?" યશોમતીએ પદ્માની વાતનો સ્વીકાર કરતાં પ્રશ્ન કર્યો.

"હરકત તો કંઇ નથી; પરંતુ એથી તને આઘાત તો નહિ થાય ને ?" પદ્માએ આ વખતે પણ સીધો જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન કર્યો.

"નહિ. એમાં આઘાત થવાનું શું છે ?" યશોમતીએ દૃઢતા પૂર્વક કહ્યું.

"એનું નામ લુણસિંહ છે." પદ્માએ ધીમેથી યુવકનું નામ કહ્યું અને એથી યશોમતી ઉપર શી અસર થાય છે, એ જાણવાના ઉદ્દેશથી તેના સામે એક ધ્યાને જોઇ રહી.

પદ્માની ધારણા મુજબ યશોમતીને લુણસિંહનું નામ સાંભળતાંજ જાદૂઈ અસર થઇ. પણ તેણે એ અસરને મુખ ઉપર ગંભીરતા આણીને

ઢાંકી દીધી અને પછી ધીરજથી કહ્યું. " લુણસિંહ એ તમારા બંધુ તેજપાળના પુત્ર કે નહિ ? "

" હા, એજ. " પદ્માએ ઉત્તર આપ્યો.

" તમે મને એના સંબંધમાં અગાઉ એક વાર કાંઇક વાત કરી હતી. " યશોમતીએ કહ્યું અને પૂછયું. " તમારા બંધુ તેજપાળ આંહી આવ્યા છે એટલે એ તેમની સાથે આવ્યા હશે ? "

" એમજ. " પદ્માએ જવાબ આપ્યો.

લુણસિંહના સંબંધમાં એથી વધારે હકીકત પૂછવાનું યશોમતીએ યોગ્ય માન્યું નહિ. તેણે આસપાસ નજર નાંખીને કહ્યું. " ત્યારે પદ્મા બ્હેન ! હવે હું રજા લઇશ. "

પદ્માએ રજા આપી એટલે યશોમતી પોતાના આવાસે જવાને નીકળી. પદ્માનાં મકાનની બહાર નીકળતાંજ તેને લુણસિંહ સામો મળ્યો. એ વખતે સ્વાભાવિક રીતેજ બન્નેની ચાર આંખો ભેગી મળી . લુણસિંહ ત્યાં ઉભો રહ્યો; પરંતુ યશોમતી ત્વરાથી ચાલી ગઈ. થોડે દૂર જઇ તેણે પાછા વળીને જોયું, તો લુણસિંહ એ સ્થળે જેમનો તેમ ઉભોજ હતો. એને જોઇને યશોમતીથી ધીમો નિઃશ્વાસ મૂકી જવાયો; પરંતુ તેને એ માટે ભારે દિલગીરી થઇ. તેણે પોતાની દૃષ્ટિ તરતજ પાછી ખેંચી લીધી અને વિના વિલંબે પોતાનાં મકાન તરફ રવાના થઇ ગઇ. સંસારની માયા અને જગતની જંજાળથી અજ્ઞાન બાળા યશોમતી ! સાવધાન રહી મનને દૃઢ અને મજબુત રાખજે; નહિ તો નિશ્ચયથી ડગી જતાં જરા પણ વાર લાગશે નહિ. વાચક મહાશયોને યશોમતી અને લુણસિંહનાં જીવનમાં બનેલી ઘટનાને માટે સમયના નિયમાનુસાર હાલ તો રાહજ જોવી ઘટે છે.

# પ્રકરણ ૨૫ મું.

## રાજા કે મહારાજા ?

ધોળકાનો રાણો વીરધવળ અને મહામાત્ય વસ્તુપાળ ધોળકા નગરની બહાર ઉપવનમાં પાંથજનોના નિવાસને માટે બંધાવેલા એક વિશાળ ભુવનના બહારના ઓટા ઉપર ઉભા હતા. સમય પ્રભાતનો હતો અને સૂર્યનારાયણનો ઉદય થયાને કેટલોક સમય વ્યતિત થઇ ગયો હતો.

રાજા અને પ્રધાન ઉભય સવારમાં વહેલા ઘોડેસ્વાર બનીને ફરવા ગયા હતા અને ત્યાંથી પાછા ફરતા થોડીવાર વિશ્રાંતિ લેવા એ સ્થળે થોભ્યા હતા. તેમના ઘોડા થોડે દૂર ઉભા ઉભા પોતાના સ્વારોની રાહ જોઇ રહ્યા હતા.

ઉદય પામતા સૂર્ય તરફ જોઇ વસ્તુપાળે **વીરધવળને** ઉદ્દેશીને કહ્યું. " રાણાજી ! આ ઉદય પામતા સૂર્યની જેમ તમારી કીર્તિ દિનપ્રતિદિન વધતી જાય છે. ઇશ્વરની કૃપાથી આપણે દરેક યુદ્ધમાં વિજય મેળવતા આવ્યા છીએ. પાટણના માંડલિકો, આસપાસના રાજાઓ અને પરમારો તથા યાદવોને આપણે મહાત કરી શકયા છીએ અને સમસ્ત ગુજરાતમાં શાંતિ અને સુવ્યવસ્થાને સ્થાપી શકયા છીએ. હાલની પરિસ્થિતિનો વિચાર કરતાં ધોળકાનું નવું રાજ્યતંત્ર સ્થાપવાનો આપણો આશય ઘણા અંશે પાર પડયો છે અને તેથી હવે મારી એવી સલાહ છે કે ધોળકાને ગુજરાતનું પાટનગર બનાવી આપે મહારાજાનાં પદને ધારણ કરવું જોઇએ. "

વીરધવળ વસ્તુપાળની સલાહ એક ધ્યાને સાંભળી રહ્યો હતો. મહામાત્યની સલાહનો વિચાર કરતાં તેને સહજ આશ્ચર્ય થયું. તેણે વિચાર કરતાં કરતાં એકવાર સૂર્ય તરફ અને એકવાર વસ્તુપાળ તરફ જોયું; પરંતુ કાંઇ ઉત્તર આપ્યો નહિ.

વીરધવળને મૌન રહેલો જોઇને વસ્તુપાળે આગળ ચલાવ્યું. " મારી સલાહ તમને યોગ્ય લાગી હોય, એમ જણાતું નથી. "

વીરધવળ હજી પણ વિચાર કરતો હતો. ઘણા સમયપર્યંત વિચાર કરવા છતાં વસ્તુપાળના કથનનું રહસ્ય તેના સમજવામાં આવ્યું ન હોય તેમ તેણે જીજ્ઞાસુ વૃત્તિથી કહ્યું. " તમે શું કહો છો, એ હું સમજી શકતો નથી. "

" મારૂં કથન તદ્દન સ્પષ્ટ છે. " વસ્તુપાળે કહ્યું. " ગુજરાતમાં ઘેર ઘેર રાણા વીરધવળના વખાણ થાય છે. તેના અમલથી પ્રજાજનો સંતુષ્ટ છે. જૈનો અને શૈવો ઉભય તમને ચાહે છે અને તમારી ધાર્મિક તટસ્થ વૃત્તિથી તમારા ઉપર ભકિતભાવ રાખે છે. આવી અનુકૂળ પરિસ્થીતિ અને આવા સુંદર સંયોગના લાભને જવા દેવો, એ રાજકીય દ્રષ્ટિએ યોગ્ય નથી. "

" પરિસ્થીતિ અને સંયોગોનો લાભ લઇ લેવો, એ તમારી સલાહ ઠીક છે; પરંતુ એથી તમારા કથનનું રહસ્ય મારા સમજવામાં આવતુ નથી. વીરધવળે પુનઃ જીજ્ઞાસાથી કહ્યું.

" મારા કથનનું રહસ્ય ઘણું સ્પષ્ટ છે. " વસ્તુપાળે કહ્યું. " ધોળકાનું રાજ્યતંત્ર સ્થાપવાનો આપણો ઉદ્દેશ ગુજરાતમાં શાંતિનું સ્થાપન કરી પાટણની પડતીમાંથી ચડતી કરવાનો હતો અને તે ઘણા અંશે પાર પણ પડયો છે અને પાટણના માંડલિકો, ગુજરાતના પ્રજાજનો અને આસપાસના રાજાઓ આપણને અનુકૂળ છે. આ કારણથી ધોળકાને ગુજરાતનું પાટનગર બનાવી તેની રાજ્યગાદી ઉપર મહારાજા તરીકે આપનો રાજ્યાભિષેક કરી દેવાની જરૂર છે. "

વીરધવળ મહામાત્યનાં કથનને હવે સમજી ગયો. તેણે ક્ષણવાર વિચાર કરીને પૂછ્યું. " પણ પાટણની રાજ્યગાદી અને ખુદ મહારાજા ભીમદેવ હજી હયાત છે અને હું તો તેમનો માત્ર એક માંડલિક રાજા છું, એ વાતને તમે કેમ ભૂલી જાઓ છો ? "

" એ વાત મારા ધ્યાનમાં છે. " વસ્તુપાળે જવાબ આપતાં કહ્યું. " પણ મહારાજા ભીમદેવે આપને પાટણની રાજ્યગાદીના ઉત્તરાધિકારી ઠરાવી યુવરાજપદ આપ્યું છે, એ વાત આપના ધ્યાનમાં હોય, એમ જણાતું નથી.

" એ વાત મારા ધ્યાન બહાર નથી. " વીરધવળે કહ્યું અને પછી પૂછ્યું. " પણ સમસ્ત ગુજરાતના માલિક અને પાટણની રાજ્યગાદીના સ્વામી મહારાજા ભીમદેવ હયાત હોવા છતાં મારો મહારાજા તરીકે રાજ્યાભિષેક શી રીતે થાય, એ હું સમજી શકતો નથી ? "

" એ હું તમને સમજાવું છું " વસ્તુપાળે કહ્યું. " મહારાજા ભીમદેવે ગુજરાતમાં અંધાધુંધી અને ખટપટ ચાલતી હોવાથી ધોળકામાં નવું રાજ્યતંત્ર સ્થાપી માંડલિક રાજાઓને મહાત કરવા અને સમસ્ત ગુજરાતમાં વ્યવસ્થા જાળવવા આપને સલાહ આપી હતી અને તે અનુસાર વર્ત્તીને આપણે એમની ઇચ્છાને પાર પાડી શક્યા છીએ. આપ વિચાર કરશો, તો જણાશે કે પાટણ વિના ગુજરાતમાં બધે શાંતિ અને વ્યવસ્થા પથરાઈ ગઇ છે અને સર્વ કોઈ આપને ગુજરાતના મહારાજા માની આપની આજ્ઞા શીર ઉપર ચડાવે છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી આપને મહારાજા બનવામાં જરા પણ હરકત હોય, એમ હું માનતો નથી. "

વીરધવળે કહ્યું. " તમારી બધી વાત ખરી છે; પરંતુ જ્યાંસુધી મહારાજા ભીમદેવની હયાતી છે, ત્યાંસુધી સ્વતંત્ર મહારાજા બનવાની મારી સહજ પણ ઇચ્છા નથી. "

પાટણની રાજ્યગાદી ઉપર મહારાજા ભીમદેવની હયાતી છે, એ વાત ધ્યાનમાં લેવા જેવી છે; પરંતુ એ તો માત્ર નામનાજ મહારાજા છે; તે રાજ્યના કોઈ પણ કાર્યમાં ભાગ લેતા નથી અને સંન્યાસીજીવન ગાળે છે, એ તમે ક્યાં જાણતા નથી ?" વસ્તુપાળે પૂછ્યું.

"એ બધી વાત ખરી; પરંતુ તમારી સલાહ માન્ય રાખવાનું મને યોગ્ય લાગતું નથી." વીરધવળે સ્પષ્ટતાથી કહી નાંખ્યું.

"મારી સલાહ માન્ય રાખવાનું આપને યોગ્ય લાગતું ન હોય, તો ભલે. મારો એ સંબંધમાં આગ્રહ નથી; પરંતુ મને એનું કાંઇ કારણ તો બતાવશોને ?" વસ્તુપાળે કારણ જાણવા માગ્યું.

"એનું કારણ ઘણું સ્પષ્ટ છે." વીરધવળે કહ્યું. "તમે ધોળકાની રાજ્યગાદી ઉપર મારો રાજ્યાભિષેક કરી મને ગુજરાતનો મહારાજા બનાવવાને ઇચ્છો છો, એ તમારી મારા પ્રત્યેની કૃતજ્ઞતા છે; પરંતુ મારામાં ગુજરાતના મહારાજા બનવાનો કશો પણ મહિમા નથી, આપણે હજી પાટણની પ્રતિષ્ટા, ગુજરાતનાં ગૌરવ અને દેશમાં શાંતિનાં સ્થાપનને માટે ઘણું કરવાનું છે. તેમજ પાટણમાં આપણી વિરૂદ્ધ છૂપી ખટપટ અને કાવત્રાં ચાલે છે, તેને પહોંચી વળવાને આપણે સાવચેત રહેવાની પણ જરૂર છે. ટુંકામાં મારૂં કહેવું એવું છે કે રાજ્યગાદી ઉપર જ્યાંસુધી મહારાજા ભીમદેવ હયાત છે અને જ્યાં સુધી આપણે આપણા આશયને સંપૂર્ણતાથી સિદ્ધ કરી શક્યા નથી, ત્યાં સુધી ગુજરાતના મહારાજા બનવા કરતાં પાટણના માંડલિક રાજા અને ધોળકાના રાણા તરીકે રહેવામાંજ મારૂં પોતાનું, વાઘેલાઓનું અને સમસ્ત ગુજરાતનું હિત સમાયેલું છે."

"મહામંડલેશ્વર લવણપ્રસાદનો આ વિષયમાં શો અભિપ્રાય છે, એ આપ જાણો છો ?" વસ્તુપાળે સ્વાલ કર્યો.

"ના; કારણકે મારે અને તેમને એ વિષય સંબંધી કદિ પણ વાત થયેલી નથી. ગુજરાતના મહારાજા બનવાનો મેં કદિ વિચાર પણ કર્યો નથી." વીરધવળે ઉત્તર આપ્યો.

"તો પછી આપણે તેમનો અભિપ્રાય તો જાણવો પડશે." વસ્તુપાળે કહ્યું.

"તેમનો અભિપ્રાય પણ મારા વિચારને તદ્દન મળતોજ આવશે, એવી મારી માન્યતા છે." વીરધવળે કહ્યું.

વસ્તુપાળે ક્ષણવાર વિચાર કરીને કહ્યું. "એ ગમે તેમ હોય; પ-

રંતુ મહામંડલેશ્વર તમારા દરેક વિચારની સાથે મળતાજ હોય અથવા તો મળતાજ આવે, એમ હું માનતો નથી."

"એમ તમે શા ઉપરથી કહો છો?" વીરધવળે જીજ્ઞાસાથી પૂછ્યું.

"એ ચર્ચાને પડતી મૂકીએ તો ઠીક; કારણ કે સ્પષ્ટ આધાર વિના મારૂં કથન આપના માનવામાં આવશે નહિ." વસ્તુપાળે જવાબ આપ્યો.

વીરધવળે એ સંબંધમાં વસ્તુપાળને બહુ આગ્રહ કર્યો નહિ. તેણે સરલતાથી કહ્યું. "મારો એ સંબંધમાં કોઇ પણ પ્રકારનો આગ્રહ નથી; કારણ કે મતભેદ એ માણસનો સ્વભાવજ છે અને તેથી જો મારા પિતા દરેક વિચારની સાથે મળતા ન હોય, તો એમાં નવાઇ જેવું કાંઇ નથી."

આ વખતે રાજા તથા પ્રધાન ઉભય ઓટા ઉપરથી નીચે આવી ઉભા હતા. વસ્તુપાળે વીરધવળની નજર સાથે નજર મેળવીને પૂછ્યું. "રાજકુમાર વીરમના શા ખબર છે?"

"મારા જાણુવામાં કંઇ નથી." વીરધવળે જવાબ આપ્યો. "પણ તે ઘણું કરીને વીરમગામમાં અને નહિ તો પાટણમાં હશે."

"તે વીરમગામમાં હોય કે પાટણમાં હોય, એ બહુ મહત્ત્વની વાત નથી; પરંતુ તે જ્યાં હોય ત્યાં શી હિલચાલ કરે છે, એ ધ્યાનમાં રાખવાની ખાસ અગત્ય છે." વસ્તુપાળે કહ્યું.

"તમારી વાત ઉપરથી તમને એની હિલચાલના કાંઇ ખબર મળ્યા હોય, એમ જણાય છે." વીરધવળે કહ્યું.

વસ્તુપાળે ધીમેથી કહ્યું. "હા, તે પાટણની રાજ્યગાદી હસ્તગત કરી ગુજરાતના મહારાજા બનવાનો પ્રયાસ કરે છે."

"ગુજરાતનો મહારાજા?" વીરધવળે આશ્ચર્ય પામતાં પૂછ્યું.

"હા. અને એટલાજ માટે હું આપને ગુજરાતના મહારાજાનું પદ ધારણ કરવાનો આગ્રહ કરી રહ્યો છું." વસ્તુપાળે જવાબ આપતાં કહ્યું.

વીરધવળ વસ્તુપાળના ઉત્તરથી વિચારમાં પડી ગયો. ક્ષણુવાર રહી તેણે કહ્યું. "મંત્રીશ્વર! વીરમ ગુજરાતનો મહારાજા બનવાનો પ્રયાસ કરતો હોય, તો ભલે કરે; પરંતુ મારે તેવો પ્રયાસ કરવો નથી જ. મહારાજા ભીમદેવ જ્યાં સુધી હયાત હોય, ત્યાં સુધી હું પાટણનો માંડલિક રાજા, તેમનો ઉત્તરાધિકારી યુવરાજ અને ધોળકાનો રાણો રહીશ. તેમની હયાતીમાં મહારાજા બનવાનો મને જરા પણ લોભ નથી."

વસ્તુપાળે તરતજ કહ્યું. " હું આપના ઉત્તમ વિચારને સારી રીતે સમજી શકું છું; પરંતુ એ છતાં હું આપને ગુજરાતના મહારાજા બનવાનો આગ્રહ કરી રહ્યો છું, એનું કારણ જૂદુંજ છે. પાટણમાં અત્યારે જે ખટપટ અને કાવત્રાં ચાલે છે, તેને દાબી દેવાની અગત્ય છે અને તે માટેજ ધોળકાને પાટનગર બનાવી આપને મહારાજાનું પદ ધારણ કરવાની જરૂર છે."

વીરધવળે કહ્યું. " મંત્રીશ્વર! રાજકીય દ્રષ્ટિએ જોતાં તમારી સલાહ કેવળ વ્યાજબી છે, પરંતુ ચાલુક્યોની પાટણની રાજ્યગાદી અને તેના મહારાજા તરફની વફાદારીનો વિચાર કરતાં તમારી વાત માન્ય રાખવાનું મને યોગ્ય લાગતું નથી. તેમ છતાં મારા પિતા તથા મહારાજા ભીમદેવ જો તમારા વિચારને સંમત થશે, તો હું તે પ્રમાણે અવશ્ય વર્તીશ."

એ પ્રમાણે ચર્ચા કરતા કરતા તેઓ પોતાના ઘોડાની પાસે આવી પહોંચ્યા. બન્ને પોતપોતાના ઘોડા ઉપર તરતજ સ્વાર બની નગર તરફ રવાના થયા અને થોડી વારમાં તેઓ નગરમાં આવી પહોંચ્યા. રાજા વીરધવળ તેની રાણી રત્નાવળીના મહેલે ગયો અને વસ્તુપાળ પૌષધશાળા તરફ ગયો. પાટણની પડતીમાંથી ચડતી કરવાનો તેમનો જે આશય હતો, તે ધોળકાનું નવું રાજ્યતંત્ર સ્થાપન કરવાથી ઘણા અંશે પાર પડ્યા હતો; કારણ કે તેઓ પાટણના માંડલિકોને, આસપાસના રાજાઓને, સરદારોને તથા ઠાકોરોને મહાત કરી શકયા હતા અને ગુજરાતમાં પ્રસરેલી અંધાધુંધી તથા ગેરવ્યવસ્થાને દૂર કરી શાંતિને સ્થાપી શકયા હતા; પરંતુ ધોળકાને ગુજરાતનું પાટનગર બનાવી વીરધવળને ગુજરાતના સ્વતંત્ર મહારાજા બનવું કે મહારાજા ભીમદેવની હયાતી સુધી માત્ર પાટણના માંડલિક રાજાજ રહેવું, એ રાજા તથા અમાત્ય નક્કી કરી શકયા નહિ. ત્યારે આપણે આંહીથીજ પરમ કૃપાળુ પરમાત્માને નમસ્કાર કરી આ નવલકથાના બીજા ભાગને સંપૂર્ણ કરશું. પાટણની ચડતી પડતીના વિશેષ રંગ જોવાને માટે વાચક મહાશયોને ત્રીજા ભાગની રાહ જોવી પડશે. અસ્તુ.

દ્વિતીય ભાગ સમાપ્ત.

# મહીલા-મહોદય.

આ ગ્રંથ એક સંસારની સુંદરતાનો કીમતી ખજાનો છે. જે કલ્પવૃક્ષનું કામ કરે છે. આ ગ્રંથની ઉપયોગીતા માટે એજ પ્રમાણપત્ર છે કે તેને મુંબઈ સરકારના કેળવણી ખાતાએ **તેમજ વડોદરા, જુનાગઢ અને પોરબંદરના કેળવણી ખાતાએ ઈનામ તથા પુસ્તકાલય માટે મંજુર કરેલ છે.** તેમાં નીચેના વિષયો છે તે જાણી જવાથી ખાત્રી થશે.

**પ્રથમ પરિચ્છેદ.**

૧ બાળલગ્ન.
૨ પુખ્ત ગર્ભાશય.
૩ ઋતુવંતીના ધર્મ.
૪ ઋતુસ્નાન પછીનો વિધિ.
૫ શયન ચિકિત્સા.
૬ પુત્રિ કે પુત્ર પેદા કરવાની વિધિ.
૭ નક્ષત્ર વિચાર.
૮ આહાર વિહાર.
૯ સ્વચ્છતાની સંતતિ ફળ ઉપર અસર.
૧૦ માનસિક ભાવનાનો પ્રભાવ.
૧૧ ગર્ભ કેળવણી.
૧૨ પુત્ર અને પુત્રિમાં સમાનતા.
૧૩ ગર્ભ રહ્યો છે કે કેમ ? તેની પરીક્ષા.
૧૪ ગર્ભમાં પુત્ર છે કે પુત્રિ ? તે જાણવાની રીત.
૧૫ ગર્ભિણીએ પાળવાના નિયમો.
૧૬ સોળ સંસ્કાર.
૧૭ ગર્ભાધાન સંસ્કાર વિધિ.
૧૮ પુંસવન સંસ્કાર વિધિ.
૧૯ પ્રસૂતિને પાળવાના નિયમો.
૨૦ ગર્ભવંતીના દર્દો અને તેના ઉપાયો.
૨૧ પ્રસવ સમયે જાણવાના લક્ષણ.
૨૨ સુવાવડીના માટે કેવું મકાન જોઇએ ?
૨૩ વેણ લાવવાના ઉપાય.
૨૪ પ્રસવ સમયની વ્યાધીઓ અને તેના ઉપાય.
૨૫ ઓર ન પડતી હોય તો તેના ઉપાય.
૨૬ જન્મ સંસ્કાર વિધિ.
૨૭ ગળથુથી.
૨૮ સુવાવડીનો ખોરાક.
૨૯ પ્રસવ સુળનો ઉપાય.
૩૦ દાવ્યોદિક ક્વાથ.
૩૧ ચંદ્ર દર્શન વિધિ.
૩૨ ન્હવણ વિધિ.
૩૩ ક્ષિગાસન સંસ્કાર વિધિ.
૩૪ ષષ્ટી પૂજન સંસ્કાર.
૩૫ નામાધિકરણ સંસ્કાર.
૩૬ સુંઠપાક ( કાટલું )
૩૭ બાળકને શી રીતે ઉછેરવા ?

**દ્વિતીય પરિચ્છેદ.**

૩૮ સંતતિ સરક્ષણ.
૩૯ સબળ સંતતિ ઉત્પન્ન થવાનો સમય.
૪૦ ધાવણ પરિક્ષા.
૪૧ ભાડુતી ધાવ.

૪૨ ગાય કે બકરીના દુધનું સેવન.
૪૩ વ્હેમ.
૪૪ સ્તનપાનનો સમય.
૪૫ ધાવણ ધવરાવવાનો ઉપાય.
૪૬ અજીર્ણનો ઉપાય.
૪૭ બાળકને બલિષ્ટ કેમ બનાવવું.
૪૮ અન્નપ્રાશન સંસ્કાર વિધિ.
૪૯ ખોરાક શરૂ કરવાની આગાહી.
૫૦ બાળકનો શરૂઆતનો ખોરાક.
૫૧ બાળકને ન્હવરાવવાનું ધોરણ
૫૨ બાળકના અંગોની ખીલવણી.
૫૩ સ્વચ્છ હવાનો પરિચય.
૫૪ કસરત.
૫૫ બાળકના લોહીની શકિતનું માપ.
૫૬ રહેવાનું મકાન કેવું જોઇએ.
૫૭ બાળકને કેટલી ઉંઘ જરૂરની છે.
૫૮ બાળકને કપડાં કેવાં પહેરાવવાં
૫૯ બાળકને ચાલતાં શી રીતે શીખવવું ?
૬૦ દાંત ફુટતી વખતે રાખવાની માવજત.
૬૧ બાળકને બોલતાં શી રીતે શીખવવું ?
૬૨ બાળકની સાથે માબાપોએ કેમ વર્તવું ?
૬૩ માબાપ એ બાળકના વર્ત્તમાન ગુરૂ છે.
૬૪ સોબત તેવી અસર.
૬૫ તમાકુનો ઝેરી મહિમા.
૬૬ તમાકુનો હિંદમાં પ્રવેશ.
૬૭ બાળકો અને દાગીના.
૬૮ બાળઅંજન.
૬૯ બાળાગોળી.
૭૦ બાળકને બળીયાશીળી કઢાવવાં.
૭૧ બાળકોને પ્રાથમિક શિક્ષણ.
૭૨ બાળશિક્ષણમાં રાખવાની સંભાળ.
૭૩ બાળકનાં રોગ પારખવાની રીત.
૭૪ બાળકના ખાસ રોગો.
૭૫ બાળરોગો માટે ઔષધી.
૭૬ દવાનું પ્રમાણ.
૭૭ કર્ણવેધ સંસ્કાર.
૭૮ કેશ વપન સંસ્કાર.
૭૯ ઉપનયન સંસ્કાર.
૮૦ વિદ્યારંભ સંસ્કાર.
૮૧ શિક્ષણમાં માતાના સંકલ્પ બળની અસર.


## તૃતીય પરિચ્છેદ.


૮૨ પુત્રિ શિક્ષણ.
૮૩ માતાના વીરત્વનું ફળ.
૮૪ શિક્ષિત સ્ત્રીનો ગૃહસંસ્કાર.


## ચતુર્થ પરિચ્છેદ.


૮૫ પ્રાચિન સતીઓનું શિક્ષણીય જીવન.
૮૬ કૌશલ્યા.
૮૭ સીતા.
૮૮ સુમિત્રા.
૮૯ જરૂત્કાર.
૯૦ ઉભયભારતી.
૯૧ લીલાવતી.
૯૨ દ્રૌપદી.
૯૩ ગાંધારી.
૯૪ મદાલસા.
૯૫ દમયંતી.
૯૬ મંદોદરી.
૯૭ તારામતી.
૯૮ મેનાવતી.
૯૯ કર્માદેવી.
૧૦૦ તારાબાઇ.
૧૦૧ પદ્માવતી.
૧૦૨ પ્રતાપરાણાની પત્ની.

१०३ ચારૂમતી.
१०४ મીરાંબાઇ.
१०५ દુર્ગાવતી.
१०६ અહલ્યાબાઇ.
१०७ વેજીબાઇ.
१०८ રાણીચંદા.
१०९ શ્રીમતી હરદેવી.
११० કહાનદેવી.
१११ પરમેશ્વરી દેવી.
११२ રઘુરાજ કુમારી.
११३ સરલા દેવી.
११४ અજ્ઞાન સ્ત્રીઓનું વર્ણન.

**પંચમ પરિચ્છેદ.**

११५ લગ્ન કેવડી ઉમ્મરથી જોડવા.
११६ કેવા વરને કન્યા પરણાવવી જોઇએ.
११७ સ્ત્રી પોતે સાસરે જતાં ધ્યાનમાં લેવા યોગ્ય નિયમો.
११८ પતિ પ્રત્યેના ધર્મ માટે શાસ્ત્રોની આજ્ઞા.
११९ ઘરેણાં કેવાં પહેરવા.

**ષષ્ઠ પરિચ્છેદ**

**પતિવ્રતા પ્રમદાઓ.**

१२० સુલસા સતી.
१२१ મદન લેખા.
१२२ દમયંતી.
१२३ સીતાજી.
१२४ સુભદ્રા.
१२५ અંજના સુંદરી.
१२६ શિવા સુંદરી.
१२७ દ્રૌપદી.
१२८ જયેષ્ઠા.
१२९ મૃગાવતી.
१३० કલાવતી.
१३१ શીળવતી.
१३२ ઋષિદત્તા.
१३३ નંદયંતી.
१३४ રતિ સુંદરી.
१३५ નર્મદા સુંદરી.
१३६ બ્રહ્મબાળા.

**સપ્તમ પરિચ્છેદ.**

१३७ પુર્વે પુત્રીઓને અપાતું શિક્ષણ.
१३८ સ્ત્રીઓની ६४ કળા.
१३९ બાળકીઓને જરૂરતું શિક્ષણ.
१४० નિયમિતપણું.
१४१ માતૃપિતૃ ભક્તિ.
१४२ વિદ્યા અને વિનયનું શિક્ષણ.
१४३ બુદ્ધિ વિકાસ.
१४४ મિલનસાર પ્રથા અને ગૃહવ્યવસ્થા.
१४५ સ્ત્રીઓનું સામાન્ય ધર્મ શાસ્ત્ર.
१४६ સામાન્ય નીતિસૂત્રો.
१४७ સ્ત્રીઓની હાલત સુધારવા સંબંધી કેટલાક ઉપાયો.
१४८ સ્વદેશ પ્રેમની ગરબી.

આવા ઉપયોગી વિષયોથી ભરપુર ગ્રંથની જોતજોતામાં એક આવૃતિ ખલાસ થઇ જવાથી બીજી આવૃતિ કાઢી છે. પાકુ કપડાનું પુંઠું, તથા સુંદર ચિત્રોથી ભરપુર ગ્રંથ હોવા છતાં કીંમત રૂા. २) પોસ્ટ ખર્ચ અલગ.

લખોઃ—**સ્ત્રીસુખ દર્પણ ઓફીસ.**

**ભાવનગર.**